
સહજાનંદસ્વામી - ભગવાન સ્વામિનારાયણ


Paresh H.Soni



# પ્રારંભિક

## હિન્દુ ધર્મ : સનાતન ધર્મ

ભારત એ વિશ્વની જૂનામાં જૂની સંસ્કૃતિ ધરાવતો પ્રાચીન દેશ છે. કુલ સવા અબજથી વધુ તેની વસતીમાં ૮૩ ટકા હિંદુઓ છે. હિંદુ ધર્મ એ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલો વિશ્વનો જૂનામાં જૂનો ધર્મ છે. 'સનાતન ધર્મ' એ હિંદુ ધર્મનું પ્રણાલિકાગત નામ છે. એક સમય હતો જ્યારે આ સનાતન ધર્મ દક્ષિણ પૂર્વ, પશ્ચિમ એશિયા અને તેનાથી પણ આગળના દુનિયાના ભાગોમાં ફેલાયેલો હતો. હિંદુ ધર્મમાંથી જ જન્મેલો બૌદ્ધ ધર્મ પશ્ચિમ એશિયા અને દૂર પૂર્વના દેશોમાં વિસ્તર્યો હતો.

હિંદુઓ એક જ ઈશ્વરમાં માને છે, પણ સર્વશક્તિમાન પ્રભુની ઝલક ધરાવતાં અનેક દેવ-દેવીઓની આરાધના પણ કરે છે. મંદિરોમાં આ દેવ-દેવીઓ બિરાજે છે. ભક્તો એમની પૂજા-વંદના માટે ત્યાં ઊભરાતા હોય છે.

પરાપૂર્વથી આ દેશમાં સંતોનું ઘણું માહાત્મ્ય છે. પુરાતન યુગમાં ઋષિઓ તરીકે ઓળખાતા આ સંતોએ હંમેશાં શાસકોને અને સામાન્ય પ્રજાજનોને માર્ગદર્શન આપવાનું - શું સાચું ને શું ખોટું એની સમજ આપવાનું - કામ કર્યું છે. શહેરો અને નગરોથી દૂર, ઘણુંખરું જંગલમાં સ્થાપેલા આશ્રમોમાં આ પવિત્ર પુરુષો રહેતા હતા. આશ્રમની સાથે જ નિવાસી શાળાઓ હતી, જે 'ગુરુકુલ' કહેવાતી. આ વિદ્યાધામોમાં ભવિષ્યના શાસકો અને આચાર્યોને પૂરી તાલીમ આપી તૈયાર કરાતા. નવા સંતો પણ અહીં જ તૈયાર થતા. ગુરુ-શિષ્ય પરંપરા એ પ્રાચીન ભારતની ખાસ વિશિષ્ટતા છે. ગુરુઓ તેમના અનુયાયીઓને શીખવતા કે કઈ રીતે આદર્શ જીવન જીવવું અને પરમ પ્રભુની કૃપા પામવી. આશ્રમો પ્રામાણિક જીવન-ઘડતરનાં મહત્ત્વનાં કેન્દ્રો હતાં.

આ વિશાળ દેશમાં ધાર્મિક ક્ષેત્રે જ નહીં, આર્થિક અને રાજકીય ક્ષેત્રે પણ અનેક ઋષિઓ-સંતોનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. આવા પૂજ્ય મહાત્માઓમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર, અગસ્ત્ય, શુક્રાચાર્ય, પતંજલિ અને ચાણક્ય જેવા મહર્ષિઓનો સમાવેશ થાય છે. આ પ્રાચીન ભૂમિનો ઇતિહાસ સતત વહેતો રહ્યો છે. કોઈ પણ એક સમયના ટુકડાને છૂટો પાડીને જોવાનું શક્ય નથી. ઘોર અંધકાર અને ઝળહળતા પ્રકાશના અનેક સમયગાળા

આવ્યા છે. દેશને અંધકારમાંથી પ્રકાશની પગદંડીએ દોરી જવામાં સહજાનંદ સ્વામી જેવા સંતોએ અત્યંત મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

## ૧૭-૧૮મી સદીમાં ધર્મનો હ્રાસ : નાતજાતના વાડા અને વ્યસનગ્રસ્ત સમાજ

ભારતના ઇતિહાસમાં ૧૭મી અને ૧૮મી સદીઓ કાળા અક્ષરે લખાઈ છે. મોગલ બાદશાહ ઔરંગઝેબનું ૧૭૦૭ની સાલમાં અવસાન થયું તે પછી ૩૧ વર્ષ સુધી એક પછી એક નબળા શાસકો જ આવતા રહ્યા, મોગલ સામ્રાજ્યનું પતન થતું રહ્યું. ફ્રેન્ચ અને બ્રિટિશરોએ અહીં પગ ઠેરવી દીધા હતા. આખો દેશ આંતરિક લડાઈ-ઝઘડામાં ડૂબ્યો હતો. સામાજિક જીવન છિન્ન-ભિન્ન થઈ ગયું હતું. દેશને એક તાંતણે બાંધે એવો કોઈ શાસક નહોતો. લોકોને સાચી દિશામાં દોરી શકે એવા ઉચ્ચ પ્રતિભાવાળા કોઈ ધર્મપુરુષો પણ નહોતા.

સમગ્ર દેશનું વાતાવરણ ડહોળાયેલું હતું અને ગુજરાત પણ એનાથી મુક્ત નહોતું. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મોગલ સુબાઓ શાસન ચલાવતા હતા, તો બીજા કેટલાક વિસ્તારો મહારાષ્ટ્રના શાસક પેશ્વા અને ગાયકવાડ હસ્તક હતા. બાકીના ગુજરાતમાં નાનાં નાનાં ૩૦૦ થી વધુ રજવાડાં હતાં, જે એકબીજા સાથે સતત ઝઘડતાં જ રહેતાં.

આખો સમાજ જૂનવાણી અને નાતજાતના વાડામાં વહેંચાયેલો હતો. ઊંચી જાત ને નીચી જાત, ધંધાર્થીઓ ને શાસકો ને ખેડૂતોનાં જીવનધોરણ વચ્ચે મોટા તફાવત હતા. બહુ-પત્નીત્વ સામાન્ય વાત હતી. મહિલાઓની દશા સાવ કફોડી હતી. અફીણ, ગાંજો, ચરસ અને માદક પીણાંની છોળંછોળ હતી. કેટલાક રાજાઓ તેમની નિર્દયતા માટે જાણીતા હતા. બીજી બાજુ, મંદિરો અને ધાર્મિક વિધિવિધાનો પર જુનવાણી બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. સમગ્ર ગુજરાતના ઇતિહાસમાં આ કાળો સમય હતો. ગ્રામ અર્થતંત્ર તૂટી ગયું હતું. વારંવાર દુષ્કાળ ડોકાતા રહેતા. ગરીબ માણસ માટે જીવવાનું સાવ દોહ્યલું બની ગયું હતું.

ત્યારે વૈષ્ણવ ધર્મ (ભગવાન વિષ્ણુ - કૃષ્ણને ભજતો ધર્મ) લોકપ્રિય હતો, પણ તે જૂનવાણી બ્રાહ્મણોના કબજામાં જ હતો. નીચી કોમના લોકો, ખેડૂતો, ખેતમજૂરો, રબારી અને કારીગરોને મંદિરોમાં માંડ પ્રવેશ મળતો. ક્યાંક તો સંપૂર્ણ નકાર ભણાતો. નીતિમત્તા અને સંસ્કૃતિનાં મૂલ્યો સાવ તળિયે બેસી ગયાં હતાં.

## શ્રી નીલકંઠ વર્ણીનું ગુજરાતમાં પદાર્પણ : ગુરુએ સહજાનંદ સ્વામી નામ આપ્યું

શ્રી નીલકંઠ વર્ણી(ભવિષ્યના સહજાનંદ સ્વામી)એ ગુજરાતમાં પગ મૂક્યો ત્યારે સમગ્ર વિસ્તારની આ હાલત હતી. મૂળ ઉત્તર પ્રદેશમાં અયોધ્યા નજીક છપૈયા ગામે જન્મેલા નીલકંઠ તેમનાં માતા-પિતાના મૃત્યુ પછી ગુજરાતમાં આવ્યા હતા. જન્મસ્થળ છોડ્યું ત્યારે માંડ ૧૧ વર્ષના હતા. ઈ.સ. ૧૭૮૧ની બીજી એપ્રિલે પાન્ડે કુટુંબમાં તેઓ જન્મ્યા હતા. ભારતભરમાં સાત સાત વર્ષ સુધી તેઓએ પગપાળા વિચરણ કર્યું. સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં લોજ ગામે ૧૭૯૯માં સ્વામી રામાનંદ સાથે તેમની મુલાકાત થઈ. રામાનંદજી તે વખતે આગળ પડતા ધાર્મિક સંત હતા, ભગવાન કૃષ્ણના આરાધક હતા. મુક્તાનંદ સ્વામી તેમના મુખ્ય સંત હતા. ૧૮૦૦ની સાલમાં, નીલકંઠ વર્ણીને દીક્ષા આપવામાં આવી ત્યારે તેમને બે નામ અપાયેલાં: સહજાનંદ અને નારાયણ મુનિ.

## સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો : નારાયણની ભક્તિનો માર્ગ બતાવ્યો

ઈ.સ. ૧૮૦૧ની ૧૬મી નવેમ્બરે રામાનંદ સ્વામીએ તેમને આચાર્ય બનાવ્યા. એક જ મહિના પછી રામાનંદ સ્વામી સ્વર્ગવાસી થયા. તે પછી આખાય સંપ્રદાયનો હવાલો સહજાનંદ સ્વામી (ભગવાન સ્વામિનારાયણ) પાસે આવ્યો. સ્વામીએ સંપ્રદાયનો ધાર્મિક પાયો સારી પેઠે વિસ્તાર્યો. તેઓ ભગવાન કૃષ્ણને ભજતા અને તેમને ‘શ્રીહરિ’ કહેતા. તેમણે તેમના અનુયાયીઓને સામાન્ય જીવનપદ્ધતિ તરફ પ્રેરતો ‘સ્વામિનારાયણ મહામંત્ર’ આપ્યો. તેમનો પંથ પછી ‘સ્વામિનારાયણ સંપ્રદાય’ તરીકે જાણીતો થયો. ગુરુની કૃપાથી ઘનિષ્ઠ સેવા વડે નારાયણની ભક્તિનો માર્ગ તેમણે બતાવ્યો.

એ દિવસોમાં સ્વામિનારાયણ સંપ્રદાયને ગુજરાતમાં કેન્દ્ર સ્થાને લાવવા માટે ભગવાન સ્વામિનારાયણે કેટલાક મહત્ત્વના ધાર્મિક અને સામાજિક સુધારા દાખલ કર્યા, જે આ પ્રમાણે હતા:

(૧) ધર્મ તમામને માટે છે. દલિતો, ખેડૂતો, ખેતમજૂરો, સામાજિક અને આર્થિક રીતે પછાત રહી ગયેલાઓ બધા માટે તે વિશેષ છે. સહજાનંદ સ્વામીએ પોતાનાં સાધુઓને ધાર્મિક માર્ગદર્શન માટે ગામડાઓમાં અને ખેતરોમાં પણ વિચરણ (મુલાકાત) કરતા કરી દીધા. મંદિરો તમામને માટે ખુલ્લાં મૂક્યાં. ભગવાન કૃષ્ણની ભક્તિ બધા જ કરી શકે. એમાં નાતજાતનો કોઈ બાધ નહીં. સામાજિક ધોરણનો કોઈ બાધ નહીં. નવાં

નવાં મંદિરો બાંધવા લોકોને તેમણે પ્રેર્યાં. ગઢડા, વડતાલ, ભૂજ (કચ્છ), ધોલેરા, જૂનાગઢ, અમદાવાદ વગેરે સ્થળોએ તેમણે જાતે મંદિરો બંધાવ્યાં.

(૨) સાધુઓ માટે કડક આચારસંહિતા દાખલ કરાઈ. તેમણે બ્રહ્મચર્યનું પાલન કરવાનું અને ભોજન લેતાં પહેલાં રોજ પાંચ કુટુંબોને મળવાનું. ગામેગામ ફરતા રહેવાનું. સ્ત્રીઓથી અંતર રાખવાનું. જીવનના ભાગરૂપે સાધુઓએ પાળવાનાં પાંચ મહાવ્રતમાં નિષ્કામ (બ્રહ્મચર્ય), નિર્લોભ (કોઈ આકાંક્ષા નહીં), નિઃસ્વાદ (કોઈ સ્વાદ નહીં), નિઃસ્નેહ (કોઈ વળગણ નહીં) અને નિર્માન(અહમ્‌નો ત્યાગ)નો સમાવેશ થતો હતો.

(૩) સ્વામીશ્રીએ તમામ ધાર્મિક પ્રસંગોએ ઉત્સવોનો મહિમા કર્યો. 'સમૈયા'ની શરૂઆત કરી, જ્યાં પોતાના ગામથી કે વસવાટથી બહાર નીકળીને લોકો પરસ્પર મળે, નવાં નવાં સ્થળ જુએ અને દુનિયાનો ખ્યાલ મેળવે.

(૪) ધાર્મિક વ્યાખ્યાનો તેમજ સાધુઓ અને સામાન્ય લોકો વચ્ચે ચર્ચાવિમર્શનો આરંભ થયો. આમાં લેખિત સંદેશાવ્યવહાર અને ઉપલબ્ધ સાહિત્યનો પણ પૂરો ઉપયોગ કરવાનું શરૂ કરાવ્યું.

(૫) સ્વામીશ્રી સતત ભ્રમણ કરતા રહ્યા. એક ગામથી બીજે ગામ ફરતા જ રહ્યા. પોતાને મળવા ઇચ્છે તે દરેકને તેઓ છૂટથી મળતા. ભક્તોને એમના નિવાસે જઈને મળવાની જૂની પરંપરા એમણે જીવિત કરીને વધારે વિકસાવી.

## ભગવાન સ્વામિનારાયણ : ધાર્મિક-સામાજિક ક્રાંતિના પ્રણેતા

શ્રી સહજાનંદ સ્વામીનો આયુષ્યગાળો ટૂંકો રહ્યો, પણ આટલા સમયમાંય તેમના ધાર્મિક કે બીજા વિરોધીઓએ એમને પરેશાન કરવામાં, એમના પર કાદવ ઉડાડવામાં ને એમને ખતમ કરી નાખવાના પ્રયાસોમાં કોઈ કસર છોડી નહોતી. ચમત્કાર એ છે કે, આ બધાને તેમણે સ્નેહ અને સદાચરણથી જીતી લીધા. બધા સ્વામીશ્રીના અનુયાયી બની રહ્યા. એમનાથી પ્રભાવિત થયેલા લોકોએ પછી એમને ભગવાનનો અવતાર જ ગણી લીધા. 'ભગવાન સ્વામિનારાયણ' તરીકે જ તેઓ જાણીતા થયા. લોકોને તેમનામાં નિઃસીમ ભક્તિ હતી. સ્થાનિક શાસકો, મરાઠાઓ અને મુસ્લિમ સુબાઓ બંને, તેમજ પાછલાં વર્ષોમાં બ્રિટિશરો પણ તેમનાથી સારી પેઠે પ્રભાવિત હતા. શ્રી સહજાનંદ સ્વામીનું એક મહાકાર્ય એટલે 'શિક્ષાપત્રી'. આમાં તેમણે તેમના અનુયાયીઓ સારું જીવન કઈ રીતે જીવી શકે એના ચોક્કસ માર્ગદર્શન માટે ધાર્મિક અને સામાજિક આચારસંહિતા કંડારી છે. સ્વામીશ્રીનાં

ધાર્મિક વ્યાખ્યાનો 'વચનામૃત' તરીકે જાણીતા છે. લોકોને દારૂનું દૂષણ, અંધશ્રદ્ધા અને વહેમોમાંથી મુક્ત કરાવવા તેમણે ભારે પુરુષાર્થ કર્યો હતો.

હિંદુ ધર્મ ખૂબ જૂનો છે. ક્યારથી તેની શરૂઆત થઈ, ૫૦૦૦ વર્ષથી કે તેની પહેલાંથી, કોઈને ખબર નથી. આગળ જણાવ્યું તેમ લોકો ઘણાં દેવ-દેવીઓને પૂજતા હતા, પણ મુખ્ય ભગવાન ત્રણ છે : બ્રહ્મા - સૃષ્ટિના સર્જક, વિષ્ણુ - સૃષ્ટિના પાલનહાર અને શિવ - સૃષ્ટિના સંહારક.

શ્રીકૃષ્ણ એ ભગવાન વિષ્ણુનો જ અવતાર છે અને બધા હિંદુ દેવોમાં ખૂબ લોકપ્રિય છે. આખા દેશમાં એમની પૂજા થાય છે. દેશના એકેએક ખૂણામાં તેમનાં મંદિરો છે. ભક્તોની દૃઢ માન્યતા છે કે જ્યારે જ્યારે આ ધરતી પર પાપની પરાકાષ્ઠા થાય છે ત્યારે અધર્મનો નાશ કરવા માટે ભગવાન વિષ્ણુ અવતાર ધારણ કરે છે. આ અવતારોની પણ જુદી જુદી કથાઓ છે. કુલ દશ અવતાર થયા. આમાં ભગવાન રામ અને ભગવાન કૃષ્ણનો પણ સમાવેશ સ્વાભાવિક રીતે જ છે.


ગુજરાતમાં સહજાનંદ સ્વામીની કથાનો આરંભ ૧૮મી સદીના છેલ્લા ભાગમાં થયો. એ સમયે કૃષ્ણની ભક્તિ કરવી એ ગણતરીના લોકોનો વિશેષાધિકાર હતો. સામાન્ય માણસને મંદિરમાં પ્રવેશવામાં પણ મુશ્કેલી હતી. સ્વામીશ્રીએ આખા ગુજરાતમાં મંદિરો બાંધ્યાં અને તમામને માટે એનાં દ્વાર ખોલી નાખ્યાં. એ પછી તો તેઓ ભગવાનનો અવતાર ગણાવા માંડ્યા. એમના જીવનકાળ દરમિયાન જ 'ભગવાન સ્વામિનારાયણ' તરીકે પૂજાતા રહ્યા.

શ્રી સહજાનંદ સ્વામી ઈ.સ. ૧૮૩૦ના વર્ષમાં ૩૯ વર્ષની આયુએ બ્રહ્મલીન થયા. ગુજરાતમાં માત્ર ૩૦ વર્ષનો જ સમય તેઓને મળ્યો, પણ આટલાં ટૂંકા સમયમાં લોકોની ધાર્મિક અને સામાજિક રહેણીકરણીમાં તેમણે ક્રાંતિકારી પરિવર્તનો લાવી દીધાં. ખાસ કરીને ખેડૂતો, ખેતમજૂરો અને પછાત વર્ગનાં લોકોમાં મોટી જાગૃતિ આવી. તેમનાં ઉદ્‌બોધનોએ અને શિક્ષાએ હજારોને આકર્ષ્યા. હજારોનાં જીવન-પરિવર્તન થયાં ને સંખ્યા વધતી જ ગઈ. સંપ્રદાયનું મહત્ત્વ અને વ્યાપ વધી ગયાં. હવે તો શ્રી મહંતસ્વામી મહારાજના નેતૃત્વ હેઠળ તેની હાજરી વિશ્વવ્યાપી થઈ ગઈ છે. વિદેશમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રભાવ વધારવામાં ઘણુંખરું ત્યાંનો ભારતીય સમૂહ કારણભૂત છે. એ સ્પષ્ટ સમજવાની જરૂર છે કે, આ સંપ્રદાય યુગો જૂના સનાતન ધર્મમાંથી જ જન્મેલો પ્રવાહ છે. હિંદુ ધર્મનું તે વિશુદ્ધ સ્વરૂપ છે. નૈતિક મૂલ્યો પર એમાં સનાતન ધર્મ જેટલો જ ભાર મુકાયો છે.

## ગુરુ પરંપરા :
## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સહજાનંદ સ્વામીએ માત્ર ૪૯ વર્ષની વયે દેહત્યાગ કર્યો ત્યાં સુધીમાં તેઓ મહાન સામાજિક-ધાર્મિક સુધારકની ખ્યાતિ પામી ચૂક્યા હતા. આજે પણ મનાય છે કે તેમની પછીના સંપ્રદાયના ગુરુઓને ભગવાન સ્વામિનારાયણની પ્રેરણા અને આધ્યાત્મિક શક્તિનો અનુભવ સતત મળતો રહે છે. તેમના પછી તેમની ખાસ પસંદગીના ઉત્તરાધિકારી તરીકે શ્રી ગુણાતીતાનંદ સ્વામી (૧૭૮૫-૧૮૬૭) ગાદી પર આવ્યા. ગુણાતીતાનંદ એટલે સ્વયં અક્ષરબ્રહ્મ. તેમના પછી આવ્યા ભગતજી મહારાજ (૧૮૨૯-૧૮૯૭) અને પછી શાસ્ત્રીજી મહારાજ (૧૮૬૫-૧૯૫૧) આવ્યા. સહજાનંદ સ્વામી પ્રબોધિત અક્ષર અને પુરુષોત્તમનું તત્ત્વજ્ઞાન પ્રવર્તાવીને તેમણે ધર્મના મહત્ત્વને આગળ વધાર્યું. ભગવાન સ્વામિનારાયણની શિક્ષાને અનુરૂપ રહીને શાસ્ત્રીજી મહારાજે ભગવાનને પુરુષોત્તમ કહ્યા અને ગુણાતીતાનંદજીએ તેમણે અક્ષરબ્રહ્મ કહ્યા. તેમણે ભગવાનનાં પાંચ ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું અને પછી ૧૯૦૭ની સાલમાં 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)'ની સ્થાપના થઈ. આ સંસ્થા વટવૃક્ષ બનીને વિશાળ સામાજિક-આધ્યાત્મિક સંસ્થા તરીકે ભારત અને વિશ્વમાં વિસ્તરી છે.

ચોથી આધ્યાત્મિક વિભૂતિ એટલે શ્રી યોગીજી મહારાજ (૧૮૯૧-૧૯૭૧), જેમણે ભગવાન સ્વામિનારાયણનો સંદેશ દરિયાપાર પૂર્વ આફ્રિકા અને ઈંગ્લૅન્ડમાં ગુંજતો કર્યો. ૧૯૭૧ની સાલમાં સંપ્રદાયનાં સૂત્રો શ્રી પ્રમુખસ્વામી મહારાજના સલામત હાથોમાં સોંપીને તેઓ બ્રહ્મલીન થયા. યુગપુરુષ શ્રી પ્રમુખસ્વામી મહારાજે સનાતન ધર્મને દેશ અને વિદેશમાં પ્રસારીત કર્યો. ૫૫થી વધુ દેશોમાં મંદિરો સ્થાપ્યા. તેઓએ સંસ્થાનું સંગઠન મજબૂત અને સ્વનિર્ભર બનાવ્યું. ૧૩ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ તેઓ બ્રહ્મલીન થયાં. હાલ સંસ્થા મહંત સ્વામી મહારાજની દેખરેખ હેઠળ ઉત્તરોત્તર પ્રગતી સાધી રહી છે. તેનો વ્યાપ સમગ્ર વિશ્વમાં વધી રહ્યો છે.





# ગુરુ પરંપરા



ભગવાન સ્વામિનારાયણ સૌ અવતારો અવતારી છે. અક્ષરધામમાંથી પોતાના અક્ષરધામ અને ભક્તો સાથે પૃથ્વી પરના પ્રાક્ટય દરમ્યાન તેઓએ અનેક અવતારોને પોતાનામાં લીન કરતા સંતો અને હરિભક્તોને દર્શાવ્યા છે. આવું સામર્થ્ય અક્ષરબ્રહ્મ પૂજ્ય ગુણાતીતાનંદમાં હતું. આવા બ્રહ્મસ્વરૂપ ગુણાતીતાનંદ પછી બીજા આધ્યાત્મિક વારસદાર પૂજ્ય પ્રાગજી ભગત, ત્રીજા આધ્યાત્મિક વારસદાર પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, ચોથા આધ્યાત્મિક વારસદાર પૂજ્ય યોગીજી મહારાજ, પાંચમાં આધ્યાત્મિક વારસદાર પૂજ્ય પ્રમુખ સ્વામી અને વર્તમાનમાં છઠ્ઠા આધ્યાત્મિક વારસદાર પૂજ્ય મહંત સ્વામી મહારાજ આ પૃથ્વી પર વીચરી રહ્યા છે.

## પરમ પૂજ્ય શ્રી ગુણાતીતાનંદ સ્વામી

ગુણાતીતાનંદ સ્વામી મહારાજનો જન્મ તા. ૨૮-૦૯-૧૭૮૪, સંવત ૧૮૪૧, આસો સુદ પૂનમ (શરદપૂર્ણિમા)ના રોજ ગુજરાતમા આવેલા ભાદરા ગામે થયો હતો. તેમનું મૂળનામ મૂળજી શર્મા હતું. તેમના પિતાનું નામ ભોળાનાથ અને માતાનું નામ સાકરબા



હતું. સહજાનંદ સ્વામીએ પોતે સ્વહસ્તે સંવત ૧૮૬૬ના પોષ સુદ પૂનમના દિવસે નડિયાદ પાસેના ડભાણ ગામે ભવ્ય યજ્ઞ યોજીને મૂળજી શર્માને દીક્ષા આપીને "ગુણાતીતાનંદ" એવું નામ પાડ્યું હતું.

ગુણાતીતાનંદ સ્વામીની ઓળખ આપતાં ભગવાન સ્વામિનારાયણે જણાવ્યું હતું કે અક્ષરધામમાંથી આ અવની પર અક્ષરબ્રહ્મ એવા ગુણાતીતાનંદ સ્વામીને અમે સાથે લાવ્યા છીએ.

- સંવત ૧૮૬૮માં સહજાનંદ સ્વામીએ સારંગપુરમાં રાઠોડ ધાંધલને ત્યાં હોળીનો ઉત્સવ કર્યો હતો. ત્યારે કબીરજી રચિત. "સદ્‌ગુરુ ખેલે વસંત" પદ સમજાવતાં ભગવાન સ્વામીનારાયણે કહ્યું હતું કે, "અમે સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છીએ અને સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે."
- પંચાળામાં પરમહંસોની પંક્તિમાં સહજાનંદ સ્વામી અને ભાયાનંદ સ્વામીની વચ્ચે બેઠેલા ગુણાતીતાનંદ સ્વામી સામે આંગળી કરીને કહ્યું કે, "કલ્યાણભાઈ, આ સાધુને ઓળખો છો ? આ તો અમારે રહેવાનું અક્ષરધામ છે, ઓળખી રાખજો."

ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન કરવામાં આવ્યો કે, "ધ્યાન ધરવું અધિક કે માંદાની સેવા કરવી અધિક કે આત્મારૂપે વર્તવું અધિક કે વાતો કરવી અધિક ?"

આ પ્રશ્નમાં જવાબમાં ગુણાતીતાનંદ સ્વામીએ શુધ્ધ આધ્યાત્મિક જીવન આચરણમાં નીચેના ચાર આયામો દર્શાવ્યા છે :

- ભગવાનનું ધ્યાન
- સેવા
- આત્મારૂપે વર્તન
- વાતો દ્વારા સત્સંગ પ્રચાર

શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢના મહંત તરીકે ૪૦ વર્ષ રહ્યા. જૂનાગઢ મંદીરમાં અહોનિશ સત્સંગનો અખાડો ચલાવ્યો,

શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ૧૧ ઓક્ટોબર, ૧૮૮૭ના રોજ ગોંડલ મુકામેથી અક્ષરધામગમન કર્યું. ગોંડલમાં તેમનું સમાધિસ્થાન "અક્ષરદેરી" બનાવવામાં આવ્યું છે. પૂજ્ય યોગીજી મહારાજ કહેતા કે, "અક્ષરદેરી એક કલ્પવૃક્ષ છે. અક્ષરદેરીનાં દર્શન, પ્રદક્ષિણા અને મહાપૂજા દ્વારા દરેકના શુભ સંકલ્પો પૂર્ણ થશે."

તાજેતરમાં તા. ૨૦-૦૧-૨૦૧૮ થી ૩૦-૦૧-૨૦૧૮ દરમ્યાન અક્ષરદેરીનાં ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા પૂજ્ય મહંત સ્વામીની નિશ્રામાં "અક્ષરદેરી સાર્ધશતાબ્દિ મહોત્સવ"ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

## પરમ પૂજ્ય પ્રાગજી ભગત :




ભગતજી મહારાજનો જન્મ સંવત ૧૮૮૫ના ફાગણ સુદ પૂનમ હોળી ઉત્સવ તા. ૨૦-૦૩-૧૮૨૯માં ભાવનગર જિલ્લાના મહુવા ગામે થયો હતો. તેઓનું બાળપણનું નામ પ્રાગજી હતુ. તેઓનો જન્મ સામાન્ય દરજી કુટુંબમાં થયો હતો. તેઓના પિતા ગોવિંદભાઈ અને માતા મલુબા ખૂબજ માયાળુ અને ધર્મિષ્ઠ જીવન વિતાવતાં હતાં

શ્રી ભગતજી મહારાજની દાસત્વની ભાવના અને સેવાવૃત્તિ અનન્ય હતી. જૂનાગઢ મંદીરની સેવામાં એક વખત તેઓએ સાડાત્રણ વર્ષ સુધી માત્ર એક કલાકની ઊંઘ લઈને સેવાપ્રવૃત્તિઓ કરતા હતા. તેઓનો દિવ્ય જીવનક્રમ એવો હતો કે માત્ર એક કલાકની ઊંઘમાં તેઓ છ કલાકની ઊંઘ લઈ શકતા હતા.

શ્રી ભગતજી મહારાજનું ધામગમન તા. ૭-૧૧-૧૮૯૭ના રોજ ભાવનગર જિલ્લાના મહુવા મુકામે થયું હતું. પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના કરકમલે શ્રી ભગતજી મહારાજના મહુવાના જન્મ સ્થાને ભવ્ય મંદિર બાંધવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમના અગ્નિ સંસ્કારના સ્થાને મહૂવામાં સમાધિ સ્થાન રચવામાં આવ્યું છે.

## શ્રી શાસ્ત્રીજી મહારાજ :



શ્રી શાસ્ત્રીજી મહારાજનો જન્મ તા. ૩૧-૧-૧૮૬૫ના રોજ ગુજરાતના ખેડા જિલ્લના મહેળાવ ગામે એક પાટીદાર કુટુંબમાં થયો હતો. તેઓના પિતાનું નામ ધોરીભાઈ અને માતાનું નામ હેતબા હતું. તેમનું બાળપણનું નામ ડુંગરભાઈ હતું. બાળપણમાં જ તેઓએ સેવેલી અને પોષેલી ધાર્મિક ભાવનાઓને લીધે ગામના લોકો તેમને "ડુંગર ભગત"ના લાડકા નામથી બોલાવતા. તેઓએ તેમનું શાળાકીય શિક્ષણ મહેળાવની પ્રાથમિક શાળામાં લીધું હતું. તેઓ સ્પષ્ટવક્તા, સાચાબોલા અને તેજસ્વી વિદ્યાર્થી હતા.





## ત્યાગી થવાનો સંકલ્પ અને દીક્ષા :

દિવ્ય બાળક ડુંગર બાળપણથી દેવમંદિર, ભજન-કિર્તન વગરેમાં સમય વિતાવતા. જ્યારે સંવત ૧૯૩૩માં માત્ર વર્ષની ઉંમરે તેઓએ સાંભળેલી અને કંઠસ્થ કરેલી ભાગવત કથાના આધારે મહેળાવમાં ભાગવતની કથા કરીને ઘણા લોકોને પ્રભાવિત કર્યા. વસોના એક બ્રાહ્મણે મહેળાવમાં ભાગવત કથા આરંભી. કથા દરમ્યાન તેમનું અવસાન થતાં ડુંગર ભગતે આ કથા પૂરી કરી. ભટ્ટજીની અદાથી માણભટ્ટ વગાડીને કથા કરતા આ બાળકને અદભુત કથા કરતા જોઈને ગામલોકો આશ્ચર્યથી ચકિત થઈ જતા.

## સ્થાપત્ય કલાની અનોખી સૂઝ :

બાળ ડુંગર ભક્તમાં નાનપણથી જ અનોખી કલાદૃષ્ટિ હતી. ૧૯૩૨ની સાલમાં મહેળાવમાં વૈષ્ણવોની હવેલી ચણાતી હતી, ડુંગરભાઈ બાળમિત્રો સાથે આ હવેલી જોવા ગયા. હવેલીનું સૂક્ષ્મ અવલોકન કરીને જેઠાભાઈ સુથારને કહ્યું, "હવેલી સુંદર છે, પરંતુ હવેલીના ગોળ થાંભલાઓ જો રવેશીમાં મૂક્યા હોત તો હવેલીની શોભા ઘણી વધી જાત." નાના ડુંગરભાઈની આવી કલાસૂઝ જોઈને અનુભવી જેઠાભાઈ સુથારને ઘણું જ આશ્ચર્ય થયું, એટલું જ નહી તેઓએ આ સૂચનનો સ્વીકાર પણ કર્યો.

આ જ બાળકે ભવિષ્યમાં ટાંચાં સાધનોમાં પણ વ્યક્તિગત દેખરેખ રાખીને અક્ષર-પુરુષોત્તમની ઉપાસનાનાં પાંચ મંદીર-બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા અને ગઢડામાં બનાવ્યાં. તેઓ દ્વારા બંધાવવામાં આવેલ લાકડા અને પથ્થરની કોતરણીવાળાં, ધાર્મિક તત્વોને રજૂ કરતાં કલામંડિત, ભવ્ય અને ગગનચૂંબી શિખરબધ્ધ મંદિરો છે.

## અક્ષરપુરુષોત્તમની સર્વોપરી ઉપાસનાના પ્રવર્તન માટે વડતાલમાંથી પ્રસ્થાન :

ગુણાતીતાનંદ સ્વામી પછી ભગતજી મહારાજે "ધ્યાન મંડળ"ની સ્થાપના કરીને, ધ્યાન, ભજન અને કથાવાર્તા - કાર્યને ધ્યાનમાં રાખ્યું હતું. આધ્યાત્મિક જ્ઞાનનું આ સાચું સ્વરૂપ હોઈ ચરોતરના સ્વામિનારાયણ સંપ્રદાયના લગભગ મોટા ભાગનાં ગામો કથા, વાર્તા અને સત્સંગનું સુખ મેળવવા પ્રાગજી ભગતની ધ્યાન મંડળીની માંગણી કરતા. ધ્યાન મંડળના આવા વધુ પડતા આદરથી અન્ય સાધુ મંડળમાં વિરોધની લાગણી ઉદ્‌ભવી અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. પણ શાસ્ત્રીજી મહારાજ તથા તેમના સંત મંડળે ભગવાન ભજવા અને ભજાવવા સિવાય અન્ય કોઈ બાબત અને વિરોધને ધ્યાનમાં લીધું નહિ. તેમના આવા અનાસક્ત જીવન વ્યવહારને કારણે તેમની વાતોથી અનેક લોકો આવતા થયા. અક્ષરપુરુષોત્તમના જ્ઞાન પ્રવર્તનની પ્રવૃતિએ અસાધારણ ગતિ પકડી. ગ્રામ્ય વિસ્તારના હરિભક્તોની સાથે સાથે મોટા મોટા શહેરના આગેવાનો સત્સંગીઓનો એક મોટો સમુદાય બની ગયો. આથી કેટલાક દ્વેષિલા સાધુ સંતોથી આ પરિસ્થિતિ સહન થઈ શકી નહિ. પરિણામે તેઓએ ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની આ પ્રકારની ભક્તિની પધ્ધતિ સામે ઉગ્ર વિરોધ કરીને અનેક પ્રકારની ઉપાધિઓ કરવા માંડી. કેટલાક વિરોધીઓએ તો આ જ્ઞાન પ્રવર્તન કરતા સાધુઓને ત્રાસ આપીને આવા સાધુઓને અને તેમના મંડળના અસ્તિત્વને ભૂસી નાંખવા સુધ્ધાના પ્રયત્નો અને સંકલ્પો કર્યા.

વડતાલના સમૈયાના બારસના પારણામાં ખીચડીમાં ઝેર ભેળવીને સાધુ યજ્ઞપુરુષદાસ શાસ્ત્રીજી મહારાજને મારી નાખવાના પ્રયત્નો થયા. ભાવવાળા હરિભક્તોએ આવા

ઉપદ્રવને કારણે વડતાલથી નીકળી જવાની વિનંતી કરી. પરંતુ શાસ્ત્રીજી મહારાજ વડતાલથી નીકળવા માટે ના પાડતા. ચૌદશની સવારે વડોદરાવાળા ઘનશ્યામભાઈ વૈદ્યના આસને ખાનગી સભા મળી અને બધાએ ઠરાવ્યું કે, "સ્વામીશ્રીને વડતાલ રહેવું મુશ્કેલ છે." તેઓએ કોઠારી ગોવર્ધનભાઈને મળીને આ માટે માંગણી કરી. તેઓએ જણાવ્યું કે, 'રૂદેલનું મંદિર અધુરું છે. આથી સમૈયા પછી યજ્ઞપુરુષદાસના મંડળને બોચાસણ મોકલવાની અમારી માંગણી છે." જો કે શાસ્ત્રીજી મહારાજ વડતાલ છોડવા રાજી ન હતા. પરંતુ સમૈયામાં આવેલા રાજકોટના કૃષ્ણજી અદાએ શિક્ષાપત્રી ઢાંકીને વિનંતી કરી કે, "જ્યાં ઉપદ્રવ હોય અને જાનનું જોખમ હોય ત્યાં પોતાના ગામ ગરાસનું સ્થળ છોડીને પણ જ્યાં ઉપદ્રવ ન હોય ત્યાં જઈ શાંતિથી રહેવું." આ પરિસ્થિતિમાં સ્વામીને હવે વડતાલ છોડે છુટકો નહોતો. આથી સ્વામી નારાયણચરણદાસ, સ્વામી નિરંજનદાસજી તથા બીજા ત્રણ સાધુ અને સ્વામી સહિત કુલ છ સાધુઓ અને લગભગ દોઢશો જેટલા હરિભક્તો ભારે હૃદયે આ મંડળીએ સંવત ૧૯૬૨ના કારતક વદ ૧ ઈ.સ. ૧૯૫૦ના દિવસે વડતાલથી પ્રસ્થાન કર્યું.

## બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા (બી.એ.પી.એસ.)ની સ્થાપના

અક્ષરપુરુષોત્તમની સર્વોપરી ઉપાસના વડતાલના વહિવટકર્તાઓને સ્વીકાર્ય ન હતી. આથી વડતાલથી નીકળીને આ મંડળ કરમસદ સ્વામિનારાયણ મંદિરમાં રોકાયું. કરમસદમાં બાવાજી ભાઈલાલભાઈ, સોમાભાઈ, ઝવેરભાઈ (સરદાર વલ્લભભાઈ પિતાશ્રી), મિસ્ત્રી ત્રિકમ સુથાર વગેરેએ યોગ્ય ઉતારો કરાવી આપ્યો. કરમસદથી ગાડાં દ્વારા આ મંડળ બોચાસણ પહોંચ્યું. પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે બોચાસણને અક્ષરપુરુષોત્તમ જ્ઞાનનું કેન્દ્ર બનાવ્યું. આથી ૧૯૦૭માં વૈધિક રીતે બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા (બી.એ.પી. એસ.)ની સ્થાપના કરી. તેઓશ્રીએ વિવિધ સ્થળોએ નવા મંદિરો સ્થાપ્યાં :

- **પ્રથમ મંદિર બોચાસણમાં સ્થાપ્યું** : બોચાસણ મંદિરમાં મધ્યખંડમાં અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવીને ઈ.સ. ૧૯૦૭, વૈશાખ વદ ૧૦ના રોજ ભવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.
- **બીજું મંદિર સારંગપુરમાં :** ઈ.સ. ૧૯૧૬, વૈશાખ સુદ ૬ના રોજ સ્થાપીને ત્યાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો.
- **ત્રીજું મંદિર ગોંડલમાં :** ઈ.સ. ૧૯૩૪, વૈશાખ સુદ ૧૦ના રોજ સ્થાપવામાં આવ્યું અને ત્યાં ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો.
- **ચોથું મંદિર અટલાદરામાં** : ઈ.સ. ૧૯૪૫, સંવત ૨૦૦૧ના અષાઢ સુદ ત્રીજના રોજ સ્થાપીને તેનો ભવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો.

- **પાંચમું મંદિર ગઢડામાં :** ઈ.સ. ૧૯૫૧, ઘેલા નદીના કાંઠે ટેકરા ઉપર મંદિર સ્થાપીને ભગવાન સ્વામિનારાયણનો સંકલ્પ પૂર્ણ કર્યો. ગઢડા મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, ૧૯૫૧ના વૈશાખ સુદ ૪ના રોજ યોજાય તેના છ દિવસ અગાઉ વૈશાખ સુદના રોજ સારંગપુર ખાતે સવારના ૧૦-૫૭ કલાકે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે ધામગમન કર્યું. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે તેમના અંતિમ દિવસોમાં એવી ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે, યોગીજી મહારાજ ગઢડામાં આરતી ઉતારીને અક્ષરપુરુષોત્તમ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા કરશે.'' શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજ સ્વરૂપે હાજર છે તેવી માન્યતા, દૃઢ કરીને આયોજન પ્રમાણે વૈશાખ સુદ ૧૦ના રોજ પૂજ્ય યોગીજી મહારાજે બધા જ સત્સંગીઓને શોકમાંથી બહાર લાવીને ગઢડા મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા કરી.

પૂજ્ય શાસ્ત્રીજી મહારાજને સારંગપુરધામનું ખૂબ જ આકર્ષણ હતું. શાસ્ત્રીજી મહારાજ પોતાના ધામગમન અગાઉ અટલાદારમાં જ્યારે માંદગી ગ્રહણ કરી ત્યારે તેઓએ છેલ્લા ચાર-પાંચ દિવસથી સારંગપુર જવાની રટ લગાવી હતી.

સારંગપુર આવીને સ્વામી સ્વસ્થ થયા. તેઓ ખુરશીમાં બેસીને રોજ ઠાકોરજીના દર્શન માટે પધારતા. સવામીની લીલા ન્યારી હતી. સંતો અને હરિભક્તોમાં તેઓ એવો છેતરામણો વિશ્વાસ જગાવી શક્યા કે અહીં સ્વામીને સારું થઈ જશે. પરંતુ હકીકત કાંઈ જુદી જ હતી. જો કે પોતે સદા પ્રસન્ન રહી સૌ સંતો-હરિભક્તોને દર્શનનું સુખ આપ તા હતા. સારંગપુરમાં સ્વામી રંગમંડપમાં આરામ કરતા હતા. શાસ્ત્રીજી મહારાજે સંવત, વૈશાખ સુદ ૪ના દિવસે ૧૦-૫૭ કલાકે સારંગપુરમાં ''સ્વામી મહારાજ''ના દિવ્ય ઘોષ સાથે પોતાનો દેહ છોડી અક્ષરધામમાં બિરાજી ગયા.

ગઢપુર, મુંબઈ, દિલ્હી તથા બધા શહેરોમાં સ્વામીના ધામગમનના સમાચાર તારથી આપવામાં આવ્યા. ગઢપુરથી અમૂક વડીલ સંતો તથા સેવામાં આવેલ હરિભક્તો તાબડતોડ સારંગપુર આવી પહોંચ્યા. આ દિવસે યોગીજી મહારાજ મુંબઈમાં વિરાજમાન હતા. શ્રી ગુલઝારીલાલનંદાને દિલ્હીમાં આ સમાચાર મળ્યા. તેઓ દિલ્હીથી પ્લેન દ્વારા મુંબઈ આવ્યા. સ્વામીશ્રીએ તેમની હયાતીમાં જણાવ્યું હતું કે, ''ફલ્ગો અને ઉતાવળી નદીના બેટ વચ્ચે, જ્યાં શ્રીજી મહારાજે ઘણી વખત સભા કરી છે, યજ્ઞ કર્યો છે અને બ્રાહ્મણોને જમાડયા છે, એવી પ્રસાદીની જગાએ જ મારા દેહનો અગ્નિસંસ્કાર કરશો.'' સ્વામીની ઈચ્છા પ્રમાણે પાલખીને આ સ્થળે આવેલા પ્રસાદીના ખીજડા નીચે લાવવામાં આવી. તે પછી ચંદનના કાષ્ઠ ઉપર પોઢાડવામાં આવ્યા. યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામીએ આરતી ઉતારી. તે પછી તેઓએ ચિતામાં અગ્નિ સ્પર્શ કર્યો.


## શાસ્ત્રીજી મહારાજનું યોગદાન :

યજ્ઞપુરુષદાસજી સ્વયં એક સિદ્ધાંતપુરુષ હતા. એટલે જ તેઓ શ્રીજીના સિદ્ધાંતવાહક બન્યા. પ્રચંડ સંઘર્ષ અને પ્રખર તપસ્યામાંથી તેઓ પસાર થયા, પરંતુ પોતાના કર્તવ્યને પૂર્ણપણે સફળ કરીને રહ્યા. એ માટેની એમની પ્રતિબદ્ધતા પણ અજોડ હતી. તેમના આ ઉદ્‌ગારો તો જુઓ : 'હું તો અક્ષરપુરુષોત્તમનો બળદિયો છું...' 'અક્ષરપુરુષોત્તમના માટે મારે સ્વવચને ઘેર વેચાવું પડે તોય ઓછું છે.'

સ્વામીશ્રીએ શું આપ્યું ? ભગવાન સ્વામિનારાયણના સનાતન સિદ્ધાંતમાં સમાધાન ન કરવાની એમની નિશ્ચલતાએ સંપ્રદાયને 'બંધિયાર વાડા'માંથી વિશ્વના ચોકમાં મોક્ષમાર્ગ તરીકે પ્રતિષ્ઠિત કરી દીધો. ઉપાસના-મંદિરો સંસ્કૃતિના ખોળે અર્પણ કરી. એમણે સ્થાપેલી 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા' આજે, ચરોતરના ચોકમાંથી વિસ્તરીને જગતના ચોકમાં વ્યાપી છે અને ભારતીય સંસ્કૃતિના સનાતન જ્ઞાનનાં અજવાળાં પાથરી રહી છે. ગુજરાતના સાક્ષર દોલતરામના આ શબ્દોમાં જ કદાચ એમની સૌથી મોટી ભાવાંજલિ છે : 'સ્વામીજી આ તો જે કાર્ય કરવા શ્રીજીમહારાજને અવતાર ધરી ફરી આવવું પડે તે કાર્ય આપે કર્યું છે.'

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે કહ્યું હતું : 'મારા પછી પણ મારું કર્તવ્ય ચાલુ રહેશે. અને સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે, અવતારના અવતારી છે. આ ઉપાસના જગતભરમાં પ્રર્વશે.' પોતાના એ વિરાટ કાર્ય માટે ભાવિ સુકાનીઓને સ્વામીશ્રીએ પકવીને તૈયાર રાખ્યા હતા : યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ અને તેમના દ્વારા મહંત સ્વામી મહારાજ.

## પરમ પૂજ્ય યોગીજી મહારાજ




અમરેલીના ધારી ગામમાં લોહાણા કુટુંબમાં સંવત ૧૯૪૮ના વૈશાખ વદ બારસ તા. ૨૩-૫-૧૮૮૨ના રોજ બાળ ઝીણાભાઈનો જન્મ થયો. પિતા દેવચંદભાઈ અને માતા પૂરીબા ચૂસ્ત સ્વામિનારાયણ સંપ્રદાયને અનુસરતાં હતાં.


જૂનાગઢી સ્વામિનારાયણ સાધુઓ સત્સંગ પ્રચારાર્થે અવારનવાર ધારી



પ્રમુખસ્વામી મહંતસ્વામી અને ભક્તો સાથે યોગીજી મહારાજ







આવતા.ધારીમાં જૂનાગઢ તાબાનું હરિમંદિર હતું. આ મંદિરની સેવા-પૂજા કરતા હરિભક્ત મોહનભાઈ બીમાર પડતાં કૃષ્ણચરણદાસ સ્વામી આ કાર્ય માટે સારા હરિભક્તની શોધમાં હતા. નિયમિત મંદિર આવતા અને સેવા કાર્યમાં લગની ધરાવતા ઝીણાભાઈ ઉપર તેમની નજર ઠરી. ઝીણાભાઈને આ મંદિરની સેવા પૂજાની જવાબદારી સોંપવામાં આવી જે તેમણે ખૂબજ ખંત અને ઉત્સાહથી નિભાવી. ઝીણાભાઈમાં સાધુ બનવાની તીવ્ર ઈચ્છા જાગી. કૃષ્ણચરણદાસ સ્વામીએ ઝીણાની ધાર્મિક ભાવના અને સેવાપરાયણતા જોઈને તેમના મોટાભાઈ કમળશીભાઈને આ અંગે વાત કરી, કુટુંબની અનુમતિ માંગવા સૂચન કર્યું. કુટુંબના સભ્યોએ ભારે હૃદયે સાધુ બનવાની સંમતિ આપી.

પછી શ્રી કૃષ્ણચરણદાસ સ્વામીએ પાર્ષદની દીક્ષા આપી અને તેમનું નામ ઝીણા ભગત પાડવામાં આવ્યું.

જૂનાગઢ મંદિરના અગિયાર પાર્ષદી દીક્ષા ધરાવતા ભગતોને વડતાલમાં સંવત ૧૯૬૭ના ચૈત્ર સુદ ૧૩, ઈ.સ. ૧૯૧૧ના રોજ આચાર્ય શ્રી પ્રતિપ્રસાદજીના હસ્તે ભાગવતી દીક્ષા આપવામાં આવી. ભાગવતી દીક્ષા ધારણ કરતાં ઝીણા ભગતનું નામ સાધુ જ્ઞાનજીવનદાસ રાખવામાં આવ્યું.

સાધુ જ્ઞાનજીવનદાસ (પૂજ્ય યોગીજી મહારાજ) જૂનાગઢ મંદિરમાં એક નાના યુવાન સેવાભાવથી ભરેલી આધ્યાત્મિક પ્રવૃતિ એવી હતી કે તેઓ સૌ કોઈના પ્રિય થઈ ગયા હતા. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે ઈ.સ. ૧૯૦૭માં બી.એ.પી.એસ.સંસ્થાની સ્થાપના કર્યા પછી લગભગ ચાર વર્ષ પછી ઈ.સ. ૧૯૧૧માં શાસ્ત્રીજી મહારાજના મંડળમાં જોડાણ થયું હતું.બી.એ.પી.એસ. સંસ્થા માટે આ એક અભૂતપૂર્વ સીમાચિહ્નરૂપ ઐતિહાસિક ઘટના પૂરવાર થઈ.

ગોંડલ એ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું સમાધિ સ્થાન જે અક્ષરદેરીથી પ્રસિદ્ધિ પામ્યું છે, ત્યાં જવામાં તેમનો આનંદનો પાર ન રહ્યો. ગોંડલધામને પૂજ્ય યોગીજી મહારાજે પોતાની કર્મભૂમિ બનાવી. ગોંડલધામની અક્ષરદેરીની તેઓએ અપૂર્વ સેવા-પૂજા કરીને, તેને હરિભક્તોના શુભ સંકલ્પો પૂર્ણ કરનારું પવિત્ર યાત્રાધામ બનાવી દીધું.

## બ્રહ્માંડમાં સત્સંગ કરાવવાનો સંકલ્પ અને તેના આયામો :

યોગીજી મહારાજે ત્રણ દિવ્ય સંકલ્પો કર્યા હતા, તેમાંનો પ્રથમ સંકલ્પ આખા બ્રહ્માંડમાં સત્સંગ કરવાનો હતો. 'સત્સંગ એટલે શું ?' એ પૂછાયેલા પ્રશ્નના જવાબમાં તેમણે આ પ્રમાણે જણાવ્યું હતું :

"સત્સંગના ઘણા અર્થ છે. પણ રહસ્ય અને ખરા મર્મ એ છે - ભગવાન અને ભક્તોમાં દિવ્યભાવ રહે એ જ ખરો સત્સંગ. કોઈનો અવગુણ આવે જ નહીં તે મુદ્દો."

અક્ષરપુરુષોત્તમના જ્ઞાન દ્વારા ખરો સત્સંગ પ્રચારના યોગીજી મહારાજના નીચેનાં આયામોમાં તેમની દીર્ઘદૃષ્ટિ અને કુશળ નેતૃત્વ પ્રતિબિંબિત થાય છે :

## સમૈયાનું આયોજન :

અક્ષરપુરુષોત્તમ સંબંધી વિવિધ દિવસોએ સમૈયાઓનું અયોજન કરવું. સમૈયાના કારણે સંતો-હરિભક્તોનાં પરસ્પર દર્શન-સમાગમ થાય, નિઃસ્વાર્થ સેવાભાવનાનો વિકાસ થાય, ત્યાગ અને ભીડો વેઠવાના ગુણો વિકસે, અધ્યાત્મજ્ઞાનની ગહનતાનું દઢિકરણ થાય. યુવકોમાં સંસ્કારિતાનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરતાં.

## રવિસભાનું આયોજન :

માનવ સમાજમાં આધ્યાત્મિક ભાવનાને પોષવાનો પ્રયત્ન કરતા અનેક સંપ્રદાયો પૈકી યોગીજી મહારાજે પ્રયોજેલ રવિસભા એ સત્સંગના બીજને નિયમિત રીતે વ્યાપક ધોરણે પોષણ આપતું એક મહત્વનું આયામ છે. સમૈયામાં વર્ષે, બે-પાંચ વર્ષે સંતો-હરિભક્તો એકાદ વાર જ મળે. તેને સ્થાને અક્ષરપુરુષોત્તમના જ્ઞાનના દઢિકરણ માટે દર રવિવારે રવિસભાની આગવી યોજના એ યોગીજી મહારાજનું વિશેષ પ્રદાન છે.

**સત્સંગ પત્રિકા :** વ્યાપક રીતે પથરાયેલા સત્સંગ સમાજની પ્રવૃતિઓમાં એક સૂત્રમાં લાવા તથા તેઓને નિયમિત રીતે પ્રેરિત કરવા માટે "સતત રીતે માહિતી સંચાર" જરૂરી છે, તેનું મહત્ત્વ યોગીજી મહારાજ સમજ્યા હતા. શરૂઆતમાં વિવિધ સૂચનાઓ અને આજ્ઞાઓ રવિસભા અગાઉ હાથે લખાયેલા પત્રો દ્વારા પાઠવવામાં આવતી. ઉત્તરોત્તર મંડળની સંખ્યા વધતાં છાપેલાં પોસ્ટકાર્ડ દ્વારા આવો સંદેશાવ્યવહાર થવા લાગ્યો. મુંબઈ મંડળને આ કાર્ય સોંપવામાં આવ્યું જેમાં શરૂમાં ૯૬ જેટલાં છાપેલાં પોસ્ટકાર્ડ નિયમિત સ્વરૂપે મોકલાતાં. આવા મંડળોની સંખ્યા પણ વધી જતાં તા. ૫-૧૨-૧૯૫૬થી સૌ પ્રથમ "સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા" મુંબઈ મંડળ દ્વારા "સાઇક્લોસ્ટાઇલ" સ્વરૂપે મોકલવવાની શરૂઆત થઈ.

**યુવાપ્રેરણા :** કુમળા બાળકો અને યુવક-યુવતીઓ શુધ્ધ અને સંસ્કારી જીવન જીવીને અક્ષરપુરુષોત્તમની ફિલસૂફીનું યથાર્થ પાલન કરે, આપણા સનાતન ગ્રંથોનું અધ્યયન કરે, સંસ્કૃત ભાષા ભણે તે માટે ઠેરઠેર જ્ઞાનશિબિરો, તાલીમ સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો વગેરેની સ્થાપના દ્વારા શુધ્ધ એકાંતિક જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડવી આવશ્યક છે, સમાજ અને દેશનું ભવિષ્ય સુસંસ્કૃત યુવા પેઢી પર નિર્ભર હોઈ, "યુવકો

મારું હૃદય છે.'' એવા વક્તવ્યમાં યોગીજી મહારાજની જીવનભાવના પ્રતિબિંબિત થાય છે.

સુશિક્ષિત ત્યાગાશ્રમી યુવાનો જ અક્ષરપુરુષોત્તમની ફિલસૂફી ભારતના અને વિશ્વના ખૂણે ખૂણે પ્રસરાવી શકશે, તેવી દીર્ઘદૃષ્ટિ પૂજ્ય યોગીજી મહારાજની હતી. યોગીજી મહારાજ સાથે મુંબઈમાં વિચરણ કરતા. વિનુભગત (પૂજ્ય મહંત સ્વામી), શ્રી રમણભાઈ (પૂજ્ય ડોકટર સ્વામી), શ્રી અરૂણભાઈ દવે (પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી) અને અન્ય ચાલુ અભ્યાસ કરતા યુવકોના મનમાં એક પ્રશ્ન ઉઠતો. ''જો સાધુ જ થવાનું હોય તો કૉલેજકાળ પૂર્ણ કરીને સમય વેડફવાની શી જરૂર છે.'' મુંબઈની કપોળ વાડીમાં યોગીજી મહારાજના સવારના સ્નાનના સમયે શ્રી અરૂણભાઈએ પ્રશ્ન પૂછ્યો હતો કે, ''જો આપે અમને સાધુ જ બનાવવા હોય તો કૉલેજનાં છેલ્લાં બે વર્ષ પૂરાં કરવાની કોઈ જરૂર નથી. ઉલ્ટો તેમાં સમયનો બગાડ થશે.'' આ સમયે યોગીજી મહારાજે પ્રત્યુત્તર વાળ્યો હતો કે, ''મારે તમને ''ગ્રેજ્યુએટ બનાવવા છે. તમારાં સર્ટિફિકેટ મારે મઢાવીને ટીંગાડવાં છે.''

## દિગંતમાં ડંકા :

હિંદુધર્મના અક્ષરપુરુષોત્તમના સનાતન જ્ઞાનને સમગ્ર વિશ્વમાં પ્રસરાવવાનો સંકલ્પ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે કર્યો હતો. શાસ્ત્રીજી મહારાજે એવી આગાહી કરી હતી કે આફ્રિકામાં અક્ષરપુરુષોત્તમની ઉપાસના મોટા પ્રમાણમાં થશે. આ ઉપાસનાની શરૂઆત પૂર્વ આફ્રિકાના મોમ્બાસાથી થશે. શાસ્ત્રીજી મહારાજની આવી આગાહી અને દિવ્ય સંકલ્પને યોગીજી મહારાજે તેમની ઈ.સ. ૧૯૫૫નાં આફ્રિકાની પ્રથમ યાત્રા દ્વારા પૂર્ણ કર્યો.

પૂર્વ આફ્રિકાના પ્રવેશદ્વાર સમા મોમ્બાસામાં સૌ પ્રથમ અક્ષરપુરુષોત્તમનું મંદિર થયું. યોગીજી મહારાજની તેમની ૧૯૫૫ની આફ્રિકાની પ્રથમ યાત્રા દરમ્યાન મોમ્બાસાના આ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. યોગીજી મહારાજની પાંસઠ વર્ષની ઉંમરે આ પ્રથમ વિદેશયાત્રા યોજાઈ હતી. યોગીજી મહારાજની આ પ્રથમ યાત્રા દરમ્યાન હરિભક્તોના આગ્રહથી આફ્રિકામાં છ માસ રોકાયા. સતત વિચરણ કરીને હરિભક્તોને કથાવાર્તા અને દર્શનનું અપૂર્વ સુખ આપ્યું.

ઈ.સ. ૧૯૬૦માં, આફ્રિકાના હરિભક્તોની વિનંતીથી પ્રેમાવશ થઈને યોગીજી મહારાજની ૭૦ વર્ષની ઉમંરે આફ્રિકા ખંડની બીજી યાત્રા યોજાઈ. આફ્રિકાની આ બીજી યાત્રા દરમ્યાન કંપાલા, જીંજા અને ટટેરોનાં ભવ્ય મંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠાના ભવ્ય મહોત્સવો યોજાયા. આમ યોગીજી મહારાજની બીજી યાત્રા દરમ્યાન મધ્ય અને દક્ષિણ આફ્રિકામાં ''લગભગ, ૩૫,૦૦૦ માઈલનું વિચરણ કરીને સત્સંગીઓને તેમની વિશિષ્ટ શૈલીમાં કથા-વાર્તા અને દર્શનનું અપૂર્વ સુખ આપ્યું.

ઈંગ્લેન્ડના હરિભક્તોએ લંડનના મધ્યમાં આવેલા ઈસ્લિંટન વિસ્તારમાં આવેલા જૂના ચર્ચના સ્થાને અક્ષરપુરુષોત્તમના મંદિરનું નિર્માણ કર્યું હતું. યોગીજી મહારાજ ૯૦ વર્ષની ઉંમરે કડકડતી ઠંડીમાં પણ હરિભક્તોને દર્શનનું સુખ આપવા આફ્રિકાથી લંડન પધાર્યા હતા. લંડનના આ અક્ષરપુરુષોત્તમ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની આ ભવ્ય શોભાયાત્રા અનન્ય અને વિશિષ્ટ પ્રકારની હતી, જેને ત્યાંના રહીશોએ અભૂતપૂર્વ રીતે આવકારી હતી. ઈંગ્લેન્ડથી ભારત પરત આવ્યા પછી યોગીજી મહારાજે સત્સંગ પ્રચારાર્થે ચાર સુશિક્ષિત સંતોને અમેરિકા મોકલ્યા હતા.


આજ સમયે યોગીજી મહારાજને ફરીથી હાર્ટ એટેકનો હુમલો આવ્યો. તે સમયે સ્વામીશ્રી બોલ્યા, "પ્રમુખસ્વામી ક્યાં છે ? મહંત સ્વામી ક્યાં છે ? હર્ષદભાઈને કાગળ-પેન લઈને બોલાવો. આટલા સંકલ્પો લખી લો." પ્રમુખસ્વામી નજીક આવતાં સ્વામી બોલ્યા, "હવે આ દેહ રહેશે નહિ." પછી ઈશ્વરચરણ સ્વામીને બોલાવીને કહ્યું કે, "આપણે ગોંડલમાં બે સોનાનાં સિંહાસનો કરવાં છે, " પછી ધીરેથી બોલ્યા, "આપણે ગોંડલમાં કૉલેજ કરવી છે." અડધા કલાક પછી હૃદયરોગનો ત્રીજો હુમલો આવતાં લગભગ ૧૨-૪૫ વાગે પોતાની અલૌકિક લીલા સંકેલીને અક્ષરધામગમન કર્યું.

ગોંડલમાં દેશ-વિદેશનાં હરિભક્તો આવી પહોંચ્યા. તા. ૨૪-૧-૧૯૭૧ના રોજ લગભગ બપોરે ૪ વાગે પ્રમુખસ્વામીના હસ્તે સ્વામીશ્રીના દિવ્ય દેહનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો. પોતાની અજીબ હસતી હસાવતી એ પ્રેમ વાત્સલ્ય મૂર્તિનાં દર્શન કરતાં કરતાં સૌ દર્શનાર્થીઓની આંખો આસુંથી ઊભરાઈ આવી. ગોંડલમાં અક્ષરદેરીની જમણી બાજુ થોડેક દૂર યોગીજી મહારાજનો જ્યાં અંતિમ સંસ્કાર થયો હતો તે સ્થાને સમાધિ સ્થાન રચવામાં આવ્યું છે.

યોગીજી મહારાજે પોતાની હયાતીમાં જ પ્રમુખસ્વામી મહારાજની ઓળખાણ કરાવતાં કહ્યું હતું કે, "હવે અમારું કામ પ્રમુખસ્વામી કરશે. "પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે."

## યુગપુરુષ પ્રમુખ સ્વામી મહારાજ

ગુજરાત રાજ્યમાં વડોદરા શહેરને અડીને ચાણસદ નામનું એક નાનું ગામ આવેલું છે. આ ગામમાં રહેતા એક સામાન્ય ખેડૂત શ્રી મોતીભાઈ પટેલ અને દીવાળીબેનને ત્યાં પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ ૭ ડિસેમ્બર ૧૯૨૧ના રોજ થયો. તેમનું બાળપણનું નામ શાંતિલાલ હતું. ચાણસદ ગામ સ્વામિનારાયણપંથી હોઈ, જુદાજુદા સાધુઓ આ ગામની વારંવાર મુલાકાત લેતા. વિચરણ દરમ્યાન તેઓ શ્રી મોતીભાઈના ઘેર પણ પધરામણી કરતા. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ પણ અવારનવાર ચાણસદની મુલાકાત લેતા. બાળક






















શાંતિલાલને ઘોડિયામાં જ શાસ્ત્રીજી મહારાજે આશિષ આપતી વખતે કહ્યું હતું કે, "એ અમારો છે. ભવિષ્યમાં અમને જ અર્પણ કરી દેશો."

બાળક શાંતિલાલ મોટા થતાં તેઓ શાળાએ જવા લાગ્યા. હવે ચાણસદ ગામની પ્રાથમિક શાળાનું ભણતર પૂરું કર્યા પછી શાંતિલાલ વડોદરા જિલ્લાના શહેરી કેન્દ્ર પાદરા ગયા. અહીં માધ્યમિક શાળા હતી અને અંગ્રેજી પણ ભણાવતું હતું. વિદ્યાર્થીકાળમાં પણ તેમનો સાધુઓ સાથેનો સંપર્ક સતત ચાલુ રહ્યો. વારંવાર તેમને શાસ્ત્રીજી મહારાજ સાથે રહેવાની તક પણ મળતી. એમના નમ્ર સ્વભાવના કારણે તે સાધુઓમાં પ્રિય હતા. તે દિવસ તા.૭-૧૧-૧૯૩૯ને મંગળવાર અને એકાદશી હતી. ૧૯૩૯ની ૭મી નવેમ્બર મોતીભાઈને શાસ્ત્રી મહારાજનો એક પત્ર મળ્યો. તે દિવસે શંતિલાલ અઢાર વર્ષ લગભગ પૂરાં કરી રહ્યા હતા. ત્યારે પત્રનો સંદેશ આ હતો : "શાંતિલાલને સાધુ થવા માટે બોચાસણ (સ્વામીનારાયણ સંપ્રદાયનું કેન્દ્ર) આવવાનો સમય પાકી ગયો છે." માતા-પિતાએ એમને હૃદયના આશિષ આપ્યા : "જા ભાઈ, ઈશ્વર તારાથી રાજી થશે. અમારા પૂરા આશીર્વાદ છે."

## પાર્ષદ અને ભાગવત દીક્ષા :

શ્રી ઘનશ્યામ સ્વામીના માર્ગદર્શન હેઠળ શાંતિલાલે સાધુ તરીકેની પૂરી તાલીમ લીધી. ગામેગામ, મોટે ભાગે પગપાળા તેઓ ફર્યા. તેમના માટે એ કપરા દિવસો હતા. છેવટે તેઓ બોચાસણમાં સ્થાયી થયા. શંકર ભગત અને નિર્ગણ સ્વામી એમની દેખભાળ રાખતા હતા. વહેલી સવારથી મોડી રાત સુધી તાલીમ ચાલતી. પાર્ષદ એ સાધુ થવાની સીડીનું પ્રથમ પગથિયું છે. ૧૯૩૯ની ૨૨મી નવેમ્બર ને બુધવારના રોજ પાર્ષદની દિક્ષા મળતાં તેઓ 'શાંતિ ભગત' બની ગયા. પાર્ષદની દીક્ષા સમયે મળતું 'ભગત'નું બિરુદ એ પરિવર્તનની પ્રક્રિયાનો ભાગ છે. પાર્ષદની દીક્ષા મળતાં દીક્ષાર્થીએ સફેદ પાઘ, સફેદ ગાતરીયું ધોતીયું અને સફેદ ઉપવસ્ત્ર ધારણ કરવાનું હોય છે. લાકડાના પત્તરમાં બધુ જ ખાવાનુ એક રસ કરીને નિઃસ્વાદ ભોજન જમવાનું હોય છે. બ્રહ્મચર્યનું કડક પાલન કરવાનું હોય છે. આ તબક્કાની તાલીમ પણ ઘણી કપરી હોય છે. રાત-દિવસ જોયા વગર ઘનિષ્ઠ તાલીમ અપાય છે. શાંતિલાલે સખત મહેનત કરી. ધર્મગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું. શાસ્ત્રીજી મહારાજનો અનન્ય રાજીપો મેળવ્યો. પછી તેમને ગોંડલ લઈ જવામાં આવ્યા. અહીં બીજા મહાન આધ્યાત્મિક અગ્રણી શ્રી યોગીજી મહારાજ સાથે એમનો ભેટો થયો. શાસ્ત્રીજી મહારાજે અહીં પોષ સુદ એકમ, વિક્રમ સંવત ૧૯૯૬ અને બુધવાર, તા. ૧૦ જાન્યુઆરી, ૧૯૪૦ના રોજ સાધુ તરીકે એમને ભગવા કપડાંની ભાગવતી દીક્ષા આપી. તેમણે અક્ષરદેરીની મહાપૂજા કરી. યોગીજી મહારાજે આશિષ આપ્યા અને કહ્યું, "એ

મહાન સાધુ બનશે.'' શાસ્ત્રીજી મહારાજે કહ્યું ''આપણે એને નારાયણસ્વરૂપ દાસજી નામ આપીએ. હું ઈચ્છું છું. કે તે ખૂબ અભ્યાસ કરે અને વિદ્વાન બને. હું તેને ખૂબ ક્ષમતાવાળો મહાન સાધુ બનાવવા ઈચ્છું છું.'' આ વખતે તેમની ઉમંર ૧૯ વર્ષની હતી.

નારાયણસ્વરૂપદાસજીએ તે પછી અનેક કેન્દ્રોમાં ફરવાનું શરૂ કર્યું. ઘણાં ગામોમાં વિચરણ કર્યું. ઘણાં બધાં લોકોને મળ્યા. સંસ્કૃત શીખ્યા ને ધર્મગ્રંથોનું બારીકાઈથી અધ્યયન કર્યું. છ વર્ષ પછી, ૧૯૪૬ના વર્ષમાં તેઓ સાળંગપુર મંદિરમાં 'કોઠારી' તરીકે નિમાયા. કોઠારી સ્વામીનો હોદ્દો ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે વહીવટી સંબંધી જવાબદારીઓ પણ સંભાળવાનો છે. તેમણે મંદિરમાં સમગ્ર કામકાજ ઉપર દેખરેખ રાખવાની અને વિવિધ પ્રવૃત્તિઓનું સંકલન રાખવાનું હોય છે.

## બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ તરીકે વરણી :

અમદાવાદની શાહપુરની આંબલીવાળી પોળમાં પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે ધાર્મિક વિધિ હેઠળ તા. ૧૭ જૂન, ૧૯૫૧, જેઠ સુદ ચોથને રવિવારના રોજ નારાયણસ્વરૂપદાસને સંસ્થાના પ્રમુખ તરીકે ચાદર ઓઢાડી હતી. આવડી મોટી સંસ્થાના વડા તરીકેનો સરતાજ અઠ્ઠાવીસ વર્ષના યુવાન સાધુને સોંપવા પાછળનું પૂજ્ય શાસ્ત્રીજી મહારાજનું દૂરંદેશીપણું વ્યક્ત થયું.તમામ અગ્રણી સાધુઓ અને ભક્તોને શાસ્ત્રીજી મહારાજે તેમનું મન આપી દીધું કે તેઓ તેમના સ્થાને સંસ્થાના પ્રમુખ તરીકે નારાયણસ્વરૂપદાસજીને નીમવા ઈચ્છે છે.

શાસ્ત્રીજી મહારાજ નારાયણસ્વરૂપદાસજીમાં એક મહાન આધ્યાત્મિક પ્રતિભાને જોઈ રહ્યા હતા. ૧૯૫૧ના આરંભના ગાળામાં શાસ્ત્રીજી મહારાજે તેમના પર એક પત્ર લખ્યો : ''અમને તમારો પત્ર મળ્યો છે...મારા શરીર પર હવે ભરોસો રાખી શકાય એમ નથી. આગલા જન્મોના પુણ્ય પ્રતાપે, યુવાનવયે પણ તમે સારી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તમે ઘણા પુરુષાર્થી, બુદ્ધિમાન અને ભાગ્યવંતા છો. યુવાનવયે તમે મહાન સદ્‌ગુરુની કક્ષાએ પહોંચ્યા છો.'' આટલું લખ્યા પછી તેમણે આદેશ આપ્યો કે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સવામિનારાયણ સંસ્થાનું પ્રમુખ તરીકેનું પદ તેમણે સંભાળી લેવું. પત્ર ચાલુ રહ્યો : ''દરેક રીતે દરેક ક્ષેત્રમાં તમે ઝળકી ઊઠો એવી મારી અપેક્ષા છે. એ રીતે તમે સમગ્ર સત્સંગને લાભકર્તા બનશો. તમારે, મને અને સમગ્ર સત્સંગને એની પ્રતીતિ કરાવવાની છે. આનાથી મારું મન પરમ શાંતિ અનુભવશે.''

અમદાવાદમાં શાહપુરની આંબલીવાળી પોળના નાનકડા મેદાનમાં એક સાદા સમારંભમાં પ્રમુખ વરણીની વિધિ સંપન્ન થઈ. આ જગ્યા વર્ષોથી સત્સંગ કેન્દ્ર તરીકે જાણીતી હતી.

વિક્રમ સંવત ૨૦૦૬ની જેઠ સુદ ૪ને રવિવાર તા. ૨૧ મે, ૧૯૫૧ના રોજ સાંજે પાંચ વાગે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાની મેનેજિંગ કમિટીની બેઠક મળી. હાજર સભ્યોમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ, સદ્‌ગુરુ યોગીજી મહારાજ, સદ્‌ગુરુ અક્ષર-પુરુષોત્તમદાસજી, આદિ વડીલ સાધુઓ અને મુખ્ય હરિભક્તો ઉપસ્થિત હતા. અક્ષર-પુરુષોત્તમ મહારાજની 'જય' બોલાવવા સાથે વિધિનો આરંભ થયો. સંસ્થાના સેક્રેટરી રસિકભાઈ પટેલે અગાઉની મિટિંગની સૂચનાઓ અને મિનિટ્સ વાંચી. વિધિનો પ્રારંભ કરતાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે કહ્યું : "સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ જેમ શ્રીજી મહારાજને તેમની યુવાનીમાં જ ગાદી (ઉત્તરાધિકાર) સોંપી હતી, એ જ રીતે, હું પણ આજથી મારા સ્થાને સંસ્થાના પ્રમુખ તરીકે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને ઘોષિત કરું છું." આમ કહ્યા પછી તેમણે નારાયણસ્વરૂપદાસજીના ખભે એક ઉપવસ્ત્ર (શાલ) ઓઢાડી. તેમને સંબોધતાં કહ્યું, "આ યોગી મહારાજ વચનસિદ્ધ તેઓ જે બોલે, આશિષ આપે તે સિદ્ધ થાય જ તેવા સમર્થ અને સાધુમૂર્તિ સંત છે. તેમના સાંનિધ્યમાં તમારે સત્સંગને ઉજાળવાનો છે." પછી સદ્‌ગુરુ યોગીજી મહારાજે તેમના બંને હાથ શાસ્ત્રી નારાયણસ્વરૂપ દાસજીના મસ્તકે મૂક્યા અને આશીર્વાદ આપ્યા. શાસ્ત્રીજી મહારાજે સભાને સંબોધન કરતાં કહ્યું, "અત્યાર સુધી તમે બધાએ જેમ મારી આજ્ઞાનું પાલન કર્યું છે એ જ રીતે આજથી હવે સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસની આજ્ઞામાં રહેશો."

આ પ્રસંગે, ઈશ્વરભાઈ પ્રભુદાસે શાસ્ત્રીજી મહારાજ અને નવા નીમાયેલા પ્રમુખશ્રીની પૂજાવિધિ કરી હાર પહેરાવ્યા અને શાલ ઓઢાડીને સન્માન કરાયું. તેઓએ થોડું ઉદ્‌બોધન કર્યું ને પછી બધાને મીઠાઈ વહેંચી. મુક્તરાજ આશાભાઈએ નવા પ્રમુખને તેમની શુભકાનાઓ વ્યક્ત કરી અને પૂજા પણ કરી.

તે પછી શેઠ ચંપકલાલભાઈ અને બીજા બધા સભાસદો અને ભક્તોએ પૂજાવિધિ કરી. કોઠારી હરજીવનદાસે આનંદ વ્યક્ત કર્યો ને કહ્યું, "સમગ્ર સાધુ વતી હું નવા પ્રમુખશ્રીનું અભિવાદન કરું છું અને અમારા સંપૂર્ણ સહકારની ખાતરી આપું છું."

## પ્રમુખ તરીકેની દૃઢતા ભરી જવાબદારીનું વહન :

ઓછા-બોલા, પાતળા, યુવાન નારાયણસ્વરૂપદાસજી સમય જતાં પ્રમુખસ્વામીના પ્યારા નામથી સ્વીકૃત થયા. તેઓએ પ્રતિભાવ આપતાં કહ્યું : "મારા જીવનપ્રાણ ગુરુહરિ, પરમ આદરણીય સદ્‌ગુરુ સ્વામી શ્રી શાસ્ત્રીજી મહારાજ, પરમ પૂજ્ય યોગીજી મહારાજ, સદ્‌ગુરુઓ, સન્માનીય સાધુશ્રીઓ, પાર્ષદો અને ભક્તજનો, પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે મારા પર અત્યંત કૃપા વરસાવી છે. હું એમનો ખૂબ ખૂબ ઋણી છું. મેનેજિંગ સમિતિના

પ્રમુખ તરીકેની જવાબદારી મને સોંપાઈ એ મોટું બહુમાન છે. છેલ્લાં ૪૫ વર્ષ દરમિયાન ગુરુહરિએ લાખો રૂપિયાના ખર્ચે બોચાસણ, સાળંગપુર, ગોંડલ, અટલાદરા અને અન્ય સ્થળોએ મંદિરો બંધાવ્યાં છે. તમામ સ્થળોએ અક્ષર પુરુષોત્તમ મહારાજની સ્થાપના કરાઈ છે. ગણ્યા ગણાય નહીં એટલા મુમુક્ષુઓ માટે મોક્ષનાં દ્વાર ખોલી આપ્યાં છે. આજ પછી હવે સંસ્થાનાં મંદિરોની જવાબદારી મારી, તેમ જ મેનેજિંગ સમિતિના સભ્યોની, તમામ સાધુશ્રીઓની અને જવાબદારીના સ્થાને રહેલા તમામની છે. આપણે તન-મનથી, સંપૂર્ણ સમર્પણથી આ જવાબદારી નિભાવવાની છે. આપણે આપણા સહિયારા પ્રયાસોથી સંસ્થાનો સંપૂર્ણ વિસ્તાર કરીશું. ભગવાન અને ગુરુહરિની શિક્ષાનો સંદેશ દુનિયાભરમાં ગુંજતો કરીશું.''

'આ ભવ્ય દિવસે, ગુરુહરિને હું હૃદયપૂર્વક પ્રાર્થું છું કે મારામાં જે કાંઈ ક્ષમતા, જ્ઞાન અને પ્રેરણા છે તે બધું આપશ્રીની દેન છે. હમણાં સુધી મારું આખું જીવન આપની સેવામાં વ્યતીત થયું છે. હવે આપે મને આ સેવા સંભાળવાનો આદેશ આપ્યો છે. કૃપા કરીને મને આ માટેની ક્ષમતા અને તાકાત પૂરી પાડશો. આપના સૌ અનુયાયીઓ તન-મન-ધનથી સમૃદ્ધ થાય. દુનિયાનાં કોઈ દુઃખ, કોઈ સંકટ એમને સ્પર્શે નહીં. છેલ્લા શ્વાસ સુધી તેઓ શ્રીજી મહારાજની ભક્તિ કરતા રહે અને છેવટે અક્ષરધામના નિવાસી થાય. આ માટે આપના આશીર્વાદ પ્રાર્થું છું.

'ગુરુહરિ, આજે આપની સમક્ષ અને આ સમગ્ર સમુદાય સમક્ષ હું પ્રતિજ્ઞા કરું છું કે સંસ્થા પ્રત્યેનાં મારાં કર્તવ્યો હું પૂરી નિષ્ઠાથી જીવનનાં છેલ્લાં શ્વાસ સુધી નિભાવીશ. એ બાબતમાં સતત ''ગંભીર અને જાગૃત રહીશ. આપે અક્ષરપુરુષોત્તમનું પરમ જ્ઞાન સર્જ્યું છે.તેને હું જાળવીશ અને તેની વધુ સુગંધ પ્રસરે એવી દરેક રીતે કાળજી લઈશ. સમગ્ર ભક્ત-સુદાયને આપના આશિષ ફળે અને તેમની ઇચ્છાઓ પરિપૂર્ણ થાય તે જોઈશ. સત્સંગના શ્રેય માટેની મારી ફરજો નિભાવવામાં પૂજ્ય યોગીજી મહારાજ, સદ્‌ગુરુ, વડીલ સાધુજનો, પાર્ષદશ્રીઓ અને તમામ અનુયાયીઓને પ્રાર્થું છું કે તેઓ મારા માર્ગદર્શક બને. શુદ્ધ હૃદયથી આ પ્રાર્થના કરી રહ્યો છું. સંપ્રદાયની સેવા સારી રીતે કરી શકું એ માટે આપ સૌના સંપૂર્ણ સહકારની વિનંતી છે.'

'હૃદયના ઊંડાણમાંથી, સમિતિના તમામ સભ્યશ્રીઓ, તમામ સાધુજનો, તમામ ભક્તોનો હું ખૂબ ખૂબ આભારી છું. સત્સંગની તમામ પ્રવૃત્તિઓમાં આપના સહકારની અપેક્ષા છે. છેલ્લે, મારી પ્રાર્થના છે કે પૂજ્ય ગુરુહરિનું આરોગ્ય સંપૂર્ણ સારું રહે અને તેઓ દીર્ઘાયુ થાય.'

બી.એ.પી.એસ.સંસ્થાની બે મહાન આધ્યાત્મિક વિભૂતિઓ શ્રી શાસ્ત્રીજી મહારાજ અને શ્રી યોગીજી મહારાજના માર્ગદર્શન હેઠળ ૨૮ વર્ષની વયે 'પ્રમુખસ્વામી' બન્યા.

ગુજરાત, ભારત અને સમગ્ર વિશ્વમાં તેમણે ‘બી.એ.પી.એસ.’નું ફલક વિસ્તાર્યું. શાસ્ત્રીજી મહારાજના ધામગમન પછી, પ્રમુખસ્વામી યોગીજી મહારાજના સાંનિધ્યમાં કામ કરતા રહ્યા. તમામ બાબતો અંગે તેઓ તેમના પર આધારિત રહેતા. યોગીજી મહારાજ કહેતા, ‘પ્રમુખસ્વામી મહાન સાધુ છે.’

## પ્રમુખ બન્યા પછીનો અથાગ પરિશ્રમ :

અક્ષરપુરુષોત્તમના દિવ્ય જ્ઞાનના પ્રસાર પ્રચાર દ્વારા સાંસ્કૃતિક સમાજ રચવામાં પ્રમુખસ્વામી મહારાજે તેમને આપેલા કોલ પ્રમાણે અથાગ પરિશ્રમ કર્યો. ભૂખ-તરસ, ટાઢ-તાપ, અગવડ-સગવડ, દિન-રાત જોયા વિના તેઓએ ખૂબ જ ટૂંકાગાળામાં સંસ્થાને વિશ્વના ફલક-નવખંડોમાં પ્રસરાવી દીધી.

પ્રમુખસ્વામી ભ્રમણ કરતા રહ્યા. તેમની ખ્યાતિ દૂર દૂર ફેલાતી રહી. જ્યાં પણ તેઓ જાય, જેને પણ મળે તે બધા એમના ચાહક થઈ જતા. તેઓની ઉદારતા, નમ્રતા અને અહંશૂન્યતા બધાને પ્રભાવિત કરતી. શૌચાલય સાફ કરવા જેવાં નાનાં કામ કરવામાં પણ તેમને ક્યારેય સંકોચ ન થતો. આવા એક પ્રસંગે સાળંગપુર મંદિરમાં પૂજા-ઉત્સવ અને સભાનું કામ પૂરું થતાં બધા નિંદ્રાધીન થયા હતા. એકાએક કોઈએ જોયું કે પ્રમુખસ્વામી એમની પથારીમાં નથી.શોધાશોધ ચાલી અને બધાએ પરમ આશ્ચર્ય વચ્ચે જોયું તો તેઓ સંત આશ્રમ પાછળના શૌચાલયો ને બાથરૂમ સાફ કરી રહ્યા હતા. સંતોએ એમને વારવાનો પ્રયાસ કર્યો ને કહ્યું કે, બીજાઓ આ કામ કરશે. પ્રમુખસ્વામીએ ત્યારે એટલું જ કહ્યું : ‘એમ કરો, તમે જરા બાલદી ભરીને પાણી લઈને આવો. હું શૌચાલયો સાફ કરવા માંડુ.’ પ્રવાસો દરમિયાન ઘણી વાર એવું બનતું કે તેઓ ટ્રકની પાછળ ચડી જઈને મુસાફરી કરતા. એકવાર વડોદરાથી અમદાવાદ ટ્રેઇનની પટરી પર હેન્ડલ પકડીને વરસતા વરસાદમાં મુસાફરી કરી હતી. વિચરણ દરમ્યાન ખેતરમાંથી લણાયેલા ડાંગર ને ઘઉંના ઢગલા પર પડી રહીને કેટલીય વાર આખી રાતોની રાતો પસાર કરી હોય, એની પણ એમને નવાઈ નહોતી.

## યોગીજી મહારાજનું અક્ષરધામગમન :

પ્રમુખ સ્વામી મહારાજ સંસ્થાના પ્રમુખ હોવા છતાં સંસ્થાના અગ્રણી વડીલ અને વયોવૃદ્ધધ્ધ સંત યોગીજી મહારાજનાં સૂચનો અને માર્ગદર્શન હેઠળ બી.એ.પી.એસ. સંસ્થાનો વહીવટ કરતા. પ્રમુખ સ્વામી મહારાજે, યોગીજી મહારાજના દિવ્ય સંકલ્પો પૂર્ણ કરવામાં પોતાની જાત ઘસી નાખી છે.દિલ્હીમાં યમુનાજીનાં કાંઠે મંદિર કરવું છે, યોગી બાપાનો સંકલ્પ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે દિલ્હી અક્ષરધામની દિવ્ય અને અદભુત રચના દ્વારા પૂર્ણ કર્યો છે. યોગીજી મહારાજની ઉંમર વધતી જતી હતી. તેમનું આરોગ્ય પણ

પહેલાં જેવું સારું નહોતું. એ સંજોગોમાં સંપ્રદાયની તમામ પ્રવૃત્તિઓની દેખભાળ કરવાની જવાબદારી યુવાન પ્રમુખસ્વામી મહારાજના ખભે હતી. યોગીજી મહારાજ પોતાને અંતિમ દિવસોમાં પોતાને અતિપ્રિય એવા ગોંડલ અક્ષર મંદિરમાં વિતાવતા હતા. ગોંડલ અક્ષર મંદિરમાં યોગીજી મહારાજની તબિયત બગડતા સારવાર માટે એમને મુંબઈ લઈ જવાયા. હૃદયરોગનો ગંભીર હુમલો હતો. ૨૩ જાન્યુઆરી, ૧૯૭૧ના એકાદશીના દિવસે તેઓશ્રીએ દેહત્યાગ કર્યો. એમના પાર્થિવ શરીરને ચાર્ટર પ્લેન કરીને ગોંડલ લાવવામાં આવ્યું. અહીં યોગીજી મહારાજને ભાવભીની અંજલિ આપવા હજારો હરિભક્તો ઊમટ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજે બંને હાથે સળગતાં કાષ્ઠ પકડીને અગ્નિસંસ્કાર કર્યા. આગની જ્વાળાઓ ઊઠી ને એવી તેજ થઈ કે એની તીવ્ર ગરમીથી થોડાં ડગલાં પાછળ ધકેલાયા. તેમણે જોયું. ઊંડા વિચારમાં ખોવાઈ ગયા. મોં પરથી વેદનાને અડધી ઊગેલી દાઢી ઢાંકી રહી હતી. અચાનક ટોળામાંથી એક મોટો અવાજ આવ્યો. એ આવાજ સંત સ્વામી હતો. તેઓ સ્વયંભૂ કહી રહ્યા હતા : ‘યોગીજી મહારાજ આપણને છોડીને નથી ગયા. પ્રમુખસ્વામી મહારાજમાં તે હાજરાહજૂર છે. હવે તેઓ જ આપણા ગુરુ તેમનામાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બંનેના શ્રેષ્ઠ ગુણોનો સમન્વય થયો છે.’ યોગીજી મહારાજના ધામાગમન સમયે પ્રમુખસ્વામી મહારાજની વય ૫૦ વર્ષની હતી.

## આધુનિક વિશ્વમાં ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન ફેલાવવા ૯૫ વર્ષની જૈફ વયે પણ સતત કાર્યરત :

યોગીજી મહારાજના ૨૩ જાન્યુઆરી ૧૯૭૧ના ધામગમન પછી પ્રમુખસ્વામી મહારાજે પોતાની જાતને આધ્યાત્મિક અધિષ્ઠાતાના રૂપમાં ઢાળી દીધી. છેલ્લાં ૪૫ વર્ષ દરમિયાન, તેમના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ, સ્વામિનારાયણ સંપ્રદાયનો વ્યાપ કૂદકે ને ભૂસકે વધ્યો છે. ૪૫ વર્ષ પહેલાં જે થોડાક સાધુઓ અને સત્સંગીઓ ધરાવતી નાની સંસ્થા હતી, તેનું આજે સ્વરૂપ જ ફરી ગયું છે. આજે તે એક વિશ્વવ્યાપી ગતિશીલ સંસ્થા બની ચૂકી છે. ૧૦૦૦થી વધુ મંદિરો, ૯૦૦૦થી વધુ સત્સંગ કેન્દ્રો, ૧૧૦૦થી વધુ દીક્ષાર્થી સાધુઓ અને લાખો અનુયાયીઓ વિશ્વના સાતે ખંડમાં વસે છે. વિશ્વના ૫૫થી વધુ દેશોમાં વિચરણ કરીને પ્રમુખ સ્વામી મહારાજે વૃદ્ધવયે પણ સત્સંગીઓને દર્શન સુખ આપી તૃપ્ત કર્યા છે.

## મહાન ઉત્સવોનું આયોજન :

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણના દ્વિશતાબ્દી-મહોત્સવની સાબરમતી, અમદાવાદમાં ૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની

દ્વિશતાબ્દીની ભવ્ય ઉજવણી અમદાવાદમાં કરાઈ હતી. ઈ.સ. ૧૯૮૫માં ઇંગ્લૅન્ડ અને ઈ.સ. ૧૯૯૧માં અમેરિકા ખાતે ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ (Cultural Festival) ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને ૧૯૯૨માં યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવની શાનદાર ઉજવણી ગાંધીનગર ખાતે કરાઈ હતી, ખૂબ જ ટૂંકા સમયમાં ગાંધીનગર ખાતે બંધાયેલા 'અક્ષરધામ' સંકુલનું ઉદ્‌ઘાટન - આ પછી વિશ્વનું સૌથી મોટું ધાર્મિક સ્થાન-અક્ષરધામ દિલ્હી અને હાલ ન્યુજર્સી ખાતે અક્ષરધામ પૂર્ણ થઈ રહ્યું જેનો પ ાયો અને સંકલ્પ યુગપુરુષ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે નંખાયો હતો.


સ્વામીશ્રીએ વિદેશના વિચરણ દરમિયાન ૫૫ દેશોની મુલાકાત લીધી છે. અમેરિકા, કેનેડા, બ્રિટન, ફ્રાન્સ, પોર્ટુગલ, હોલેન્ડ, મોરેશિયસ, દક્ષિણ આફ્રિકા, બેહરીન, યુ.એ.ઈ., જાપાન, હોંગકોંગ, મલેશિયા, સિંગાપુર, થાઈલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડમાં સ્વામિનારાયણનાં મંદિરો અને સત્સંગ કેન્દ્રો ખૂલી ગયાં છે.

સ્વામીશ્રીએ લંડનમાં નિસડેન ખાતે પ્રણાલીગત હિંદુ શૈલીનું ભવ્ય મંદિર નિર્માણ કર્યું, જે ભારત બહાર બંધાયેલું આ પ્રકારનું પહેલું વિશાળ હિંદુ મંદિર છે. શિકાગો તથા હ્યુસ્ટન (યુ.એસ.એ.)માં આ જ પ્રકારનાં બે નૂતન મંદિરોનો લોકાપર્ણ સમારોહ ઈ.સ. ૨૦૦૪માં જ ભવ્ય રીતે સંપન્ન થયો હતો.

સ્વામીશ્રીના માર્ગદર્શન હેઠળ અને તેમની પ્રેરણાથી હાથ ધરાયેલી પ્રવૃત્તિઓ વ્યાપક ફલકને આવરી લે છે. આમાં દુષ્કાળ-રાહત, પશુ સેવા કેન્દ્રો (કેટલ કેમ્પ) ભૂકંપ-રાહતની કામગીરી, સાક્ષરતા અભિયાન, છાત્રાલયો, રોગનિદાન કેમ્પ, હૉસ્પિટલ, ફરતાં દવાખાનાં, બ્લડ ડોનેશન કેમ્પ, કુટેવોમાંથી મુક્તિ માટેની ઝુંબેશ, બાળકો અને યુવાનોનો સર્વાંગી વિકાસ વગેરે ઘણીબધી બાબતો આવી જાય. મુમુક્ષ આત્માઓને આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે વાળીને સાંસ્કૃતિક સમાજની રચના કરવામાં તેમનો ફાળો અનન્ય છે.

“બીજાના ભલામાં જ આપણું ભલું છે.” “પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ”, “અમે ધર્મ પરિવર્તન નહિ પરંતુ જીવન પરિવર્તન કરીએ છીએ.” જેવી જીવનભાવના સાથે વિશ્વના લાખો લોકોને તેમણે હૂંફ અને નિઃસ્વાર્થ પ્રેમ પૂરો પાડયો છે. પછાત આદિવિસ્તારથી માંડીને વિકસિત અમેરિકા જેવા પ્રદેશમાં વસતા લોકોને સમદૃષ્ટિ દ્વારા દિવ્ય પ્રેમ પૂરો પાડ્યો છે.

છેલ્લાં વર્ષોમાં સ્વામીશ્રીની તબિયત સારી રહેતી ન હતી. તેમણે પોતાની જવાબદારી પરમ આદરણીય મહંત સ્વામી મહારાજને માર્ચ ૨૦૧૩માં નીચેનાં પત્ર દ્વારા સોંપી. તેઓ પછી સારંગપુર વધુ રહ્યા અને નાદુરસ્ત તબિયત હોવા છતાં ૯૩ વર્ષની વયે ત્રીજા અક્ષરધામ - રોબનિસ વિલા, ન્યૂજર્સીની મુલાકાત લીધી.


પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજનો આશીર્વાદ પત્ર, Ahmedabad, India
7 Mar 2013

'સ્વામી શ્રીજી'

HIS DIVINE HOLINESS
PRAMUKH SWAMI MAHARAJ
(SWAMI NARAYANSWARUPDAS)

બી. એ. પી. એસ. સંસ્થાના
તમામ ત્યાગી તથા સત્સંગીઓ પ્રત્યે
આપ બધા જાણો છો કે કેટલાક વખતથી મારું સ્વાસ્થ્ય સારું રહેતું નથી એટલે દરેકને રૂબરૂ મળી શકાતું નથી એટલે હવેથી તમામ ત્યાગી તથા સત્સંગીઓએ પોતાના તમામ પ્રકારના પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા માટે પૂજ્ય મહંત સ્વામીને મળવું અને સમાધાન મેળવવું.
રાજી રહેશો.
એજ લિ.
શા. નારાયણસ્વરૂપદાસના [illegible]

[illegible]

તા. ૬-૩-૨૦૧૩
[illegible]

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ઈ.સ. ૨૦૧૬ની ઑગસ્ટના રોજ ૯૫ વર્ષની વયે સાંજના ૬ કલાકે તેમનો પાર્થિવ દેહ છોડીને સારંગપુરમાં અક્ષરધામગમન કર્યું હતું :

## ઑગસ્ટ - ૨૦૧૬

## સારંગપુર

સાધુ નારાયણચરણ બાપાના અંગત અંતેવાસી તરીકે છેલ્લા ૩૭ વર્ષોથી સાથે હતા. નારાયણચરણે વર્ષ ૧૯૭૭માં દિક્ષા લીધી હતી.

અંતિમ ક્ષણો માટે સાધુ નારાયણચરણ કહે છે કે :

બાયપાસ સર્જરી પહેલા કે પછી બાપાએ શારીરિક વેદના અથવા અસ્વસ્થતાની ક્યારેય ફરિયાદ નથી કરી.

શું એમણે દુનિયા છોડવાનું નક્કી કરી દીધું હતું ?

સાધુ નારાયણચરણે કહ્યું, "હા".

વર્ષ ૨૦૧૧માં ભરૂચમાં તેઓની તબિયત સારી નહોતી અને તેમને મુંબઈ લઈ જવાનું નક્કી કરાયું. તે સમયે તેમણે જણાવ્યું હતું કે, "મને સારંગપુર જઈને આરામ કરવાની ઈચ્છા છે." પરંતુ સંતો અને હરિભક્તોએ એમને ખૂબ સમજાવ્યાં અને તેઓ મુંબઈ સારવાર કરાવવા તૈયાર થઈ ગયા.

શાહિબાગ - અમદાવાદ આવીને સારંગપુર જતાં પહેલાં તેઓ આઠ મહિના દેખરેખ હેઠળ મુંબઈ ખાતેનાં દાદર મંદિરમાં રહ્યા હતા. પછી ફરીથી સારંગપુરથી ડૉ. તેજસ પટેલની સલાહ પ્રમાણે "પેસ મેકર" મૂકાવવા માટે તેઓ એકવાર અમદાવાદ આવ્યા હતા પછી આગામી અક્ષરધામ માટે વર્ષ ૨૦૧૪માં મૂર્તિ પ્રતિષ્ઠા માટે તેઓ રોબીન્સવીલા - ન્યુજર્સી યુ.એસ.એ.ની પણ મુલાકાત લીધી હતી.

ખરાબ સ્વાથ્ય હોવા છતાં - તેઓ ક્યારેય ગુસ્સે થતા નહીં અને દરરોજ દર્શન આપતાં - ઘણીવાર તો દિવસમાં બે વાર દર્શન આપતા. પરંતુ ધીરે ધીરે તેમણે ખોરાક લેવાનો બંધ કર્યો અને માત્ર પ્રવાહી લેવાનું ચાલુ કર્યું.

## ૧૨-૧૩ ઑગસ્ટ ૨૦૧૬ શું થયું હતું ?

સાધુ નારાયણચરણ જણાવે છે કે તેમણે હરિભક્ત અને સાધુઓને ૧૨મી ઑગસ્ટે દર્શન આપ્યા. પરંતુ મોડી સાંજે તેમનું બીપી ખૂબ જ નીચું ગયું. આ એમના માટે સામાન્ય હતું અને આવું દરરોજ થતું હતું. પરંતુ ડો. સંતો, સાધુ યોગ વિવેક અને સાધુ અધભૂતાનંદ તાત્કાલીક તેમને જોવા ગયા.ખરેખર તો તેઓ આ બધા દિવસોમાં તેમની દેખરેખ કરતા હતા અને તેઓ કાર્ડિઓલોજીનાં નિષ્ણાત છે. ડૉક્ટરની ટુકડી ત્યાં જ ઊભી હતી અને સતત તબિયત સારી થાય એના માટે પ્રયત્ન કરી રહી હતી. પરંતુ ૧૩મીની સવારે લગભગ ૯ વાગે બીપી વધારે ઓછું થયું. પરંતુ તેમણે સામાન્ય હાર્ટએટેકમાં થતી હોય તેવી કોઈ જ પ્રકારની વેદના જણાવવા ના દીધી. તેઓ સ્મીત કરતા હતા અને બીપીના ઘટાડા સાથે હૃદયનાં ધબકાર ઉપર પણ અસર થતી હતી અને તેઓ શાંત અને સ્વસ્થ લાગતા હતા. અમે તેમને આંખો ખોલવા કહ્યું. તેમણે ખોલી પણ કોઈ જ વેદના જણાવવા ના દીધી.

સાંજે ૫ વાગે તેમણે કહ્યું, "જય સવામિનારાયણ" અને અમે તરત જ ઠાકોરજીની એ મૂર્તિ લઈ આવ્યા જેની તેઓ રોજ પૂજા કરતા અને હંમેશા પોતાની પાસે રાખતા.

અમે કહ્યું, ''સ્વામી ઠાકોરજી આવ્યા છે.'' તેમણે ઠાકોરજી સામે જોયું. આ અકલ્પનીય દૃશ્ય હતું - તેમનું મુખ દૈવી પ્રકાશથી દિપી ઉઠયું - આનંદ અને સંતોષથી. અને તેઓ અમને છોડીને ચાલ્યા ગયા.

## ૧૭મી ઑગસ્ટ - ૨૦૧૬
## સ્વામિનારાયણ મંદિર – સારંગપુર

હું પાછળ ઊભો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે થોડી જ ક્ષણો પહેલાં જ અગ્નિ સ્પર્શ કર્યો હતો. આગળ સાળંગપુરના કોઠારી સ્વામીશ્રી અને નારાયણચરણ સ્વામી, આરોલી ભગત અને સાથે પરમ આદરણીય સંતો ઈશ્વરચરણ સ્વામીશ્રી, વિવેકસાગર સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામીશ્રી આત્મસ્વરૂપ સ્વામી સ્થિર હતા.

અગ્નિ પ્રજ્વલિત થયો અને ધુમાડો ઊંચે ગયો.

ત્યાં નીરવ શાંતિ હતી. પરંતુ અમે સ્પંદનો અનુભવ્યાં - દૈવી સ્પંદન.

સ્પંદન, પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના - જેમણે પોતાનું જીવન બીજાને સર્મપિત કર્યું હતું અને ધર્મના સંદર્ભને બદલી કાઢયા.

દૈવી સ્પંદન (ભગવાન શિવની સર્જનાત્મક શક્તિ) હાજર બધાએ અનુભવ્યા : સંતો, મહંતો, ૩,૦૦,૦૦૦થી વધુ હરિભક્તો તેના સાક્ષી હતા અને સમગ્ર દુનિયામાં કરોડોથી પણ વધારે હરિભક્તો કે જેઓ ટેલિવીઝનમાં જોતા હતા તે બધાં જ હરિભક્તો અને બીજા ઘણાં બધાં.


એમણે પોતાનો વારસો, પોતાના ઉપદેશો, પોતાના વિચારો, ત્યાં હાજર બધાંનાં હૃદયમાં મૂકીને ગયા.માનવતાને સર્મપિત જીવનનો વારસો, બીજાની મદદ કરવા ધર્મની ઉન્નતિનો વારસો અને જાત અને સમુદાયનાં ભેદ વગર અનુયાયીઓ દ્વારા બીજાને મદદ કરવા સ્વૈચ્છિક પહેલનો વારસો, અણધાર્યા ભવિષ્યના પડકારોનો સામનો કરવા નવી પેઢીને તૈયાર કરવાનો વારસો, વિજ્ઞાન, ટૅક્નોલૉજી અને આધ્યાત્મિકતાના ત્રિવેણી સંગમનો વારસો. ધર્મનો સંદર્ભ રૂપાંતરિત થયો હતો.


## યુગપુરુષ

સૂર્યનાં શીતળ કિરણો અમારા બધા પર ઉતરતા હતા અને યુગપુરુષ પ્રમુખસ્વામી મહારાજનાં દૈવી સ્પંદનો મહાન ઋષિ મહંત સ્વામી થકી ખૂબ જ વ્યાપક બની પ્રસરવા લાગ્યા.










# મહાન ઋષિ
# મહંત સ્વામી મહારાજ

## પ્રાગટ્ય :

આણંદના પાટીદાર શ્રી મણિભાઈ નારણદાસ રેવનદાસની ખડકીમાં રહેતા હતા. શ્રી મણિભાઈને ધંધાર્થે ૧૯૨૯માં મધ્ય પ્રદેશના જબલપુર ગામમાં જવાનું અનિવાર્ય બન્યું. શ્રી મણિભાઈ પટેલના ઘરે જબલપુરમાં ૧૯૩૩માં વિનુનો જન્મ થયો. તે હસમુખો અને આકર્ષક મુખમુદ્રા ધરાવતો હતો. શ્રી શાસ્ત્રીજી મહારાજે આ બાળકનું નામ 'કેશવ' પાડ્યું. બાળકના માથે હાથ ફેરવીને શાસ્ત્રીજી મહારાજે આર્શિવાદ આપતાં જણાવ્યું કે "મણિભાઈ ! તમારો આ પુત્ર મોટો થઈને મહાન ઋષિ બનશે - સિદ્ધ યોગી બનશે અને સંપ્રદાયની ખૂબ મોટી સેવા કરશે."






गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्री गुरवे नमः ॥

## તેજસ્વી વિદ્યાર્થીજીવનઃ કૃષિ વિદ્યા સાથે ઋષિ વિદ્યામાં પારંગત

વિનુભાઈનું વિદ્યાર્થીજીવન ખૂબ જ ઉજ્જવળ હતું. તેઓનો શાળાકીય અભ્યાસ અંગ્રેજી માધ્યમની શાળામાં થયો અને સિનિયર કેમ્બ્રીજ પરીક્ષા જબલપુરમાંથી પાસ કરી. તેઓનું કુટુંબ જબલપુર છોડીને તેમના મૂળ વતન આણંદમાં પાછા આવ્યા. વી. પી. સાયન્સ કૉલેજના પ્રિપરેટરી સાયન્સ પૂર્ણ કરીને 'બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય''માં પ્રવેશ મેળવ્યો, તેઓના આણંદ એગ્રિકલ્ચર કૉલેજના ઈ.સ. ૧૯૫૩ થી ૧૯૫૬ના કૉલેજકાળ દરમ્યાન પૂજ્ય યોગીજી મહારાજના સંર્પકમાં આવ્યા. યોગીજી મહારાજ તરફ તેમને આકર્ષણ થયું. કૉલેજનું વેકેશન પડતાં, તેઓ યોગીજી મહારાજ સાથે વિચારણામાં જોડાતા. બી.એસ.સી. એગ્રિકલ્ચરની સ્નાતક પરીક્ષા તેઓએ એપ્રિલ, ૧૯૫૬માં આપીને પછી તેઓ ગોંડલમાં વિરાજતા યોગીજી મહારાજ પાસે પહોંચી ગયા અને તેમના સાંનિધ્યમાં ઋષિવિદ્યા ભણ્યા.

## સાધુ થવાની પ્રથમ પ્રેરણા :

હવે વિનુભાઈના હૈયામાં સાધુ થવાનું બીજ રોપાઈ ગયું. એ દિવસને યાદ કરતાં તેઓ લખે છેઃ

''અટલાદરામાં કૃષ્ણાષ્ટમીના ઉત્સવ પછી અમે યુવકો પોતપોતાના ઘરે જવા રેલવે સ્ટશને આવ્યા. સવારની ટ્રેન હતી. શ્રાવણ વદ અગિયારસનો દિવસ હતો. પ્રમુખસ્વામી પણ જોડના સાધુ સાથે અમદાવાદ જઈ રહ્યા હતા. બધા જ યુવકો જગ્યા મળી તે ડબ્બામાં ચડી ગયા. હું દોડીને પ્રમુખસ્વામી સાથે જ થર્ડ ક્લાસના ડબ્બામાં ચડી ગયો. સ્વામીશ્રી અને જોડેના સંત સાથે હું એકલો યુવક હતો. પ્રમુખસ્વામી બહુ રાજી થયા, ટ્રેન ઊપડી. તેઓ મને અભ્યાસ અંગે પૂછવા લાગ્યા. પછી એકદમ પૂછયુંઃ 'ગળામાં કંઠી છે ?'

કંઠી હતી નહી. પ્રમુખસ્વામીએ મને હેતથી સમજાવ્યું ને કહ્યુંઃ 'યોગીબાપા પાસે પહેરી લેજો.'

એવામાં તો જોડેના સંત પ્રમુખસ્વામીના હાથમાં કંઠી આપી દીધી, તે તેમણે મને પહેરવી. પછી ધીરે ધીરે વાતનો દોર આગળ ચાલ્યો. 'તમે સાધુ બની જાવ. બહુ સેવા થશે...' એમ કહી જોરદાર વાતો શરૂ કરી. એમાં આગ્રહ નહોતો, આજ્ઞા નહોતી. બસ, સંસારાનં દુઃખોનું, ભગવાનના અને ગુરુના સુખનું સચોટ વર્ણન હતું. તેઓ એવી રીતે વર્ણવતા હતા કે પસંદગી મારે કરવાની હતી.. ..

પ્રમુખસ્વામીએ જે મીઠાશથી, નમ્રતાથી, પ્રેમથી વાતો કરેલી તેનાથી મને નવી જ દિશા મળેલી. બહુ જ શાંતિ થયેલી... આ પછી સાધુજીવન જીવવા માટેની મારી અભિલાષા જાગ્રત થવા લાગી....

યોગીજી મહારાજ સાથે વિનુભાઈ સેવામાં રહ્યા હતા એ દરમ્યાન એક વખત તેમને પેટલાદથી પ્રમુખસ્વામી મહારાજની સાથે મુસાફરી કરવાનું થયું.

એ દિવસનું સ્મરણ કરતાં તેઓ લખે છેઃ

"એ જ દિવસે સાંજે પ્રમુખસ્વામીશ્રીને જોડના સંતની સાથે અમદાવાદ જવાનું થયું. અમે ત્રણ આંબલીવાળી પોળમાં આપણું નાનું મંદિર હતું ત્યાં ઉતારે આવ્યા. આ જ પ્રાસાદિક મકાનમાં પ્રમુખસ્વામીને શાસ્ત્રીજી મહારાજે ચાદર ઓઢડીને, પ્રમુખ તરીકે વરણી કરી હતી. અહીં કોઠારી તરીકે બબુભાઈ સોમનાથ હતા. તેમને સંસ્થાનું મમત્વ ઘણું, વળી કરકસરિયો જીવ, તેથી રસોઈનું સીધું પણ માપમાં જ આપે. પ્રમુખસ્વામી તો રાજી થતા. પોતે જાતે જ રસોઈ બનાવે. કોણ જાણે તેમણે કેવી રીતે જાણી લીધું હતું કે મને રોટલીમાં વધુ રુચિ છે,ભાત ખાતો નથી. આથી સ્વામીશ્રી રોજ પોતાના ભાગની રોટલી મને આપી દેતા. તેઓ માત્ર દાળ-ભાત જમી લેતા. ઘી બધું રોટલી પર ચોપડી દે. પોતાના માટે કશું રાખે નહીં.આ બધી વાતની મને જરા પણ જાણ થવા દીધી નહોતી. તે સમયે નાની ઉંમર એટલે મને પણ ભૂખ બહુ લાગે. બીજી બાજુ શરમ પણ આવે. સહેજે માગવા-કરવાની બાધા. પણ પ્રમુખસ્વામીએ સામેથી અંતરાય તોડ્યો. હું જેટલું જમું તેટલું પીરસતા જ રહે. પ્રમુખસ્વામી માટે કંઈ વધે છે કે કેમ એ જોવાની મને સૂઝ પણ નહીં. ખરેખર, આવો નિખાલસ, દિવ્ય પ્રેમ આજે સાંભરે છે. એ પાતાળ ઝરો આજે પણ વણખૂટ્યો વહ્યા કરે છે."

યોગીજી મહારાજની ઘડતરશૈલી નિરાળી હતી. એટલે પાર્ષદી દીક્ષા લીધા પછીના શરૂઆતના ત્રણેક મહિના તો વિનુભગત માટે કપરી કસણી સમા બની રહ્યા. એ સમયની સ્મૃતિ કરતાં તેઓ કહે છેઃ

તા. ૧૧મી મે, ૧૯૬૧ના રોજ યોગીજી મહારાજની ૭૦મી જન્મજયંતી હતી, આ દિવસે ગઢડામાં ભવ્ય મંદિરના કળશ મહોત્સવ યોજવામાં આવ્યો હતો અને ૫૧ યુવાનોને દીક્ષા આપવાની હતી. તેમણે એક પછી એક સૌ ભાગવતી દીક્ષાર્થીને ચંદનથી અર્ચાઓ કરી, ગુરુમંત્ર આપી, અંતરના રૂડા આશીર્વાદ આપ્યા. પ્રમુખસ્વામી મહારાજ નવા સંતોને ગળામાં પુષ્પમાળા અર્પણ કરી ધન્યવાદ આપી રહ્યા હતા. તેમાં સૌપ્રથમ દીક્ષિત થયા - વિનુભગત. યોગીજી મહારાજે વિનુભગતને ભગવાં વસ્ત્રો ધારણ કરાવીને, તેમને 'કેશવજીવનદાસ સ્વામી' નામાભિધાન આપ્યું ત્યારે જયજયકારોથી ગગન ગૂંજી ઊઠ્યું. વિનુભગતમાંથી કેશવજીવનદાસ સ્વામી નામકરણ થયું.

## કેશવજીવનદાસજીમાંથી બન્યા સૌના પ્રિય મહંત સ્વામી

યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે આ નવદીક્ષિત સંતોને સંસ્કૃતનું અધ્યયન કરાવીને તેમને વિદ્વાન બનાવવા છે. આ માટે તેમણે મુંબઈ મહાનગરને પસંદ કર્યું. મુંબઈમાં સંસ્કૃતના પ્રસિદ્ધ વિદ્વાનની નિશ્રામાં આ તમામ સંતોનું નેતૃત્વ મુખ્ય સંત તરીકે હવે 'કેશવજીવનદાસ સ્વામી' બનેલા વિનુભગતને સોંપ્યું. સૌના મહંત તરીકે નિયુક્ત કરીને યોગીજી મહારાજે જ તેમને 'મહંત સ્વામી' નામથી સંબોધ્યા. આથી, 'કેશવજીવનદાસ સ્વામી' હવે મહંત સ્વામીના સર્વપ્રિય નામથી સૌના આદરપાત્ર બની ગયા.

૧૯૬૨ના વર્ષમાં જ મુંબઈમાં યોગીજી મહારાજે દાદર ખાતે એક હરિમંદિરની સ્થાપના કરી, તેના મહંત તરીકે મહંત સ્વામી અને કોઠારી તરીકે ભક્તિપ્રિયદાસ સ્વામીને નિયુક્ત કર્યા. સૌ સંતોને યોગીજી મહારાજ કહેતા.

'સંભળો, આપણે આચાર્ય મહારાજ પ્રમુખસ્વામી છે. અમે પાયા ગાળ્યા, હવે ચણનાર પ્રમુખસ્વામી છે. મહંત સ્વામી આ બધાના રિપોર્ટ પ્રમુખસ્વામીને દેશે. આપણા આચાર્ય પ્રમુખસ્વામી મહિને - બે મહિને આવી જશે. શાસ્ત્રીજી મહારાજ અઠવાડિયે, દસ દી'એ ખંભાત, ભાદરણ જાતા. મહંત સ્વામી અહીંના હેડ છે,'

'સૌથી મોટા પ્રમુખસ્વામી, હેડ, સૌના મોટેરા પ્રમુખસ્વામી, તે કહે તેમ કરવું. એમની આજ્ઞા પાળીએ તો વૃદ્ધિ પમાય.'

'તમે જો ભગવાન ભજશો અને પ્રમુખસ્વામી, મહંત સ્વામીની આજ્ઞામાં રહેશો તો સોનાના થઈ જવાના. શેના ? સોનાના.'

'અક્ષરધામમાં જાવું હશે તો છાપ જોશે. શ્રીજીમહારાજની છાપ ક્યારે મળે ? સંતનો રાજીપો થાય ત્યારે તે વિના છાપ ન મળે. મહંત સ્વામી જેવો સિક્કો મારી દે પછી પ્રકૃતિપુરુષ સુધી કોઈ આડું આવી ન શકે.'

'પૂજ્ય નારાયણ સ્વામી (પ્રમુખસ્વામી) અને પૂજ્ય મહંત શ્રી કેશવજીવનદાસનો સમાગમ કરીશું તો મહારાજનો સમાગમ થઈ રહ્યો....'

'આપણા સ્વામિનારાયણ ભગવાન નિર્માની, શાસ્ત્રીજી મહારાજ નિર્માની.... એવા નિર્માની આપણે મહંત સ્વામી - કેશવજીવનદાસ સ્વામીને જોયેલા છે. નિર્માની. બહુ ભક્તરાજ. અખંડ બ્રહ્મની સ્થિતિ.'

## યુવાન સંતોના આદર્શ મહંત સ્વામી

નવદીક્ષિત સંતો માટે મહંત સ્વામી એક સ્વયં તાલીમશાળા બની ગયા હતા. સૌમાં ભક્તિ, સેવા, કથા-કીર્તન, ત્યાગ, વૈરાગ્ય - આવા અનેક સદ્‌ગુણો ખીલવતા. સૌ સંતોને પોષણ આપતાં આપતાં તેમણે મુંબઈ મંદિરના મહંત તરીકે મુંબઈ શહેરમાં તો સત્સંગની અભિવૃદ્ધિ માટે પ્રયાસો કર્યા. ઉપરાંત દક્ષિણ ગુજરાત અને અન્ય નગરોમાં પણ તેઓ વિચરતા અને સત્સંગની અભિવૃદ્ધિ કરતા રહ્યા.

## પ્રમુખસ્વામીજીનો પ્રથમ જન્મજયંતી ઉત્સવ

મહંત સ્વામીના હૈયે પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે પણ એવી જ ગુરુભક્તિની સરિતા વહે. આથી, પ્રમુખસ્વામી મહારાજને જાણ પણ ન થાય એ રીતે એમનો ૪૮મો જન્મજયંતી ઉત્સવ, મહંત સ્વામીએ યોગીજી મહારાજના સાંનિધ્યમાં યોજી દીધો.તેમાં સંબોધન કરતાં મહંત સ્વામીનો ખૂબ મહિમા હતો. પ્રમુખસ્વામીજી મહારાજે કહ્યુંઃ

'યોગીજી મહારાજે આ સંતો તૈયાર કર્યા છે તેથી મને ખૂબ શાંતિ રહે છે. મહંત સ્વામીનાં દર્શન કરતાં હૃદય ટાઢું થઈ જાય છે.'

સન ૧૯૭૦નું વર્ષ સ્વામિનારાયણ સંપ્રદાય તેમજ સમસ્ત હિંદુ ધર્મપરંપરા માટે ગૌરવવંતું હતું. આફ્રિકા ખંડ અને ઇંગ્લૅન્ડની યાત્રા કરીને યોગીજી મહારાજે આધ્યાત્મિકતાનું એક મોજું પ્રસરાવી દીધું હતું. તેની ચરમસીમા સમો અવસર લંડનમાં યોગીજી મહારાજના હસ્તે થયેલી પ્રથમ સ્વામિનારાયણ મંદિરની સ્થાપના હતી. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સાથે મહંત સ્વામી પણ આ વિદેશયાત્રામાં જોડાયા હતા.

સન ૧૯૭૧નું વર્ષ મહંત સ્વામી માટે અત્યંત આઘાતજનક હતું. યોગીજી મહારાજે અચાનક ૭૯ વર્ષની વયે પોતાની દેહલીલા સંકેલી લીધી.

સન ૧૯૭૯માં પ્રમુખસ્વામી મહારાજે ગાંધીનગરમાં અક્ષરધામના નિર્માણનું કાર્ય આદર્યું અને મહંત સ્વામીના નેતૃત્વમાં તેમણે અક્ષરધામનું નિર્માણ સોંપ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં ઊજવાયેલા ભવ્ય આંતરરાષ્ટ્રીય મહોત્સવોના ઉપાધ્યક્ષ તરીકે મહંત સ્વામીએ એ ઉત્સવોને અપાર જહેમતથી દીપાવ્યા હતા.

સન ૧૯૭૧થી યોગીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાના લાખો હરિભક્તોનું સુકાન સંભાળ્યું. પ્રચંડ પુરુષાર્થ કરીને તેમણે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આંદોલનને વિશ્વભરમાં ફેલાવી દીધું. ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર તરીકે તેમણે જગતભરમાં સાંસ્કૃતિક આંદોલનો પ્રવર્તાવ્યાં. અસંખ્ય

લોકોનાં જીવન પરિવર્તનો કરીને તેમને આધ્યાત્મિક માર્ગના યાત્રી બનાવ્યા. લોકસેવાઓના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રમખસ્વામી મહારાજે આપેલું યોગદાન સૌ કોઈ માટે એક મિસાલ બની રહ્યું. એક આર્ષદૃષ્ટા મહાપુરુષ તરીકે તેમણે જે કાર્ય કર્યું. તે વિશ્વના આધ્યાત્મિક ઇતિહાસમાં અતુલનીય બની રહ્યું. વિશ્વભરના માંધાતાઓએ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય પ્રતિભામાં એક યુગપુરુષની પ્રતિભાને નિહાળી.

## ભાવિ સુકાનીનો ઐતિહાસિક અભિલેખ

આ વિરાટ આંદોલનના ભાવિ આધ્યાત્મિક સુકાની તરીકે પ્રમુખસ્વામી મહારાજે સાધુતા-સંપન્ન મહંત સ્વામીને બિરાજમાન કરવાનો નિર્ણય લઈ લીધો હતો. છેલ્લા કેટલાય દાયકાઓથી તેઓ મહંત સ્વામીને સંસ્થાનાં કાર્યોમાં આગળ રાખીને, અસંખ્ય અનુયાયીઓના આધ્યાત્મિક ગુરુ તથા ભાવિ સૂત્રધાર તરીકેની એક મૂર્તિ ઘડી રહ્યા હતા. સન ૨૦૧૨માં તેમણે ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં મહંત સ્વામીને બી.એ.પી.એસ. સંસ્થાના ભાવિ ગુરુ તથા સંસ્થાના અધ્યક્ષ તરીકે બિરાજમાન કરી દીધા.

તા.૨૦-૭-૨૦૧૨નો એ ઐતિહાસિક દિવસ હતો. અમદાવાદમાં સ્વહસ્તે લખેલા એક પત્ર દ્વારા પ્રમખસ્વામી મહારાજે વિરાટ સત્સંગ સમુદાયને સંબોધીને લખ્યું હતુંઃ

"બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીએ સ્થાપેલ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સર્વ ત્યાગી-ગૃહી-ભક્તોને જણાવવાનું કે મારા દેહવિલય પછી બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ પદે એટલે જ ગુરુપદે હું પૂજ્ય મહંત સ્વામી સાધુ કેશવજીવનદાસની નિમણૂક મારી રાજી ખુશીમાં મારી સંપૂર્ણ સભાન અવસ્થામાં કરું છું."

## મહંત સ્વામીની વિનમ્રતા :

પ્રમુખસ્વામી મહારાજનો આ સ્પષ્ટ આદેશ હતો. છતાં, મહંત સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજ તેમજ સંસ્થાના વરિષ્ઠ સંતો સમક્ષ વિનમ્રભાવે પ્રાર્થના કરી હતી કે, 'જ્યાં સુધી પ્રમુખસ્વામી મહારાજ આ પૃથ્વી પર બિરાજે છે ત્યાં સુધી કોઈએ પણ આ વાત જાહેર કરવી નહીં. હું એક સેવક જ છું. અને સેવક રહેવા માંગું છું. મોક્ષનું દ્વાર અને સૌના ગુરુ તો પ્રમુખસ્વામી મહારાજ જ છે. એક સમયે એકના દ્વારા જ મોક્ષ હોય. એ સિદ્ધાંત છે. માટે મારી આ પ્રાર્થના સૌ સ્વીકારશો.'

'આપણું જ્ઞાન સનાતન, સત્ય જ્ઞાન છે. ગુણાતીતતાનંદ સ્વામી બોલ્યા હતા કે હું

ચિરંજીવ છું, હું જતો નથી, હું છું, છું ને છું જ, તમારા બધાના દેહ તો પડી જશે, પણ હું આ પૃથ્વી પર અખંડ રહેવાનો છું. તો એ ગુણાતીત વારસો આજ પર્યંત ચાલુ રહ્યો છે.

'પ્રમુખસ્વામી મહારાજે આ સત્સંગની સમગ્ર આધ્યાત્મિક અને આપણા બધાના ગુરુ તરીકેની જવાબદારી પરમ પૂજ્ય મહંત સ્વામીને ખૂબ રાજી થતા ખૂબ આશીર્વાદ આપીને સોંપી છે.પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અનેક વાર પરમ પૂજ્ય મહંત સ્વામીનો મહિમા ખૂબ કહ્યો છે.

'આજે એક હજાર જેટલી સંખ્યામાં સુશિક્ષિત સંતમાળ ઊભી થઈ છે, એનો આરંભ પૂજ્ય મહંત સ્વામીશ્રી થયો છે. સામાન્ય રીતે એમ કહેવાતું કે આવા ભણેલા-ગણેલા યુવાનો સાધુ થાય જ નહીં. પણ મહંત સ્વામીએ યોગીજી મહારાજના વરદ હસ્તે દીક્ષા લઈને એ અવરોધ તોડી નાંખ્યો. યોગીજી મહારાજે સતત ત્રણ-ચાર વર્ષ સુધી મહંત સ્વામીને પોતાની સાથે ને સાથે રાખીને સેવાનો ખૂબ લાભ આપ્યો હતો. એક નેતા તથા સંત તરીકે જે અનેક પ્રકારની તાલીમ અને ગુણ જરૂરી છે એ યોગીજી મહારાજે એમને આપ્યાં હતાં. સંસ્થાના પ્રથમ સુશિક્ષિત સંતો યોગીજી મહારાજ અને મહંત સ્વામીના હાથ નીચે મુંબઈમાં ૧૦-૧૨ વર્ષ સાથે રહ્યા. આ બધા સંતો ઈ.સ. ૧૯૫૨થી મહંત સ્વામીની સાથે ને સાથે જ હતા. ૬૫ વર્ષ થયાં, અમે સાથે જ છીએ. તે વખતે યોગીજી મહારાજે સૌના મહંત તરીકે તેમને નીમ્યા હતા. બધા સંતોને કથાવાર્તા, ભજન, ભક્તિ, સેવા આ બધી સત્સંગલક્ષી પ્રવૃતિની તાલીમ યોગીજી મહારાજે મહંત સ્વામી દ્વારા અપાવી.

'પૂજ્ય મહંત સ્વામી, સ્વામી હોવા છતાં પણ સુશિક્ષિત સંતો સાથે વાસણ ઊટકતા. રોજ રાખથી વાસણ ઊટકવાનાં. રાખથી હથેળી છોલાઈ જાય, તો પણ રાખથી જ વાસણ ઊટકવાનાં. રોજ ઠાકોરજી માટે ભક્તિપૂર્વક હાર કરવાના, રોજ સંતોને સવાર-બપોર-સાંજે કથાવાર્તા કરવાની. આ બધુ કરીને પૂજ્ય મહંત સ્વામીએ સૌને ખૂબ પ્રેરણા આપી છે. તે વખતે નાના-નાના સંતો ત્યાં હતા. તેમને અદ્‌ભુત પ્રેરણા આપી છે.

'પૂજ્ય મહંત સ્વામીનું જીવન પણ એકદમ સત્વશીલ અને સાદું. તેમનામાંથી સહનશીલતા, ધીરજ જેવા ગુણો યુવકો-સંતોને ખૂબ શીખવા મળ્યા.એ રીતે પૂજ્ય મહંત સ્વામી સાથે ઘણાં વર્ષો સુધી રહ્યા છીએ. આ દરમ્યાન એમના અનેક ગુણો નીરખવા મળ્યા છે. આટલાં વર્ષો સુધી મહંત સ્વામીએ તેમનાં જીવન અને કાર્યથી ખૂબ પ્રેરણાઓ આપી છે.

'આપણા સૌના ગુરુહરિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આપણને આજ્ઞા કરી છે એ રીતે હવેથી પૂજ્ય મહંત સ્વામી આપણા સૌના ગુરુ છે, મોક્ષના દાતા છે. એ જ

સાચા ગુણાતીત સંત છે અને આપણે સૌએ એમના શરણે રહીને અને એમની આજ્ઞા પ્રમાણે સત્સંગ કરવાનો છે.

'યોગીજી મહારાજે કહ્યું હતું કે પ્રમુખસ્વામી શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે અને શાસ્ત્રીજી મહારાજની જગ્યાએ છે અને એમની આજ્ઞામાં રહેવું તો તમને શાંતિ થશે. એ જ રીતે અત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો પણ એ જ આદેશ અને સંદેશ છે કે મહંત સ્વામી એ શાસ્ત્રી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજનું સ્વરૂપ છે. એમની આજ્ઞામાં રહેવું. એમની આજ્ઞામાં રહીને સત્સંગ કરીશું તો જ આપણા જીવનમાં સુખ અને શાંતિ થશે, આપણો સત્સંગ સુદૃઢ થશે અને આપણને ખૂબ આનંદ આવશે.'

પ્રમુખસ્વામી મહારાજના અંર્તધ્યાન થયા પછી થોડા જ સમયમાં મહંત સ્વામી મહરાજના સાંનિધ્યમાં લાખો આબાલવદ્ધોનાં હૈયાંમાં પ્રતીતિ થઈ ચૂકી છે કે પ્રમુખસ્વામી મહારાજ ક્યાંય ગયા નથી. તેઓ સદાય મહંત સ્વામી મહારાજના ખોળિયે પ્રગટ બિરાજે છે. એમની દિવ્યતા અને અપાર ઐશ્વર્ય તેની નિતાંત પ્રતિતી કરાવે છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ તરીકે તેઓ સૌના વંદનીય આદર્શ બની રહ્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે તેઓ, બી.એ.પી,એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

આવા ગુણિયલ ગુણાતીત ગુરુની ભેટ આપવા બદલ અસંખ્ય આબાલવૃદ્ધ હરિભક્તો ને સંતો અશ્રુભીની આંખે, કૃતજ્ઞતા અને કૃતાર્થતા સાથે પ્રમુખસ્વામી મહારાજનો કોટિ કોટિ વંદન સહ આભાર માને છે.''


# દુનિયાભરમાં હિન્દુ ધર્મનો પ્રસાર

## લંડનનું સ્વામિનારાયણ મંદિર : વિશ્વ પ્રસિદ્ધ અજાયબી

**મહંત સ્વામી** મહારાજ દેશ અને દુનિયાભરમાં હિંદુ ધર્મના પ્રસાર પર ખાસ મહત્ત્વ આપી રહ્યા છે. હિંદુ ધર્મ એટલે એવી જીવન-પદ્ધતિ જેમાં ભગવાનની ભક્તિનો મોટો મહિમા હોય, જેની પાછળ સંસ્કાર, સહિષ્ણુતા, પારિવારિક ગાંઠની મોટી મૂડી પડેલી હોય. આ એવી બાબતો છે જે 'એકાન્તિક ધર્મ'નો ભાગ છે, જેના પાયા પર સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય ઊભો છે. આનો પ્રભાવ એટલો મોટો છે કે દરિયાપારના દેશોમાં મહંત સ્વામી મહારાજ હિંદુ ધર્મના વિશિષ્ટ અગ્રણી તરીકે જાણીતા બન્યા છે. તેમનાં વિચરણ તેમને ભારતમાં ને ભારતની બહાર, જ્યાં જ્યાં ગુજરાતીઓ વસતા હોય ત્યાં ત્યાં લઈ ગયાં છે અને ગુજરાતીઓ તો આખી દુનિયામાં છે. આફ્રિકાથી યુરોપ, અમેરિકાથી કેનેડા,




**પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે યુગાન્ડાના પ્રમુખ શ્રી હી યોવેરી મુસેવેનીની કંપાલા, યુગાન્ડા ખાતે મુલાકાત લીધી.**





પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અમેરિકાનાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાની મુલાકાત લીધી.




બીએપીએસના વર્તમાન ગાદીપતિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ - એટલાન્ટા, જી.એ.








બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક ગુરુ બન્યા પછી શીકાગો, લોસ એન્જીલસ ખાતે પ્રથમ ગુરુપૂર્ણિમાની ઉજવણી.



લંડન મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી દ્વારા અભિષેક



ટોરેન્ટો ખાતે હિન્દુ મંદિરની વાર્ષિક ઉજવણી કરતાં પ્રમુખ જસ્ટીસ ટંડન સાથે
પરમ પૂજ્ય મહંત સ્વામી



શ્રી સ્વામિનારાયણ મંદિર, સાળંગપુર મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ





બોચાસણ

નૈરોબી ખાતે આશ્રમના નકશા પર કેસરી પાણી છાંટતા પરમ પૂજ્ય મહંત સ્વામીજી મહારાજ



ઓસ્ટ્રેલિયા, બધે જ ફેલાયેલા છે. સ્વામિનારાયણનો ભક્ત-સમૂહ સત્સંગ માટેનું કેન્દ્ર શરૂ કરે છે. એમાંથી પછી મંદિર સર્જાય છે, જેનો આધાર ભક્તોની સંખ્યા પર હોય છે. આવાં કેન્દ્રો તથા મંદિરો મોટા આકર્ષણનાં કેન્દ્ર બની જાય છે. તે માત્ર ભક્તિનાં સ્થાનો જ નહીં, પણ આધ્યાત્મિક મૂલ્યોને પ્રાણવાન બનાવવાના કેન્દ્રો બની જાય છે. અહીં સમાજની ધાર્મિક વિધિઓ થાય છે અને યુવાન પેઢીને હિંદુ ધર્મની, ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયની, સાંસ્કૃતિક ભૂમિકાની સમજ અને તાલીમ અપાય છે.

નીચેના ફકરાઓમાં લંડનના નિડસન મંદિરની વાત કરી છે, જેના પરથી બી.એ.પી. એસ. સંસ્થાની વિદેશમાં ચાલતી પ્રવૃત્તિઓનો ખ્યાલ આવશે. મંદિરની યોજના કઈ રીતે આરંભાઈ અને કઈ રીતે તે યુરોપના હિંદુઓનું મહત્ત્વનું કેન્દ્ર બની ગયું તેની આ અદ્ભુત પણ સંક્ષિપ્ત ગાથા છે. બીજા અનેક સ્થળોએ આવી જ ઘટનાઓનાં પુનરાવર્તન થયાં છે.

## યોગીજી મહારાજે લંડનના નિસડનમાં ઈ.સ. ૧૯૫૦માં સત્સંગનો છોડ રોપ્યો

નિસડન મંદિરનું સર્જન એ માનવીની આસ્થા, સમર્પણ અને દૈવીકૃપાની માન્યામાં ન આવે એવી ગાથા છે. નાનકડા બીજમાંથી કેવું વિશાળ વટવૃક્ષ થયું એની દાસ્તાન છે. યોગીજી મહારાજે ઈ.સ. ૧૯૭૦ની સાલમાં લંડનના પરા નિડસનમાં એક નાનું મંદિર બાંધ્યું હતું, સત્સંગનો પ્રભાવ એટલો વધ્યો કે આજે તે હિંદુ ધર્મના ભક્તોનું મોટું કેન્દ્ર બની ગયું છે. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી નાનકડો છોડ વિશાળ વટવૃક્ષ બનીને ઊભો છે.




લંડનના નિસડન ખાતે હિંદુત્વ ગેલેરીની સમજ



લંડનમાં સ્વામિનારાયણ હિંદુ મિશનનાં મૂળ આમ તો પચાસના દાયકાના આરંભમાં દેખાય છે. બીજા વિશ્વયુદ્ધ પછીનો તરતનો એ સમય હતો. યુદ્ધની મહાવિનાશક વિભિષિકામાંથી લંડન માંડ બેઠું થઈ ગયું હતું. નાનો ભારતીય સમૂહ વેરવિખેર હતો. આમાં કેટલાંક ભગવાન સ્વામિનારાયણના ભક્તો પણ હતા. તેઓ જ શાસ્ત્રીજી મહારાજ આજ્ઞાથી સ્વામિનારાયણ હિંદુ મિશનના પ્રયોજક બન્યા.

ઈ.સ. ૧૯૫૦ના વર્ષમાં શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ સાથે મહેન્દ્રભાઈ પટેલ (બેરિસ્ટર), પુરુષોત્તમભાઈ પટેલ અને અન્ય ભક્તોએ લંડનમાં સત્સંગ માટે અવારનવાર મળવાનું શરૂ કર્યું. મહેન્દ્રભાઈ લખે છે : ‘હું વધુ અભ્યાસ માટે ઈ.સ. ૧૯૫૦માં લંડન પહોંચ્યો. યોગીજી મહારાજે મને શાસ્ત્રીજી મહારાજના ભક્ત એવા પુરુષોત્તમભાઈનું સરનામું આપ્યું હતું. તેઓ લંડનના પરગણા કેન્દ્રમાં રહેતા હતા.

ધીમે ધીમે ભારતીય સમૂહ વધતો ગયો. લંડનમાં શ્રી ડી. ડી. મેઘાણી, તેમના ભાઈઓ અને મિત્રો ઈ.સ. ૧૯૫૩ની સાલથી તેમની ઑફિસમાં જ સત્સંગ સભાઓ યોજતા, પછીથી ભારત અને પૂર્વ આફ્રિકાથી આવેલ નવીનભાઈ સ્વામિનારાયણ, પ્રફુલ્લભાઈ પટેલ, ચિત્તરંજનભાઈ અને બીજાઓ એમાં જોડાયા. ઈ.સ. ૧૯૫૮માં પ્રહ્‌લાદભાઈના ઘેર અઠવાડિક સભાઓ શરૂ થઈ.’

પ્રહ્‌લાદભાઈનું નિવાસસ્થાન બેકર સ્ટેશન પાસેના સેમોર પ્લેસમાં હતું. શનિવારે સાંજે સભા થતી. બીજા પણ ભક્તો એમાં આકર્ષાતા ગયા. સભામાં કીર્તન થાય, ધૂન બોલાવાય અને પછી કોઈ પણ એક ભક્તના આધ્યાત્મિક પ્રવચન સાથે સભા પૂરી થાય. વર્ષો સુધી તેમના ઘેર જ દર વર્ષે અન્નકૂટ મહોત્સવ પણ ઉજવાતો રહ્યો.

ઈ.સ. ૧૯૫૯ની ગ્રીષ્મ ઋતુમાં સત્સંગ મંડળનું બંધારણ તૈયાર કરવામાં આવ્યું. મંડળની નોંધણી ‘સ્વામિનારાયણ હિંદુ મિશન, લંડન ફેલોશીપ સેન્ટર’ તરીકે કરાવવામાં આવી. મિશનના પ્રથમ અધ્યક્ષ તરીકે શ્રી ડી. ડી. મેઘાણીની નિમણૂક કરવામાં આવી. ઉપાધ્યક્ષ તરીકે શ્રી મહેન્દ્રભાઈ પટેલ (બેરિસ્ટર), સેક્રેટરી તરીકે શ્રી પ્રફુલ્લભાઈ પટેલ અને ખજાનચી તરીકે શ્રી ચંદ્રકાંત એન. ધૂપેલિયા નિમાયા. સત્સંગ સભાઓમાં શ્રી નવીનભાઈ સ્વામિનારાયણે આધ્યાત્મિક પ્રવચનો અને પોતાના અનુભવોની લ્હાણી કરવાનું ચાલુ રાખ્યુ.

ઈઝલિંગ્ટન ખાતે બંધાયેલા પ્રથમ મંદિરનું ઉદ્‌ઘાટન રવિવાર તા. ૧૪ જૂન, ૧૯૭૦ના રોજ યોગીજી મહારાજના શુભ હસ્તે થયું. શ્રી પ્રભુદાસ લાલજી કંપાલા યુગાન્ડાથી કેટલીક પવિત્ર મૂર્તિઓ લઈ આવેલા. યોગીજી મહારાજના હસ્તે ધાર્મિક પૂજા-વિધિ થઈ, યજ્ઞ થયો ને પછી આ મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી. હજારો ભક્તો-સત્સંગીઓએ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો.

ઈ.સ. ૧૯૭૪ની સાલમાં, યુગાન્ડાથી કેટલાય ભક્તો ઇંગ્લૅન્ડમાં સ્થળાંતર કરી આવ્યા. ભક્તોનો ધસારો એટલો મોટો હતો કે ઇઝલિંગ્ટનનું મંદિર નાનું પડવા માંડ્યું. શ્રી જી. ડી. પટેલ તેમનાં આધ્યાત્મિક પ્રવચનોથી મોટી ને મોટી થતી જતી સભાઓને પ્રભાવિત કરી રહ્યા હતા. ઉત્સવના પ્રસંગોએ એટલી ભીડ થતી કે લોકોએ મંદિરની બહાર શેરીઓમાં ઊભા રહેવું પડતું. સંમેલોન એટલાં મોટાં થતાં.

## પ્રમુખસ્વામી મહારાજે મંદિરની શિલારોપણવિધિ કરી પ્રણાલિકાગત શિખરબદ્ધ હિન્દુ મંદિર બાંધવાની પ્રેરણા આપી :

પ્રમુખસ્વામી મહારાજે ઈ.સ. ૧૯૮૦ની ૨૦મી જુલાઈએ મંદિરની શિલારોપણ વિધિ કરી. ઈ.સ. ૧૯૮૨માં મંદિર ખુલ્લું મુકાયું. લગભગ આ જ અરસામાં પ્રમુખસ્વામી મહારાજે સૌ પ્રથમ એક નવો વિચાર મૂક્યો. શિખર સાથેના પ્રણાલિકાગત હિંદુ મંદિરના જેવું જ શિખરબદ્ધ મંદિર લંડનમાં પણ બાંધવું, જ્યાં દિવસમાં પાંચ વખત આરતી થતી હોય. મૂળ યોજના મેડોગર્થના સ્થળે જ મંદિર બાંધવાની હતી, પણ પછી ઈજનેરો અને સ્થપતિઓ સાથેની ચર્ચા પછી લાગ્યું કે હાલની જગ્યા ઘણી નાની પડશે અને એ બરાબર નથી.

દરમિયાન, સત્સંગનું વર્તુળ વિસ્તરતું જતું હતું, લેસ્ટર, વેલિંગબરો, પ્રેસ્ટન, આસ્ટન, બર્મિંગહામ, કોવેન્ટ્રી, લ્યુટન અને ક્રોલી ખાતે કેન્દ્રો ધમધમવા માંડ્યાં હતાં. આ વિકાસમાં અને મિશનને વિસ્તારવામાં યુ.કે. સત્સંગ મંડળના તત્કાલીન અધ્યક્ષ સ્વ. શ્રી સી. એમ. પટેલે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ઈ.સ. ૧૯૮૯માં, નિડસન મંદિરથી બે કિલોમીટર દૂર નિડસન હાઈસ્કૂલ પાસેથી જમીન મેળવવામાં આવી. સ્થાનિક કાઉન્સિલે હરિમંદિરનો પ્લાન મંજૂર કર્યો. સન ૧૯૯૦ની ૨૦મી જૂને પ્રમુખસ્વામી મહારાજે નિડસન હાઈસ્કૂલના મેદાન પરના મંદિર માટે શિલારોપણ વિધિ કરી. કાર્યક્રમ બાદ, તેઓ જઈ રહ્યા હતા ત્યાં મેડોગર્થના મંદિર નજીકની આરલિંગ્ટનની જગ્યાએ તેમણે ‘ફોર સેલ’નું સાઈન બોર્ડ જોયું. બધાના આશ્ચર્ય વચ્ચે તેમણે ચંદુભાઈ દાલિયાને જમીનની તપાસ કરવાનું કહ્યું. છેવટે તે જગ્યા ખરીદી લેવામાં આવી ત્યાં ઈ.સ. ૧૯૯૧ની ૭મી જુલાઈએ સ્વામીશ્રીએ નવા શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. ઈ.સ. ૧૯૯૨ના નવેમ્બરમાં મંદિરનું કામ શરૂ થયું અને આશ્ચર્યજનક રીતે માત્ર અઢી વર્ષના ગાળામાં સુવર્ણ કળશ સાથેના મંદિરનું બધું જ કામ પૂર્ણ થઈ ગયું. પ્રમુખસ્વામી મહારાજે તેનું ઉદ્‌ઘાટન કર્યું.

ઈ.સ. ૧૯૯૨ના પ્રારંભમાં, સામેના બ્રેન્ટફિલ્ડ રોડ પરની સ્લેડબ્રુક શાળા મેળવી લેવામાં

આવી. એમાં સુધારા-વધારા કર્યા અને ઈ.સ. ૧૯૯૨ના ઑગસ્ટમાં ત્યાં 'સ્વામિનારાયણ ઇન્ડિપેન્ડન્ટ ડે સ્કૂલ'નો આરંભ થયો. યુરોપમાં આ સર્વપ્રથમ હિંદુ શાળા છે.

પાંચ દાયકા પહેલાં મુઠ્ઠીભર ભક્તો હતા એમાંથી સામાજિક-આધ્યાત્મિક મહા-સંસ્થા તરીકે અક્ષર પુરુષોત્તમ સત્સંગનો વિકાસ થયો. સ્વામિનારાયણ મંદિર, સાત કળશવાળું મહા-મંદિર, હકીકત બની ગયું. સતત ઘર્ષણ, સતત સંઘર્ષો, સતત પીછેહઠથી ખરડાયેલા ઇતિહાસમાં આ મંદિર ઝળહળતી સિદ્ધિસમું છે. ઈ.સ. ૧૯૯૫ની ૨૦મી ઑગસ્ટે મંદિરનું ઉદ્‌ઘાટન થયું. સ્થાનિક સમૂહ સ્વૈચ્છિક રીતે જ મોટા પ્રમાણમાં ભૌતિક અને નાણાંકીય સાધનો ઊભાં કર્યાં, એ માટે સખત મહેનત કરી, તેનો આ સુંદર પરિપાક છે.

## સ્વૈચ્છિક પુરુષાર્થ દ્વારા વિક્રમઃ

## ટૂંકા સમયમાં વિશ્વવિક્રમરૂપ અદ્‌ભુત ચમત્કાર સર્જાયો

'વીસમી સદીની એક અદ્‌ભુત ચમત્કૃતિ' તરીકે 'ગ્રીનીસ બુક'માં શિખરબદ્ધ નિસડન મંદિરની નોંધ લેવામાં આવી છે ને બિરદાવાયું છે. 'રીડર્સ ડાઈજેસ્ટે' વીસમી સદીની ૭૦ અદ્‌ભુત અજાયબીઓમાં આ મંદિરને સ્થાન આપ્યું છે. ખાસ એટલા માટે કે માત્ર સ્વૈચ્છિક પુરુષાર્થનું આ પ્રાગટ્ય છે. ખૂબ મહત્ત્વની વાત એ કે આખાયે સ્થાપત્યમાં હજારો સ્વયંસેવકોની ઊંડી લાગણી અને પ્રેમનાં સિંચન થયેલાં છે. વિક્રમી ટૂંકા સમયમાં કામ પૂરું કરવા તેમણે નર્યો પરસેવો પાડ્યો છે.

## કચરામાં ફેંકી દીધેલા ટનબંધ એલ્યુમિનિયમના કેન અને કોઈલ્સ વીણ્યા, ભેગા કર્યાં, વેચીને ફંડ એકઠું કર્યું.

- મંદિરની યોજનામાં ભાગ લેવા માટે સ્વયંસેવકોએ સારી સારી નોકરીઓ છોડી દીધી હતી. કેટલાકે એમના સાપ્તાહિક 'હોલી ડે' કાપી નાખ્યા હતા. કેટલાક એવા પણ હતા જેમણે પોતાની બધીયે બચત આ મહાકાર્યમાં સમર્પિત દીધી હતી અને વધુ આપવાની પણ તૈયારી બતાવી હતી. બાળકો પણ બાકાત નહોતા. ભંડોળમાં ફાળો આપવા તેમણે તેમની 'પીગ બૅન્કો' બચતપેટીઓ ખાલી કરી નાખી હતી. નવપરણીત દંપતિઓએ તેમના વિદેશનાં હનીમૂન માંડી વાળ્યાં હતાં. હોટલોમાંથી રિફંડ મળ્યું તે બધું મંદિરના ફંડમાં આપી દીધું હતું. ઘણાં બધાં બાળકો તેમના વડીલો સાથે મારબલને પોલિશ કરવાના કામમાં લાગી ગયાં હતાં.
- એક ભક્તે વચન આપેલું તે પ્રમાણે નાણાં આપ્યાં. એ માટે તેમનાં પત્નીએ દાગીના

વેચી દીધા. પ્રતિબદ્ધ દાતાને એટલાથી સંતોષા ન થયો. તેમણે દુકાનમાંથી વેતન તરીકે મળતા ૬૦૦ પાઉન્ડ પણ ફંડમાં આપ્યા.

- યોજના માટે નાણાં પૂરા પાડવા એલ્યુમિનિયમે સોનાનું સ્થાન લીધું. કેમ એલ્યુમિનિયમ ? દર વર્ષે સાડા ત્રણ કરોડ ડોલરનાં એલ્યુમિનિયમનાં વિવિધ પીણાંઓનાં નાનકડાં કેન ડબ્બા ફેંકી દેવામાં આવે છે, તેમનો કંઈ જ ઉપયોગ નથી ને પર્યાવરણ માટે હાનિકારક હોય છે. બ્રિટનમાં આલ્કન રિસાઈક્લિંગ કંપની, રિ-સાઈક્લિંગનું કામ કરતી મોટામાં મોટી કંપની છે. વપરાયેલાં કેનનાં નાણાં આપવા તે તૈયાર હતી. ભંડોળ ઊભું કરવા આ એક મોટી તક હતી અને તરત કેન ભેગાં કરવાની ઝુંબેશ ચાલી. ભક્તોએ જૂના મંદિરના વાડામાં એલ્યુમિનિયમનાં કેનના ઢગલા કરવા માંડ્યા. એ દેશમાં આટલા મોટા પાયા પર આ પ્રકારની ઝુંબેશ પહેલી જ વાર હાથ ધરાઈ હતી. યુવાનો અને વૃદ્ધો બધા ઉત્સાહભેર કામમાં મચી પડ્યા હતા. કુણાલ પટેલ (૧૧), તરુણ પટેલ (૧૧) અને ધ્રુવ કાલાન (૧૧) - આ બાળ સભ્યો 'બ્રિટિશ ટેલિકોમ એન્વાયરમેન્ટ ઍવોર્ડ' જીતી લીધો. સ્વામિનારાયણ હિન્દુ મિશન સન્ડે સ્કૂલને એક અઠવાડિયામાં ૧,૫૦,૦૦૦ કેન ભેગાં કરવા માટે પ્રમાણપત્ર મળ્યું અને ૧૦૦ પાઉન્ડનું ઈનામ પણ મળ્યું.
- બર્મિંગહામના ૭૪ વર્ષના સુખાભાઈ રોજ ત્રણ કલાક ફરીને એલ્યુમિનિયમનાં કેન ભેગાં કરતા હતા. દર અઠવાડિયે બે બસ બદલીને મંદિરે આવતા ને બે થેલીઓ જમા કરાવતા.
- કેન ભેગાં કરનાર એક ભાઈ તો પોતાની પાસે લોહચુંબક પણ રાખતા હતા,જેથી ભૂલમાં લોખંડનાં કેન ન આવી જાય. મજાની વાત એ છે કે આ ભાઈને લોકો ગરીબ ઝાડુ વાળનાર સમજી બેસતા ને કોઈ ભીખ આપવાની ઉદારતા પણ દર્શાવતા. ક્રાઉલીના ચીમનભાઈએ જ્યારે પોતાની ઝુંબેશનું રહસ્ય સમજાવ્યું ત્યારે પછી અનેક સજ્જનો તેમને રોકડા દાન આપવા માંડ્યા. એકલા હાથે ચીમનભાઈએ ૧,૨૫,૦૦૦ કેન ભેગાં કરી આપ્યાં હતાં.
- ઉઘરાણી કરનારાઓનું કામ આસાન નહોતું. એક વખત તો ફુટબોલના શોખીને એક સ્વયંસેવકના માથા પર બિયરની બાટલી ખાલી કરી નાખી. સ્વયંસેવકે એમના પ્રત્યે 'થેન્ક યુ' કહીને આભાર વ્યક્ત કર્યો.
- વર્ષોના ગાળામાં ૭૦ લાખ કેન અને ૨૧ ટન એલ્યુમિનિયમ ફોઈલ એકઠાં થયાં. બ્રિટનમાં કોઈ પણ સેવાભાવી સંસ્થાએ ભેગો કરેલો આ મોટામાં મોટો જથ્થો હતો.

- ‘કેર’ નામનો ભંડોળ ઊભુ કરવાનો ઈ.સ. ૧૯૯૪માં શરૂઆત થઈ. પ્રોજેક્ટ હેઠળ રંગીન ચોપાનિયાં - બ્રોશર બહાર પાડવામાં આવ્યાં, જેમાં નશા-વિરોધી ઝુંબેશ, પર્યાવરણ - મૈત્રી, પરિવારનાં મૂલ્યો અને મૂલ્ય-આધારિત શિક્ષણના ક્ષેત્રેમંદિર તરફથી કેટલું મોટું કામ થઈ રહ્યું છે તેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. વધુ સારી જીવનપદ્ધતિ માટેનાં આ ચોપાનિયાં દાતાઓને આપવામાં આવતાં હતાં. ભક્તો ઘેર ઘેર ફરતા. ખરાબ હવામાન હોય, હડધૂત થતા હોય તો પણ થાકતા નહીં. સમગ્ર સ્થાનિક બ્રિટિશ સમાજને ચોપાનિયાં પાછળની ફિલસૂફી સમજાવવાની ભરચક કોશિશ કરતા. પરિણામ એ કે ભંડોળનું કદ ઘણું વધી ગયું.
- મંદિરનાં બાંધકામમાં કુશળ અને અર્ધ-કુશળ સ્વયંસેવકોએ ખૂબ મહેનત કરી. મંદિરનું કામ પૂરું થયું ત્યાં સુધી ‘આરામ‘ શું ચીજ છે એ તેઓ ભૂલી ગયા હતા. રાત-દિવસ કામ કર્યા પછી તેઓ થોડા કલાકની ઊંઘ ખેંચી કાઢતા. પછી સ્નાન કરતા, પૂજા કરતા ને પાછા મંદિરના કામ પર ચઢી જતા. ત્રણ વર્ષ આ ઘટમાળ ચાલ્યા કરી. મંદિરનું નિર્માણ થતું રહ્યું.

## “સ્વયંસેવકો રજા,આરામ અને ઊંઘ ભૂલી ગયા”
## ટેક્નોક્રેટોએ ખાડા ખોદ્યા - ઈંટો ઉપાડી

- સાપ્તાહિક રજાઓ અને ‘હોલી ડે’ દરમિયાન બ્રિટનના જુદાં જુદાં ભાગોમાંથી નિસડન મંદિરે સ્વયંસેવકો ઊમટતા જ રહેતા. આ બધા સમૂહો એટલા મોટા હતા કે તેમનાં કેન્દ્રોને ચોક્કસ દિવસોએ ચોક્કસ સમય ફાળવવો પડતો. દુનિયાના બીજા ભાગોમાંથી પણ સ્વયંસેવકોનો પ્રવાહ આવતો હતો. તેઓ બિન-ભારતીય હતા. સ્થાનિક બ્રિટિશ લોકો પણ શ્રમયજ્ઞમાં જોડાઈ ગયા હતા.
- ચંદ્રકાન્તભાઈ પટેલ (૧૮) અને ચંદ્રેશ પટેલ (૧૮) સ્વયંસેવકો તરીકે ઈ.સ. ૧૯૯૩ના ફેબ્રુઆરીમાં જોડાયા. તમામ પ્રકારનું કામ કર્યું. ઈ.સ. ૧૯૯૪થી તો તેઓ મંદિરના સ્થળે જ રહેતા, કે જેથી વધુ સેવા આપી શકે. તેમણે ૨૫,૦૦૦ ખાડા ખોદ્યા. કોઈ કોન્ટ્રાક્ટરને કામ સોંપ્યું હોય તો એક ખાડો એક પાઉન્ડનો થાય. ચંદ્રકાન્તભાઈ કહે છે, ‘જ્યારે જ્યારે હું મંદિરને જોઉં છું ત્યારે ત્યારે સંકલ્પની વાસ્તવિકતા સમજાય છે ને મારી ચાહના વધતી જાય છે. હું માનું છું કે વિશ્વનું આ સુંદરતમ સ્થળ છે.
- ૨૨ વર્ષના જયેશ પટેલ કોમ્પ્યૂટર ટેક્નોક્રેટ છે. તેઓ મારબલના કોતરેલા નમૂનાઓને પોલિશ કરવાનું કામ કરતા હતા. એક વખત તેમના ઘૂંટણ પર એક ઈંટ પડી.

એક્સ-રે કઢાવ્યો. એમાં જણાયું કંઈ તૂટ્યું નથી, માત્ર અંદરના ભાગે ઉજરડો થયો છે. તે દિવસ પછી, અનુપસિંહ વખતસિંહ ઝાલા (૭૫) ઈ.સ. ૧૯૯૩ના મે માસની કામના સ્થળે આવતા થયા હતા. તેઓ ટાઈલ્સને પોલિશ કરતા ને ચોખ્ખી કરતા. 'મારી દીકરીએ મને ઈ.સ. ૧૯૯૧ની સાલમાં બોલાવ્યો ને કહ્યું કે લંડનમાં એક નવું મંદિર બંધાઈ રહ્યું છે. તે વખતે હું આફ્રિકા હતો અને ભારત જવા વિચારતો હતો. પછી કાર્યક્રમ બદલીને અહીં જ આવવાનું ને મદદરૂપ થવાનું નક્કી કરી નાખ્યું.'

## હિન્દુ ધર્મની સમજણ આપતું કાયમી વૈજ્ઞાનિક પ્રદર્શન

અહીં 'હિંદુ ધર્મની સમજ' આપતું કાયમી વૈજ્ઞાનિક પ્રદર્શન સનાતન ધર્મની જાહોજલાલી અને મહાનતાનું દર્શન કરાવે છે. મંદિરના ભોંયતળિયે, ૨,૦૦૦ ચો. ફૂટ વિસ્તારમાં પ્રદર્શન પથરાયેલું છે. ભારતની પ્રાચીન ભૂમિનું જ્ઞાન દૃશ્ય અસરો, પેઈન્ટિંગ, ટેબ્લો અને પરંપરાગત કારીગરી વડે દર્શાવાયું છે. હિન્દુ ધર્મનું મૂળ, તેની માન્યતાઓ, ઉજ્જવળ ઈતિહાસ તેમજ શિક્ષણ અને ધર્મમાં તેનું પ્રદાન, બધાનો ખ્યાલ અપાયો છે. ભારતીય સંસ્કૃતિના સુપ્રસિદ્ધ નાયક-નાયિકાઓ જેવા કે, નચિકેતા, શ્રવણ, રંતિદેવ, સીતા વગેરેને રંગીન ૩-ડી મિનિએચર ડાયોરેયામાં દર્શાવાયાં છે. હિન્દુ સંસ્કૃતિનાં મૂળભૂત મૂલ્યો અને તત્ત્વો અહીં પ્રતિબિંબિત થાય છે, જેવાં કે-

- હિન્દુ ધર્મનો ઉદ્ભવ કઈ રીતે થયો ને કઈ રીતે તે ફેલાયો.
- જીવનના માર્ગ તરીકે ધર્મના પ્રમુખ સિદ્ધાંતો.
- સીતા, શ્રવણ, નચિકેતા અને અન્ય વિભૂતિઓનાં દર્શન.
- તમામ ભાષાઓની જનેતા એવી સંસ્કૃત ભાષાની ગૌરવગાથા.
- ભગવાન સ્વામિનારાયણ અને તેમના આધ્યાત્મિક વારસદારોનાં જીવન અને ફિલસૂફી.
- શિક્ષણ, ગણિત, જ્યોતિષવિદ્યા અને સર્જરીના ક્ષેત્રે ભારતનું મહા-પ્રદાન.
- બી.એ.પી.એસ.- બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની વિશ્વવ્યાપી સામાજિક - આધ્યાત્મિક પ્રવૃત્તિઓ.

## શ્રવણની કથા :
## માતા-પિતાની ભક્તિનું ઉમદા ઉદાહરણ

શ્રવણ એક યુવાન હતો. એક વખત એનાં માતાપિતાએ જાત્રાએ જવાની ઈચ્છા વ્યક્ત કરી. બંને અંધ હતાં, વયોવૃદ્ધ હતાં, ચાલવાની સ્થિતિમાં જ નહોતાં. શ્રવણે આમ છતાં નિશ્ચય કર્યો અને પોતાના ખભે કાવડ મૂકી તેનાં બે પલ્લાંમાં માતાપિતાને બેસાડી તેમને યાત્રાનાં બધા સ્થળોએ ફેરવ્યાં. તેમની ઈચ્છા પરિપૂર્ણ કરી. લાંબા અંતર, દુર્ગમ પ્રદેશો, ખરાબ હવામાન અને વિપરીત પરિસ્થિતિની જરા પણ પરવા ન કરી. આજે પણ શ્રવણ માતાપિતાની પરમ ભક્તિનું ઝળહળતું ઉદાહરણ છે.

## ભારતે શૂન્યની શોધ કરી

'શૂન્ય'ની શોધ ભારતમાં થઈ છે. ભારતમાં (ઈ.સ.પૂર્વે ૫૮૫-૫૮૬), ગુજરાતમાં સંખેડાની તાંબાની પ્લેટો પર 'શૂન્ય'નું આલેખન ખૂબ લાંબા સમય પહેલાં થયેલું નોંધાયું છે. સાતમી સદીમાં 'બ્રહ્મ-ફુતા-સિદ્ધાંત'માં શૂન્યનું મહત્ત્વ વિગતવાર સમજાવાયું છે. તે પછી આરબોએ તેની નકલ કરી અને પછી ૮મી સદીમાં 'શૂન્ય'ને યુરોપ લઈ ગયા.

## સર્જરીનાં સાધનો

સર્જરી-શસ્ત્રક્રિયામાં હિંદુઓ ભારતીયો એટલા બધા આગળ વધેલા હતા અને એવાં સાધનો વિકસાવ્યાં હતાં કે વાળ જેટલી બારીક શસ્ત્રક્રિયા પણ કરી શકે. સુશ્રુત એ સમયના મહાન સર્જન હતા. તેમણે જુદાં જુદાં સાધનો તૈયાર કર્યાં હતાં, જેમાં દાક્તરી છરી, સોય, અન્ય શરીરમાં ઉતારવાનાં સાધન વગેરેનો સમાવેશ થતો હતો. આ બધાં સાધનની જરૂરી પકડ આવે એ માટે તે પશુપંખીઓનાં જડબાંમાંથી તૈયાર કરાયાં હતાં.

હિંદુ સંસ્કૃતિ એ ખૂબ જૂની સંસ્કૃતિ છે - ઈજિપ્ત, મેસોપોટેમિયા અને ચીન કરતાં પણ ઘણી જૂની. 'સમય'નો ખ્યાલ જન્મ્યો એની પણ પહેલાં ઋષિ-મુનિઓએ દિવ્ય લોકમાંથી થયેલી સરવાણીઓના આધારે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. હિંદુ જ્યોતિર્વિદો આકાશને માપતા હતા. તબીબો અદ્ભુત શસ્ત્રક્રિયાઓ કરતા હતા. આ એ સમય હતો જ્યારે હાલનું યુરોપ અંધારાના તબક્કામાં ડૂબેલું હતું.

નિસડન મંદિરના મહંત પૂજ્ય આત્મસ્વરૂપ સ્વામીએ આ લેખકને મંદિર વિશે જુદાં જુદાં પ્રકાશનોમાં આવેલાં નિરીક્ષણો બતાવ્યાં. મુલાકાત-ડાયરીની નોંધો પણ બતાવી.

વિશ્વ વિક્રમ અંગેની 'ગિનીસ બુક'ની ૨૦૦૦ની સાલની 'મિલેનિયમ એડિશન'માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને 'માસ્ટર બિલ્ડર' તરીકે બિરદાવ્યા છે. બ્રિટનનું નિસડનનું શ્રી સ્વામિનારાયણ મંદિર, ભારતની બહાર બંધાયેલું મોટામાં મોટું હિંદુ મંદિર

છે. મંદિરના બાંધકામમાં, ૨,૮૨૮ ટન બલ્ગેરિયાના ચૂના-પથ્થર અને, ૧,૫૨૬ ટન ઇટાલિયન મારબલનો ઉપયોગ થયો છે. આ બધું પ્રથમ જહાજ દ્વારા ભારત મોકલાવામાં આવ્યું હતું, જ્યાં, શિલ્પીઓની ટુકડીએ તેમાં નકશીકામ કર્યું હતું. મંદિરનો ખર્ચ ૧૨૦ લાખ પાઉન્ડ થયો હતો.

## જિઓલોજિકલ સોસાયટી

'જિયોલોજિકલ સોસાયટી' નામના જાણીતા સામાયિકમાં શ્રી સ્ટોને લખ્યું:

- બાંધકામ ઉદ્યોગમાં ભાર સહન કરવાની ક્ષમતાવાળું ચણતર એટલે એવું ચણતર જે બાંધકામનો બોજ ઉપાડી શકે અને/અથવા તેના વજન કરતાં વધારાના બોજ ઉપાડવામાં મર્યાદા હોય. 'સેલ્ફ-સપોર્ટિંગ કોસનરી' એટલે એવું ચણતર, જે તેના વજન જેટલો જ બોજ ને ટકાવે. અલબત્ત, વારંવાર તેણે પવનનાં તોફાનોનો સામનો કરવો પડે. બ્રિટનમાં લંડન ખાતેનું નિસડન મંદિર જવલ્લે જ હોય એવો દાખલો છે. આખું મંદિર બલ્ગેરિયાના ચૂનાના પથ્થરના બ્લોકથી બંધાયેલું છે. પ્લીન્થનું કામ સાર્ડિનિયન ગ્રેનાઇટથી થયું છે, જ્યારે અંદરનું લાઇનિગનું કામ સરસ રીતે નકશી કરાયેલા ભારત અને ઇટાલીના મારબલમાં થયું છે.

## 'ઇવનિંગ સ્ટાન્ડર્ડ' દૈનિકે લખ્યું :
## મંદિર શાંતિ અને સંવાદિતાની ધાર્મિક સુવાસ ફેલાવે છે.

- રિચર્ડ હોલીડે અને એલન રામસેએ શુક્રવાર, તા. ૧૭ ઑગસ્ટ, ૧૯૯૫ના રોજ 'ઇવનિંગ સ્ટાન્ડર્ડ' લખ્યું: ગઈકાલે સાંજે રંગરંગીન દેવ-પ્રતિમાઓ મધ્ય લંડનની શેરીઓમાં હાઇડ પાર્કથી ટ્રાફાલ્ગર સ્કવેર સુધી ફેરવવામાં આવી. આ પ્રતિમાઓ નિસડનના અસાધારણ હિંદુ મંદિરથી આવી હતી. લંડનના હૃદયસમા વિસ્તારમાં તેમને વિહાર કરાવાયો અને નવા નિવાસે તેમનું ભવ્ય સ્વાગત થયું.
- નિસડનનું નવું મંદિર સૌંદર્યનાં કોઇ પણ ધોરણમાં નોંધપાત્ર ઇમારત છે અને સંભવતઃ તે લંડનની એક જોવાલાયક જગ્યા બની ગઈ છે.
- મંદિરમાં ભરાયેલા માલસામાન ૩૦ લાખ પાઉન્ડથી વધારે નથી. પણ તેમાં જે મજૂરીકામ થયું તેનો પશ્ચિમની બજારના દરોમાં ગણીએ તો ઘણી મોટી રકમ થઈ જાય. એ બધી સ્વયંસેવકોની મહેનત હતી ને એ જ આ સંપ્રદાયની ખરી મૂડી છે.
- છેલ્લા કેટલાક દાયકાઓમાં આખી દુનિયામાં ઘણો મોટો ધાર્મિક જુવાળ ઊભો થયેલો

દેખાય છે. આમાં અવારનવાર હિંસક ઘટનાઓ અને તોફાનો પણ થયાં છે. આમ તો દુનિયાની કોઈ પણ લડાઈમાં ધાર્મિક પરિબળ ન સંકળાયું હોય એવું ભાગ્યે જ બન્યું છે, પરંતુ નિસડન મંદિરની મોટામાં મોટી વિશિષ્ટતા એ છે કે તેમાં માત્ર શાંતિ અને સંવાદિતાની ધાર્મિક સુવાસ જ ભરપૂર હતી.

- આ મંદિર પરિવારનાં મૂલ્યની પ્રતિષ્ઠા કરતું યાદગાર સ્મારક છે. કૌટુંબિક જીવન જાળવવામાં અને મજબૂત બનાવવામાં ધર્મનો મહત્વનો હિસ્સો છે. કુટુંબો એવાં માધ્યમ છે જેના દ્વારા ધાર્મિક શ્રદ્ધા અને લાગણીઓ સામાન્યતઃ હોય છે.

## 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'એ જોયું :
## બ્રિટનના ગૃહ સચિવ મંદિરમાં 'જય સ્વામિનારાયણ' બોલે છે

'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં ૧૯૯૫ની ૨૨મી ઑગસ્ટે એક લેખ છપાયો. તેમાં લખ્યું હતુંઃ બ્રિટનના ગૃહ સચિવ તેમની સાપ્તાહિક રજા છોડીને એક હિંદુ મંદિરનું બાંધકામ જોવા જાય છે. ત્યાં ઉપસ્થિત સમૂહને તેઓ 'જય સ્વામિનારાયણ' બોલીને વધાવે છે એટલું જ નહીં, ભગવદ્ગીતાના શ્લોકો પણ વાંચે છે. બહુવિધ સંસ્કૃતિવાદમાં તેમણે મહત્ત્વનું પ્રદાન કર્યું.

ગૃહ સચિવ માઈકલ હાવર્ડની આ ચેષ્ટાથી ભવ્ય મંદિરના સાંનિધ્યમાં ભેગા મળેલા હજારો ભક્તજનો ખુશખુશખલ થઈ ગયા. લંડનની આ જોવાલાયક જગ્યા બની ગઈ છે.

મંદિરની મુલાકાતથી પ્રિન્સ ચાર્લ્સ - પ્રિન્સેસ ડાયેના, ટોની બ્લેર, આર્ક બિશપ કેરી, જિમિ કાર્ટર પ્રસન્ન થઈ ઊઠયા.

- પ્રિન્સ ચાર્લ્સે લખ્યું, 'લંડનના ભૂમિ-પટ પર આ એક ઉત્કૃષ્ટ અવનવો ઉમેરો છે. આપ સૌને એનું ખરેખર ગૌરવ હોવું જોઈએ. સાંજે પેલી ગલીના ખૂણેથી આ તરફ વળતાં અને ગલીના અંતે આ ચમકતું શુભ સંસ્થાપન જોતાં હું આનંદવિભોર થઈ ગયો છું. આવું મહાન નિર્માણ તમે તમારી જાતે કરી શક્યા એનો મને સૌથી વધારે આનંદ છે. બ્રિટનના અને દુનિયાભરના હજારો લોકોએ તેમના હજારો કલાક સમર્પિત કર્યા છે, પૂરો પ્રેમ, પૂરો ભોગ અને પૂરી કુશળતા સાથે દિવસોથી મચ્યા રહ્યા છે અને તેના પરિણામે જ આ મહાન ભવનનું નિર્માણ થઈ શક્યું છે.'
- ટોની બ્લેર, બ્રિટનના પૂર્વ વડાપ્રધાન : 'આના જેવો શિલ્પકામનો અદ્ભુત નમૂનો મેં ક્યારેય જોયો નથી. ગણ્યા ગણાય નહીં એટલા બધા લોકોના પ્રેમ અને સમર્પણના કારણે જ આ ભવ્ય મંદિર રચાયું છે. આ સૌંદર્યનું મોટું સ્થાનક છે, મોટો પ્રેરણા - સ્રોત છે. શાંતિ અને સંકલ્પનું સાચું પ્રતિબિંબ છે.'

- પ્રિન્સેસ ડાયેના : 'મંદિરમાં પ્રવેશી એ પહેલાં જ હિંદુધર્મના આ ભવ્ય પ્રાર્થના-ધામના નિર્માણ પાછળ કેટલો બધો નિર્વ્યાજ સ્નેહ પડ્યો છે એની પ્રતીતિ થયા વગર રહેતી નથી. મંદિરના પ્રવેશદ્વારમાંથી પસાર થતાં જ મને પરમ શાંતિનો અનુભવ થયો. માત્ર ત્રણ જ વર્ષના ગાળામા. સૌંદર્યની આવી પ્રતિકૃતિ ઊભી થઈ શકી એનું મોટું વિસ્મય છે. મારી અહીંની મુલાકાતે મને ઘણું શીખવાડ્યું છે,જે હું ક્યારેય ભૂલીશ નહીં. આ મહાન નિર્માણ શક્ય બનાવવામાં જે કોઈ મદદરૂપ થયા છે તે તમામને મારી હૃદયપૂર્વકની તમામ શુભેચ્છાઓ પાઠવું છું.'
- ડો. જ્યોજ કેરી, કેન્થબરીના આર્કબિશપ : 'આ મંદિરના બાંધકામ પાછળ જે પ્રેમ અને કાળજી દર્શાવાયાં છે અને સુંદર કામગીરીનો આવિર્ભાવ થયો છે તેનાથી હું ખૂબ પ્રભાવિત થયો છું.'
- લોલી એબોથોલ, ગ્રાફિક ડિઝાઇનર : 'આ સ્થાન શાંતિ, સૌંદર્ય અને આધ્યાત્મિક ઔદાર્યનો સુભગ સમન્વય છે.'
- જિમિ કાર્ટર, અમેરિકાના પૂર્વ પ્રમુખ : 'ખૂબ સુંદર અને પ્રેરણાદાયી સ્થાન... મેં ક્યારેય ન જોયું હોય એવી અનુભૂતિ થઈ. જિંદગીમાં ક્યારેય હું આ ભૂલીશ નહીં.'
- રિચર્ડ બ્રેનસન,અધ્યક્ષ,વર્જિન ગ્રુપ : 'આ અદ્‌ભુત મંદિર, આલમની મોટી અજાયબી છે. બ્રિટનમાં હિંદુ ધર્મનો પ્રભાવ પાંગરવાની હજુ તો શરૂઆત થઈ છે. હું ખૂબ ખુશ છું ને મને ગૌરવ છે કે આ અદ્‌ભુત સ્થાપત્ય બ્રેન્ટમાં બંધાયું છે. દુનિયાભરના હિંદુઓ માટે આ મોટું યાત્રાધામ બની રહેશે. અહીં તેઓ બ્રેન્ટની વૈવિધ્યસભર સંસ્કૃતિનું પણ દર્શન કરશે. સમગ્ર વિશ્વ માટે આ ઘટના શાંતિ અને વિશ્વાસનો સંદેશ વ્યક્ત કરે છે.'
- આર. વેંકટરામન્‌, ભારતના પૂર્વ રાષ્ટ્રપતિઃ 'મેં ઘણાં મંદિરો જોયાં છે,પણ આટલી સુંદરતા બીજે ક્યાંય જોઈ નથી. આવું મંદિર બાંધવું એ માણસના હાથની વાત નથી. ઈશ્વરના પરમ આશિષ વગર આ શક્ય જ નથી.'
- એલિઝાબેથ બોન્ડ, ઓપેરા ગાયક : 'ધર્મ અને સંસ્કૃતિનું આવું દર્શન મોહ પમાડે છે. લંડનની મધ્યમાં આ હોવું જોઈએ. જુદા જુદા પ્રકારના અને જુદી જુદી વયના લોકો, ખાસ કરીને આટલા બધા યુવાનોએ અદ્‌ભુત પુરુષાર્થ કર્યો છે. અહીં આપણું ઉષ્માભર્યું સ્વાગત થયું એની સરાહના કરીએ છીએ. આપ સૌની ઉદારતા અને સમભાવ આશ્ચર્યપ્રેરક છે.એક સક્રિય ખ્રિસ્તી તરીકે, આપના ધર્મસમભાન વલણથી હું ખાસ પ્રભાવિત થયો છું.'

## 'રીડર ડાયજેસ્ટ'એ વખાણ્યું :
## તાજમહેલની સ્પર્ધા કરતું હિંદુ મંદિર

આવાં તો ઘણાંબધાં ઉત્સાહપ્રેરક વિધાનો વિઝિટર્સ - બુકમાં નોંધાયાં છે.

મંદિર અંગે એક સૌથી રસપ્રદ લેખ ઇઆન પીંડરે લખ્યો છે, જે 'રીડર્સ ડાઈજેસ્ટ'ના નવેમ્બર (૧૯૯૬)ના અંકમાં છપાયો હતો. લેખક એમાં લખે છે કે, કઈ રીતે એક સમાજે એક જૂથ થઈને લંડનમાં તાજમહેલનો જવાબ આપ્યો. લેખનું શીર્ષક આ પ્રમાણે છે:

**'દુનિયાની આઠમી અજાયબી - નિસડન'**. લેખનો કેટલોક ઉતારો નીચે પ્રમાણે છે :

'લંડનમાં સુંદર મંદિરનું નિર્માણ કરવાની વાતનું મૂળ છેક ૧૯૭૦ના અરસામાં છે. ત્યારે ભારતના એક રાજ્ય ગુજરાતમાંના સૌથી મોટી ધાર્મિક ઝુંબેશના આધ્યાત્મિક નેતાએ સૌ પ્રથમ બ્રિટનની મુલાકાત લીધી હતી. સ્વામિનારાયણ હિંદુ મિશન તરીકે જાણીતા આ સંપ્રદાયમાં હાલ બ્રિટનના હજારો ગુજરાતીઓ પૈકી ચુસ્ત કુટુંબોની સંખ્યા ૨,૦૦૦ છે.

મિશનના ગુરુ છે દિવ્ય અને પવિત્ર પ્રમુખસ્વામી મહારાજ. ૭૫ વર્ષના આ મહાનુભાવ સ્વામીશ્રી તરીકે ઓળખાય છે. આખી દુનિયામાં તેઓ ફરે છે ને સામાજિક-આધ્યાત્મિક પુનરુત્થાનની યોજનાઓ માટે પ્રેરણા આપે છે. તેઓ નામદાર પોપ અને કેન્ટરબરીના ભૂતપૂર્વ આર્કબિશપના મહેમાન બની ચૂક્યા છે. ૧૯૮૮ની સાલમાં બ્રિટનની સંસદે શુભ કાર્ય બદલ તેમને ખાસ સન્માન્યા હતા.

'ઘણાખરા લોકો ૭૫ વર્ષની ઉમંરે તેમણે કમાયેલાં નાણાં અને કીર્તિને વાગોળતા બેઠા હોય છે.', 'ફિલાડેલ્ફિયા ઇન્કવાયરર'ના સન્ડે એડીશનના રોનાલ્ડ પટેલ લખે છે, 'સ્વામીશ્રી પાસે કંઇ નાણાં નથી, પણ એમણે જે સન્માન અને સમર્પણની ભાવના પ્રાપ્તિ કરી છે, એટલી સંપત્તિ કોઈ ભેગી કરી શકે નહીં.'

ભારતની બહાર તેમણે સર્વપ્રથમ પ્રણાલીગત હિંદુ મંદિરનું નિર્માણ કર્યું એટલું જ નહીં, સૌંદર્ય અને વ્યાપમાં તાજમહેલની સાથે સ્પર્ધા કરતું ભવન બાંધ્યું. વળી, નજીકમાં જ ઘણું માટું સાંસ્કૃતિક સંકુલ પણ ઊભું કર્યું છે, જ્યાં બિન-હિંદુઓને હિંદુ ધર્મનો સુપેરે ખ્યાલ આપતું કાયમી પ્રદર્શન સમાવાયું છે.

## એક કરોડ ડોલરના ખર્ચે બંધાયું
## શિલ્પકલાના સુંદર નમૂનારૂપ સાંસ્કૃતિક સંકુલ

સમગ્ર સાંસ્કૃતિક સંકુલ શિલ્પકલાનો સુંદર નમૂનો છે. પણ તેનો ખર્ચ એક કરોડ ડોલર થયો. ક્યાંથી આવી આટલી બધી રકમ ? એક ધનવાન દાતાની તમામ ખર્ચ ઉપાડી

લેવાની ઓફરનો અસ્વીકાર થયો હતો. તેઓએ ભંડોળ ઊભું કરવાની બધી જવાબદારી ભક્તજનો પર જ હતી. નિશ્ચિત સમયમાં કામ પૂરું કરવાનું હતું. ૧૯૯૫ની ૨૦ ઑગસ્ટની તારીખ આપેલી. નિશ્ચિત મુદતમાં કામ પૂરું કરવા માટે મજબૂત સંકલ્પ માટે મચી પડ્યા વગર છૂટકો જ નહોતો.

પ્રથમ તો, મિશનના સભ્યોએ તેઓ જે કંઈ આપી શકે તે આપ્યું. પછી, ૧૯૯૨ના જુલાઈમાં દેશ આખામાં ભંડોળ ઊભું કરવાની અવિરામ ઝુંબેશ આરંભી. બે વર્ષ સુધીમાં ભક્તોએ ઘેરઘેર ફરીને લગભગ ૧૪ લાખ પાઉન્ડ ઊભા કર્યા. શરૂઆત સારી હતી, પણ હજુ ઘણું બાકી હતું.

પછી અનુયાયીઓએ, યુવાન અને વડીલો બધાએ ઠેર ઠેર પદયાત્રાઓ કાઢી. લેસ્ટર, બર્મિંગહામ અને અન્ય હિંદુ કેન્દ્રોમાં અનુયાયીઓને ઢંઢોળ્યા. સંખ્યાબંધ માણસો એલ્યુમિનિયમનાં કેન ભેગા કરવાની મોટી ઝુંબેશમાં જોડાયા. એલ્યુમિનિયમ કેનના રિ-સાઈકલિંગની બ્રિટનની આ મોટામાં મોટી ઝુંબેશ હતી.'

ભારતમાં સ્થિત સી. પી. સોમપુરા મંદિરના નિર્માણને ઘાટ આપી રહ્યા હતા. મિશને સાંસ્કૃતિક કેન્દ્રના ડિઝાઈનિંગ માટે પેઢી ટ્રીઆડ આર્કિટેક્ટ્સને પણ નિમંત્ર્યા હતા. જ્યારે મસનીશ કીથ મેનેલે પહેલાં જગ્યા જોઈ ત્યારે તેમણે મોઢું બગાડયું હતું : 'આવું સુંદર મંદિર બાંધવા માટે આ બહુ ખરાબ જગ્યા છે.'

પાયો ખોદવાની શરૂઆત કરી એ પહેલા કેટલોય પ્રદુષિત કચરો ખાસ લોરીઓ કરીને દૂર લઈ જવો પડ્યો હતો. મેદાનમાં પાણી ભરાયેલું રહેતું અને ખોદકામ દરમિયાન ઘણીયે વાર તળિયે ફેલાઈ જતું. પણ ૧૯૯૨ના નવેમ્બર સુધીમાં ૧૯૪ કોન્ક્રેટના ઢગલા મેદાનમાં ૩૦ ફૂટ પાથરી દેવાયા.

પછી, બંધના બાંધકામના અનુભવી એક ઈજનેરે ૨૨,૬૦૦ ફૂટના ફાઉન્ડેશન સ્લેબ માટે ખાસ પ્રકારનું કોન્ક્રિટનું મિશ્રણ તૈયાર કર્યું. શિયાળાનો આરંભ થાય એ પહેલાં જ તેમાં પડ કરી દેવાના હતા. એ માટે એક જ દિવસે ૪,૫૦૦ ટન ભરેલો ટ્રક-લોડ માલ બધો ત્યાં ઠાલવી દેવાનો હતો. ૧૯૯૨ના નવેમ્બરમાં મોટો સ્લેબ માટીથી ભરી દેવામાં આવ્યો ને પાંચ મહિના એમ રહેવા દેવામાં આવ્યો, જેથી બરાબર જામી જાય.

હિંદુ ધર્મગ્રંથોમાં લખ્યું છે કે મંદિર બાંધકામમાં ઈશ્વરે સર્જેલી ચીજવસ્તુઓ જ વપરાય એટલે કોઈ ધાતુનો ઉપયોગ કરવાનો સવાલ જ નહોતો. મંદિરનો વિશાળ કેન્દ્રીય ગુંબજ ડોમ જે આસમાનનું પ્રતિનિધિત્વ કરે છે તેનું ચણતર પૂર્ણપણે એક ઉપર એક

પથ્થર મૂકીને કરવામાં આવ્યું હતું. આખા દેશમાં આ પ્રકારનો આ એકમાત્ર ગુંબજ છે, જેમાં ટેકા માટે સ્ટીલનો જરાયે ઉપયોગ થયો નથી.

બ્રિટનનથી ૨,૨૮૨ ટન જેટલા ચૂનાના પથ્થર જહાજમાં ગુજરાતના કંડલા બંદરે મોકલાયા હતા.અહીં જેટલા પેઢી-દર પેઢીના કામના માહેર કડિયા-કારીગરો તેમને ઘાટ આપવામાં ને કોતરકામમાં મચી પડ્યા હતા.

લગભગ સાડા આઠ મહિના થયા અને તે પછી વ્યક્તિગત નંબર આપ્યા પ્રમાણેના ૨૬,૩૮૦ થી વધુ પથ્થરો પાછા લંડન રવાના કરાયા. ૧૯૯૩ના જૂન સુધીમાં પાયાનો પ્રથમ સ્તંભ - કુંભી - તૈયાર કરાયો. એક પછી એક પથ્થરોના થર એકસાથે ગોઠવાતા રહ્યા. અંતે સર્વ ભક્તોએ જોયું કે એમનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. સૌના સહિયારા પ્રયાસનું આ સફળ પરિણામ હતું. બેન્કરો ઈલેક્ટ્રિશિયન બનેલા, વકીલોએ ઝાડુ માર્યાં હતાં, એકાઉન્ટન્ટોએ ગટરકામ કર્યું હતું..

## નિયત સમયમાં અસંભવ લાગતું ભગીરથકાર્ય સ્વયંસેવકોએ પૂરું કર્યું

છ દિવસના મોટા ઉદ્‌ઘાટન સમારંભના બે અઠવાડિયાં પહેલાં હજુ ઘણું કામ કરવાનું બાકી હતું. પછી ભારતથી સાધુઓનું આગમન થયું અને તેમણે કામ સંભળી લીધું. કેઈથ મેનલે એમનાં એકને બાજુએ બોલાવીને ચિંતા વ્યક્ત કરીઃ 'બધું કેવી રીતે પૂરું થશે?' સાધુઓ સ્મિત સાથે કહ્યું, 'બધું થઈ જશે. ઉદ્‌ઘાટન સમયસર જ થશે,' અને એ પ્રમાણે થશે જ, તમારે એમના વિશ્વાસની સરાહના કરવી જોઈએ. એ વાત મેનલના મગજમાં ઠસી ગઈ.

પણ સાધુઓમાં તો નકરા વિશ્વાસ કરતાંય કંઈક વધારે હતું. મંદિરોના બાંધકામના આયોજનમાં કેટલાક તો ૩૫ વર્ષના અનુભવીઓ હતા. પ્રાચીન પરંપરા સાથે છેડો ધરાવતા હોવો છતાં, એ બધા એક આધુનિક 'ટાસ્ક ફોર્સ' હતા. રોજેરોજ તેઓ બાંધકામની જગ્યાએ સતત ફેરા કરતા, મશીનોની ગડગડાટ વચ્ચે મોબાઈલ ફોન દ્વારા સતત કંઈ ને કંઈ સૂચનાઓ આપતા રહેતા. ગમે તેમ કરીને તેમણે વધુ ૧,૫૦૦ સ્વયંસેવકોને કામમાં લગાડી દીધા અને પછી તો એકાએક બધું જ શક્ય બની ગયું.

ઉદ્‌ઘાટનના આગળના દિવસોમાં, મેનલે સમય કાઢીને વળી એક વાર મંદિરનું નિરીક્ષણ કર્યું. તે વખતે તો તેનું શિખર સ્વચ્છ નીલા આસમાનને આંબી રહ્યું હતું. તેમની નજર સમગ્ર મંદિર પર ફરતી ગઈ અને જોયું તો સરસ ચમકતા મારબલની સીડીને કઠેરો નથી. સલામતીના નિયમોનું પાલન થાય અને મંદિર ખુલ્લું મૂકી શકાય એ માટે ટેકારૂપ થાંભલા મૂકી દેવાયા હતા.પણ બીજા જ દિવસે મેનલ ફરી મંદિરમાં આવ્યા તો જોયું કે

સરસ રીતે તૈયાર કરાયેલો કઠેરો સીડી પર મૂકાઈ ગયો હતો. રાતોરાત બધું થઈ ગયું હતું. કાર્યકરોના દૃઢ નિર્ધારે મેનલને ફરી ખોટા પાડ્યા.

સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લેનાર કોઈનું પણ સારી રીતે સ્વાગત કરાય છે. મંદિરના છ ઘુમ્મટ અને નવ શિખરો નિસડનના સમગ્ર સંકુલ પર ચમકી રહ્યા છે. અંદરના ભાગમાં સરસ રીતે કોતરેલા આરસના સ્થંભ છે. જેના પર ભારતીય ધર્મગ્રંથોની જુદી જુદી કથાઓ અંકિત કરવામાં આવી છે.

આગળ વધો એટલે તમે ગર્ભદ્વારમાં પહોંચો છો, જ્યાં દેવોની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. ઉપર ઊંચા ગુંબજમાંથી સૂર્યનો હળવો પ્રકાશ ચળાઈને નીચે પરાવર્તન પામે છે. કેન્દ્રમાં અનુયાયીઓ જેમને પરમ પ્રભુ ગણે છે તે ભગવાન સ્વામિનારાયણની પ્રતિમા છે.

સ્વામિનારાયણની પ્રતિમાની બંને બાજુએ તેમનાં અન્ય સ્વરૂપો અને તેમના સાથી ગુરુજનોની પ્રતિમાઓ છે. શીતળ આંખોથી તેઓ નીરખી રહ્યાા છે. હથેળી આપણા પર આશિષ વરસાવતી ઊઠેલી છે. ચમકતા લાલ-સોનેરી રંગના વસ્ત્રભૂષણથી તેઓશ્રી સજ્જ છે. તેમનાં દર્શન જ જીવનના આનંદ-ઉત્સવણીનો અહેસાસ કરાવે છે.

આજે શાળાના વિદ્યાર્થીઓનાં જૂથ અહીં પ્રવાસે આવે છે, બીજા પ્રવાસીઓ આવે છે અને પ્રિન્સ ઓફ વેલ્સ જેને 'લંડનની ભૂમિ-પટ પર સુંદર, ઉત્તેજનાપૂર્ણ ઉમેરો' ગણાવ્યો તેમ આ - મંદિર અને સાંસ્કૃતિક સંકુલને નિહાળીને કૃતાર્થ થાય છે. સ્થાનિક લોકો પણ ઘણા અભિભૂત થાય છે. પાલ કુપર ૬૫ વર્ષના છે અને ૨૦ વર્ષથી નિડસનમાં રહે છે. તેમનું નાનકડું મકાન મંદિરની જગ્યાની સામે જ છે. મંદિરને પાયાથી શરૂ કરીને બંધાતું તેમણે સતત જોયું છે. તેઓ કહે છે કે બાંધકામ દરમિયાન ઘણો ઘોંઘાટ સહન કરવો પડ્યો હતો. મહિનાઓ સુધી હેરાનગતિ ચાલુ રહી. પછી મંદિરના ભક્તોએ આ બહેનને શાના માટે આ બધું થઈ રહ્યું હતું એ જોવા નિમંત્ર્યાં. જોયા પછી એમનું હૃદયમાં ધબકારો જ નહીં. બહુ સુંદર મંદિર પ્રકટ્યું છે.' લાન પિન્ડર ફરી કહે છે. 'તમામ ધર્મના લોકો, નાસ્તિકો પણ અહીં આવે છે અને એકબીજાને પ્રતિભાવ આપ્યા વગર રહી શકતા નથી. હા, મંદિર ખૂબ જ સુંદર છે અને આ તો હજુ શરૂઆત છે.'

આકાશમાં ભગવાનની દુહાઈ બોલતાં મંદિર નિર્માણ દ્વારા પવિત્ર પુરુષનું મહાન સ્વપ્ન પૂરું થયું.

બીજી અંજલિ કેથરીન રાસ્તની છે. તેણી વર્ણવે છે, 'નિસડનનો ચમત્કાર - એક ખ્રિસ્તી મહિલાની અંજલિ.'

અંજલિના શબ્દો નીચે પ્રમાણે છે:

'લંડન શહેરના એક ઔદ્યોગિક જિલ્લા નિસડનમાં પ્રણાલિકાગત હિંદુ વિધિએ તૈયાર કરેલું મંદિર, જ્યાં બ્રિટનના હિંદુઓ આવે અને પ્રાર્થના કરે. મંદિરમાં આરસનો જ ઉપયોગ કરવાનો, જે હજારો વર્ષ સુધી ટકી રહે એવો સાબૂત હોય. ઇટાલિયન માર્બલ આરસ અને બલ્ગેરિયાનો ગ્રેનાઇટ ભારત મોકલાયો, જ્યાં તેના પર અદ્‌ભુત કોતરકામ થાય અને સુંદર ઘાટ અપાય. બીજી બાજુ લંડનમાં જગ્યા તૈયાર થઈ ગઈ. પાયો નંખાયો. કોઈ પ્રયાસ બાકી ન રખાયો.

કામ કરનારા માણસો ક્યાંથી આવશે ? આ પ્રશ્ન જ ન રહ્યો. ઢગલાબંધ સ્વયંસેવકો ઊમટી પડ્યા - તેમના પ્રિય ગુરુના સમર્થનમાં. ભારતમાં પથ્થર કોતરનારા પણ પાછળ ન રહ્યા. ભંડોળની જરૂર હતી, તો ભંડોળ ઊભું કરનારાઓએ રોકડના ઢગલા ઊભા કરી દીધા. નાની-મોટી ભેટોનો ખડકલો થઈ ગયો. પુરુષો-સ્ત્રીઓ, બાળકો બધાં જ વપરાયેલાં એલ્યુમિનિયમ કેન ભેગાં કરવામાં લાગી ગયાં.અને તમે માનશો ? એલ્યુમિનિયમ કેનની રિ-સાઇક્લિંગમાંથી જે નાણાં ઊભાં થયાં તેનો શરૂઆતથી જ કુલ ભંડોળમાં મોટો હિસ્સો રહ્યો હતો.

મંદિર હવે પૂર્ણ થઈ ગયું છે. ઘણી બધી આશંકાઓ છતાં માત્ર ત્રણ વર્ષમાં જ લક્ષ્ય સિદ્ધ થઈ ગયું. મંદિરના ઘુમ્મટ, મંદિરના સ્થંભ અને મંદિરનાં શિખર ઊંચા આસમાનમાં ભગવાનની દુહાઈ બોલવી રહ્યા છે. અહીં માત્ર હિંદુઓ માટે જ વાવટા નથી ફરકી રહ્યા,

લંડનનું મંદિર એક ઉદાહરણરૂપ કથા છે. સ્થાનિકમાં આવી કથાઓ અક્ષરધામ, ગાંધીનગર. કોસંબા-તિથલ-વલસાડ, ઝાડેશ્વર, ભરૂચ અને બીજે સાકાર થઈ ચૂકી છે. સંતોમાં આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ સાથે મળીને કામ કરતા સમર્પિત અનુયાયીઓની કથાઓ વણાયેલી છે. આવું જ વિશ્વનાં અન્ય કેન્દ્રોઃ નૈરોબી-કેન્યા, ડર્બન-દક્ષિણ આફ્રિકા, ઓકલેન્ડ-ન્યુઝીલેન્ડ, અમેરિકામાં ન્યુ જર્સી અને લોસ એન્જેલસમાં છે. બે વિશિષ્ટ કેન્દ્રો અને મંદિરો અમેરિકામાં શિકાગો અને હ્યુસ્ટન ખાતે ઊભાં કરાયાં છે.

## અમેરિકા અને કેનેડામાં નવાં ભવ્ય મંદિરો

### ટોરેન્ટો મંદિર :

### 'અદ્‌ભુત - સ્થાપત્યકલાનો ચમત્કાર'

૨૦૦૭માં બે નવા પારંપારિક 'બી.એ.પી.એસ.' સ્વામિનારાયણ મંદિરો બાંધ્યા. એક ટોરોન્ટોમાં અને બીજું ઉત્તર અમેરિકાના એટલાન્ટામાં. ટોરેન્ટો મંદિરનું ઉદ્‌ઘાટન ૨૩મી જુલાઈએ કરવામાં આવ્યું. ઘણા અખબારોના મથાળામાં તેની સ્થાપત્યકીય ભવ્યતા

અને નિર્માણના જુસ્સાને બિરદાવતા શબ્દો છપાયા : 'અદ્‌ભુત મંદિર, સ્થાપત્ય કલાનો ચમત્કાર.' કેનેડાના અખબારોએ પ્રશંસા કરી, તેમાં 'ધ ગાડીઅન'માં લખાયું : 'ટોરેન્ટોનું ઘરેણું' 'ટોરોન્ટોના હિંદુ મંદિરમાં ગૂંથાયું ટોરોન્ટોની વેલ-બટ્ટીનું ભરતકામ' (ગ્લોબ એન્ડ મેઈલ); '૧,૦૦૦ વર્ષ સુધી ટકી રહે એવા રોરટન્ટોમાં બંધાયેલા પથ્થરના ભવ્ય મંદિરમાં ખરેખર પુરાતન અને અર્વાચીન કલાનું સંયોજન' ધ રેકોર્ડ.

કેનેડાના તત્કાલીન વડાપ્રધાન માન સ્ટીફન હાર્પિસે આ મંદિરને 'કેનેડાના સીમાચિહ્‌ન' તરીકે વર્ણવ્યું. કેનેડાના સ્થાપત્ય વિષયના કટાર લેખક ક્રિસ્ટોફરુમે લખ્યું : " ત્રણ વર્ષે તૈયાર થયેલું આ નવું મંદિર તેના નાજૂક નકશીકામમાં યુરોપના સૌથી વિસ્તૃત કેથડ્રેલોની પણ સ્પર્ધા કરે છે. તે આ દેશમાં જોવા મળતા સૌથી અસામાન્ય સ્થાપત્યોમાંનું એક છે."

## એટલાન્ટા મંદિર:
## ઉત્તર અમેરિકાનું સૌથી મોટું મંદિર

૨૬ ઑગષ્ટ, ૨૦૦૭માં એટલાન્ટામાં 'બી.એ.પી.એસ.' સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ થઈ. તે અમેરિકામાં ત્રીજું 'બી.એ.પી.એસ.' શિખરબંધી મંદિર છે અને ઉત્તર અમેરિકામાં સૌથી મોટું છે. મહંત સ્વામીશ્રીએ એમની તાજેતરની મુલાકાત લખતે કહ્યું, 'આ મંદિર માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય માટે નથી, એ બધાને માટે છે. કોઈપણ વ્યક્તિ જેટલી વધુ મંદિરની મુલાકાત લેશે અને જેટલો વધુ સત્સંગમાં ભાગ લેશે એટલી વધુ અંતરની શાંતિનો તેને અનુભવ થશે. ગીતા, ઉપનિષદો, ભાગવત અને બીજા શાસ્ત્રોનો આદર કરો. તમારા ધર્મમાં અડગ રહો અને બીજાઓના ધર્મની કદિ ટીકા ન કરો."

## સીનો હિલ્સ, સી.એ. :
## યુ.એસ.એ.નું ભવ્ય શિખરબદ્ધ મંદિર

ડિસેમ્બર, ૨૦૧૨માં આ શિખરબદ્ધ મંદિરનું ભવ્ય ઉદ્‌ઘાટન થયું. આ દ્વારા અમેરિકામાં સત્સંગ પ્રવૃતિનો વ્યાપ વિસ્તરાતો ગયો.

## ત્રીજું 'અક્ષરધામ' :
## યુ.એસ.એ.માં ઐતિહાસિક રચના

પ્રથમ 'અક્ષરધામ' ગુજરાત રાજ્યની રાજધાની ગાંધીનગરની ધરતી પર રચાયું.

'અક્ષરધામ' એ આકર્ષણનું મોટું કેન્દ્ર છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં તે નિર્માણ પામ્યું છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા હેઠળ 'બી.એ.પી.એસ.' દ્વારા નિર્માણ થયેલું એ

ખૂબ સુંદર મંદિર છે. દર વર્ષે આખી દુનિયામાંથી વીસ લાખથી વધુ લોકો અહીં દર્શને આવે છે. શાંતિ અને સુસંવાદના અધિષ્ઠાતા ભગવાન સ્વામિનારાયણને અર્પણ થયેલું વિશિષ્ટ સાંસ્કૃતિક સંકુલ છે. એના બાંધકામમાં હજારો માણસોએ મદદ કરી છે. ખાસ નોંધપાત્ર એ છે કે, મંદિરના બાંધકામમાં ને તે સાથે સંબંધિત પ્રવૃત્તિઓમાં ગુજરાતના ને સમગ્ર ભારતના ભક્તોએ કર-સેવા આપી હતી, હજારો યુવાનોએ સ્વૈચ્છિક સેવા પ્રદાન કરી હતી. લગભગ બધા જ ભક્તોએ તેમના કુટુંબના સભ્યોને મંદિરના કામ માટે મોકલ્યા હતા. આ લેખકના પુત્ર વ્રજેશ, જે ઈજનેરીમાં અભ્યાસ કરી રહ્યો હતો, તે આ ઘટનાને એક અદ્‌ભુત અનુભવ તરીકે વર્ણવે છે. આત્મસ્વરૂપ સ્વામીના માર્ગદર્શન હેઠળ કામ કરતાં કરતાં તેને સમાજ સેવાનો આદર્શ પાઠ મળ્યો. તેણે નૈતિક મૂલ્યોનું અનુસરણ કરવાનો પ્રયાસ કર્યો. આ પ્રોજેક્ટમાં ભાગ લેનાર ઘણાં બધાં આબાલવૃદ્ધ લોકોને કંઈ ને કંઈ શીખવા મળ્યું છે. કંઈ ને કંઈ પ્રાપ્તિનો અનુભવ થયો છે. ગુજરાત માટે આ મહાનિર્માણનું અત્યંત મહત્ત્વ છે. પ્રમુખસ્વામી મહારાજની સતત હાજરીએ કાર્યકરોને નવી દિશા દેખાડી છે ને પ્રોત્સાહિત કર્યા છે. સ્વામીશ્રીએ આ યોજનાને પોતાની ખાસ યોજના ગણી હતી. કામની જગ્યા પર તેમના વિચારો, સૂચનો અને જુસ્સો સતત જોમ પૂરાવતા. મકાનના બાંધકામ માટે એમણે રાજસ્થાનના ગુલાબી પથ્થરો પર પસંદગી ઉતારી હતી. ચોરસ શિખરને અષ્ટકોણી બનાવવાનું તેમણે સૂચવ્યું હતું. સમગ્ર ઈમારતનું મોઢું ઉત્તર તરફ રહેવું જોઈએ. આગળ વિશાળ ખાલી જગ્યા રાખવાનો વિચાર તેમનો જ હતો. મંદિરની સુંદરતામાં એનાથી ઓર વધારો થાય છે. મંદિરમાં રખાયેલું પ્રદર્શન ભારતમાં ઉત્તમ કક્ષાનું અને સમગ્ર વિશ્વમાં ભાત પાડે એવું છે. ભારતીય સંસ્કૃતિ, એનાં પરિવર્તનો, સ્વામિનારાયણ સંપ્રદાયનો વિકાસ, બધું ત્યાં ચિત્રાંકિત થયું છે. અક્ષરધામના નિર્માણમાં સારામાં સારી આધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ થયો છે. ધર્મ અને સંસ્કૃતિની સેવામાં વિજ્ઞાનનો ભરપૂર લાભ લેવાયો છે. બાંધકામ થતું હતું ત્યારે સ્વામીશ્રી વારંવાર ડિઝાઈનરો, ઈજનેરો, બિલ્ડરો, કલાકારો અને કામ કરતાં સામાન્ય માણસોને પણ મળતા ને તેમની સાથે વિચાર-વિમર્શ કરતા. તે સિવાય પત્રો દ્વારા અગર ટેલિફોન દ્વારા સતત સંપર્કમાં રહેતા હતા.

તે પછી વિશ્વની અજાયબી સમાન બીજું ‘અક્ષરધામ‘ ભારતની રાજધાની નવી દિલ્હી ખાતે રચાયું.

વિશ્વની અજાયબી સમાન ત્રીજું ‘અક્ષરધામ‘ રોબનિસ વીલા, ન્યુ જર્સી ખાતે છે. આ મંદિરની મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ૨૨ જુલાઈના રોજ શાહીબાગ મંદિર, અમદાવાદ ખાતે મંગલમય દિવ્ય વાતાવરણમાં દબદબાપૂવરક ઉજવવામાં આવ્યો હતો. ખૂબ જ ટૂકાં



BAPS
BAPS
NO ENTRY

સ્વામિનારાયણ અક્ષરધામ – ગાંધીનગર





સ્વામિનારાયણ અક્ષરધામ – ન્યુ દિલ્હી





**સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગલ ખાતે વૈદિક મંત્રોચ્ચાર કરતાં
પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ**

ગાળામાં તૈયાર થનારું આ મંદિર વિશ્વની એક અપ્રતિમ કૃતિ હશે, જે આધ્યાત્મિકતા પ્રેરિત વિશ્વશાંતિના આહ્‌લાદ દ્વારા માનવ સંસ્કૃતિને ઉજાગર કરનાર નિવડશે.

આ તો મોટાં મોટાં કેન્દ્રોની વાત થઈ, નાનાં નાનાં તો સંખ્યાબંધ કેન્દ્રો ભારતમાં અને આ બીજા દેશોમાં પણ છે. સ્વામીશ્રીની ઉંમર થઈ હોવા છતાં અને આરોગ્યના પ્રશ્નો હોવા છતાં તેઓ નિયમિત રીતે નાનાં ને મોટાં કેન્દ્રોમાં વિચરણ કરતા જ રહે છે.

આ બધાં પ્રાર્થના-કેન્દ્રો શાંતિ, સંવાદ અને પ્રેમનું પ્રસારણ કરે છે. સ્વામીશ્રીનો સંદેશ આ જ છે. અહીં ધર્મઝનૂનની, ધિક્કારવૃતિની કે ભૌતિક સગવડો આપીને લોભથી ધર્માન્તર કરવાની કોઈ વાત નથી. દરેક કેન્દ્રમાં પુરુષો-સ્ત્રીઓ-બાળકો બધાં અધ્યાત્મના પાઠ ભણે છે. શાંતિ-પ્રિય સમૂહો સાથે મળીને હિંદુ માર્ગનું સરળ જીવન જીવે છે.

સદીઓ પહેલાં હિંદુધર્મ દેશની સરહદો પાર કરીને બહાર વિસ્તર્યો હતો. વિદેશી ભૂમિ પર તેની પ્રભાવક અસરો પડી હતી. કમ્બોડિયા, લાઓસ, ઇન્ડોનેશિયા વગેરે દક્ષિણ-પૂર્વ એશિયાના અનેક દેશોમાં હિંદુ મંદિરો મળી આવે છે. તાજેતરના સમયમાં મહંત સ્વામી મહારાજની નિશ્રામાં બી.એ.પી.એસ.ની પદ્ધતિસરની ઝુંબેશના પરિણામે દુનિયાના દેશોમાં

મંદિરો અને કેન્દ્રો ખૂલી ગયાં છે. અલબત્ત,ભક્તજનોમાં મુખ્યત્વે દેશોથી સ્થળાંતર કરી ગયેલા ભારતીયો છે. પણ નિસડન મંદિરના પ્રકરણમાં જોયું એમ સ્થાનિક વસ્તી પણ પ્રભાવિત થતી ગઈ છે. બીજી મહત્ત્વની બાબત એ છે કે આ ઝુંબેશના પરિણામે આપણાં કુટુંબો અને નવી પેઢી પર પશ્ચિમી ભૌતિકવાદની સંસ્કૃતિનું આક્રમણ ખાળી શકાયું છે. પ્રાચીન આધ્યાત્મિક મૂલ્યોની ફરી પ્રતિષ્ઠા થઈ છે. આ બધાં જ મંદિરો, એમ કહી શકાય કે સ્થાનિક વસ્તીના યોગદાનથી જ ઊભાં થયાં છે.એ બધાએ સંપૂર્ણ દિલથી સહયોગ આપ્યો છે અને આ તમામ સ્થાનો સ્વ-નિર્ભર છે.

બી.એ.પી.એસ.ના વર્તમાનના ગુરુપદે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ છે. તેમણે આ પૂણ્ય કાર્ય એ જ ખંતથી ચાલુ રાખ્યું છે. તેમણે પોતાનું જીવન દિવ્યતાના પ્રચાર માટે સમર્પિત કર્યું છે. ભગવાનના મહત્ત્વ વિશેની સમજણનું માર્ગદર્શન બધા હરિભક્તોને આપે છે. એના પરિણામ સ્વરૂપ - વધુ એક મંદિર અબુધાબી ખાતે બંધાઈ રહ્યું છે. એ નોંધનીય છે કે સદીઓ પહેલાં હિન્દુત્વ ભારતમાંથી બહાર નીકળી - દક્ષિણ પૂર્વ એશિયા પહોંચ્યું હતું. કંબોડીયામાં 'અંકુરવાટ'- ભગવાન વિષ્ણુનું ભવ્ય મંદિર પરિસર તેનું ઉદાહરણ છે - તે પછી અફઘાનિસ્તાન, કોરિયા, જાપાન, ચીન વગેરે દેશોમાં બૌધધર્મ પ્રસર્યો. પરંતુ તે સદીઓ પહેલાની વાત છે.

૨૦-૨૧ સદીમાં હિન્દુત્વનો અને તેની આધ્યાત્નિકતાની સમજણ, બી.એ.પી.એસ.નાં મહંત સ્વામી મહારાજનાં નેતૃત્વ હેઠળ, સમગ્ર વિશ્વમાં પ્રસરાવ્યું અને માત્ર પૂજાનાં કેન્દ્રો જ નહી પરંતુ શિખરબદ્ધ મંદિરોની પણ સ્થાપના કરી. ગુજરાતથી સમગ્ર વિશ્વમાં આધ્યાત્મિકતાને પ્રસરાવવાનું આ ખૂબ જ મહત્ત્વનું યોગદાન છે.

## સ્વામિનારાયણ નગર - રાજકોટ

પરમ આદરણીય મહંત સ્વામી દ્વારા પ્રેરિત યુગપુરુષ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મ જયંતી મહોત્સવનું અનોખું સ્થળ એટલે સ્વામિનારાયણ નગર.

- ૫૦૦ એકરની વિશાળ ભૂમિમાં ૩૦૦ ફૂટ વિશાળ પ્રવેશદ્વાર સાથે ૫ મોટાં કલાત્મક મંદિરોમાં ૬ પ્રેરક પ્રદર્શન ખંડોમાં, ૩૫,૦૦૦ દર્શનાર્થીઓને સમાવતો લાઈટ એન્ડ સાઉન્ડ શોનું સુંદર આયોજન થયું હતું.
- ૫૦ થી વધુ સેવા-વિભાગોમાં ૮૦૦ સંતો, ૨૨,૦૦૦ સ્વયંસેવકો દ્વારા સુંદર આયોજન થયું. આ ઉપરાંત, ૧૦,૩૩,૬૦૦ સીસીનું રક્તદાન, ૩૪ કરોડ સ્વામિનારાયણ મહામંત્રનો લેખનયજ્ઞ પણ યોજાયો.

**સ્વામિનારાયણનગર, રાજકોટ**

- ૬૨૫ શાળાઓના, ૮૮,૦૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. ૧૫,૮૦૭ યજમાનો દ્વારા મહાયજ્ઞમાં ૩૮લાખ આહુતિઓ અપાઈ અને હજારો લોકો વ્યસનમુક્ત થયા.

રાજકોટથી પશ્ચિમ દિશામાં મોરબી-માધાપર બાયપાસ પર સ્થિત રાષ્ટ્રીય ધોરીમાર્ગને અડીને, ૫૦૦ એકર ભૂમિમાં પથરાયેલું વિરાટ દેવતાઈ નગર.

આ ધોરીમાર્ગ પૂર્વ-પશ્ચિમ દિશામાં હજારો વાહનોનું વહન કરી રહ્યો છે. અહીં નિર્માણ પામેલું સ્વામિનારાયણ નગર દેવતાઓને રમવાનું જાણે નંદનવન બની ગયું હતું. માર્ગથી ૨૦૦ ફૂટના અંતરે દક્ષિણ તરફ નજર નાખીએ કે સામે પહાડી વનરાજીથી કંડારવામાં આવેલો ભવ્ય ત્રિખંડી પ્રવેશદ્વાર સૌને આકર્ષતો હતો. આ પ્રવેશદ્વારની બહાર ડાબી-જમણી બાજુએ ૮-૮ અક્ષરમુક્તો પુષ્પહાર તથા પૂજા-સામગ્રી લઈ આગંતુકોને સત્કારવા ઊભેલા દર્શાતા હતા.

૪૫ ફૂટ ઊંચો, ૩૦૦ ફૂટ પહોળો અને ૩૦ ફૂટ ઊંડો ત્રિખંડી ભવ્ય પ્રવેશદ્વાર નીચે વનવેલીથી શોભતો આકાશમાં વાદળોને આંબતો ઊભો હતો.

આ પ્રવેશદ્વારનો સંદેશ હતો : વૃક્ષ, વાદળ, નદી, ઝરણાં, ધરતી, સૂરજની જેમ જેઓ જીવનભર પરને કાજે જ જીવ્યા, તેવા પરોપકારી સંત શિરોમણિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કોટિ કોટિ વંદન...

## સર્વોત્તમ જીવન-મૂલ્યોની પ્રેરણા આપતા પ્રદર્શન ખંડો

- સહજાનંદ પ્રદર્શન ખંડ
- મુક્તાનંદ પ્રદર્શન ખંડ
- ભારતાનંદ પ્રદર્શન ખંડ
- વિદ્યાર્થીઓને પ્રેરણા
- સેવાનંદ પ્રદર્શન ખંડ
- નિત્યાનંદ પ્રદર્શન ખંડ
- પરમાનંદ પ્રદર્શન ખંડ
- લાઈટ એન્ડ સાઉન્ડ શો

## સ્વામિનારાયણ નગર ઉદ્‌ઘાટન સમારોહમાં આયોજીત વિવિધ સમારોહ

- સાંસ્કૃતિક સમારોહ
- સંત પરમ હિતકારી નૃત્યનાટિકા
- ભક્તિસંગીત દ્વારા ભાવાંજલિ
- શ્રી સ્વામિનારાયણ મહાયજ્ઞ
- ભાગવતી દીક્ષા સમારોહ
- રાજકોટ મંદિર દ્વિદશાબ્દી પાટોત્સવ
- મહિલાદિન
- સહાયક સન્માન સમારોહ
- રાજદુર્ગા ગાથા
- કીર્તન-આરાધના
- હાસ્ય સંગત
- લોકસાહિત્યની પ્રસ્તુતિ

- **આ સમરોહનો ખૂબ જ અગત્યનો પ્રસંગ ગણીએ તો તે છે ભાગવતી દીક્ષા સમારોહ. નીચે જણાવેલ પાર્ષાદ ૩૫ દીક્ષા પમેલા સંતોને ભાગવતી દીક્ષા અપાઈ :**

## ભાગવતી દીક્ષાર્થી નામાવલિ

| **પાર્ષદ નામ** | **નવદીક્ષિત નામ** |
|---|---|
| ધનંજય ભગત (રાજકોટ) B.Tech (IT) | સાધુ સહૃદયદાસ |
| દુષ્યંત ભગત (રાજકોટ) M.Com | સાધુ ગુણમુનિદાસ |
| શુકદેવ ભગત (રાજકોટ) L.L.B. | સાધુ વિરાગકુશલદાસ |
| જનક ભગત (સુરત) B. Arch. | સાધુ વેદકીર્તિદાસ |
| અનિરુદ્ધ ભગત (પોર્ટલેન્ડ, યુ.એસ.એ.) B.S. | સાધુ અચલસ્વરૂપદાસ |
| અંશુમાન ભગત (હ્યુસ્ટન, યુ.એસ.એ.) B.S. | સાધુ સ્મિતવદનદાસ |
| જનમેજય ભગત (રાજુલા, અમરેલી) B.E. | સાધુ ઉત્તમમુનિદાસ |
| રામાનુજ ભગત (પોગલુ, સાબરકાંઠા) M.E. | સાધુ યોગી સંકલ્પદાસ |

| | |
|---|---|
| પુરંજન ભગત (મુંબઈ) B.E., M.B.A. | સાધુ પ્રબુદ્ધયોગીદાસ |
| વિભીષણ ભગત (ટોરન્ટો, કેનેડા) B.S. | સાધુ પ્રગાધમુનિદાસ |
| વિરાટ ભગત (એડિસન, યુ.એસ.એ.) B.S. | સાધુ કૌશલનિધિદાસ |
| સહદેવ ભગત (ન્યૂર્યોક, યુ.એસ.એ.) B.S. | સાધુ અભયતિલકદાસ |
| અભિમન્યુ ભગત (એલ.એ., યુ.એસ.એ.) B.S. | સાધુ આનંદચિંતનદાસ |
| યુધિષ્ઠિર ભગત (એલ.એ., યુ.એસ.એ.) B.A. | સાધુ શાંતનિલયદાસ |
| ભાસ્કર ભગત (એટલાન્ટા, યુ.એસ.એ.) B.S. | સાધુ યોગવર્ધનદાસ |
| પૃથુ ભગત (કોસંબા, વલસાડ) B.Tech | સાધુ સુબોધમુનિદાસ |
| વિનાયક ભગત (બીલીમોરા, નવસારી) M.Com | સાધુ પરમનિલયદાસ |
| જયદેવ ભગત (જામનગર) M.C.A. | સાધુ ગુણવર્ધનદાસ |
| નામદેવ ભગત (સુરત) Dip.Eng. | સાધુ કૌશલમૂર્તિદાસ |
| દશરથ ભગત (સુરત) B.C.A. | સાધુ નિર્મલશ્લોકદાસ |
| નૈશદ ભગત (સુરત) | સાધુ દિવ્યવંદનદાસ |
| ગૌરાંગ ભગત (પૂના, મહારાષ્ટ્ર) B.E. | સાધુ નિર્માનચરિતદાસ |
| હરિશ્ચંદ્ર ભગત (સુરત) B.E. | સાધુ ઉજ્જવલમુનિદાસ |
| સુજાત ભગત (બોરસદ, આણંદ) M.Com. | સાધુ ઉદારમુનિદાસ |
| શ્રવણ ભગત (સુરત) | સાધુ વિરાગમુનિદાસ |
| સગર ભગત (કિલ્લાપારડી, વલસાડ) M.Sc. | સાધુ કિશોરરાજદાસ |
| પરીક્ષિત ભગત (સુરત) B.Com. | સાધુ શોભિતમુનિદાસ |
| ભગીરથ ભગત (સુરત) S.Y.B.Com. | સાધુ કૈવલ્યમુનિદાસ |
| પાર્થ ભગત (ડેમોલ, આણંદ) B.C.A. | સાધુ ચૈતન્યવિવેકદાસ |
| પુંડરિક ભગત (ભુજ, કચ્છ) ITI | સાધુ મુનિરત્નદાસ |
| સુધન્વા ભગત (સુરત) B.E. | સાધુ તત્ત્વવિવેકદાસ |
| કદરજ ભગત (સુરત) | સાધુ ભક્તિતનુજદાસ |
| એકલવ્ય ભગત (ઉમલ્લા, ભરૂચ) B.A. | સાધુ શુદ્ધમુનિદાસ |
| સુનંદ ભગત (અમદાવાદ) B.E. | સાધુ આર્ષમુનિદાસ |
| અંબરીષ ભગત (બીલીમોરા, નવસારી) B.Com. | સાધુ અક્ષરનિષ્ઠદાસ |



# યૌવનને એક નૂતન આયામ

ઊર્જા અને ઉમંગના વિશ્વમાં શ્વાસ લેતા યૌવનને જો સાચી દિશા જડી જાય તો એક ચમત્કૃતિ સર્જાય છે. નવા ઇતિહાસની નવી કેડી કંડારનાર ભગીરથો તેમાંથી જન્મે છે, અને ઘરોઘર સંસ્કારોની પવિત્ર ગંગાને અવતરવામાં નિમિત્ત બની જાય છે.

યૌવનની એ ચમત્કૃતિને પ્રગટાવવા માટે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે એક મહાન સંકલ્પ કર્યો હતો- અને એમના એ દિવ્ય સંકલ્પનું સાકાર સ્વરૂપ એટલે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ.

બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનાં બીજ આજથી છ દાયકાઓ પૂર્વે યોગીજી મહારાજે વાવ્યાં અને પ્રમુખસ્વામી મહારાજે આ યુવાપ્રવૃતિને જગતભરમાં વિસ્તારી, તેના દ્વારા અનેક સાંસ્કૃતિક, આધ્યાત્મિક, નૈતિક અજવાળાં ઠેર ઠેર પ્રસરાવ્યાં અને સન ૨૦૦૭માં યુવા તાલીમ કેન્દ્ર સારંગપુર ખાતે સ્થપાયું. તાજેતરમાં આ યુવા કેન્દ્રે એક દાયકાની મજલ કાપી



ત્યારે તેનાં અનેકવિધ મધુર પરિપાકનો આસ્વાદ કરાવતો એક અવસર યોજાઈ ગયો : યુવા તાલીમ કેન્દ્ર શતાબ્દી ઉત્સવ, તા. ૨૮ મે, ૨૦૧૭ના રોજ સારંગપુર ખાતે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ઊજવવામાં આવ્યો. તે બાબતે મહંત સ્વામી મહારાજે પ્રવચનમાં જણાવ્યું કે આજે જ્ઞાન-વિજ્ઞાન અને ટૅક્નોલૉજીના સહારે વાયુવેગે આગળ વધતી ૨૧મી સદીમાં આધ્યાત્મની આંગળી પકડીને ચાલતા એવા યુવાનની જરૂર છે જે સદ્ગુણી હોય;

આજના યુગમાં જ્યારે ચારે તરફ ચારિત્ર્યનો દુકાળ સમાજના અધ:પતનની ચાડી ખાઈ રહ્યો છે, ત્યારે જરૂર છે ચારિત્ર્યવાન યુવાનોની.

આજે જરૂર છે એવા યુવાનોની જેમની જીવનભાવના જ સેવાની હોય; જેઓ બીજા માટે, સમાજ માટે, દેશ માટે સમર્પિત થાય.

જરૂર છે એવી યુવાશક્તિની જે પારિવારિક વિસંવાદિતાને દૂર કરી, સંપની સુંવાળી કડીઓથી પરિવારને પ્રેમબંધનમાં રાખી શકે.

મહંત સ્વામી મહારાજે - યુવાનને આધ્યાત્મિક બનાવવા માટે સઘન પ્રયત્નો શરૂ કરવા અનુરોધ કર્યો. યુવાનોને વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો સમન્વય કરતાં શીખવીને જીવનની સાચી દિશા બતાવી.

યુવાસભાઓ, યુવાઅધિવેશનો, યુવક-મહોત્સવો અને યુવાશિબિરો દ્વારા ચારિત્ર્યવાન યુવાસમાજ કરવાની પ્રવૃતિ દરેક કેન્દ્રમાં ચાલે છે.

## યુવા તાલીમ કેન્દ્રનો પ્રારંભિક ઈતિહાસ

કાર્યાલયમાં સત્સંગપ્રવૃત્તિનો કાર્યભાર સંભાળતા યજ્ઞપ્રિયદાસ સ્વામીએ લાંબાગાળાની એક આયોજનબદ્ધ તાલીમનું સ્વરૂપ આપવાનું આયોજન કર્યું હતું. જેના દ્વારા આ યુવાનો જ્ઞાન અને સેવાનો સમન્વય કરી જિંદગીભર સમાજ અને સત્સંગ માટે પથદર્શકનું કાર્ય કરી શકે, પોતાના અને બીજાના જીવનમાં પ્રભુભક્તિ અને વ્યવહારને સમતોલ કરી જીવનમાં ખરા અર્થમાં સફળ થઈ શકે.

આવા વિશિષ્ટ તાલીમ કેન્દ્ર માટે સ્થળ સારંગપુર પસંદ કર્યું જ્યાં વરિષ્ઠ અને વિદ્વાન સંતો અને સત્પુરુષનું સાંનિધ્ય સુપેરે મળી રહે. સારંગપુરમાં સંત તાલીમ કેન્દ્રની સાથે સાથે આ યુવા તાલીમ કેન્દ્ર પણ નવયુવાનોમાં ચારિત્ર્ય-શક્તિનો સંચાર કરે એવો નિર્ધાર થયો.

આ સર્વાંગી ઘડતરનો અભ્યાસક્રમ મુખ્ય ચાર વિભાગમાં છે.

## જ્ઞાનથી સમૃદ્ધ યુવાનનું નિર્માણ

આજના અધુનિક શિક્ષણમાં યુવાનો જેનાથી વંચિત રહી જાય છે એવાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન અહીં યુવા તાલીમ કેન્દ્રમાં થાય છે. આ મૂલ્યો યુવાનો કેળવે છે. ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુપરંપરાના જીવનના અધ્યયન દ્વારા. 'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ'. અન્ય સંપ્રદાયો અને ધર્મોના ઊંડાણપૂર્વકના અભ્યાસથી યુવાનોમાં અહીં હિંદુધર્મ,સ્વામિનારાયણ સંપ્રદાય વિશેની અસ્મિતા જાગે છે.

## કૌશલ્યયુક્ત યુવાનનું નિર્માણ

યુવાનો આત્મવિશ્વાસથી ભરપૂર બને, જીવનના દરેક આયામમાં નિપુણ બની જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકે તેની તકેદારી આ અભ્યાસક્રમ લે છે. ભારતીય નાગરિક તરીકેની પૂર્ણ ફરજ બજાવ્યા બાદ યુવાનો દરેક ક્ષેત્રે કુશળ બને તેના માટે નિષ્ણાતો અહીં આવે છે અને સચોટ માર્ગદર્શન પૂરું પાડે છે.

## દૃઢ મનોબળયુક્ત યુવાન

સમાજમાં વધતી જતી અરાજકતાનું કારણ છે સમજશક્તિ અને સહનશક્તિનો અભાવ છે. જીવનનાં દ્વંદ્વોમાં સ્થિરતા કેળવી શકે, સારા-નરસા પ્રસંગોમાં સમજશક્તિ કેળવી સદા પ્રફુલ્લિત રહી શકે, પરિવારમાં કે સમાજમાં સેવાભાવનાનું વાતાવરણ ખડું કરી શકે, એવા યુવાનોની સમાજની જરૂરિયાત યુવા તાલીમ કેન્દ્ર પૂરી કરે છે.



## સેવાભાવી, સ્વાવલંબી અને સ્વસ્થ યુવાન

પરાવલંબી જીવન હંમેશાં માનવને પાંગળો બનાવે છે. યુવા તાલીમ કેન્દ્રના રોકાણ દરમ્યાન સમૂહજીવન દ્વારા યુવાનોમાં એકબીજાને મદદ કરવાની ભાવના કેળવાય છે. પરતંત્ર જીવન કરતાં સ્વાવલંબી જીવન કેટલું સુખદાયી છે,તેનો અનુભવ યુવાનોને અહીં થાય છે. શ્રમ અને સેવાના પાઠો છ માસના પ્રશિક્ષણ દરમ્યાન દૃઢ કરે છે. જ્ઞાન, વૈચારિક સાધના અને સમજણને જીવનમાં સેવા દરમ્યાન દૃઢ કરે છે.

ગુણાતીત ગુરુ અને સંતોના જીવનમાંથી પ્રેરણા લઈ, પોતાના અને સમાજના આધ્યાત્મિક વિકાસ માટે એક વિશિષ્ટ 'અંતર જાગૃતિ પર્વ' પણ યોજાય છે. આ પર્વમાં યુવાનો વિવિધ ગામડાંઓ, શહેરોમાં જઈ સત્સંગ તેમજ અંગત આધ્યાત્મિક વિકાસ પાછળનું રહસ્ય પામે છે, અંતર જાગ્રત કરે છે.

સમયની માંગ અનુસાર વિદ્વાન વ્યક્તિઓના માર્ગદર્શન હેઠળ તેમજ ગુરુહરિની પ્રેરણા દ્વારા યુવા તાલીમ કેન્દ્રના અભ્યાસક્રમમાં નાના-મોટા સુધારાઓ થતા રહ્યા છે. અને યુવાઘડતરની પાઠશાળાને વધુ મજબૂત બનાવવામાં આવી છે. આ સમગ્ર તાલીમ યુવાનોને નિ:શુલ્ક મળે છે.

છેલ્લાં દસ વર્ષમા દર વર્ષે ૧,૨૦૦થી વધુ યુવાનોએ આ તાલીમ પ્રાપ્ત કરે છે.

અહીં તાલીમ લીધા બાદ કશું ભૂલી નથી જવાનું, પોતે શીખેલા જીવનના અમૂલ્ય પાઠો નિત્ય નવીન રહે, વીસરાઈ ન જાય, સંસ્કૃતિ-સંપ્રદાયનું ગૌરવ અને અસ્મિતા અકબંધ રહે, તે માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પણ માસિક ગોષ્ઠિઓ યોજવામાં આવે છે. વાર્ષિક કે દ્વિવાર્ષિક સ્નેહમિલનો દ્વારા સૌ તાલીમાર્થીઓ વચ્ચેનો આત્મીયતાનો સેતુ અકબંધ રહે છે, તાલીમ તાજી રહે છે. આમ 'એક યુવાન હજારોને સત્સંગ કરાવશે.. ..'

# ઘર

ઘર વિશે અનેક સૂક્તિઓ દેશ-વિદેશની અનેક ભાષાઓમાં પ્રચલિત છે,

એ પ્રત્યેક સૂક્તિ ઘરનો ભારોભાર મહિમા ગાય છે. પરંતુ એક જમાનાના અનુભવોના સત્ય સમી એ સૂક્તિઓ સાથે આજના પારિવારિક જીવનનો તાલ કેટલો મળે છે ? સૌ કોઈ જોઈ શકે છે કે સમયે કરવટ બદલી છે. ઘર, જ્યાં નિરંતર શાંતિની છત્રછાયા ઝળૂંબતી રહેતી હતી, ત્યાં અશાંતિની જ્વાળાઓ ભભૂકતી થઈ છે. ઊંચાં મન અને ઉચાટભર્યા હૈયે ચાર દિવાલોની વચ્ચે પરિવાર ભીંસાઈ રહ્યો છે. દિન-બ-દિન વધી રહેલી છૂટાછેડાની સમસ્યાઓ, પારિવારિક સમસ્યાઓને કારણે વધતો જતો આત્મહત્યા અને હત્યાઓનો દર, કૌટુંબિક ઝઘડાઓને કારણે વધતી જતી કોર્ટ-કચેરીઓની માયાજાળ- આ બધું ભારતીય સમાજે આટલી બધી મોટી માત્રામાં પૂર્વે ક્યારેય જોયું હશે ? રોજબરોજનાં સમાચાર માધ્યમો તો માત્ર 'ટીપ ઑફ આઈસબર્ગ' સમાં છે. વાસ્તવિક સ્થિતિનો અંદાજ તો હરિ જાણે.

ઘરની આ બદહાલતનાં કારણો તો અનેક જાણી શકાય તેમ છે, પરંતુ સૌથી મોટું કારણ છે- આધ્યાત્મિકતાનો અભાવ. હજુએ કરોડો ઘરમાં વધતા-ઓછા અંશે ધર્મ પ્રત્યે શ્રદ્ધા









જરૂર છે, આદર છે, પરંતુ આધ્યાત્મિકતાની સાચી દિશા નથી, સાચી સમજ નથી. જ્યાં સાચી આધ્યાત્મિકતા નથી, એકબીજાને ઉદાર દિલે માફ કરીને પોતાના હૈયે સમાવવાની વિશાળતા નથી. સાચું આધ્યાત્મ તો દરેક પ્રત્યે ઉદાર સ્નેહ અને આદરની ગંગોત્રી બની જાય છે. પરબ્રહ્મ ભગવાન શ્રી સવામિનારાયણે આધ્યાત્મિકતાનો એકડો ઘૂંટવા માટે સત્સંગ પર ખૂબ ભાર મૂક્યો છે. સત્સંગ નિત્ય જીવનમાં આધ્યાત્મિક મૂલ્યો સહજતાથી પ્રગટાવે છે. સનાતન ધર્મનાં શાસ્ત્રોથી લઈને અનેક મહાપુરુષોએ પણ એટલે જ સત્સંગનો મહિમા ગાયો છે. પરંતુ એ જાણવા છતાં આધુનિક જીવનની વ્યસ્ત ઘટમાળામાં સત્સંગને કેવી રીતે સ્થાન આપવું ? એ સમસ્યા અનેકને આભડી રહી છે. એ સમસ્યાનો સરળ ઉકેલ મહાન ગુરુવર્યોએ આપ્યો છે.

યોગીજી મહારાજે એ માટે સાપ્તાહિક સત્સંગસભાનું અદ્‌ભુત ઔષધ આપ્યું છે અને પ્રમુખસ્વામી મહારાજે ઘરસભા દ્વારા નિત્ય સત્સંગની અજોડ સંજીવની આપી છે. કોઈપણ

માણસ વ્યક્તિ અને પારિવારિક જીવનમાં ચોક્કસ આટલું તો સરળતાથી અનુસરી જ શકે. આળસ, પ્રમાદ, બિનજરૂરી આદતોમાંથી બહાર નીકળીને જે કોઈ તેને અનુસરે છે તે તેનાં મધુર ફળોથી ધન્ય બની જાય છે. એવા સ્વાનુભવોના દાખલાઓથી ગ્રંથો ભરાય તેમ છે. મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી તાજેતરમાં ઘરને મંગલ બનાવતી એ ઘરસભાનું અભિમાન છેડાયું છે.

## ઘરસભા

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની ઘરસભાની સમજણ આપતો પત્ર આપણા જીવનની દિશા અને દૃષ્ટિકોણ બદલી નાંખે તેવો છે. ઘરસભા દ્વારા આપણે શાંતિ અને સંપને ઈચ્છીએ છીએ, પરંતુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો આ પત્ર તેથી આગળની ભૂમિકામાં આપણને લઈ જાય છે. જ્યાં પરિવારના તમામ સભ્યોની દૃષ્ટિમાં દિવ્યતાનો સાગર છલકતો હોય, જ્યાં દરેકની વાણીમાં નમ્રતાની ગંગા વહેતી હોય, જ્યાં દરેકની ક્રિયામાં એકબીજાની સેવાનો સેતુ રચાતો હોય, જ્યાં સૌનું લક્ષ્ય એક મહારાજ-સ્વામીનો રાજીપો જ હોય, જ્યાં ભગવાન અને સંત વિના કોઈનું પ્રાધાન્ય ન હોય આવું એક દિવ્ય ઘર, દિવ્ય મહેલ, પરમ શાંતિનું ધામ, અલૌકિક અક્ષરધામ ઘરસભાના માધ્યમ દ્વારા રચવાની વાત પરમ પૂજ્ય સ્વામીશ્રી કરે છે.

પરમ પૂજ્ય સ્વામીશ્રી પત્રના પ્રારંભમાં જ આ વાત દૃઢાવે છે કે 'ઘરસભાને અતિ સુંદર દિવ્ય સાધન બનાવો.' તેનાથી 'ઘરને સુંદર દિવ્ય મહેલ બનાવો' એટલે કે અક્ષરધામ બનાવો. આ રચનામાં પરમ પૂજ્ય સ્વામીશ્રી સ્થૂળ રચનાની વાત નથી કરતા, પણ ઘરમાં રહેતા સભ્યોની વાતો કરે છે. એવું ઘર રચાય કે જેમાં પરિવારનો દરેક સભ્ય સમજણથી સજ્જ થયેલો, પાકી દીવાલસમો અડીખમ ઊભો હોય. બહારનું સ્થૂળ કોઈ પરિવર્તન નહીં, પરંતુ અંદરથી પરિવર્તન. પરિસ્થિતિનું પરિવર્તન નહીં, પણ ગમે તે પરિસ્થિતિમાં સ્થિર રહી શકે તેવી સ્થિતિનું નિર્માણ. આ સ્થિરતા સમજણથી આવે છે. આવી સમજણ પરિવારના દરેક સભ્યમાં સિંચવાની છે.

સમજણનું સિંચન જરા પણ દબાણ કે અધિકારથી નહીં. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સ્પષ્ટ લખ્યું કે, 'જોર-જુલમથી બિલકુલ નહીં.' કેવળ પ્રેમ, આત્મિયતા, ધીરજ અને શાંતિના માર્ગે. શિસ્તના આગ્રહી કાર્યકર્તાઓને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે, 'આપણે તો પ્રેમનો કાયદો છે.' પ્રેમ દ્વારા શિસ્ત, પ્રેમ દ્વારા મર્યાદાપાલન. આ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની શીખવેલી રીત છે. અહીં પરમ પૂજ્ય મહંત સવામી મહારાજ પણ તે જ રીતને દૃઢાવે છે. તેથી પરિવારના સભ્યો સાથેના વ્યવહારમાં પહેલાં પ્રેમ, ધીરજ

વગેરે ગુણોને પોતાના જીવનમાં કેળવવા પડશે, તો જ સમજણનું સિંચન શક્ય થશે.

## દિવ્ય મહેલની રચના

જેને આપણે દિવ્ય મહેલની રચનાની એક દીવાલ કહી શકીએ એવી પ્રથમ સમજણ છે - **ધ્યેયની સ્પષ્ટતા.**

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ આપણને જીવનનું ધ્યેય સ્પષ્ટ કરી આપ્યું છે કે અક્ષરરૂપ થવું ને પુરુષોત્તમમાં જોડાવું. આપણો જન્મ આ લોકના નાશવંત અને તુચ્છ સુખ ભોગવવા છે જ નહીં, તેથી જ સ્વામીશ્રી જણાવે છે કે વ્યવહારની વાત, લૌકિક સુખ મેળવવાની વૃત્ત જ ન હોય, 'વ્યવહાર સાથે નિસ્બત ન હોય' એટલે કે વ્યહાર કરે પણ ગૌણભાવે. જેમ નવું મકાન ચણીએ તેમાં સંડાસ બનાવવાનો વિચાર કરીએ છીએ, તેમાં કેવી ટાઈલ્સ લગાવવી, કેવું ટબ મૂકવું વગેરે અયોજન કરીએ છીએ, તેના માટે ખર્ચ પણ કરીએ છીએ, તેનો ઉપયોગ પણ કરીએ છીએ, પણ તેને જ જીવનનું લક્ષ્ય નથી બનાવતા. ક્રિયા થાય છે પણ ગૌણભાવે. શ્રીજીમહારાજના સમયથી લઈ આજ સુધી ભક્તોએ આ આદર્શનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડયું છે. દાદાખાચર, પર્વતભાઈ, ગોવર્ધનભાઈ, કલ્યાણભાઈ, શિવલાલ શેઠ, આફ્રિકાના ભક્તરાજ મગનભાઈ, હર્ષદભાઈ દવે જેવા ભક્તો આવું જીવન જીવી ગયા છે. પરમ પૂજ્ય સ્વામીશ્રી કહે છે, પ્રથમ દિવ્ય મહેલની રચનામાં આ ધ્યેયરૂપી દીવાલ રચો. સૌનાં જીવનમાં આ લક્ષ્ય દૃઢ હોય કે 'મારો જન્મ બ્રહ્મરૂપ થવા માટે જ થયો છે.'

દિવ્ય મહેલની રચનામાં બીજી દીવાલ એટલે કે બીજી સમજણ પરમ પૂજ્ય સ્વામીશ્રી આપે છે- **દિવ્યભાવની.** આપણે પરિવારના સભ્યોને હેત કરીએ છીએ, સંભાળ લઈએ છીએ, પણ મમત્વથી પોતાના માનીને કરીએ છીએ, દિવ્ય માનીને નહીં. પરમ પૂજ્ય સ્વામીશ્રી લખે છે કે 'સત્સંગની સમજણ એવી આપો કે પ્રથમ તો એકબીજાને મુક્ત સમજે, ખરું જોતાં તો આ સભ્યો મુક્તો છે.' આ ભૂમિકા જુદી છે. જેમ શ્રીજીમહારાજના સંબંધે ગઢડામાં લીમડાને કે સારંગપુરમાં ખીજડાને આપણે દિવ્ય માનીએ છીએ, તેની કડવાશ કે કાંટા ખેરવવાના સ્વભાવને જોતાં નથી, તે જ દૃષ્ટિ પરમ પૂજ્ય સ્વામીશ્રી પરિવારના સભ્યો પ્રત્યે કરવાની કહે છે. માતા દિવ્ય, પિતા દિવ્ય, પત્ની દિવ્ય, પુત્ર દિવ્ય, પુત્રી દિવ્ય, પુત્રવધુ દિવ્ય, સાસુ દિવ્ય, ઘરમાં આજુબાજુ ચારે બાજુ બધાં દિવ્ય, દિવ્ય. દિવ્ય સાથે જમવાનું, દિવ્ય સાથે રહેવાનું, દિવ્ય સાથે વાતો કરવાની. આ કલ્પના જ કેટલા દિવ્ય આનંદ અને શાંતિનો અનુભવ કરાવે છે. જો સાચે જ બધા દિવ્ય મનાય તો ઘરમાં અક્ષરધામનો અનુભવ થયા વગર રહે જ નહીં. પરમ પૂજ્ય સ્વામીશ્રી આપણા લૌકિક ઘરને તોડીને તેના સ્થાને કેવું દિવ્ય અક્ષરધામ રચી રહ્યા છે.

ગઢડા મધ્ય પ્રકરણના ૪૭મા વચનામૃતમાં શ્રીજીમહારાજ માણસાઈને વાતના પ્રારંભમાં મૂકે છે. મન દઈને માણસાઈ વ્યક્તિમાં રાખવામાં તો તે વ્યક્તિ રાજીપેર રહે. માણસાઈની વ્યાખ્યા શ્રીજીમહારાજે સ્પષ્ટ કરી નથી, પણ અંતમાં વિષય બદલીને સાથે રહેતી વ્યક્તિનો મહિમા સમજીને વ્યવહાર કરવાની જે વાત શ્રીજીમહારાજ કરે છે તે જ માણસાઈ છે તેમ જણાય છે. તેના આધારે જોઈએ તો એમ કહેવાય કે અત્યારે પરિવારજનો સાથે મમત્વથી જોડાણ છે, તેના બદલે મહિમાથી પરિવારજનો સાથે જોડાણ કરવું જોઈએ. મહિમા સમજીને પવિારજનોની વાત સાંભળવી અને સમજવી, મહિમા સમજીને પરિવારજનોનાં મન કહેતાં કે ચિત્ત પ્રસન્ન થાય તેમ કરવું અને તે પણ સેવાભાવનાથી. શ્રીહરિને અભિપ્રેત એવા આ જ મંતવ્યને પરમ પૂજ્ય સ્વામીશ્રી દૃઢાવે છે, 'એકબીજાનો મહિમા સમજે, એકબીજાને પગે લાગવાની ઇચ્છા રહ્યા કરે, એકબીજાના દાસ બની રહે', આ ભાવના જાળવીને મા-બાપ અને સંતાનો એકબીજાને પરસ્પર સમજે તે કેવી દિવ્ય વાત છે. જો આ થાય તો 'તે એવો જ છે', 'ઠપકારવો પડશે', 'આવા પર ગુસ્સો ન આવે ?' જેવા અવગુણો ખરી પડે, ઉતાવળિયો નિર્ણય ન થાય, કોઈની પણ વાત સાંભળવાની, સમજવાની, સ્વીકારવાની વૃત્તિ જાગે. દાસભાવથી, દિવ્યભાવથી સમૂળગું પરિવર્તન થઈ જાય.

દિવ્ય મહેલ-રચનાની ત્રીજી દીવાલ છે - **નિષ્ઠા.** નિષ્ઠાને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ એકડો કહ્યો છે. નિષ્ઠાને વરરાજાની મહત્તા આપીને આધ્યાત્મિક માર્ગનાં અન્ય સાધનોને જાનૈયા ગણાવ્યાં છે. 'શ્રીજીમહારાજ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ અને તેમનું પ્રગટ સ્વરૂપ મહંત સ્વામી મહારાજ મોક્ષનું દ્વાર.' આ વાત જીવમાં બેસી જાય એનું નામ નિષ્ઠા. એવું થાય તે દિવ્ય, ભવ્ય પ્રાપ્તિના આનંદના કેફમાં મહાલવા લાગે ત્યારે ઘર ભલેને ઝૂંપડું જ હોય, આર્થિક પરિસ્થિતિ ભલેને સાવ સામાન્ય હોય, તો પણ પ્રશ્ન થાય જ નહીં.

નિષ્ઠાની વાત કરતાં પરમ પૂજ્ય સ્વામીશ્રી શીખવે છે- 'કોઈનું ખંડન નહીં.' નિષ્ઠાના કેફમાં બીજાનું ખંડન, ટીકા, નિંદા કરવાનું સમગ્ર ગુરુપરંપરામાં કોઈએ ક્યારેય પણ શીખવ્યું નથી. આ કેવી અદ્ભુત વાત છે. પોતાની નિષ્ઠામાં પાકા, પણ કોઈનોય વિરોધ નહીં. તે સાથે બીજામાં જે કાંઈ સારું છે તે ગ્રહણ કરવું, તેનું મનન કરવું, પરંતુ તે મનનથી પોતાની નિષ્ઠા ગૌણ પડી જાય તે પણ ખરા સાધક માટે યોગ્ય નથી. નિષ્ઠાનો ગુણ પાકો રાખીને જ બીજા ગુણ કેળવવા જોઈએ. ટૂંકમાં, નિષ્ઠા પાકી કરતા જાવ, આનંદના કેફમાં રમતા જાવ, નિંદા-ટીકા છોડતા જાવ, સારું સારું લેતા જાવ.

'ધર્મનિયમની બનતા સુધી દૃઢતા રહે' કહીને ધર્મનિયમની વાત દ્વારા પરમ પૂજ્ય સ્વામીશ્રી આ પત્રમાં દિવ્ય મહેલની ચોથી દીવાલ ચણી રહ્યા છે. ૮૪ વર્ષે નિર્જળા

કરતા શાસ્ત્રીજી મહારાજે; કે પ્લેનમાં ઇંગ્લૅન્ડથી ભારતની લાંબી મુસાફરીમાંય પાણીનું ટીપુંય ન પીતાં યોગીજી મહારાજે; કે મોતિયાના ઑપરેશનમાં શ્રીજીમહારાજની આજ્ઞા ન તૂટે તે માટે અંધાપાને સ્વીકારવા તત્પર પ્રમુખસ્વામી મહારાજે; કહો ને કે સમગ્ર ગુરુપરંપરાએ ધર્મનિયમમાં અણિશુદ્ધ જીવીને આ પાઠ આપણને ભણાવ્યા છે. તેથી પરમ પૂજ્ય સ્વામીશ્રી લખે છે - 'ધર્મનિયમની બનતા સુધી દૃઢતા રહે.' અહીં 'બનતા સુધી' એટલે કે તેની ચરમસીમા સુધી. એટલે કે અતિ વિપરિત દેશકાળ ન આવે ત્યાં સુધી. ગઢડા અંત્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં શ્રીજીમહારાજ જણાવે છે કે દેહનો એક નિર્ધાર રહેતો નથી. દેહ સાજો-માંદો થાય, સ્વતંત્ર કે પરતંત્ર રહે, હરિભક્તોથી વિખૂટા પણ થઈ જવાય, તેમાં નિયમની દૃઢતા ન રહે. રાજાએ પરવશ રાખ્યા હોય અથવા ઇન્દ્રિયો અંતઃકરણને પરવશ થાય ત્યારે પણ સત્સંગની મર્યાદા પાળવાનો મેળ ન રહે. આવા અસાધારણ વિપરીત સંજોગોમાં નિયમ પાલનનું સાતત્ય ન પણ રહે.

ધ્યેયની સ્પષ્ટતા, સૌમાં દિવ્યભાવ-દાસભાવ, નિષ્ઠા અને નિયમ-ધર્મની દૃઢતા - આ ચાર દીવાલોને ચણીને તે ઉપર પરમ પૂજ્ય સ્વામીશ્રી રાજીપાના વિચારનું શિખર મૂકે છે. પરમ પૂજ્ય સ્વામીશ્રી જણાવે છે કે પરિવારમાં સંપ કેળવવા પાછળનું પ્રેરકબળ રાજીપાનો વિચાર હોવો જોઈએ, નહીં કે લૌકિક શાંતિ અથવા વિકાસમાં સરળતા થાય તેવા વિચારો.

સંતોને સંપ-સહૃદયભાવ અને એકતાની વાત કરતાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સાહજિક રીતે ચાર ઉપાયોને જણાવેલા - 'ખમવું, ઘસાવું, મનગમતું મૂકવું અને અનૂકુળ થવું.' પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને જ રાજી કરવાનો વિચાર પ્રગટે તો આ બધું તરત અને સાહજિકતાથી થઈ શકે તેમ છે. આવા રાજીપાના શિખર પર દિવ્ય શાંતિની ધજા કાયમ ફરકતી જ રહે.

પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સમજણની દીવાલો રચી આપણને દિવ્ય જ્ઞાન પીરસ્યું છે. પરમ પૂજ્ય સ્વામીશ્રી કહે છે, 'ખરેખર સત્સંગની સમજણથી ધાર્યું નિશાન પડે.' આ સમજણો પોતે કેળવી અને પરિવારજનોમાં કેળવવાથી આપણે ઘરમાં જ અક્ષરધામરૂપી દિવ્ય મહેલ રચી શકીએ તેમ છીએ. આ પત્ર સામાન્ય નથી. ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે, હું સૌને દિવ્ય તેજમાં બેઠેલા જ જોઉં છું, એટલે કે દિવ્ય જ જોઉં છું. આ વાત આજે મહંત સ્વામી મહારાજમાં પ્રત્યક્ષ અનુભવાય છે. તેથી જ પત્રના સંબોધનમાં પરમ પૂજ્ય સ્વામીશ્રી જણાવે છે 'સ્વામીબાપાના લાડીલા સર્વે દિવ્ય મુક્તો પ્રતિ', ખરેખર, દિવ્ય મુક્તો પર કૃપા કરીને દિવ્યપુરુષે લખેલો આ દિવ્ય પત્ર સૌમાં દિવ્યતા પૂરવાની દિવ્ય સામર્થી ધરાવે છે. તેનું આચમન કરી દિવ્ય બની જઈએ.

# અક્ષરપુરુષોત્તમ દર્શન

## 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' મંત્ર વિભાવના

**ગુરુર્જ્ઞાનમિવ જ્ઞાનં વર્તનમપિ તત્સમમ્।**
**દેહાર્પણં તથા ભક્તૌ બ્રહ્માત્મૈક્યં તદુચ્યતે ॥**

અક્ષરબ્રહ્મ ગુરુહરિ જેમ સમજે છે તેમ સમજવું, જેમ વર્તે છે તેમ વર્તવું અને તેમની જેમ પુરુષોત્તમની ભક્તિમાં પોતાનું જીવન સમર્પિત કરવું, તે અક્ષરબ્રહ્મ સાથે એકતા કહેવાય છે.


## ભૂમિકા

જીવન કોઈ ને કોઈ સમસ્યાઓથી ઘેરાયેલું રહે છે. વ્યક્તિ-વ્યક્તિએ સમસ્યાઓ જુદા જુદાં પ્રકારની હોય છે. જેમ કે- હું સામાન્ય વાર્તાલાપમાં પણ ઉગ્ર થઈ જઉં; કુટુંબમાં કે સમાજમાં સાધારણ ઘટનાઓમાં પણ હું વિચલિત થઈ જઉં છું; મને સતત એકલવાયાપણું લાગે છે; મને ભય લાગે છે; મને કોઈ ભૂત-પ્રેત વળગી ગયું હોય એમ લાગે છે; મારી પર કોઈએ મેલીવિદ્યાનો પ્રયોગ કર્યો છે; મારે કાળસર્પનો દોષ છે; મારે મનધાર્યું કરવાની ટેવ છે; હું દુર્ગુણોને જાણું છું પણ છોડી શકતો નથી, હું સદ્‌ગુણોને જાણું છું પણ અપનાવી શકતો નથી; મને ભજન કરવું ગમતું નથી, ભક્તિ નકામી લાગે છે.. ' વગેરે અનેક પ્રકારની આપણી સમસ્યાઓ છે. પરિણામે, આપણે સતત આંતરિક પીડાનો અનુભવ કરીએ છીએ.

સમસ્યાઓથી ઘેરાયેલું આ જીવન ઉન્નત, પ્રશાંત અને આનંદમય બનવાની શક્યતાઓથી ભરપૂર પણ છે. આથી જ - 'મારે નિયમિત થવું છે; મારે વિનમ્ર બનવું છે; મારે દાસભાવ કેળવવો છે; મારે શુદ્ધભાવથી સેવા કરવી છે; મારે મહારાજને રાજી કરવા છે, મારે ગુરુહરિને રાજી કરવા છે; મારે ધર્મમાં રહેવું છે; મારે ભક્તિથી જીવનને સજવું છે; મારે સજ્જન બનવું છે; મારે કુટુંબમાં શાંતિ સ્થાપવી છે; મારે એકતા કેળવવી છે.. ..' વગેરે સારા, સાચા અને સર કરી શકાય તેવા ઉચ્ચ સંકલ્પો પણ થાય છે.

'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ'- 'અક્ષર એવો હું પુરુષોત્તમનો દાસ છું' મંત્ર



श्री हरिकृष्ण महाराज
श्री गोविन्द देवजी
श्री राधाजी




ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી




પ્રાગજી ભગત



શાસ્ત્રીજી મહારાજ



યોગીજી મહારાજ



પ્રમુખ સ્વામી મહારાજ



ઉપરોક્ત સમસ્યાનો કાયમી અંત કરનાર પરમ ઉપાય છે. જીવનને ઉન્નત અને પ્રશાંત બનાવવાની સંજીવની છે. ઉચ્ચ સંકલ્પોને સર કરી શકવાની શક્તિની ખાણ છે. આ મંત્રમાં તત્વજ્ઞાન છે, સાધના છે અને મુક્તિનું રહસ્ય છે.

## તાત્ત્વિક વિભાવના

મંત્ર એટલે જેનું મનન કરી શકાય. 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' એક મનનીય મંત્ર છે. અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની દાસભાવે ભક્તિ-ઉપાસના કરવી - એ પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત તત્ત્વસિદ્ધાંત છે. 'આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં અક્ષરપ થાવું ને બીજું પુરુષોત્તમમાં જોડાવું' (સ્વામીની વાતો: ૪-૯૯) એમ કહીને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી મહારાજે પણ આ જ સિદ્ધાંતને જીવનનું પરમ ધ્યેય ગણાવ્યું છે. અક્ષરપુરુષોત્તમ દર્શન પ્રબોધિત 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' મંત્ર આ મંત્ર જીવનમાં આધ્યાત્મિક તાદાત્મ્ય સાધવામાં સહાયક નીવડે છે.

આ મંત્રમાં ત્રણ તત્વોનું અનુસંધાન છે : ૧. અક્ષરબ્રહ્મ, ૨. પુરુષોત્તમ અને ૩. મુમુક્ષુ આત્મા. 'અક્ષરમ્' શબ્દથી અક્ષરબ્રહ્મ તત્ત્વ કહેવામાં આવ્યું છે. 'પુરુષોત્તમ' શબ્દથી પરબ્રહ્મ પુરુષોત્તમ કહેવામાં આવ્યા છે અને 'અહમ્' શબ્દ અનુસંધાન કરનાર મુમુક્ષુ આત્મા માટે વપરાયો છે.

આ મંત્રને બે ભાગમાં વહેંચીને સમજીએ. એક ભાગ છે - 'અક્ષરમ્ અહમ્'; બીજો ભાગ છે - 'પુરુષોત્તમદાસોસ્મિ'.

## 'અક્ષરમ્ અહમ્'

'અક્ષરમ્ અહમ્' એટલે 'હું અક્ષર છું'. આ શબ્દો દ્વારા મુમુક્ષુ આત્માની અક્ષરબ્રહ્મ સાથે એક્તાનું અનુસંધાન કરવામાં આવ્યું છે. અક્ષરબ્રહ્મ સાથે એકતા એટલે અક્ષરબ્રહ્મનું સાધર્મ્ય પામવું. અક્ષરબ્રહ્મના ગુણો પ્રાપ્ત કરવા. અક્ષરબ્રહ્મના દિવ્ય ગુણોમાંથી જે ગુણો આપણા મોક્ષ માટે ઉપયોગી છે તે ગુણોને આત્મસાત્ કરે તેને અક્ષરબ્રહ્મ સાથે એકતા સાધી કહેવાય. તત્ત્વદૃષ્ટિએ આત્મા અક્ષરબ્રહ્માથી જુદો રહીને જ તેના ગુણોની સમતા માત્ર પ્રાપ્ત કરે છે. આથી 'હું અક્ષર છું' એમ અનુસંધાન કરવાથી આત્માનું અસ્તિત્વ જ ન રહે ને તે અક્ષરબ્રહ્મ નામનું તત્વ બની જાય તેમ આ શબ્દોનું તાત્પર્ય નથી.

## વચનામૃતમાં અક્ષરબ્રહ્મ સાથે એકતાનો ઉપદેશ

ભગવાન સ્વામિનારાયણે આધ્યાત્મિકતાના ઉચ્ચ ઉપદેશોમાં આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતાનો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે. જેમકે-

૧. **ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયના લક્ષણોમાં** - 'અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિશે અણુની પેઠે જણાય છે, એવું જ પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહી પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.' (વચનામૃત લોયા ૧૨)

૨. **મુક્તિના નિરૂપણમાં** - 'અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે.. .. અને એ અક્ષરધામને વિશે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત કોટિ મુક્ત રહ્યા છે તે સર્વે પુરુષોત્તમના દાસભાવે વર્તે છે.' (વચનામૃત ગઢડા પ્રથમ ૨૧)

૩. **શ્રેષ્ઠ ભક્તની વ્યાખ્યામાં** - 'જે વ્યક્તિ ઉપાધિને ત્યજીને બ્રહ્મરૂપ થઈને ભગવાનને ભજે તે જ ભક્ત શ્રેષ્ઠ છે.' (વચનામૃત અમદાવાદ ૨)

આ રીતે વચનામૃતમાં અનેક વાર આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતાનો ઉપદેશ સ્વામિનારાયણ ભગવાને આપ્યો છે. આ એકતા સિદ્ધ થાય તે માટે 'અક્ષરમ્ અહમ્' - હું અક્ષર છું - એમ અનુસંધાન કરવું જરૂરી છે.

અક્ષરબ્રહ્મ સદાય માયાથી પર રહે છે. માયા તેમને સ્પર્શી શકતી નથી. આથી તેમના ગુણો નિર્દોષ છે, પરમ પવિત્ર છે, કાયમના છે, સ્વાભાવિક છે, સાચા અર્થમાં ગુણો છે, ભગવાન જેને ગુણ કહે છે તેવા ગુણો છે, શ્રેયસ્કર છે, ભગવાન રાજી થાય અને આત્માને સાચી શાંતિ પમાડે તેવા ગુણો છે. આથી જ 'અક્ષરમ્ અહમ્' એમ તેમની સાથે એકતા કરવાનો સિદ્ધાંત સમજાવ્યો છે.

અહીં અક્ષર એટલે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુઓ. તેઓ આપણો આદર્શ છે. 'હું અક્ષર છું' એમ અનુસંધાન કરવું એટલે ગુરુહરિ સાથે આપોપું કરવું, 'સત્પુરુષ મારો આત્મા છે' એમ સમજવું. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આ વાત ઘણી વાર કરી છે. આપોપું કરવું અથવા તો ગુરુહરિને પોતાનો આત્મા સમજવો એટલે શું ? તેની વ્યાખ્યા પણ તેમણે કરી છે. તેમણે કહ્યું : સત્પુરુષ જેમ સમજે છે તેમ સમજવું, તે વર્તે છે તેમ વર્તવું અને તેમણે જેમ ભક્તિમાં પોતાનો દેહ સમર્પિત કરી દીધો છે તેમ સમર્પિત થઈ જવું એ આપોપું કર્યું કહેવાય, તેમને પોતાનો આત્મા સમજ્યા કહેવાય.

સ્વામિનારાયણ ભગવાને ગઢડા મધ્ય પ્રકરણના ૩૧મા વચનામૃતમાં અક્ષરબ્રહ્મનો સંગ કરવાનો ઉપદેશ આપ્યો છે.' અક્ષરમ્ અહમ્' 'હું અક્ષર છું' એમ અનુસંધાન કરીએ છીએ ત્યારે આપણે મનન દ્વારા બ્રહ્મનો સંગ પણ કરીએ છીએ. અક્ષરબ્રહ્મ ગુરુહરિ જેવું આપણું જીવન બને એટલે 'અક્ષરમ્ અહમ્' સિદ્ધ થયું કહેવાય.

## અક્ષરના મનનીય ગુણો

'અક્ષર અહમ્' એમ અનુસંધાન કરવા માટે અક્ષરબ્રહ્મના ગુણોનું સારી રીતે મનન કરેલું હોવું જોઈએ. માન-અપમાનમાં સ્થિરતા, ભગવાનના કર્તાપણાની દૃઢ સમજણ, નિરહંકારિતા, પરમાત્મભક્તિ-પરાયણ જીવન, માયાથી પરાભવ ન પામવું, ભગવાનની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે નિષ્કામ-નિર્લોભ-નિઃસ્વાદ-નિઃસ્નેહ-નિર્માન એ પાંચ વર્તમાનમાં નિત્ય વર્તવું, દયા, અજાતશત્રુતા, સદા પ્રસન્ન રહેવું, દાસભાવે સર્વની સેવા, આગ્રહરહિત જીવન, કોઈની નિંદા ન કરવી, દરેકને આદર આપવો, ભગવાન અને ભગવાનના ભક્તની સેવા, સર્વમાં દિવ્યતાભાવ, ક્યારેય ફરિયાદ ન કરવી તથા દેહમાં આસક્તિ ન રાખવી વગેરે અક્ષરબ્રહ્મ ગુરુના મનનીય ગુણો છે. ઉપનિષદો, ભગવદ્‌ગીતા, સ્વામિનારાયણ ભગવાનનાં વચનામૃત, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની વાતો તથા ગુરુપરંપરાના ઉપદેશ જેવાં શાસ્ત્રોમાં આ ગુણોનું વર્ણન પ્રાપ્ત થાય છે.

## 'પુરુષોત્તમદાસોસ્મિ'

'હું પરમાત્માનો દાસ છું' એમ 'પુરુષોત્તમદાસોસ્મિ' એવા મંત્રભાગનો અર્થ છે.

આ શબ્દો આપણા ભગવાન સાથેના સંબંધને દર્શાવે છે. દાસભાવે પરમાત્મભક્તિનું અહિં અનુસંધાન છે. 'સ્વામિનારાયણ ભગવાન સ્વયં પુરુષોત્તમ છે અને હું તેમનો દાસ છું' એમ ચિંતવન કરવાનું છે. આપણે સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનના ઉપાસક ભક્તો છીએ. પરમાત્માની ઉપાસના હંમેશાં દાસભાવે જ કરવાની હોય છે, તેથી અહીં દાસભાવને દૃઢાવવામાં આવ્યો છે.

પુરુષોત્તમ હંમેશાં સર્વોપરી રહે છે. તેમના જેવા થવા કોઈ સમર્થ નથી. અક્ષરબ્રહ્મ પણ નહીં. હા, એ સત્ય સિદ્ધાંત છે કે અક્ષરબ્રહ્મ જીવ, ઈશ્વર, માયા અને અક્ષરમુક્તોથી પણ પર છે. તેમ છતાં આવા અક્ષરબ્રહ્મના પણ નિયામક અને પર છે. આથી જ તેઓ સર્વોપરી છે. 'આવા સર્વોપરી પરમાત્માનો હું દાસ છું' એમ સતત અનુસંધાન કરવા માટે આ મંત્ર છે.

સ્વામિનારાયણ ભગવાને દાસભાવ ઉપર ખૂબ આગ્રહ રાખ્યો છે, જેમ કે -

૧. **સંપૂર્ણ સત્સંગની વ્યાખ્યામાં** - 'પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન તેનું દાસપણું મૂકે નહીં, સ્વામી-સેવકપણે કરીને ભગવાનની દૃઢ ઉપાસના કરે.' (વચનામૃત લોયા ૧)

૨. **નિર્વિકારી રહેવાના ઉપાયમાં** - 'પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું.. .. એવી રીતે પોતાના સ્વરૂપનું જેને જ્ઞાન છે, તેને ગમે તેવા સુંદર

વિષય પ્રાપ્ત થાય પણ તેણે કરીને કાંઈ લેશમાત્ર પણ તેનું મન વિકારને પામે નહીં.' (વચનામૃત લોયા ૧૦)

૩. **બ્રહ્મજ્ઞાનની વ્યાખ્યામાં** - 'પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.' (વચનામૃત ગઢડા મધ્ય - ૩)

૪. **ભક્ત-ભગવાન વચ્ચે ભેદના નિરૂપણમાં** - 'જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થાય છે તો પણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે.' (વચનામૃત ગઢડા મધ્ય ૬૭)

આ રીતે અનેક વચનામૃતોમાં મહારાજે દાસભાવે પૂર્ણ-ભક્તિ કરવાનો સિદ્ધાંત સમજાવ્યો છે.

આ દાસભાવની દૃઢતા માટે પણ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુરુહરિ જ આપણો સર્વોચ્ચ આદર્શ છે. તેઓ નિત્ય માયાથી પર છે, નિર્દોષ છે, અતિ સમર્થ છે અને દિવ્ય ગુણોથી યુક્ત છે તેમ છતાં સદાય પુરુષોત્તમ નારાયણના દાસ થઈને રહે છે. આપણી બ્રહ્મસ્વરૂપ ગુણાતીત ગુરુપરંપરામાં આ ગુણ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી મહારાજથી લઈને આજ પર્યંત બધા જ ગુરુઓએ અતિ દાસભાવે પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનને સેવ્યા છે.આથી આપણે તેમનામાંથી આ દાસભાવનો ગુણ આપણા જીવનમાં આત્મસાત્ કરીએ તો 'પુરુષોત્તમદાસોસ્મિ' સાચા અર્થમાં સિદ્ધ થયું ગણાય.

(અહીં એક બાબત નોંનોંધવી જોઈએ કે સંસ્કૃત તથા ગુજરાતી ભાષામાં આત્મા શબ્દ પુલ્લિંગમાં વપરાતો હોવાથી 'પુરુષોત્તમદાસઃ' એમ પુલ્લિંગનો પ્રયોગ થયો છે. પરંતુ કેવળ પુરુષો જ આ મંત્રનું મનન કરી શકે એવા ભાવથી પુલ્લિંગ પ્રયોગ નથી થયો. આત્મા તો પુરુષ પણ નથી અને સ્ત્રી પણ નથી. એ તો દેહના ભાવો છે. આથી 'હું આત્મા છું. મારો આત્મા અક્ષર છે અને હું પુરુષોત્તમનો દાસ છું' એમ પોતાના આત્માનું અનુસંધાન કરી બાઈ-ભાઈ સર્વે 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસસોસ્મિ' એ મંત્રનું મનન કરી શકે છે.)

આ રીતે 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' મંત્રની તાત્વિક વિભાવના આપણે જોઈ. હવે આ મંત્રનો જીવનમાં ઉપયોગ કઈ રીતે કરવો તે જાણીએ.

## ઉપયોગ

'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' એ કેવળ મંત્ર નથી, એક સર્વોત્કૃષ્ટ સમજણ છે કાદવથી ખરડાયેલા દર્પણ પર શુદ્ધ વસ્ત્ર ફેરવવાથી જે રીતે દર્પણ શુદ્ધ બને છે, તેમ આ સમજણ અંતરદર્પણને સાફ કરે છે. સાવરણીથી ઓરડો ચોખ્ખો થાય તેમ આ સમજણથી

અંતર ચોખ્ખું થાય છે.આ મંત્રને આપણે રોજિંદા જીવનની ઘટમાળમાં ઉપયોગમાં લેવાનો છે. બ્રહ્મસ્વરૂપ ગુરુઓના જીવનપ્રસંગો આ મંત્રનાં જીવંત ઉદાહરણો છે. તેને નજર સમક્ષ રાખીને તેમની જેમ જીવતાં શીખવાનું છે.

એક દાખલાથી સમજીએ. ધારો કે કો'કે આપણને અપશબ્દો કહ્યા. આપણને તે અસહ્ય લાગ્યા અને અંતર આક્રોશથી ભરાઈ ગયું. સામું વેણ કહી દેવાનું મન થઈ ગયું અથવા તો ગુસ્સો વધી જવાની શક્યતા લાગી, તેવે સમયે એમ વિચાર કરીએ કે મારા સ્થાને આ પરિસ્થિતિમાં મારા ગુરુ હોય તો શું કરે ? અને પછી 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' એમ પોતાની જાતને સંભળાવે તો ક્રોધાવેશમાંથી પાછા વળી શકાશે. ભલે કદાચ ક્રોધ સંપૂર્ણ શાંત નહીં થાય તો પણ ઘણું અનિષ્ટ થતું અટકી જશે અને એક સમય એવો પણ આવશે કે ક્રોધ આપણા જીવનમાંથી સંપૂર્ણપણે કાયમ માટે વિદાય લઈ લેશે. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે આપણને અનેક વખત સમજાવ્યું છે કે કોઈ આપણને કાંઈ અપશબ્દો જેવું બોલી જાય તો તરત જ વિચાર કરવો કે હું આત્મા છું, અક્ષર છું .. .. તો માન-અપમાન કાંઈ જ અડશે નહીં. આ જ રીતે કામના, સ્વાદના કે માનના આવેગો આવે ત્યારે આ સમજણને સંભારવાથી ઘણી રાહત થાય અને આ સમજણ દૃઢ થતાં એ આવેગોથી છુટકારો પણ મળે. આમ, આ મંત્ર સ્વભાવમુક્તિનો મંત્ર છે.

ધારો કે કોઈ કિશોર કે યુવા અભ્યાસ કરે છે અને તેને નિયમિત થવું છે, એકાગ્રતા કેળવવી છે, યાદશક્તિ વધારવી છે કે પછી લખવા-વાંચવા-વિચારવાની ક્ષમતા વધારવી છે, તો તેણે બ્રહ્મસ્વરૂપ ગુરુઓને યાદ કરી, તેઓની નિયમિતતા, એકાગ્રતા, યાદશક્તિ કે લખવા-વાંચવાની ક્ષમતા યાદ કરી, પુરુષોત્તમ નારાયણના અપાર સામર્થ્યને યાદ કરી, પોતાની જાતને સંભળાવવાનું કે 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ.' આમ કરવાથી અવશ્ય તે નિયમિત અને અકાગ્ર થવા લાગશે. તેની યાદશક્તિ અને ક્ષમતા વધવા લાગશે. આ જ રીતે અન્ય સદ્‌ગુણો પણ પ્રાપ્ત કરી શકાય છે. આમ, આ મંત્ર સદ્‌ગુણ પ્રાપ્તિનો મંત્ર છે.

આ મંત્રમાં કહેલી સમજણ જો દૃઢ થાય તો વળગાડ, નજર લાગવી, કુંડાળે પગ પ ડવો, કાળસર્પદોષ, મરણયોગ તથા મેલીવિદ્યા જેવા વહેમોમાંથી પણ અવશ્ય છુટકારો થઈ જ જાય. ગુરુહરિ મહંત સ્વામી મહારાજ ઘણી વાર કહે છે કે અક્ષર અને પુરુષોત્તમ આ બંને દિવ્ય તત્ત્વો તો નિત્ય કાળ, કર્મ અને માયાથી પર છે. તેથી આપણે જો અક્ષર સાથે એકતા કરીએ અને પુરુષોત્તમના દાસ થઈએ તો પછી હવે ખોટા વહેમ રહે જ ક્યાંથી. આમ, આ મંત્ર નિર્ભયતાનો મંત્ર છે.


આપણે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એમ મહારાજનું

નિષ્ઠાપૂર્વક ભજન કરીએ છીએ. એમ છતાં એ ભજન કરતી વખતે જ જગત-વ્યવહારના વિચારો આવે અથવા તો કોઈને વિશે ઈર્ષ્યા-દ્વેષના વિચારો આવે એવું ઘણીવાર બનતું હશે. તેથી સાચું ભજન નથી થતું અને ભજનનો સાચો આનંદ પણ નથી આવતો એવો અનુભવ થતો હશે.' અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' મંત્રની સમજણ દૃઢ કરીને સ્વામિનારાયણ.. .. સ્વામિનારાયણ .. .. ભજન કરવામાં તો અવશ્ય એ ભજન ઉત્તમ થાય, નિર્વિઘ્ને થાય તથા શાંતિ ને આનંદ આપે તેવું થાય. આમ, આ મંત્ર ભજનને ઊંચી કક્ષાએ લઈ જવાનો મંત્ર છે.

## ઉપસંહાર

'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' મંત્ર પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષર-પુરુષોત્તમ દર્શનનો તત્ત્વ-સિદ્ધાંત છે, સાધના છે. આ મંત્ર સર્વોત્કૃષ્ટ જીવનપદ્ધતિ છે, જીવનનો સાચો અભિગમ છે. આ મંત્ર સાચું આત્મચિંતન છે, આત્મવિચાર છે, અંતર્દૃષ્ટિ છે. આ મંત્ર બ્રહ્મસ્થિતિ છે.

મહંત સ્વામી મહારાજે સ્વયં જ આ મંત્ર પણ આપ્યો અને તેના રહસ્યને જીવનમાં ઉતારવાનો અનુરોધ કર્યો છે.



# ગુજરાતમાં ભૂકંપ - એકલવીરોની રાહત બ્રિગેડ

## સ્વામીશ્રીએ માનવતાની સહાયની નવી વ્યાખ્યા આપી : ૧૦૦ થી વધુ ગામડાઓમાં રાહત અને પુનઃસ્થાપન કાર્ય

શિયાળાની ઠંડી રાત... સમય રાતના ૧૧.૫૦... ભૂજમાંના 'બી.એ.પી.એસ.' ભૂકંપ રાહત કેમ્પમાં ભૂકંપગ્રસ્તોને રાહત પહોંચાડવામાં સતત લાગેલા રહેલા સ્વયંસેવકો અને સાધુઓ થોડો આરામ કરી રહ્યા હતા. પણ ટેલિફોનની ઘંટડી વાગી ત્યારે કેટલાક તો સતર્ક જ હતા. ફોનમાં અવાજ આવ્યો :

'હેલો, આજે કેટલા માણસોને જમાડ્યા ?'




BROTHER
BROTHER
BAPS

'ત્રેવીસ હજાર, સ્વામીશ્રી' બ્રહ્મવિહારી સ્વામીએ જવાબ આપ્યો.

'ભચાઉ, રાપર, અંજાર અને ખાવડામાં તાકીદે ખોરાકની જરૂર છે. ગરમ ભોજન આપવા માટે આપણે તાત્કાલિક સ્થળ પર રસોડાં શરૂ કરવાં પડશે...'

'પણ એ શક્ય નહીં બને.'

'કેમ ?'

'કારણ ત્યાં પાણી, વીજળી કે બીજી કોઈ સગવડ નથી. એટલે બીજી સંસ્થાઓની જેમ આપણે પણ ફૂડ પેકેટ વહેંચીએ છીએ...'

'ફૂડ પેકેટ તો બરાબર છે, પણ એ ઠંડાં હોય છે. જો લોકોને ગરમ ખોરાક આપી શકીએ તો એમને સારું લાગશે. માતા ભલે **દિવસમાં ત્રણ વાર,** પણ ઠંડો ખોરાક આપતી હોય તો કુટુંબના સભ્યોને લાગે કે માને એમની પ્રત્યે પ્રેમ નથી, દરકાર નથી. એ સામે, તમે માત્ર એક કપ ગરમ દૂધ આપો તો પણ ઘણો ફરક પડી જાય.'

આ સંવાદથી માનવજાતની સેવાની વ્યાખ્યાએ જ નવો અર્થ ધારણ કર્યો. તે રાત્રે પ્રમુખસ્વામી મહારાજના એક ટેલિફોને માનવીય સેવાનો નવો સંદર્ભ આપી દીધો. બીજા




ધરતીકંપના અસરગ્રસ્તો માટે ભોજન-પ્રબંધ





જ દિવસે ચાર નવાં સામૂહિક રસોડાં શરૂ થયાં અને ઉપરના વિસ્તારોમાં ગરમ ભોજન પીરસાવા માંડ્યું.

કુદરતી હોનારતથી ત્રસ્ત થયેલા લોકોને સહાય માટે સ્વૈચ્છિક સેવાની સરવાણી ઊભી કરી એ સ્વામીશ્રીનું ઘણું મોટું પ્રદાન હતું. સામાન્યતઃ રાહત-કામ એ સરકારની જવાબદારી ગણાય છે. તેઓશ્રીએ તેમની સંસ્થામાં જ કોઈ પણ માનવીય કે કુદરતી આપત્તિમાં તત્કાળ મદદે દોડી જાય એવું કાયમી તંત્ર ઊભું કર્યું. જ્યારે પણ કોઈ આફત આવે છે ત્યારે 'બી.એ.પી.એસ.'ના સ્વયંસેવકો સૌ પ્રથમ રાહત માટે દોડી જતા હોય છે. નાત-જાતના કોઈ ભેદ વગર તેમનો સહાયનો પ્રવાહ વહેતો હોયછે.

રાહત-કામને નવું પરિમાણ અપાયું. ખોરાક અને આશ્રયની કામચલાઉ વ્યવસ્થા કરવામાં જ તે પૂરું નથી થતું, કુટુંબોનો કાયમી પુનર્વસવાટ થાય એવું આર્થિક-સામાજિક માળખું ઊભું કરવા સુધી તે વિસ્તરે છે.

ઉપરની ટેલિફોનિક વાતચીત એ ગુજરાતમાં ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ સવારે ૮-૪૬ કલાકે ત્રાટકેલા મહાવિનાશક ભૂકંપ પછી ઘણા મોટા પાયા પર હાથ ધરાયેલી રાહત કામગીરીનો એક ભાગ હતો. પડકાર ખૂબ મોટો હતો અને 'બી.એ.પી.એસ.' સંસ્થાએ સ્વામીશ્રીના માર્ગદર્શન હેઠળ પૂરી તાકાતથી તે ઉપાડી લીધો હતો. અત્યંત કરુણ ઘટના હતી, લોકોને ભયંકર આઘાતની સ્તબ્ધતામાંથી બહાર લાવવાના હતા. એ માટે શારીરિક અને માનસિક બંને રીતે મોટો આધાર આપવાનો હતો. સંસ્થાએ ૧૦૦ થી વધુ ગામડાંમાં તમામ પ્રકારની રાહત અને પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓ હાથ ધરી. એકલા હાથે આટલી બેનમૂન કામગીરી કરનાર આ એકમાત્ર સંસ્થા હતી.

## ભૂકંપ – જાન્યુઆરી, ૨૦૦૧ના આઘાત પછી આપત્તિગ્રસ્ત વિસ્તારો ફરી પૂર્વવત્ ધબકતા થયાં

જાન્યુઆરી માસનો એ દિવસ, ગુજરાતના ઇતિહાસમાં ખરાબમાં ખરાબ દિવસ તરીકે નોંધાયો છે. પ્રજાસત્તાક દિનની ઉજવણી પૂરબહારમાં ચાલતી હતી એ જ વખતે આ ભયંકરતા ત્રાટકી અને જાણે ધરતીને કરવતથી વહેરી નાખી. લોકો સાવ ઊંઘતા ઝડપ ાયા. અમદાવાદ અને ભૂજ જેવાં મોટાં શહેરોમાં તબાહી બોલી ગઈ. રાજ્યભરનાં હજારો ગામડાંમાં માતમ ફેલાયો.

ગણતરીની ક્ષણોમાં ૨૦,૦૦૦ માણસોની લાશો ઢળી ગઈ. લાખ્ખો ઘાયલ થયા. કચ્છ તો ભૂકંપનું કેન્દ્ર હતું. ૧૮,૦૦૦ થી વધુ માણસો અહીં મોતને ભેટી ગયા. ત્યાંનાં મુખ્ય

શહેરો ભૂજ, અંજાર, ભચાઉ, રાપર અને ૯૦૦ થી વધુ ગામડાં જાણે કાળના ખપ્પરમાં આવી ગયાં. માલ-મિલકત અને જાનની ખુવારીનો પાર ન રહ્યો.

આજે કચ્છ જિલ્લો ફરી ગુજરાતના અન્ય જિલ્લા જેવો સામાન્ય બની ગયો હોય અને પહેલાંના જેટલા જ વેગથી ધબકતો હોય તો એમાં 'બી.એ.પી.એસ.'ના તનતોડ રાહત-પ્રયાસોનો ઘણો મોટો ફાળો છે.

## 'બી.એ.પી.એસ.' સ્વયંસેવકોએ ૪૫ દિવસ ૨૪ કલાક રસોડાં ચાલુ રાખ્યા, ભોજન પીરસ્યાં

- ભયંકર ઘટનાથી ભારે દુ:ખ, શોક અને માંદગીમાં સરી પડેલા હતપ્રભ લોકોને પ્રમુખ સ્વામીશ્રીએ અદ્‌ભુત શામક સ્પર્શ આપ્યો. દુર્ઘટના બની એ પછી ૭૫ મિનિટમાં તો ભૂજના 'બી.એ.પી.એસ.' સ્વામિનારાયણ મંદિરનું રાહત-રસોડું તૈયાર હતું. પ્રથમ ગાળામાં જ ૪,૦૦૦ લોકોને ગરમ ભોજન પૂરું પાડવામાં આવ્યું. એ વખતે ખરેખરી ભયંકરતાનો તો કોઈને બહુ ખ્યાલ પણ નહોતો. 'બી.એ.પી.એસ.'ના સાધુઓ અને સ્વયંસેવકો મિનિટોમાં તૈયાર થઈ ગયા અને રાહતની સામગ્રી સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા. તે પછી તો 'બી.એ.પી.એસ.'નાં રાહત-રસોડાં સતત ૪૫ દિવસ ચાલ્યાં. રોજ ૪૫,૦૦૦ લોકો જમતા રહ્યા. ભૂજ, અંજાર, રાપર, ભચાઉ, ખાવડા અને બધે રાહત-રસોડાં સતત ધમધમતાં રહ્યાં હતાં.
- આ લેખકના ઍડવોકેટ પુત્ર મિતુલ તેમના બીજા વકીલ મિત્રો સાથે રાહતની સામગ્રી વહેંચવા કચ્છ પહોંચી ગયા હતા. ગુજરાત હાઈકોર્ટ બાર ઍસોસિયેશનના પ્રતિનિધિ તરીકે તેઓ ગયા હતા. પહેલા તેઓ રાપર ગયા અને જોયું કે કેવી હૃદયદ્રાવક સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક વહીવટીતંત્ર પાસેથી તેમણે રાહત-સામગ્રી પહોંચાડવા માટે ગામોની યાદી મેળવી. ગામે-ગામ ફરતા હતા ત્યારે જરા આરામ માટે તેમણે એક જગ્યા પસંદ કરી. એ તૂટી ગયેલું મંદિર હતું. કોઈ ત્યાં હતું નહીં. સાંજે જ્યારે તેઓ રાપર પાછા ફર્યા ત્યારે જોયું તો સમગ્ર સંસ્થાની યુવા પ્રવૃત્તિના કન્વીનર ઈશ્વરચરણ સ્વામી સ્વંયસેવકોની ટુકડી સાથે આવી પહોંચ્યા હતા. તંબુ નંખાઈ ગયો હતો ને રસોડાની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. રોટલી સાથે ખીચડી અને શાકનું ગરમાગરમ ભોજન બધાને પીરસાયું. સ્વામીશ્રીનો સંદેશ પહોંચી ગયો હતો અને તેનો તાત્કાલિક અમલ થઈ ગયો હતો.
- કડકડતી ઠંડીની મોસમ છતાં, સાધુઓ અને સ્વયંસેવકો સવારે વહેલા ઊઠી જતા અને રાત્રે મોડે સુધી કામમાં પરોવાયેલા રહેતા. ખોરાક અને આશ્રય માટે લોકોનો

ધસારો સતત વધતો હતો. દિવસભર રસોડાના ચૂલા સળગતા રહેતા. સ્વયંસેવકો કામના ભારે બોજમાં લદાયેલા હોવા છતાં ક્યારેય નારાજ ન થતા કે કોઈને ના પડતા નહીં. ખૂબ ધીરજથી ને પ્રેમથી દરેકને ગરમ ખોરાક પીરસતા રહેતા. ભૂજમાં ઘણાં એવાં પણ કુટુંબો હતાં, જે ઊંચા ઘરનાં ગણાતાં હતાં. તેઓ રાહત-રસોડામાં ખાવા જવાનું ટાળતાં. પોતાનાં પડી ભાંગેલાં મકાનોમાં બેસી રહેતાં. જ્યારે 'બી.એ.પી.એસ.'ના સાધુઓ ખોરાકનાં કન્ટેઈનર લઈને રૂબરૂ ગયા અને તેમને ગરમ ખોરાક ખવડાવ્યો ત્યારે આ બધા દિલથી હાલી ગયા ને એકદમ ઋણી થઈ ગયા. ઘણા સરકારી કર્મચારીઓને પણ આ જ પ્રકારની સવલત અપાઈ હતી, જેઓ જુદાં જુદાં સ્થળોએ અહીં રાહત-કામગીરી માટે આવ્યા હતા. મહિનાઓ સુધી ૧,૩૦૦ સેવકો-સેવિકાઓ તેમને ટિફીન પહોંચાડતા રહ્યા હતા.

- ભચાઉમાં વહેલી સવારથી મોડી રાત સુધી ચા-નાસ્તો અપાતા રહેતા. સવારના નાસ્તામાં ચા-કૉફી અને બ્રેડ, બિસ્કિટ, ગાંઠિયા, ચેવડો વગેરે અપાતા. બપોરના ખાણામાં દાળ-ભાત-રોટલી-શાક તેમજ સાંજે ગરમાગરમ ખીચડી-કઢી પીરસાતાં.
- 'બી.એ.પી.એસ.' તરફથી રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં ભદ્રનાં અસરગ્રસ્ત સ્થળોએ પણ રાહત-રસોડાં ચાલ્યાં હતાં.
- કાતિલ ઠંડી છતાં, સ્વયંસેવકો ખરા દિલથી લોકોની સેવા કરતા હતા. તેઓ તેમના રોજના નિયમ, પૂજા-આરતી વગેરે પણ ચુસ્તતાથી પાળતા.
- મોટા આશ્ચર્યની વાત તો એ હતી કે કચ્છના ઘણા ભક્તજનો, જેમણે અંગત રીતે ઘણું સહન કરવું પડ્યું હતું, તેઓ પણ સ્વયંસેવકો તરીકે સેવામાં જોડાઈ ગયા હતા. એમાંના ૮૦ ટકાનાં ઘર ભૂકંપમાં નાશ પામ્યાં હતાં. ઘણાખરાએ પોતાનાં સ્વજનો ગુમાવી દીધા હતા.

## વિદેશીઓ 'બી.એ.પી.એસ.' સ્વયંસેવકો સાથે સેવામાં જોડાયા : સહનશીલતા અને મદદની ભાવના હૃદયને સ્પર્શી ગઈ

'ધરતીકંપે સર્જેલી ભારે તબાહીના સમાચારો બધાં અખબારોમાં ભરપૂર આવતા હતા. મેં ત્યાં જવાનું ને સ્વયંસેવક તરીકે કામ કરવાનું નક્કી કર્યું.' ફિલીપ વાયોલેટે કહ્યું. આ ફિલીપ અમેરિકામાં સાન ફ્રાન્સિસ્કો શહેરના રહેવાસી હતા. રજા ગાળવા ભારત આવેલા ને ધરતીકંપ થયો ત્યારે ગોવામાં હતા. ત્યાં સમાચાર મળતાં જ તેમના આ પ્રત્યાઘાત હતા : "જ્યારે હું મુંબઈની અમેરિકન કોન્સ્યુલેટમાં ગયો ત્યારે ત્યાંથી મને ચેતવવામાં આવ્યો, 'નહીં જતા. ત્યાં જવામાં ને એ રીતે સેવા કરવામાં મોટું જોખમ છે.' એ વખતે એક અમેરિકન અધિકારી જેઓ ભૂજથી એ જ વખતે પાછા ફરેલા તેમણે મને કહ્યું, 'તમારે

ખરેખર સેવા કરવી હોય તો 'બી.એ.પી.એસ.' નામની એક સંસ્થા ખૂબ સારું કામ કરે છે, ત્યાં જાઓ અને તેમને મળો.' મેં આ સંસ્થાનું કામ જોવાનું નક્કી કર્યું અને ત્યાં પહોંચ્યો."

"બી.એ.પી.એસ.નો રાહત-કેમ્પ મોટો હતો. નિરંતર ચોવીસ કલાક તેનું કામ સતત ચાલતું રહેતું. ખટારાઓમાં રાહતની સામગ્રી ભરવાની ને ઉતારવાની, શાકભાજી સમારવાનાં, રાહત-સામગ્રી પહોંચાડવા ગામડાઓમાં ફરવું, આ બધું કામ ચાલ્યા જ કરતું. આઠ દિવસ હું ત્યાં રહ્યો. મને સૌથી વધુ સ્પર્શી ગયેલી બાબત તે લોકોની સહનશીલતા અને ફરી ઊભા થઈ જવાની હિંમત. મને તો પાછળથી ખબર પડી કે જે એક સ્વયંસેવક મારી સાથે સેવામાં હતો એણે ધરતીકંપમાં તેના પિતા અને પુત્ર બંને ગુમાવ્યા હતા. મારી સાથે એવી મહાદુ:ખદ ઘટના બની હોત તો હું તો આઘાતમાંથી ઊંચો જ ન આવ્યો હોત. એ સ્વયંસેવકની સહનશીલતા, વિશ્વાસ અને દુ:ખીને મદદ કરવાના ઉત્સાહે મારા હૃદયને અજવાળી દીધું. મને લાગ્યું કે હું જ્યારે અમેરિકા પાછો ફરીશ ત્યારે હું એવો ને એવો નહીં હોઉં."

## સ્વિટ્ઝર્લૅન્ડના પત્રકારે જન્મદિવસની ભેટ તરીકે રાહતકાર્ય માટે ફાળો આપ્યો

ભૂજમાં રાષ્ટ્રીય અને આંતર્રાષ્ટ્રીય માધ્યમોના પ્રતિનિધિઓ ઊભરાઈ ગયા હતા. વિદેશી પત્રકારો પણ મોટા પ્રમાણમાં આવી ગયા હતા.

"હું આપને થોડા પ્રશ્ન પૂછી શકું ? મારું નામ કાર્લ છે. હું સ્વિટ્ઝર્લૅન્ડથી આવું છું ને ત્યાંના સોન્નટગેસ બ્લીક દૈનિકનો ચીફ રિપોર્ટર છું."

"જરૂર, પણ પહેલાં એમ કરો. આ રાહતની સામગ્રી ખટારામાં ભરવામાં જરા મદદ કરો," 'બી.એ.પી.એસ.'ના સ્વયંસેવકે કહ્યું. કાર્લ સેવકો સાથે જોડાઈ ગયો. એ રાત એણે 'બી.એ.પી.એસ.'ના રાહત-કેમ્પના તંબુમાં જ પસાર કરી. બીજા દિવસે કાર્લ ફરી સેવકો સાથે જોડાયો. એ બધા ૨૦ ખટારામાં ફૂડ પેકેટ, પાણીના પાઉચ અને ધાબળા ભરીને નીકળતા હતા. બધો માલ ભૂકંપગ્રસ્ત ગામડાંમાં વહેંચીને સાંજે બધા પાછા ફર્યા. આખા દિવસના સખત કામથી કાર્લ થાકીને લોથપોથ થઈ ગયો હતો. તે સીધો મંદિરમાં 'બી.એ.પી.એસ.'ના રાહતના તંત્રની કચેરીમાં ગયો અને રૂ. ૧૦,૦૦૦ આપ્યા. કહ્યું, "આજે મારો જન્મદિવસ છે. આપ સૌએ મને જન્મદિવસની અદ્ભુત ભેટ આપી છે – અન્યોને સહાય કરવાના આપના પ્રયાસોમાં સહાયભૂત થવાની." સ્વયંસેવકોએ જોયું તો કાર્લની આંખો ભીની હતી. ભૂકંપગ્રસ્તો પ્રત્યેની સહાનુભૂતિ અને તેમને મદદરૂપ થવાનો આનંદ એમાં તરવરતો હતો.

સૂર્ય અસ્તાચળે જવાની તૈયારીમાં હતો. ભૂકંપ પછીનો એ બીજો દિવસ હતો. સુખપર ગામની બધીયે શેરીઓ શાંત હતી. લગભગ બધાં જ ઘર ભોંયભેગાં થઈ ગયાં હતાં. ભારે મોટી તારાજીનું કમકમાટી થાય એવું એ દૃશ્ય હતું.

## એક વૃદ્ધનો આત્મવિશ્વાસ : 'આપણે ફરી બેઠા થઈ જશું'

આવી શેરીઓમાં એક વૃદ્ધ માણસ તેના ધ્રુજતા હાથમાં સિમેન્ટની થેલી અને લેલુ લઈને ચાલતો હતો. કેટલાક સાધુઓએ એને જોયો ને પૂછ્યું, "ક્યાં જઈ રહ્યા છો ?"

"મારું ઘર ફરી બાંધવા માટે", વૃદ્ધજને કહ્યું.

વૃદ્ધના આત્મવિશ્વાસભર્યા આ શબ્દોએ બધાનાં હૃદયને હલાવી નાખ્યાં. સાધુઓએ કહ્યું, "આવો, આપણે જરા બેસીએ. અમે તમારા દુઃખમાં ભાગીદાર થવા જ આવ્યા છીએ."

"અરે, આમાં દુઃખની ક્યાં વાત છે ? કોઈ માણસે તો આ કર્યું નથી. આ તો ઈશ્વરે જ કર્યું છે. કોઈ વ્યક્તિએ આ કર્યું હોય તો ફરિયાદ થાય, પણ ઈશ્વરની ઇચ્છાથી જ આ બધું થયું હોય તો પછી શોક શો કરવો? ઈશ્વરની જે ઇચ્છા હોય તે... આપણે ફરીથી ઊભા થઈ જશું", બોલતાં બોલતાં એ વડીલે સાધુઓ તરફ જોયું ને સ્મિત કર્યું. સાધુઓને પ્રતીતિ થઈ : ભલે સૂર્ય આકાશમાં અસ્તાચળે જતો હોય, કેટલીક વ્યક્તિઓના જીવનમાં ક્યારેય સૂર્યાસ્ત થતો નથી. એમનું શહૂર એવું હોયછે.

'બી.એ.પી.એસ.'નાં રાહતકામોથી પ્રભાવિત થનારાઓમાં કાર્લ એકલો નહોતો. જે કોઈ સ્વયંસેવકોના સંપર્કમાં આવતા એ બધાને સેવાની સુવાસ સ્પર્શી જતી. ગામડે ગામડે ફરવું ને લાંબા અંતરો કાપીને રાહત પહોંચાડવી એ મહામોટું કામ હતું. સેવકો ખાતરી રાખતા કે કોઈ પણ સ્ત્રી-પુરુષ બાકાત ન રહી જાય. ગામના દૂર દૂરના ખૂણાઓમાં રહેલા અસરગ્રસ્તોને પણ પુરવઠો બરાબર પહોંચે.

## પાકિસ્તાનની સરહદ પાસેના ગામોના કેમ્પો સુધી મદદ પહોંચાડી

રોજ સવારે ૭ વાગે ભૂજના રાહતકેન્દ્રથી ૧૮-૨૦ ખટારા ઊપડતા અને દૂરનાં અસરગ્રસ્ત ગામો તરફ જતાં. 'બી.એ.પી.એસ.' તરફથી વહેંચાતી સામગ્રીમાં ધાબળા, કપડાં, ટારપોલીન, તંબુ, ટોર્ચ, વાસણો, ટૂથબ્રશ-ટૂથપેસ્ટ, તેલના લેમ્પ, મીણબત્તી, દીવાસળી, પગરખાં ને એવી અનેક આઇટમોનો સમાવેશ થતો હતો. દરેક અસરગ્રસ્તને ફૂડપેકેટ પહોંચતાં કરાતાં ને રાંધવાનો સામાન પણ.

ખેદાન-મેદાન થઈ ગયેલાં ગામોની મોજણી દરમિયાન, સાધુઓ અને સેવકો ગામનાં સરપંચને મળતા અને કેટલા લોકો બચી ગયા છે, તેમના પરિવાર કેટલા મોટા છે તેની વિગતો મેળવતા. તે પછી કુટુંબના સભ્યોની સંખ્યા અને જરૂરિયાત પ્રમાણે તેમને રાહતનો માલ પહોંચતો કરાતો.

નખત્રાણા, અબડાસા, માંડવી જેવા તાલુકા અને વાંઢ, ચાંગોન, રત્નાપર, નારોડી, કોટડી અને બીજાં કેટલાંય ગામોમાં 'બી.એ.પી.એસ.'ના સ્વયંસેવકો રાહત-સામગ્રી લઈને પહોંચ્યા એ પહેલાં ત્યાં કશું જ મળ્યું નહોતું.

ભારત-પાકિસ્તાન સરહદે આવેલાં ગામોમાં પણ અર્ધ-લશ્કરી દળોની સહાય લઈને સ્વયંસેવકો ગયા અને દરેક પ્રકારની મદદ પૂરી પાડી.

વહેંચણીનું કામ પરોઢ થતાં જ શરૂ થતું ને મોડી રાત સુધી ચાલતું. કેમ્પમાં પાછા ફરે ત્યારે તો બધા થાકીને લોથ થઈ જતા. સમગ્ર કામગીરી દરમિયાન હજારો માણસોને બચાવ્યાનો અને સહાય આપીને ટકાવ્યોનો જ મોટો આનંદ હતો.

## શાહીબાગ મંદિર સંકલનનું મુખ્ય કેન્દ્ર : 'ટીમ વર્ક'નો જાદુ

અમદાવાદમાં શાહીબાગનું સ્વામિનારાયણ મંદિર રાહત-કામોની સમગ્ર કામગીરીના સંકલનનું મુખ્ય કેન્દ્ર હતું. રાહત-સામગ્રી માટે ટહેલ નાખવી, બધું ભેગું કરવું અને ટ્રાન્સપોર્ટમાં ભૂજ પહોંચાડવું - આ પ્રક્રિયા વેગથી ચાલ્યા કરતી. ઈશ્વરચરણ સ્વામી સમગ્ર કામગીરી સંભાળી રહ્યા હતા. ગુજરાત ઉપરાંત નવી દિલ્હી, મુંબઈ, કોલકાતા અને દક્ષિણ ભારતમાં બધે 'બી.એ.પી.એસ.'ના સાધુઓ અને સેવકો પૂરા પ્રવૃત્ત હતા. આ બધેથી વેપારીઓ, ઉદ્યોગપતિઓ,, વેપાર-ધંધાનાં મંડળો, કોર્પોરેટ ગૃહો પાસેથી રાહત અને પુનર્સ્થાપનના કામ માટે શક્ય એટલી વધુ સહાય અને સાધન-સામગ્રી ભેગી કરવામાં લાગી ગયા હતા.

રાહતની કામગીરી એ ઘણો મોટો 'ટીમ એફર્ટ' હતો. સાધુઓ, અનેક સ્ત્રી-પુરુષ સેવકો, ભક્તો, બાળકો સુદ્ધાં જોડાઈ ગયાં હતાં. ઘેર ઘેર ફરીને ફંડફાળો અને રાહત-સામગ્રી ઉઘરાવવાની વ્યાપક ઝુંબેશ ચલાવી હતી. ઘણાં ઉદ્યોગ-ગૃહોની સાંકળ અને વેપાર-ઉદ્યોગ સંસ્થાઓએ પોતાની રીતે રાહત-સામગ્રી એકઠી કરી હતી ને પછી વિતરણ માટે 'બી.એ.પી.એસ.'ને સોંપી હતી. બ્રિટનમાં આત્મસ્વરૂપ સ્વામી તેમજ બીજા સાધુઓ અને સ્વયંસેવકોએ ફંડ ઊભું કરવા ખૂબ મહેનત કરી હતી. પ્રિન્સ ચાર્લ્સે નિસડન મંદિરમાં

'સ્પોન્સર અ હોમ સ્કીમ'નો આરંભ કરતાં ભૂકંપગ્રસ્તોને સહાયરૂપ થવા સર્વેને આહ્‌વાન કર્યું હતું. અમેરિકામાં પણ યજ્ઞવલ્લભ સ્વામી, સાધુઓ અને સ્વયંસેવકોએ રાહત-ભંડોળ ઊભું કરવા ખૂબ તનતોડ મહેનત કરી હતી.

પ્રારંભના સાડા ચાર મહિનાના રાહતકામ પછી, 'બી.એ.પી.એસ.' તરફથી કાયમી પુનઃસ્થાપનની યોજના શરૂ કરાઈ. ગુણાતીતપુર ગામને ફરીથી બાંધવાના પ્રકરણે બતાવ્યું એમ આ કપરો પડકાર હતો. ગામનાં ખંડિયેર જેવું જ રહ્યું હતું, એમાંથી ફરી ગામ ઊભું કરવાનું હતું. પણ રણના જેવા વાતાવરણમાં યોગ્ય વાતાવરણ વિકસાવવાની મુશ્કેલી હતી. બાંધકામ ફરી શરૂ થયું એ વખતે ગામમાં એપ્રોચ રોડ પણ નહોતો. ખાડા-ટેકરાવાળી જમીન પર જરૂરી કાચો માલ લઈ જવાનું પણ મુશ્કેલ હતું. વારંવાર પવનના સૂસવાટા અવરોધ ઊભા કરતા. સ્વયંસેવકો ને કર્મચારીઓના તંબુ ઉખડી જતાં. ગરમી પણ અસહ્ય હતી. વધારામાં, મચ્છરો સતત પરેશાન કરી મૂકતા. એક વખત તો એવો આવ્યો કે ૨૫૮ પૈકી ૧૧૦ જેટલા સ્વયંસેવકો મેલેરિયાના તાવમાં પટકાઈ ગયા! આટલું પૂરતું ન હોય એમ સાપ અને વીંછીથી પણ સતત બચતા રહેવું પડતું. ધરતીકંપ પછીના આંચકા પણ આવ્યા કરતા. આ બધી જ તકલીફો છતાં સ્વયંસેવકો હિંમત હાર્યા નહીં. તેઓ મચેલા જ રહ્યા અને પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બધું કામ સંપૂર્ણ કર્યું.

"આ સાધુઓને અમારી સાથે કંઈ લાગતુંવળગતું નહોતું, છતાં તેમણે અમને ટેકો આપવામાં અને બધી સગવડો પૂરી પાડવામાં પાછું વાળીને જોયું નથી. તેઓશ્રીએ જે કંઈ કર્યું એનો આભાર માનવાના અમારી પાસે શબ્દો નથી." સંસ્થાના સાધુઓ અને સેવકોની ઉમદા સેવાનો લાભ પ્રાપ્ત કરનારા સૌ લાભાર્થીઓનો આ હૃદયનો ઉદ્‌ગાર હતો.

## મહંત સ્વામી અને અન્ય સાધુઓનું સતત માર્ગદર્શન

'બી.એ.પી.એસ.'ની તમામ પ્રવૃત્તિઓની જેમ અહીં પણ ઉત્તમ કક્ષાના 'ટીમ વર્ક'નો જ જાદુ હતો. પૂજ્ય મહંત સ્વામીએ સમગ્ર રાહત-કામગીરીનું સંકલન કર્યું હતું. 'બી.એ.પી.એસ.'ના અન્ય વરિષ્ઠ સાધુઓ – પૂજ્ય ડૉક્ટર સ્વામી, મહંત સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, કોઠારી સ્વામી અને બીજાઓએ કિંમતી માર્ગદર્શન અને સહાય આપ્યાં. વિદેશી દાતાઓ પાસેથી શક્ય એટલી વધુ સહાય મેળવવા આત્મસ્વરૂપ સ્વામી અને યજ્ઞવલ્લભ સ્વામીએ ખૂબ મહેનત કરી હતી. ભૂજના 'બી.એ.પી.એસ.' મંદિરના મહંત દેવચરણ સ્વામી અને અન્ય સ્થાનિક સાધુઓએ ભારે જવાબદારી ઉપાડી હતી. અહીં જ્ઞાનપ્રસાદ સ્વામી, જ્ઞાનેશ્વર સ્વામી, અક્ષયમુનિ સ્વામી, નિખિલેશ સ્વામી, વેદાંગ સ્વામી, બ્રહ્મવિહારી

સ્વામી, બ્રહ્મપ્રકાશ સ્વામી, ઋષિરાજ સ્વામી, બ્રહ્મતીર્થ સ્વામી, ભક્તેશમુનિ સ્વામી અને બધા મળીને ૧૮૦ સાધુઓએ રાહત અને પુનર્સ્થાપનના કામમાં ઘણું મોટું પ્રદાન કર્યું હતું. રાજકોટ અને જામનગરમાં પણ, યોગીસ્વરૂપ સ્વામી, જ્ઞાનવત્સલ સ્વામી, ધર્મકુંવર સ્વામી, કપિલેશ્વર સ્વામી, ધર્મનિધિ સ્વામી, યોગીવત્સલ સ્વામી, સાધુવલ્લભ સ્વામી, સંતસ્વરૂપ સ્વામી, અમૃતચરણ સ્વામી અને બીજાઓએ ઘણી મોટી કામગીરીનું સંકલન સાધ્યું હતું.

કેટલાક દાતાઓ જાતે કચ્છની મુલાકાતે ગયેલા. એ જોવા કે વિતરણનું કામ કેવી રીતે ચાલે છે. એ બધાએ તેમના દ્વારા અપાયેલા દાન અને રાહત-સામગ્રીનો ઈષ્ટતમ ઉપ યોગ થતો જોઈને બી.એ.પી.એસ.ને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા.

## કારીગરો-ખેડૂતો-મહિલાઓનું કામના સાધનો આપી પુનરુત્થાન

હિંમત એ કચ્છના લોકોનો ધ્રુવમંત્ર છે. એટલે જ તેઓ ઝડપથી પાછા પોતાના પગ પર ઊભા થઈ શક્યા. 'બી.એ.પી.એસ.' સંસ્થાએ તેમને ઓજારો આપ્યા અને તેમણે જાતે જ નવેસરથી ઘડતર કરી લીધું અને પ્રમુખસ્વામી મહારાજે ભૂજના વિખ્યાત હસ્તકલા-કારીગરોને તેમના ધંધા માટે જરૂરી — સીવવાનાં મશીન, એમ્બ્રોઈડરી કામનાં મશીન, સોનીઓનાં ઓજારો, મોચીભાઈઓનાં ઓજારો, સુથારીભાઈઓનાં સાધનો વગેરે બધું મળી રહે એ ખાસ જોયું હતું. ખેડૂતોને પણ જરૂરી સહાય અપાઈ હતી. ધરતીકંપ પછીના ચોમાસાએ કચ્છમાં દસ વર્ષનો સૌથી વધુ વરસાદ વરસાવ્યો.

ગામડાઓમાં શિક્ષિત મહિલાઓ અને પુરુષોને રોજી-રોટી મળી રહે એ માટે ખાસ તાલીમ-કેમ્પ ચલાવાયા હતા. આ બધાના પરિણામે આજે હજારો કુટુંબો તેમના પગ પર ઊભાં છે. ભરંડીયારામાં વણકરોને સુધારેલી હાથસાળ પૂરી પાડવામાં આવી. તેમને અન્ય કુશળ વણકરો દ્વારા તાલીમ પણ અપાઈ. ઉત્પાદન માટે જરૂરી કાચો માલ પણ અપાયો.

દુકાનોમાં વેપારીઓને પણ તેમના માલનો પૂરતો પુરવઠો ભરી અપાયો, જેથી તેઓ રોજના રૂ. ૧૦૦-૧૫૦ કમાઈ શકે.

'બી.એ.પી.એસ.' તરફથી ટપક સિંચાઈ આધારિત કીચન-ગાર્ડન પણ ઊભાં કરાયાં. આ યોજના હેઠળ લાભાર્થીઓને રોજના ઉપયોગ માટેનાં લીલાં શાકભાજી વાવવા પ્રોત્સાહિત કરાયા હતા. પર્યાવરણને શુદ્ધ કરવામાં એ મદદરૂપ થયું. શાળાઓમાં વિદ્યાર્થીઓને પણ કીચન-ગાર્ડન શરૂ કરવા પ્રોત્સાહિત કરાતા. જુદાં જુદાં ૫૦ ગામોને ધંધાકીય માર્ગદર્શન પૂરું પાડતાં પહેલાં ઘણીબધી તૈયારી કરી હતીઃ

૧. સૌ પ્રથમ લાભાર્થીઓ, તેમની જરૂરિયાત અને કુશળતાનો ખ્યાલ મેળવાયો.
૨. નવેસરથી શરૂઆત કરવા માટે તેમને ઓજારોની ‘કીટ’ પૂરી પાડવામાં આવી.
૩. મોટા પાયા પરના પુનઃસ્થાપનના કામમાંથી ઊભી થનારી જરૂરિયાતો સાથે તેમને જોડવામાં આવ્યા.
૪. બધાને દુઃખ અને આઘાતમાંથી બહાર લાવવા અધ્યાત્મનો આધાર અપાયો. તેમના કસબ-કારીગરી-કુશળતાને વધુ સારી બનાવવા પ્રયાસ થયો.

## આઘાત અને નિઃસહાયતા અનુભવતા વિદ્યાર્થીઓને સહાય-સાંત્વન

વિદ્યાર્થી સમૂહને મદદરૂપ થવા ખાસ યોજના બનાવી. ઘણીબધી શાળાઓ જમીનદોસ્ત થઈ ગઈ હતી. કેટલીક શાળાઓ બચી ગઈ હોય તો પણ ત્યાં વિદ્યાર્થીઓના માનસમાં અભ્યાસનો કોઈ ઉત્સાહ જ નહોતો. કેટલાકે સાવ નજીકનાં સગાંવહાલાં ગુમાવી દીધાં હતાં. મન-મસ્તિષ્ક શૂન્ય બની ગયાં હતાં. પણ આ સ્થિતિ તો લાંબી કેવી રીતે ચાલે ? સમગ્ર યુવાન પેઢીના ભાવિનો સવાલ હતો. એટલે પછી ‘બી.એ.પી.એસ.’ તરફથી કચ્છ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાની ૪૯ શાળાઓ દત્તક લેવામાં આવી. ૧૬,૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને ફરી અભ્યાસ શરૂ કરવા તમામ સવલતો આપી. જે તે ગામની વસતી અને ભાવિ જરૂરિયાતોનો ખ્યાલ કરીને ત્યાં શાળાઓ બાંધવાના નકશા તૈયાર કરાયા. ભૂકંપ સામે ભવિષ્યમાં ટકી શકે એવી ડિઝાઇનની મદદથી શાળાઓ બાંધવામાં આવી. શાળાના દરેક ઓરડામાં પંખા, ટ્યુબ-લાઇટ, ખુરશી, બેન્ચ વગેરે બધું પૂરું પાડવામાં આવ્યું હતું. દરેક ઓરડામાં કુદરતી હવા-ઉજાસ પુષ્કળ પ્રમાણમાં રહે એની કાળજી લેવાઈ હતી. શાળાની ડિઝાઇન એવી પસંદ કરાઈ હતી કે જરૂર પડે તો ઉપર બીજો માળ લઈ શકાય. આવી શાળાઓના અર્પણવિધિ કાર્યક્રમ વેળાએ સ્થાનિક રહીશો અને દાતાઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને ગણવેશ, સ્કૂલ-બૅગ, પુસ્તકો અને જરૂરી સ્ટેશનરી ભેટ આપવામાં આવી હતી.

## તંબુમાં હૉસ્પિટલ શરૂ કરી સારવાર અપાઈ

ધરતીકંપ થયો એ જ દિવસ – ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરી – થી કચ્છ, અમદાવાદ, સુરેન્દ્રનગર અને રાજકોટમાં આરોગ્ય સેવાઓ શરૂ કરી દેવાઈ હતી. રાત-દિવસ ૫૨ ડૉક્ટરો, ૩૬ પેરા-મેડિકલ સ્ટાફ અને ૧૪ સ્વયંસેવકો ખડે પગે ફરજ બજાવતા હતા. પેલા કારમા દિવસે જ ૩૦૦ દર્દીઓને સારવાર અપાઈ હતી શરૂઆતના થોડા દિવસોમાં ૫,૬૦૦ દર્દીઓને તાકીદના ધોરણે સારવાર મળી હતી. ગંભીર રોગના દર્દીઓને ખાસ

વાહનોમાં રાજકોટ ને અમદાવાદની હૉસ્પિટલોમાં ખસેડાયા હતા. પ્રાથમિક સહાય અને તાકીદની સારવાર ઉપરાંત, ભૂજમાં ‘બી.એ.પી.એસ.’ના રાહત-કેમ્પમાં જ છઠ્ઠી ફેબ્રુઆરીએ નાના પાયા પર હૉસ્પિટલ-સેવાઓ પણ શરૂ કરી દેવાઈ.

દબાણથી ફુલાવેલા તંબુમાં શરૂ કરાયેલી હૉસ્પિટલમાં એક્સરે, પેથોલૉજી લેબોરેટરી, નાનું ઑપરેશન થિયેટર અને અન્ય સવલતોને આવરી લેવામાં આવી હતી. ગુજરાતના, સમગ્ર દેશના અને વિદેશના તબીબોએ પણ આ સેવાકાર્યમાં તેમના સહયોગની ઑફરો કરી હતી. બે જ સપ્તાહમાં આ હૉસ્પિટલે ૨,૧૦૦ ભૂકંપગ્રસ્ત દર્દીઓની સારવાર કરી.

રોગચાળો ફેલાવાના મોટા ભયના સંદર્ભમાં ડૉક્ટરોની ટુકડીએ જિલ્લા આરોગ્ય અધિકારીના તંત્ર સાથે મળીને રસીકરણનો મોટો કાર્યક્રમ હાથ ધર્યો. નિદાન-કેમ્પનું આયોજન થયું. નેત્ર-યજ્ઞ યોજાયા. જ્યાં ચશ્માં વિના મૂલ્યે આપવામાં આવ્યાં. મેલેરિયા, કમળો, ગેસ્ટ્રોએન્ટ્રાઈટીસ વગેરે રોગોનો સામનો કરવા ‘આરોગ્ય જાગૃતિ ઝુંબેશ’નાં પણ આયોજન થયાં.

## મહંત સ્વામી અને અન્ય સાધુઓએ પ્રાર્થના સહિત આઘાતગ્રસ્તોને હિંમત અપાવી

ચીજવસ્તુઓ અને તબીબી સહાય ઉપરાંત ભૂકંપગ્રસ્ત લોકોને ખૂબ જરૂરી એવો સહાનુભૂતિનો અને આધ્યાત્મિક ટેકો પણ સાધુઓએ પૂરો પાડ્યો. જે કમભાગી વ્યક્તિઓએ તેમનાં સગાં, તેમનાં ઘરબાર અને જીવનનિર્વાહના આધાર ગુમાવી દીધા હતા તેમને પ્રમુખસ્વામી મહારાજ વ્યક્તિગત રીતે મળ્યા, સાંત્વના આપી અને તાકાતનું સિંચન કર્યું. તેમણે પ્રાર્થનાઓ કરી અને બધાને પ્રાર્થના કરવાનો અનુરોધ કર્યો. કુદરતી ભયંકરતાનો સામનો ઠંડી તાકાત અને દૃઢ નિરધારથી કરવા દરેકને સાબદા કર્યા.

મહંત સ્વામી અને અન્ય સાધુઓ ભૂજ અને બીજા પાયમાલ થયેલા સ્થળોએ ગયા. વ્યક્તિગત રીતે સાંત્વના આપીને અસરગ્રસ્તોને ફરી ટટ્ટાર કર્યા. ઠેર ઠેર સત્સંગ સભાઓ અને પ્રાર્થનાઓ યોજી.

સતીષ ભરતવાલા પ્રણાલિગત ભરતકામના ૩૫ વર્ષ જૂના નિષ્ણાત હતા. ધરતીકંપે તેમને લગભગ મારી જ નાખેલા. ૨૦૦૧ની ૨૭મી જાન્યુઆરીએ તેમને કાટમાળમાં દટાયેલા તે બહાર કાઢવામાં આવ્યા અને મરેલા જ માની લેવામાં આવ્યા. ભૂજના જ્યુબીલી મેદાનમાં અંતિમ સંસ્કાર માટેનાં મડદાં પડ્યાં હતાં એમાં એમને પણ મૂકી દેવાયા. બાજુમાં જ એમનાં માતા, પત્ની અને પુત્રના મૃતદેહ પણ લાવીને મુકાયા. સત્તાવાળાઓ મૃતદેહોનો

નિકાલ કઈ રીતે કરવો એની ચર્ચા કરી રહ્યા હતા ત્યાં જ એકાએક સતીષને ભાન આવ્યું. તેમને ખબર પડી ગઈ કે એમના અંતિમ સંસ્કારની વિધિ વિચારાઈ રહી છે. તેમણે ચીસ પાડવાનો પ્રયત્ન કર્યો, ઘણો પ્રયત્ન કર્યો, પણ મોંમાંથી અવાજ નીકળ્યો જ નહીં.

'બી.એ.પી.એસ.'ના એક સેવકની નજર પડી ને લાગ્યું કે સતીષ મર્યો નથી. તેણે તરત જ કેટલાક ધાબળા સતીષને ઓઢાડી દીધા. પછી તેમને બી.એ.પી.એસ.ના રાહત-કેમ્પમાં લઈ આવ્યા. ત્યાં પૂરી સારવાર થઈ. થોડા દિવસમાં સતીષ એકદમ સાજો થઈ ગયા. આખું કુટુંબ નાશ પામેલું ને તેનો ઘણો મોટો આઘાત હતો, છતાં એમાંથી પણ માનસિક રીતે તે સ્વસ્થ થવા માંડ્યો. ભૂજ ખાતેના બી.એ.પી.એસ.ના સાધુઓની સતત કાળજીથી થોડા દિવસમાં એનો આત્મવિશ્વાસ વધ્યો અને પછી સામાન્ય જીવન જીવવા પોતાના ઘરનું જે કંઈ બચ્યું હતું ત્યાં પાછો ફર્યા.

## ભવિષ્યની જરૂરિયાત મુજબની ડિઝાઈન મુજબ ગામડાંઓનું પુનઃનિર્માણ

સૌથી મોટો પડકાર નવાં ગામ બાંધવાનો હતો. કચ્છ અને સૌરાષ્ટ્રના લોકોની પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ છે. ગામડાના લોકોની જે પ્રણાલીઓ હોય તે જાળવીને જ કામ કરવાનો નિર્ણય લેવાયો. આ હેતુ માટે સ્વયંસેવકો ગામલોકોને મળ્યા અને તેમનાં દૃષ્ટિબિંદુ, તેમની જરૂરિયાતો સમજવાનો પ્રયત્ન કર્યો.

પ્રાથમિક મોજણી પછી, બાંધકામની નવી જગ્યા પસંદ કરવામાં આવી. સાધુઓ અને સેવકોએ નિષ્ણાત ઈજનેરો અને સ્થપતિઓ સાથે ઝીણવટથી બધી ચર્ચા કરી અને પછી આખરી પ્લાન તૈયાર થયા. દરેક તબક્કે સ્થાનિક લોકોને વિશ્વાસમાં લેવાના હતા.

નવાં ગામોની ડિઝાઈન ભાવિ જરૂરિયાતોને લક્ષ્યમાં રાખીને તૈયાર કરાઈ હતી. ગ્રામજનોનો મુખ્ય વ્યવસાય, પાણીની સુવિધા, વીજળી, રસ્તા વગેરે બધું ગણતરીમાં લેવાયું હતું. ગામની પંચાયત કચેરી, કોમ્યુનિટી હૉલ, શાળા, રમતનું મેદાન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પાણીની ટાંકી, પ્રાર્થના ખંડ, મંદિર, ગટર વ્યવસ્થા, શોપિંગ સેન્ટર વગેરે બધી જ વ્યવસ્થા થઈ હતી.

જ્યાં પણ જરૂર પડી ત્યાં વધારની જમીન ખરીદાઈ. એ પછી શિલાન્યાસના કાર્યક્રમો શરૂ થયા. ૨૦૦૧ના માર્ચ સુધીમાં ગામોનું પુનઃનિર્માણ શરૂ થઈ ગયું.

બી.એ.પી.એસ.ની ટુકડી સાથે વિખ્યાત 'વાસ્તુશિલ્પ ફાઉન્ડેશન ફોર સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઈન એન્વીરન્મેન્ટ ડિઝાઈન' નામની સંસ્થા પણ જોડાઈ. નવી ટેક્નિકથી ભૂકંપનો

પ્રતિકાર કરી શકે એ રીતનું બધું બાંધકામ થયું. છતમાં મેંગલોરી ટાઇલ્સ વપરાયા. ઘણીબધી મુશ્કેલીઓ છતાં ઈજનેરો અને સેવકોએ મંડ્યા રહીને લગભગ બધાં જ ગામોમાં સમયસર બધું જ બાંધકામ પૂરું કરી નાખ્યું.

આવા પ્રયાસોના પરિણામે, કચ્છ અને અન્ય સ્થળોએ નષ્ટ થયેલા વિસ્તારોના બાકીના રહેવાસીઓએ પણ એક વર્ષમાં તેમનું સામાન્ય જીવન ફરી શરૂ કર્યું. પૂર્વવત્ જીવન ઝડપથી સ્થપાયું એ વાત જ અહીંના લોકોના જોમ-જુસ્સા માટે ઘણુંબધું કહી જાય છે. સરકારી અધિકારીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ – ભારતની અને વિદેશની – બંનેએ એવો પુરુષાર્થ કર્યો કે ધરતીકંપ એ ભૂતકાળની ઘટના બની જાય.

રાજ્ય સરકારે ખૂબ ઉદાર પુનઃસ્થાપનની વિવિધ યોજનાઓ જાહેર કરી હતી. એમાં ગૃહનિર્માણ, આર્થિક પ્રવૃત્તિઓ વગેરે બધાનો સમાવેશ થતો હતો. પણ એના કરતાંય, બધાથી ચડિયાતી વાત તો પડકારો ઝીલી લેવાનું લોકોનું ખમીર હતું અને તેના કારણે જ ઝડપથી બધું થાળે પડી શક્યું.

## ‘બી.એ.પી.એસ.’ની કામગીરી આંકડામાં

‘બી.એ.પી.એસ.’ માટે કુદરતી આફતો કોઈ નવી વાત નથી, પરંતુ જાન્યુઆરીના ભૂકંપની ભયંકરતા અને તબાહી તો ઘણાં વધારે હતાં.

નીચેના ફકરાઓમાં ‘બી.એ.પી.એસ.’ તરફથી લોકો અને પશુ કલ્યાણ કેન્દ્રો માટે થયેલી સેવા-પ્રવૃત્તિની ઝલક આપી છે :

- ૨૦૦૦ની સાલમાં ‘બી.એ.પી.એસ.’ સંસ્થાએ ૨૦૯ ગામોના ૪૦,૬૪૦ અસરગ્રસ્ત લોકોને ૨૪૫ ટન સુખડી (પોષણ આહાર) વહેંચી. ૧૯,૦૦૦ પશુઓ માટે ખાણની વ્યવસ્થા કરી. ૨૦૦૧માં ગુજરાતમાં છ મહિના સુધી ૧૫,૦૦૦ પશુઓ માટે પાંચ ઢોરવાડા ચલાવ્યા.
- ૧૯૯૩માં, મહારાષ્ટ્રમાં ધરતીકંપના આંચકા આવ્યા હતા અને તેમાં અસર પામેલા સમુદ્રાલ ગામનું નવનિર્માણ કરાયું હતું. ૬૦૦ ઘર બાંધવામાં આવેલાં, જેમાં નર્સરી, શાળા, દવાખાનાં, પાણીની ટાંકીઓ, બગીચા, કોમ્યુનિટી સેન્ટર વગેરે બધી વ્યવસ્થા કરાઈ હતી. એકસો સાઈઠ ટન ખોરાક, ૨૬,૦૦૦ કાપડના પીસ, ૫,૦૦૦ વાસણો વહેંચાયાં હતાં. સ્થાનિક લોકોને ૨,૧૫૦ જેટલા રોજગાર પણ પૂરા પાડ્યા હતા.
- સુરતમાં ૧૯૯૮માં આવેલા પૂર પછી ૩૦,૦૦૦થી વધુ ફૂડ પેકેટ, ૨૦,૦૦૦ કિલો આટો અને અનાજ, ૫,૦૦૦ ધાબળા અને ૧,૦૦૦ વાસણોના સેટ વહેંચવામાં

આવ્યા હતા. એકસો બે મેડિકલ કેમ્પ સેવાભાવી ડૉક્ટરો દ્વારા યોજાયેલા.

- ગુજરાતના ૧૯૯૮ના વાવાઝોડા પછી ૧૨ ગામોના ૫,૦૦૦ લોકોને ટ્રકો ભરીને અનાજ અને કપડાં પૂરાં પાડ્યાં હતાં. કચ્છમાં રૂ. ૫,૦૦,૦૦૦ની દવાઓ વહેંચી હતી. જામનગર જિલ્લાનાં છ ગામોમાં દસ શાળાનાં મકાનો ફરી બાંધી આપ્યાં હતાં.
- દક્ષિણ ભારતના કાંઠા વિસ્તારમાં સુનામી ત્રાટક્યું એના સમાચાર મળતાં તરત જ 'બી.એ.પી.એસ.'ની રાહત ટુકડી કામે લાગી ગઈ હતી. ૨૦૦૫ની ૪થી જાન્યુઆરી સુધીમાં ૧૦૦ થી વધુ સ્વયંસેવકો સક્રિય થઈ ગયા હતા. મહાબલીપુરમ્‌ના માર્ગે રસોડાં શરૂ કરી દેવાયા હતાં. આઠ અસરગ્રસ્ત ગામોની તપાસ કરી ત્યાં અનાજ અને ઘરવખરીની ચીજોની વહેંચણી શરૂ કરાઈ હતી ને કામચલાઉ આશ્રયસ્થાનો ઊભાં કરવા માટેનો સામાન પણ મોકલાયો હતો. તામિલનાડુ, આંદામાન, નિકોબાર અને શ્રીલંકામાં પણ અસરગ્રસ્ત લોકોની રાહત માટેનું વિસ્તૃત આયોજન 'બી.એ.પી. એસ.' સંસ્થાએ તૈયાર કરી દીધું હતું.

સંસ્થાએ હોનારતમાં કામગીરી કરી એનું કેલેન્ડર આ રહ્યું :

વર્ષ ૨૦૦૫ના ઑગસ્ટમાં સંસ્થાએ ગુજરાતના અતિવૃષ્ટિ અને પૂરથી અસરગ્રસ્ત વિસ્તારો - આણંદ, ખેડા, વડોદરા, અમદાવાદ, સુરત - માં તુરત જ સહાય ગોઠવી. આવી જ અને આનાથી કંઈક વધારે મોટી કુદરતી આપત્તિ ઑગસ્ટમાં અમેરિકાના ન્યૂ ઓર્લિએન્સમાં દરિયાઈ વાવાઝોડારૂપે ત્રાટકી. લાખો લોકો બેઘર બન્યા. બી.એ.પી. એસ.ના સ્વસંસેવકો તુરત જ કાર્યરત થયા અને લોકોને આશ્રય આપવાની, દવાકીય અને વૈદ્યકીય સહાય અને ફૂડપેકેટ્સની વ્યવસ્થા અમલમાં મૂકી.

| | | |
|---|---|---|
| ૧૯૭૪ | : | ગુજરાતનો દુકાળ |
| ૧૯૭૪ | : | મહારાષ્ટ્રનો દુકાળ |
| ૧૯૭૫ | : | ગુજરાતનો દુકાળ |
| ૧૯૭૫ | : | મહારાષ્ટ્રનો દુકાળ |
| ૧૯૭૭ | : | આંધ્ર પ્રદેશમાં દરિયાઈ વાવાઝોડું |
| ૧૯૭૯ | : | મોરબીમાં પૂર |
| ૧૯૮૨ | : | સૌરાષ્ટ્રમાં પૂર |
| ૧૯૮૩ | : | સૌરાષ્ટ્રમાં પૂર |



બી.એ.પી.એસ. દ્વારા કચ્છી પ્રણાલિઓ બાંધવામાં આવેલા ભૂંગા (નિવાસ)



બી.એ.પી.એસ. તરફથી કચ્છના અસરગ્રસ્તો માટે બંધાયેલ એક શાળા અને ઘર



| | | |
|---|---|---|
| ૧૯૮૪ | : | ઈથોપીઆમાં દુકાળ |
| ૧૯૮૭ | : | ગુજરાતમાં દુકાળ |
| ૧૯૯૨ | : | જામનગરમાં અછત |
| ૧૯૯૩ | : | લાતુરમાં ભૂકંપ |
| ૧૯૯૪ | : | લૉસ એન્જેલસમાં ભૂકંપ |
| ૧૯૯૪ | : | સુરતમાં રોગચાળો |
| ૧૯૯૫ | : | પશ્ચિમ બંગાળમાં પૂર |
| ૧૯૯૬ | : | આંધ્ર પ્રદેશમાં વાવાઝોડું |
| ૧૯૯૭ | : | ગુજરાતમાં પૂર |
| ૧૯૯૮ | : | કંડલામાં વાવાઝોડું |
| ૧૯૯૮ | : | નૈરોબીમાં બૉમ્બ દુર્ઘટના |
| ૧૯૯૮ | : | મ્વાન્ઝામાં હોડી દુર્ઘટના |
| ૧૯૯૮ | : | સુરતમાં પૂર |
| ૧૯૯૯ | : | મોઝામ્બિકમાં પૂર |
| ૧૯૯૯ | : | ઓરિસ્સામાં ભયંકર વાવાઝોડું |
| ૨૦૦૦ | : | ગુજરાતમાં દુકાળ |
| ૨૦૦૧ | : | ગુજરાતમાં ધરતીકંપ |
| ૨૦૦૧ | : | ગુજરાતમાં દુકાળ |
| ૨૦૦૧ | : | ઓરિસ્સામાં પૂર |
| ૨૦૦૧ | : | ન્યૂયોર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર દુર્ઘટના |
| ૨૦૦૪ | : | દક્ષિણ ભારતમાં ત્સુનામી |
| ૨૦૦૫ | : | ગુજરાતમાં અતિ-વૃષ્ટિ અને પૂરની આફત, અમેરિકામાં ન્યૂ ઓર્લિએન્સમાં દરિયાઈ વાવાઝોડાની આફત |
| ૨૦૦૬ | : | ગુજરાતમાં તાપી નદીમાં ભારે પૂરથી અસરગ્રસ્ત સુરત શહેર અને આજુબાજુના વિસ્તારોના લોકોને સહાય |

'બી.એ.પી.એસ.'ના સ્વયંસેવકો ઉત્સાહી અને પ્રતિબદ્ધ છે. તેઓ જીવનના બધાં ક્ષેત્રોમાંથી આવે છે અને કશાયે મહેનતાણા વગર કામમાં મચી પડે છે. સ્વામીશ્રી પોતે જ જીવતુ જાગતું ઉદાહરણ છે. વ્યક્તિગત પ્રવાસો મારફત તેઓ રાત-દિવસ સેવાઓ આપતા સાધુઓ અને સેવકો સાથે જીવંત સંપર્ક રાખે છે. સ્વામીશ્રીએ ધાર્મિક સંસ્થાઓ અને ધર્મને નવો જ અર્થ આપ્યો છે. ધર્મ એટલે માત્ર મંદિરોમાં જઈને પ્રાર્થના કરવી એ જ નહીં, ઉપદેશો આપવા એ જ નહીં, પણ એનો અર્થ એ કે જરૂરિયાતના સમયે લોકોની સેવા માટે દોડી જવું. પછી તેઓ ભક્તજનો છે કે નહીં, આપણા ધર્મના છે કે બીજા, એ કંઈ જ જોવાનું નહીં. રાહતનું કામ માત્ર ખોરાકનાં પેકેટ વહેંચવાથી પતી જતું નથી. લોકો પૂર્વવત્ જીવન પ્રાપ્ત કરે એ માટે તેમને સહાયરૂપ થવાનું હોય છે. આર્થિક પ્રવૃત્તિ ફરી ધમધમે એ માટે પ્રયાસ કરવાના હોય છે. પ્રથમ પગલા તરીકે, હોનારતમાં ઘર પડી ગયું હોય એ ફરી બાંધી આપવાનું હોય છે. આ બધી જ પ્રવૃત્તિઓમાં સાધુઓ શામક સ્પર્શ આપે છે.




▲ જુદા જુદા દેશના એલચીઓ સાથે લંડનના નિસડન મંદિરમાં યોજાયેલી પ્રાર્થનાસભામાં 'સુનામી'ના અસરગ્રસ્તો માટે બી.એ.પી.એસ.ની ટહેલ

▼ બી.એ.પી.એસ.નું સુનામી રાહતકામ



# જ્ઞાન-આધ્યાત્મ-વિજ્ઞાનનો ત્રિવેણી સંગમ

## સ્વામિનારાયણ અક્ષરધામ - નવી દિલ્હી શ્રદ્ધા અને શાંતિસ્થાન

'સ્વામિનારાયણ અક્ષરધામ'-નવી દિલ્હી ભારતના ગૌરવવંતા વારસાના હાર્દરૂપ સત્ત્વોના અનેકવિધ પાસાંઓ અભિવ્યક્ત કરે છે : આધ્યાત્મિકતા, દક્ષતા, જ્ઞાન, કલા, સ્થાપત્ય અને વિજ્ઞાન. એ ભૂતકાળનો ઉત્સવ ઉજવે છે, વર્તમાન સાથે સંવાદ રચે છે અને ભવિષ્યને આકાર અર્પે છે. એ સૌને ઈશ્વરમાં શ્રદ્ધા, શાંતિ અને સુખ, પ્રામાણિકતા-પવિત્રતા અને રાષ્ટ્રીય ગર્વ પ્રત્યે આકર્ષિત કરે છે. એ સ્વૈચ્છિક સેવા, બૌદ્ધિક તેજસ્વિતા અને આધ્યાત્મિક શ્રદ્ધાનું પ્રમાણ છે. આ મંદિરનો પ્રોજેક્ટ પૂરો કરવામાં ૩,૦૦૦ લાખ કલાક કુશળ અને સ્વૈચ્છિક સેવાકાર્યનું યોગદાન કરવામાં આવ્યું હતું.

“અક્ષરધામ એ શ્રદ્ધાસ્થાન અને શાંતિસ્થાન છે. એ માનવજાતને શાશ્વત સુખ પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાં સંપન્નતા અને બળ પૂરાં પાડે છે. એ જ્ઞાન, આધ્યાત્મ અને વિજ્ઞાનનો ત્રિવેણી સંગમ છે.”

## ડૉ. અબ્દુલ કલામ : અક્ષરધામ વિકસિત ભારતનું સપનું પૂર્ણ કરવામાં પ્રેરક

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે એવી લાગણી વ્યક્ત કરી હતી કે, “મને એવી લાગણી થાય છે કે જાણે હું કોઈ બીજી દુનિયામાં છું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં, નવી દિલ્હીમાં 'સ્વામિનારાયણ અક્ષરધામ સાંસ્કૃતિક સંકુલ'ના લોકાર્પણ સમારંભમાં ભાગ લેતાં હું ખરેખર પ્રસન્નતા અનુભવું છું. આજે જ્યારે મેં 'અક્ષરધામ સાંસ્કૃતિક સંકુલ'માં પ્રવેશ કર્યો ત્યારે મને 'આધ્યામિકતા અને સમાજસેવાનો સુમેળ કઈ રીતે કરી શકાય ?' એ પ્રશ્નનો ઉત્તર મળી ગયો. બન્નેને તમે છૂટાં કેવી રીતે પાડી શકો ? જેઓ પ્રમાણિકપણે સમાજની સેવા કરવા ઈચ્છતા હોય તેમણે આધ્યાત્મિક રીતે પવિત્ર હોવું જ જોઈએ અને જેઓ આધ્યાત્મિક રીતે પવિત્ર હોય તેઓ જ પ્રામાણિકપણે સમાજની સેવા અને દેશની સેવા કરી શકે.

"પૂજા-આરાધનાના નવા મુખ્ય કેન્દ્ર એવા આ સ્વામિનારાયણ અક્ષરધામે ભારતીય સંસ્કૃતિ અને શ્રદ્ધામાં ગૌરવનો ઉમેરો કર્યો છે.

## દિવ્ય બાળ સ્વામિનારાયણનો આત્મા

"પણ એના સર્જક કોણ છે ? સર્જકને આપણે વિશાળ ફિલ્મ થિયેટરમાં જોયો. એક બાળક જે નદીઓ તરે છે, હિમઆચ્છાદિત હિમાલય ઉપર ચઢે છે, પડે છે અને પાછો ઉપર ચઢે છે, ઉપર ને ઉપર ચઢયા જ કરે છે, દેશભરમાં પગપાળા વિચરતો રહે છે... અને ભારતીય સભ્યતાનું પારણું ખોળી કાઢે છે. કોણ છે આ બાળક? એ બાળકને તમે યાદ કરી શકો છો ? અરે, એ તો દિવ્ય બાળક છે, બાળ સ્વામિનારાયણ! એ દિવ્ય બાળકને આપણે ભારતીય સભ્યતાના ગતિશીલ સ્વરૂપ રૂપે આપણી સામે 'અક્ષરધામ'નો જન્મમાં જોઈ રહ્યા છીએ.

એક સુંદર સાંસ્કૃતિક સંકુલનું નિર્માણ થયું છે. એ એક શિક્ષણ, અનુભવ અને પ્રબુદ્ધતાનું સ્થળ છે. તેમાં પરંપરિત પથ્થરના નકશીકામ અને સ્થાપત્ય કલા, ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા, પ્રાચીન મૂલ્યો અને બુદ્ધિકૌશલ્ય તેમજ આધુનિક માધ્યમો અને ટેક્નોલૉજીનો સર્જનાત્મક સંયોજન થયું છે. આ સંકુલના બહુસ્તરીય આયોજનમાં બુદ્ધિશક્તિ, માનવીય ઈચ્છાશક્તિ, અદમ્ય સામર્થ્ય, અસ્ખલિત કરુણા, વિજ્ઞાન અને તબીબી સુઝનું સંયોજન, જુદી જુદી સંસ્કૃતિઓના વિવિધ રંગ તેમજ આખરી સ્વરૂપમાં જ્ઞાનની શક્તિ અભિવ્યક્ત થાય છે. તત્ત્વતઃ, આ જીવંત પ્રતિમાઓનું ચેતનવંતું સંકુલ છે.

"અત્યારે, સ્વયંસેવકો (અનુયાયીઓ)ની પ્રતિબદ્ધતા અને સર્મપણ ભાવના દ્વારા ૨૧મી સદીની પ્રભાતના સમયે 'અક્ષરધામ' સાકાર થયું છે. 'અક્ષરધામ'માં આજે જે બન્યું છે તે જોઈને મને એવું પ્રોત્સાહન મળ્યું છે અને એવો વિશ્વાસ જન્મ્યો છે કે, આપણે એ કરી શકીએ તેમ છીએ - આપના જેવા લાખો પ્રોત્સાહિત લોકોના બુદ્ધિબળ દ્વારા ૨૦૨૦ પહેલાં વિકસિત ભારતનું નિર્માણ કરવું નિશ્ચિતરૂપે શક્ય છે."

## મંદિર : ગુલાબી પથ્થર અને સફેદ આરસની કલાત્મક કોતરણીયુક્ત સ્થાપત્ય

તે સુંદર ગુલાબી પથ્થર અને સફેદ આરસથી બાંધવામાં આવ્યું છે. આ સ્થાપત્યની ઊંચાઈ ૧૪૧ ફુટ અને લંબાઈ ૩૧૬ ફુટ છે. તે સ્ટીલના ઉપયોગ વગર બંધાયેલું છે. તે કલાત્મક કોતરણીયુક્ત ૨૩૪ સ્થંભ, ૯ સુશોભિત ગુંબજ, ૨૦ ચતુષ્કોણાકાર શિખરથી સુશોભિત છે. તેની ભવ્ય 'ગજેન્દ્ર પીઠ' (પથ્થરમાં કંડારેલા હાથીની પ્લીન્થ), તથા બહારની




સંગીતમય ફુવારો – અક્ષરધામ, નવી દિલ્હી

ભારતની ૧૨૦ પવિત્ર નદીઓના પવિત્ર જળની પૂજા – અક્ષરધામ, નવી દિલ્હી





સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હીની મુલાકાત દરમિયાન
મંદિરની આગળ કેનેડાના વડા પ્રધાન માનનીય શ્રી સ્ટેફન હાર્પર

દિવાલ ઉપર ભારતના મહાન સાધુઓ, ભક્તો, આચાર્યો અને દિવ્ય અવતારી પુરુષોની ૨૦,૦૦૦ મૂર્તિઓ અને પ્રતિમાઓ દર્શનીય છે.

## સ્વામિનારાયણ મંડપમ્ :
## ભગવાન સ્વામિનારાયણની ૧૧ ફૂટ ઊંચી મૂર્તિ

મંદિરના ગર્ભગૃહ (સ્વામિનારાયણ મંડપમ્)માં ભગવાન સ્વામિનારાયણની ૧૧ ફુટ ઊંચી સુવર્ણમંડિત સુંદર મૂર્તિ છે. તેમની સાથે ગુરુ પરંપરા પ્રમાણે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિઓ સ્થાપિત છે. સનાતન ધર્મના દેવો - શ્રી સીતા-રામ, શ્રી રાધા-કુષ્ણ, શ્રી લક્ષ્મી-નારાયણ, શ્રી શિવ-પાર્વતી અવતારો, તથા ભગવાનની ચાર ચર્તુવ્યૂહ અને ચોવીસ કેશવ મૂર્તિઓ પણ ખાસ ધ્યાનાકર્ષણ છે.

## પરમહંસ મંડપમ્ : વિશાળ કોતરણીયુક્ત ગુંબજ, પરમહંસોની મૂર્તિઓ, કેશવનાં ૨૪ સ્વરૂપો

'પરમહંસ મંડપમ્' ૭૨ ફુટ ઊંચું છે. તે સુંદરરીતે કોતરેલું વિશાળ ગુંબજ છે. તેમાં ભગવાન સ્વામિનારાયણના પરમહંસોની મૂર્તિઓ સ્થાપેલી છે. ચાર બાજુવાળા અને આઠ બાજુવાળા સ્થંભોને 'સ્વસ્તિક સ્થંભો' કહેવાય છે. અહીંના સ્થંભોમાં ભગવાન કેશવના ૨૪ જુદા જુદા સ્વરૂપોની સુંદર મૂર્તિઓ કલાત્મક રીતે કંડારવામાં આવી છે.

## ઘનશ્યામ મંડપમ્ :
## બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની મૂર્તિ

'ઘનશ્યામ મંડપમ્' આઠ સ્થંભો ઉપર ઊભેલું છે. તેનો રકાબી આકારનો ૩૭ ફુટ પહોળાઈનો ગુંબજ જમીનથી ૩૨ ફુટ ઊંચે છે. મોરની ડિઝાઈનના આ ગુંબજના મધ્ય સ્થાને ભગવાન સ્વામિનારાયણના બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજની નાજુક કોતરણીયુક્ત મૂર્તિ છે. સ્થંભોમાં સુંદર કોતરકામ દ્વારા ભગવાન સ્વામિનારાયણ બાળપણના પ્રસંગો ચિત્રાંકિત કરવામાં આવ્યા છે.

## લીલા મંડપમ્ :
## ભગવાન સ્વામિનારાયણની જીવનકથા

'લીલા મંડપમ્' ૭૨ ફુટ ઊંચુ છે. તેના ચતુર્મુખી સ્થંભો ઉપરની કોતરણીઓ દ્વારા ભગવાન સ્વામિનારાયણની બાલ્યાવસ્થા, તરુણાવસ્થા અને પછીના વર્ષોના જીવનની વાર્તાઓ આલેખિત કરવામાં આવી છે.



ગજેન્દ્ર પીઠ, અક્ષરધામ, નવી દિલ્હી



## નીલકંઠ મંડપમ્ :
## નીલકંઠવર્ણીની ભારતની યાત્રા ઝાંખી

ભગવાન સ્વામિનારાયણે ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો અને 'નીલકંઠ વર્ણી' તરીકે ઓળખાવા લાગ્યા. તેમણે ૭ વર્ષ પગપાળા ભારતયાત્રા ખેડી. જમીનથી ૩૨ ફુટ ઊંચા ગુંબજના રકાબી આકારના અષ્ટકોણીય સ્થંભો ઉપર નીલકંઠ વર્ણીના પરિભ્રમણની આકર્ષક વાર્તાઓ કલાત્મક રીતે આલેખવામાં આવી છે. ગુંબજની મધ્યમાં નીલકંઠ વર્ણીની નાજુક અને સુંદર મૂર્તિ છે.

## સ્મૃતિ મંડપમ્ :
## ભગવાનના પાદચિહ્નોની પ્રતિકૃતિ

ભગવાન સ્વામિનારાયણે ૧૭૮૧ થી ૧૮૩૦ સુધી સનાતન ધર્મમાં નવો વિશ્વાસ જન્માવ્યો. પૃથ્વી પર તેમનું જીવન અને કાર્ય દર્શાવવા 'સ્મૃતિ મંડપમ્'માં તેમના પાદચિહ્નોની પ્રતિકૃતિ મૂકવામાં આવી છે. બીજી પ્રદર્શિત વસ્તુઓમાં વાળ, માળા, વસ્ત્રો અને બીજી ચીજોનો સમાવેશ થાય છે જે ૨૦૦ વર્ષ પહેલાં પૃથ્વી ઉપર ભગવાન સ્વામિનારાયણના અસ્તિત્ત્વની યાદ અપાવે છે.

## સહજાનંદ મંડપમ્ : લીમડાના વૃક્ષ નીચે બેસીને
## ૫૦૦ પરમહંસોને આપેલી દીક્ષાની સ્મૃતિ

તેમાં ૩૨ ફુટ ઊંચા રકાબી આકારના ગુંબજને ટેકો આપતા આઠ બાજુવાળા સુશોભિત સ્થંભો છે. તેની મધ્યમાં ભગવાન સ્વામિનારાયણ (સહજાનંદ સ્વામી)ની પથ્થરની સુંદર મૂર્તિ છે. ભગવાન લીમડાના વિશાળ વૃક્ષની છાંય હેઠળ બેઠેલા છે. તેઓ માત્ર ૨૧ વર્ષની વયે આધ્યાત્મિક વડા બન્યા. પચીસ વર્ષની ઉંમરે તેમણે ૫૦૦ વિદ્વાન અને ધર્મનિષ્ઠ પરમહંસોને દીક્ષા આપી. તેઓને અંજલિ રૂપે 'અક્ષરધામ'ના મંડપો અને સ્થંભોમાં ૫૦૦ પરમહંસોની આરસની મૂર્તિઓ કંડારવામાં આવી છે.

## ભક્ત મંડપમ્ :
## ૧૪૮ ઉમદા અનુયાયીઓની મૂર્તિઓ


ભગવાન સ્વામિનારાયણે તેમના ઉપદેશથી કચડાયેલા વર્ગોથી માંડીને બ્રાહ્મણ સુધીના અસંખ્ય લોકોનું જીવન ઉન્નત બનાવ્યું. તેમનાં ઉમદા અનુયાયીઓના પ્રતિનિધિત્ત્વ રૂપે ૭૨ ફુટ ઊંચા 'ભક્ત મંડપમ્'માં ૧૪૮ મૂર્તિઓ પ્રદર્શિત કરવામાં આવી છે.



હૉલ ઑફ વેલ્યુ (સહજાનંદ દર્શન)



મહાકાય સ્ક્રિન થિયેટર
(નિલકંઠ દર્શન)




નૌકા વિહાર (સંસ્કૃતિ વિહાર)

## પુરુષોત્તમ મંડપમ્ : ભગવાન સ્વામિનારાયણ સાથે ગુણાતીતાનંદ સ્વામી અને અન્ય મુક્તોનાં દર્શન

'પુરુષોત્ત્મ મંડપમ્'માં ભગવાન સ્વામિનારાયણની સાથે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને દિવ્ય અનુયાયીઓ (મુક્તો)ની સુંદર મૂર્તિઓ જોવા મળે છે.

## મંડોવર : ૬૧૧ ફૂટ લાંબી અને ૩૧૦ ફૂટ પહોળી દિવાલ ઉપર ૨૦૦ મહાન ઋષિઓ, સાધુઓ, દિવ્ય અવતારોની ઝાંખી

'સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર'ની બહારની સુશોભિત દિવાલને 'મંડોવર' કહેવામાં આવે છે.

ઝીણવટીભરી નાજુક કોતરણીઓથી શોભાયમાન મંડોવર ૬૧૧ ફુટ લાંબુ અને ૩૧૦ ફુટ ઊંચું છે. તેમાં ૨૦૦ મહાન ઋષિઓ, સાધુઓ, ભક્તો, આચાર્યો અને દિવ્ય અવતારોની પથ્થરમાં કોતરેલી શિલ્પકૃતિઓ છે, જે જુદા જુદા સ્તરે - ગજસ્તર, સિંહસ્તર, વ્યાલાસ્તર, કુંભસ્તર, કળશસ્તર, ગવાક્ષસ્તર, જિંઘા અને છજ્જા - બનાવવામાં આવેલી છે. કુંભસ્તરમાં શ્રી ગણેશજીની જુદા જુદા રૂપમાં સુંદર રીતે કોતરેલી ૪૮ મૂર્તિઓ દશ્યમાનછે.

મંડોવરને તેના પાયાના સ્તરે જગતિ કહેવામાં આવે છે. આ સ્તરે વિશ્વની જીવતી વસ્તુઓની કોતરણીઓ જોવા મળે છે. સૌથી પહેલાં હાથી જે તાકાતનું પ્રતિક છે, પછી સિંહ જે હિંમત અને હિંસકતાનું પ્રતિક છે. તેમના પછી વ્યાલ પશુ (લુપ્ત પૌરાણિક પક્ષી) જે ત્ત્વરા માટે જાણીતું હતું. પછીના સ્તરોમાં સૌન્દર્ય અને સુગંધના પ્રતીક ફુલોની કોતરણીઓ જોવા મળે છે. મંડોવરના મધ્ય ભાગમાં ભગવાનના દિવ્ય અવતારો, ઋષિઓ, દેવતાઓ, આચાર્યો અને ભક્તોના સ્થાપત્યો છે.

## નારાયણ પીઠ : મંદિરના ટોચના પ્રદક્ષિણા માર્ગ પર ભગવાનના જીવનના દિવ્ય પ્રસંગોની કાંસ્ય ચિત્રાવલિઓ

મંદિરની ટોચની પ્રદક્ષિણાને 'નારાયણ પીઠ' કહેવામાં આવે છે. અહીં ભગવાન સ્વામિનારાયણના જીવનમાંથી દિવ્ય પ્રસંગોને કાંસાની રિલીફ વર્કની સુંદર ચિત્રાવલિઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. પ્રત્યેક ૬૦ ફુટ લાંબી એવી ત્રણ પેનલોમાં ભગવાન સ્વામિનારાયણને ગઢડામાં લીમડાના વૃક્ષ નીચે બેસીને ધર્મોપદેશ આપતા, ઉત્સવો ઉજવતા અને લોકોને નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે જીવન સુધારવાની પ્રેરણા આપવા જુદા જુદા વાહનોમાં વિચરણ કરતા જોવા મળે છે.

## ગજેન્દ્ર પીઠ : મંદિરના નીચેના પ્રદક્ષિણા માર્ગ પર પ્રકૃતિ, માનવી અને હાથીઓની વાર્તાઓ - દંતકથાઓ

નીચેની પ્રદક્ષિણાને 'ગજેન્દ્ર પીઠ' નામ આપવામાં આવ્યું છે જેમાં પ્રકૃતિ, માનવી અને દિવ્ય આત્માઓ સાથે સંબંધિત હાથીઓની વાર્તાઓ અને દંતકથાઓ જોઈ શકાય છે. ૧,૦૭૦ ફુટ લાંબા ગુલાબી પથ્થરમાં કોતરવામાં આવેલા આ ચિત્રામણ અનોખા અને આકર્ષક છે. આ પીઠ સમગ્ર પ્રાણી જગતના પ્રતિનિધિરૂપે હાથીઓને અંજલિ રૂપ છે. તેના દ્વારા સામાજિક સંવાદિતા, શાંતિ અને આધ્યાત્મિક શ્રદ્ધાનો સંદેશ વ્યક્ત કરવામાં આવ્યો છે.

## નારાયણ સરોવર : ૧૫૧ નદીઓ અને સરોવરોના જળનો સંચય

'નારાયણ સરોવર' એ મુખ્ય મંદિરની ફરતે નિર્મિત પવિત્ર સરોવર છે. તેમાં ૧૫૧ નદીઓ અને ભારતભરમાંથી માન સરોવર સહિતના સરોવરોના જળનો સંચય છે. 'નારાયણ સરોવર'માં ભગવાનના ૧૦૮ નામોના પ્રતીક રૂપે ૧૦૮ ગૌમુખ છે.

## પરિક્રમા : ૧,૧૫૨ સ્થંભો, ૧૪૫ ઝરુખા અને ૧૫૪ સંવરણ શિખરો

પરિક્રમા (વર્તુળાકાર માર્ગ) ને ભગવાનની પૂજા અને ભક્તિ અર્પણ કરવાનો માર્ગ ગણવામાં આવે છે. એ માળની 'સ્વામિનારાયણ અક્ષરધામ પરિક્રમા'નો માર્ગ રાજસ્થાનમાંથી લાવેલા લાલ પથ્થરોનો બનાવેલો છે, જે ૧,૧૫૨ સ્થંભો, ૧૪૫ ઝરૂખા અને ૧૫૪ સંવરણ શિખરોથી સુશોભિત છે. દરેક ઝરૂખા અને ગેલેરીમાંથી 'અક્ષરધામ મંદિર'નાં આહ્લાદક દૃશ્યોની ઝાંખી થાય છે.

## પ્રદર્શન ખંડો : ત્રણ ખંડોમાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું આધુનિક સ્વરૂપમાં નિરૂપણ

ત્રણ પ્રદર્શન ખંડો છે અને દરેક ખંડમાં ભારતના સાંસ્કૃત્તિક અને આધ્યાત્મિક વારસાને આધુનિક અને વૈજ્ઞાનિક રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે જેનું સંક્ષિપ્ત વિવરણ નીચે આપવામાં આવ્યું છે :

### ૧. સહજાનંદ દર્શન (જીવન મૂલ્યો દર્શાવતો ખંડ)

સુખ, સફળતા અને મનની શાંતિ માટે જીવનના સ્વયં ઘડતરના મુખ્ય સિદ્ધાંતને અહીં

પોતાની જાતને સ્થપતિની જેમ ઘડી રહેલા એક પુરુષના શિલ્પ દ્વારા દર્શાવવામાં આવ્યો છે. અહીં ફિલ્મ શૉ, થ્રી-ડી ડાયોરામા અને ઓડિયો-એનીમેશનના માધ્યમો દ્વારા ભગવાન સ્વામિનારાયણના જીવનમાંથી અહિંસા, પ્રયત્ન, પ્રાર્થના, નૈતિકતા, શાકાહાર, કૌટુમ્બિક સંવાદિતા વગેરે સાર્વત્રિક મૂલ્યોનો સંદેશ અભિવ્યક્ત કરવામાં આવે છે.

## ૨. નીલકંઠ દર્શન (વિશાળ સ્ક્રીન ધરાવતો ખંડ)

એક મહાકાવ્ય જેવી લાંબી ફિલ્મ દ્વારા ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં બાળયોગી નીલકંઠ વર્ણીની રોમાંચક અને પોત્સાહક ભારતયાત્રા દર્શાવવામાં આવે છે. તેનું શુટિંગ ઉત્તરમાં હિમાલયના હિમ-આચ્છાદિત શિખરોથી માંડી દક્ષિણમાં કેરળના પ્રાચીન દરિયા કાંઠા સુધીના જુદા જુદા ૧૦૮ સ્થળોએ કરવામાં આવ્યું હતું. છ માળ જેટલા ઊંચા કદની સ્ક્રીન ઉપર આ ફિલ્મમાં કંડારેલી ભારતના પવિત્ર સ્થળો, ઉત્સવો અને આધ્યાત્મિક પરંપરાઓની ઝાંખી કરાવવામાં આવે છે.

## ૩. સંસ્કૃતિ વિહાર (નૌકા વિહાર)

નૌકા વિહાર કરતાં કરતાં ૧૨ મિનિટમાં ભારતના ૧૦,૦૦૦ વર્ષ પુરાણા ભવ્ય વારસાની અનુભૂતિ કરાવવામાં આવે છે.

- વેદિક ભારત કાળના વિશ્વના સૌથી પ્રાચીન ગ્રામ્ય જીવન અને બજાર
- વિશ્વની પ્રથમ વિદ્યાપીઠ - યુનિવર્સિટી - તક્ષશીલા
- ભારતના ઋષિ-વૈજ્ઞાનિકો દ્વારા દુનિયાને શૂન્ય, ગુરુત્ત્વાકર્ષણનો નિયમ, અવકાશ જ્ઞાન, પ્લાસ્ટિક સર્જરી, આયુર્વેદ અને બીજી વૈજ્ઞાનિક ભેટ આપવામાં આવી છે, તેમના પ્રાચીન શોધ-સંશોધનોની સવિસ્તાર ઝાંખી

## નીલકંઠ વર્ણીની મૂર્તિ
## ૨૭ ફૂટ ઊંચી કૃતનિશ્ચયી મુદ્રા

વિશાળ ફોરમેટ ફિલ્મ થિયેટરની બહાર નીલકંઠ વર્ણીની કૃતનિશ્ચયી અને પ્રેરક મુદ્દામાં કંડારેલી ૨૭ ફુટ ઊંચી કાંસ્ય મૂર્તિ ઊભી છે.

## યજ્ઞપુરુષ કુંડ અને સંગીતમય ફુવારાનું સાયુજ્ય :
## શાસ્ત્રીજી મહારાજના નામાભિધાન દ્વારા અંજલિ

'યજ્ઞપુરુષ કુંડ' એ વેદિક યજ્ઞકુંડ અને સંગીતમય ફુવારાનું સાયુજ્ય છે. તેને

'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા'ના સ્થાપક અને ભગવાન સ્વામિનારાયણના ત્રીજા અનુગામી સ્વામિ યજ્ઞપુરુષદાસજી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું નામાભિધાન કરવામાં આવ્યું છે. આ વિશાળ યજ્ઞકુંડનું કદ ૩૦૦ x ૩૦૦ફુટ છે, જેના ૨,૮૭૦ પગથિયા છે અને ૧૦૮ દેરીઓ છે. તેની મધ્યમાં કમળ આકારનો યજ્ઞ કુંડ છે. રાત્રે રંગબેરંગી જળધારાઓ ઉઠાળતા સંગીતમય ફુવારાનો શૉ થાય છે તે વખતે ભારતની વૈદિક ભાવનાઓ પ્રતિઘોષિત થાય છે અને સમગ્ર વાતાવરણ જીવંત બની જાય છે. મુલાકાતીને અહીં જળધારાઓની રંગીન આકર્ષક આકૃતિઓ જોવાની અને આહલાદક વાતાવરણમાં જીવન સંદેશ ઝીલવાની અવર્ણનીય અનુભૂતિ થાય છે.

## ભારત ઉપવન (ભારતના બાગબગીચા) :
## દેશના આદર્શરૂપ મહાન વ્યક્તિઓની કાંસ્ય પ્રતિમાઓ

'ભારત ઉપવન' સાંસ્કૃતિક પશ્ચાદભૂમાં હરિયાળો નજારો પ્રસ્તુત કરતો ભવ્ય બગીચો છે. અહીં સમથળ સુંવાળી લોન, ઘટાદાર બાગ અને ભારતના આદર્શ રૂપ મહાન વ્યક્તિઓની અદ્‌ભૂત કાંસ્ય પ્રતિમાઓ છે. યોદ્ધાઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ, રાષ્ટ્રીય વિભૂતિઓ અને મહાન મહિલા વ્યક્તિવિશેષોની પ્રતિમાઓ મુલાકાતીઓને આપણા મહાન ભારતના જીવનમૂલ્યો અને ગૌરવથી સ્પંદિત કરે છે.

## માનવજાતના કલ્યાણ માટે નવી આર્ષદૃષ્ટિ :
## વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનું મિલન

'સ્વામિનારાયણ અક્ષરધામ', આમ, જ્ઞાન, આધ્યાત્મિકતા અને ટેક્નોલૉજીનો ત્રિવેણી સંગમ છે.

પ્રખ્યાત વૈજ્ઞાનિક ગેલીલીઓ અંગે એક વાર્તા પ્રચલિત છે. પહેલાં પરંપરાગત રીતે, વ્યાપક અને દૃઢતાપૂર્વક એવું માનવામાં આવતું હતું કે, પૃથ્વી સપાટ છે અને સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે. પરંતુ ગેલીલીઓ આ માન્યતા સાથે સંમત નહોતા. તેમની જુસ્સાપૂર્વકની કુતૂહલ વૃત્તિએ તેમને આ અંગે સંશોધન કરવા પ્રેર્યા જેના પરિણામ સ્વરૂપે અંતે એવું પૂરવાર થયું કે, પૃથ્વી ગોળ છે, સપાટ નથી અને તે સૂર્યની આસપાસ ફરે છે. જ્યારે તેમણે આ હકીકતની ઘોષણા કરી ત્યારે રૂઢિચુસ્ત ધાર્મિક નેતાઓને એ ગમ્યું નહીં. તેને પોતાનું વિધાન પાછું ખેંચી લેવા અને નહીંતર તેનાં સીધા પરિણામો ભોગવવા તૈયાર રહેવાનો આદેશ આપવામાં આવ્યો. ગેલીલીઓએ તેનું વિધાન પાછું ખેંચી લેવાની ફરજ પડી પરંતુ ઈતિહાસે તેને સાચો પૂરવાર કર્યો. આવા પ્રસંગો એવું માનવા પ્રેરિત

કરે છે કે, વિજ્ઞાન અને ધર્મ વચ્ચે મેળ બેસી ન શકે. આ બન્ને વિશ્વના જીવનને તથા હકીકતોને પણ જોવાની અલગ અલગ રીતો છે. જ્યારે જ્યારે ધાર્મિક આદેશો સામે વૈજ્ઞાનિક કારણોસર અવાજ ઊઠે છે ત્યારે ત્યારે કહેવામાં આવે છે કે, ''ધર્મને વૈજ્ઞાનિક થીઅરીમાં વચ્ચે ના લાવો, અને એનાથી ઊલ્ટું પણ ના કરો.'' આજે પણ જીવનના ઘણાં ક્ષેત્રોમાં આ પ્રકારના વિચારો પ્રવર્તે છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પાસે આધુનિક જગત માટે ધર્મની અલગ જ દૃષ્ટિ છે. તેઓશ્રી લોકોને તર્ક અને વાસ્તવિક સ્વાનુભૂતિના અમલના આધારે આધ્યાત્મિકતામાં માનવા પ્રોત્સાહિત કરે છે. તેઓ માને છે કે, વિજ્ઞાન, ટેક્નોલૉજી અને જ્ઞાનનો આધ્યાત્મિકતા સાથે ઉપયોગ કરવાથી માનવજાતના કલ્યાણ માટે 'ત્રિવેણી સંગમ' રચાય છે. આવો ત્રિવેણી સંગમ આ સહસ્ત્રાબ્દીના અજ્ઞાત પડકારોનો સામનો કરવા સમર્થ એવી મજબૂત સક્ષમ નવી પેઢીનો વિકાસ કરે છે. 'અક્ષરધામ' આવો ત્રિવેણી સંગમ છે.






'બી.એ.પી.એસ.' શતાબ્દી મહોત્સવ – વ્યસન મુક્તિ રેલી

# ટ્રસ્ટ

## શાસ્ત્રીજી મહારાજ દ્વારા ૧૯૦૭માં 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા' (બી.એ.પી.એસ.)ની સ્થાપના



બી.એ.પી.એસ. – બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનું પ્રથમ કેન્દ્ર ગુજરાતના આણંદ જિલ્લામાં બોચાસણ ખાતે ૧૯૦૭માં સ્થપાયું હતું. ૧૯૪૭ની ૨૪મી જૂને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે તે અંગેના દસ્તાવેજોની નોંધણી-કરાવી હતી. આશય એ હતો કે સંસ્થાની મિલકતોનો વહીવટ અને વ્યવસ્થા યોગ્ય રીતે થાય. ૧૯૪૭ની ૨૮મી જૂને આ નોંધણી સ્થાનિક સબ-રજિસ્ટ્રાર પાસે કરાવાઈ હતી. આ ટ્રસ્ટ હોવાથી સમગ્ર બાબત, કોડ ઑફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮ની કલમ-૯૨ હેઠળ મંજૂરી માટે તે વખતના મુંબઈના ઍડ્વોકેટ જનરલ સી. કે. દફતરી પાસે ગઈ. ત્યાં મંજૂરી મળી ગઈ. ત્યારથી આજ સુધી ટ્રસ્ટના નિયમો અનુસાર જ સંસ્થાનું સંચાલન થઈ રહ્યું છે. બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ, ૧૯૫૦ અમલમાં આવ્યો તે પછી ૧૯૫૪ની ૨૦મી નવેમ્બરે ટ્રસ્ટની 'પબ્લિક ટ્રસ્ટ' તરીકે નોંધણી થઈ. તે પછી ટ્રસ્ટની મુખ્ય કચેરી અમદાવાદ ફેરવાઈ. અમદાવાદ ખાતેના આસિસ્ટન્ટ ચેરિટી કમિશનરે ૧૯૭૭ની બીજી ફેબ્રુઆરીએ બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ હેઠળ 'પબ્લિક ટ્રસ્ટ' તરીકે તેની નોંધણી કરી હતી.

તે વખતે સંસ્થા બહુ નાની હતી. પ્રવૃત્તિઓ મર્યાદિત હતી અને તેનું ફલક ઘણું ખરું ગુજરાતમાં જ હતું. પછી પ્રવૃત્તિઓનું ફલક વિસ્તર્યું એટલે કેટલાક ફેરફારો જરૂરી બન્યા. ચેરિટી કમિશનરે ફેરફાર મંજૂર રાખ્યા. વિદેશમાં પણ, જ્યાં બી.એ.પી.એસ.ની પ્રવૃત્તિઓ વિસ્તરી છે ત્યાં પણ આવાં જ ટ્રસ્ટ ઊભાં કરાયાં છે.

## પબ્લિક ટ્રસ્ટનો હેતુ :
## ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સેવાઓનો પ્રસાર

ટ્રસ્ટનો મુખ્ય હેતુ ધાર્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક સેવાઓના પ્રસારનો છે. વ્યસનમુક્તિ, બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ અને સમાજમાં સાંસ્કૃતિક ચેતના જગાવવી એ સંસ્થાનાં બીજાં મહત્ત્વનાં લક્ષ્યો છે.

સમગ્ર સંસ્થા લોકશાહી પદ્ધતિએ ચાલે છે અને તેમાં ભક્તો, સાધુજનો અને ટ્રસ્ટીઓની જરૂરિયાતોનો ખ્યાલ રાખવામાં આવે એવું આંતરિક તંત્ર છે. સંસ્થાના વડા કોઈ પણ વિવાદ ઊભો થાય એનું નિરાકરણ લાવે છે. તેમનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા છે.

તેમના નેતૃત્વ અને પ્રેરણા હેઠળ, સંસ્થાનો ખૂબ વિસ્તાર થયો છે, આજે આ સંસ્થા બહુ-રાષ્ટ્રીય અને બહુ-પરિમાણીય થઈ ગઈ છે. સંસ્થા માત્ર આધ્યાત્મિક પ્રવૃત્તિઓનો જ વિસ્તાર કરે છે એમ નહીં, સમાજની સામાજિક જરૂરિયાતોની પણ તે પૂરતી કાળજી રાખે છે. આમ, સંસ્થાનું કામ આધ્યાત્મિક અને સામાજિક સેવાના મિશ્રણનું છે. સ્વામીશ્રી ભગવાન સ્વામિનારાયણના એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે કે, જેઓ ગંભીરપણે સમાજની સેવા કરવા ઈચ્છતા હોય તેઓ પોતે નૈતિકરૂપે શુદ્ધ હોવા જોઈએ.

સંસ્થાના ઉદ્દેશો નીચે પ્રમાણે છે :

૧. સાચી શિક્ષા અને જ્ઞાનનો પ્રચાર કરવો.

૨. છાત્રાવાસો, ગુરુકુળો (શાળાઓ) અને પ્રાથમિક - માધ્યમિક શાળાઓ બાંધી ઉચિત સંચાલન કરવું

૩. શિક્ષણ, તબીબી-રાહત, વ્યસનમુક્તિ અને સામાન્ય જનહિતનાં કાર્યો કરવાં.

૪. બાળકો, યુવાનો, મહિલાઓ, વૃદ્ધો માટેનાં કેન્દ્રો ઊભાં કરવાં. આમાં વિદ્યામંદિરો, છાત્રાલયો અને અનેક શિક્ષણ કેન્દ્રોની સ્થાપનાનો સમાવેશ થઈ જાય.

૫. પર્યાવરણ, તબીબી, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ વિસ્તારવી.

૬. નીતિમત્તા, ચારિત્ર્ય, મૂલ્ય-આધારિત જીવનને પ્રાધાન્ય આપવું. ધર્મના સિદ્ધાંતોનો પ્રસાર કરવો.

૭. નિરક્ષરતા અને વ્યસનો દૂર કરવા.

૮. જાહેર સત્સંગ સભાઓ યોજવી.

૯. મંદિરો અને હરિમંદિર બાંધવાં.

૧૦. શાંતિ, સંવાદિતા, સહિષ્ણુતાને પ્રોત્સાહન આપવું.

૧૧. નીચેની પ્રવૃત્તિઓ દ્વારા સખાવતની કામગીરી વધારવી :

(૧) ગરીબી નિવારણ અને સમાજના નબળા વર્ગોને સહાય.

(૨) શિક્ષણ

(૩) તબીબી અને આરોગ્યલક્ષી સેવાઓ

(૪) લોકોને મદદરૂપ થાય એવી કોઈ પણ પ્રવૃત્તિ

(૫) સંસ્થાની વેબસાઇટો પ્રચાર, માહિતી અને સાહિત્યનું પ્રસારણ.

## ઉદ્દેશોની સિદ્ધિ માટે
## ૭૫,૦૦૦ સેવાભાવી કાર્યકરોનું વિશ્વવ્યાપી દળ

ઉપરોક્ત ઉદ્દેશોની સિદ્ધિ માટે સંસ્થામાં વ્યવસ્થાઓ નીચે પ્રમાણે છે:

(૧) ૭૫,૦૦૦થી વધુ સેવાભાવી કાર્યકરોનું વિશ્વ વ્યાપી દળ-સામાજિક સુધારાની અનેક નિયમિત પ્રવૃત્તિઓ.

(૨) ધરતીકંપ, પૂર, દુષ્કાળ, આગ વગેરેના સંદર્ભમાં ખાસ આફત-રાહત યોજનાઓ.

(૩) શિક્ષણ અને દવાઓ માટે આર્થિક સહાય.

(૪) યુવાનો અને બાળકોની વિકાસ પ્રવૃત્તિઓ માટે ૧૦,૦૦૦ થી વધુ કેન્દ્રો અને તે સંબંધી કાર્યક્રમો.

(૫) હૉસ્પિટલો, આરોગ્ય-સંભાળ કેન્દ્રો, નિદાન-કૅમ્પ.

(૬) સાંસ્કૃતિક અને ધાર્મિક સંવાદિતા માટે સાંસ્કૃતિક કાર્યક્રમો, સેમિનાર, પરિષદોનાં આયોજન.

(૭) આદિવાસીઓના વિકાસ અને સારા શિક્ષણની સેવા માટેનાં કેન્દ્રો.

સંસ્થાની રોજબરોજની પ્રવૃત્તિઓ માટે તેમણે મજબૂત વહીવટી માળખું ઊભું કર્યું છે. નિર્ણય-પ્રક્રિયાનું વિકેન્દ્રીકરણ છે. દરેક કેન્દ્ર તેની રોજિંદી પ્રવૃત્તિઓ માટે સ્વાયત્ત છે, પણ કેટલીક મૂળભૂત પ્રવૃત્તિઓ માટે ચોક્કસ સમાન માર્ગરેખા છે.

સંસ્થાનું પાયાનું માળખું આ પ્રમાણે છે :

(૧) ટ્રસ્ટી બોર્ડ

(૨) પ્રતિનિધિઓની આંતર્રાષ્ટ્રીય પાંખ

(૩) રાષ્ટ્રીય સમિતિઓ

(૪) પ્રાદેશિક સમિતિઓ

(૫) સ્થાનિક સમિતિઓ

(૬) જરૂરિયાત આધારિત ખાસ સમિતિઓ

## સ્થાનિકથી આંતરરાષ્ટ્રીય કક્ષાનું વ્યવસ્થાતંત્ર :

### ૧. ટ્રસ્ટી બોર્ડ

ટ્રસ્ટી બોર્ડમાં ૨૧ સભ્યો છે. એમાં સંન્યાસીઓ અને ગૃહસ્થોનો સમાવેશ થાય છે. સંન્યાસી સભ્ય એટલે એ કે જેમણે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું હોય અને જેઓ સંસ્થાના ઉદ્દેશોની સિદ્ધિ માટે સંપૂર્ણ સમર્પિત હોય. ગૃહસ્થી સભ્ય પરિણીત કે અપરિણીત હોઈ શકે, તે સંન્યાસી નથી, સંસ્થાને સ્વૈચ્છિક ધોરણે સેવાઓ આપે છે.

### ૨. પ્રતિનિધિઓની આંતર્રાષ્ટ્રીય પાંખ

સંસ્થાનો આ વિભાગ આંતર્રાષ્ટ્રીય બાબતોમાં સલાહ-સૂચનો આપે છે. વર્ષે ઓછામાં ઓછું એક વાર મળતી તેની બેઠકમાં જરૂરી નિર્ણયો લેવાય છે. આ વિભાગમાં 'બી.એ.પી.એસ.'ના ટ્રસ્ટીઓ તેમજ ભારતનાં અને ભારત બહારનાં મુખ્ય કેન્દ્રોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

### ૩. રાષ્ટ્રીય સમિતિઓ

જુદા જુદા દેશોની રાષ્ટ્રીય સમિતિઓ સતત અકબીજાના પરામર્શમાં રહે છે અને આંતર્રાષ્ટ્રીય કામકાજમાં ટ્રસ્ટી બોર્ડને દોરવણી આપે છે. આ સમિતિઓ ચોક્કસ દેશમાં સખાવતી પ્રવૃત્તિઓ માટે જવાબદાર છે. જે તે દેશના લોકોની ભૌગોલિક, સાંસ્કૃતિક જરૂરિયાતો અનુસાર, સમિતિઓના સભ્યો નિયમિત મળીને તેમણે હાથ ધરવાનાં કામોને ઘાટ આપે છે.

### ૪. પ્રાદેશિક અને સ્થાનિક સમિતિઓ

પ્રાદેશિક અને સ્થાનિક સમિતિઓમાં જુદા જુદા શહેરો અને વિસ્તારોનાં પુરુષ અને મહિલા પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. તેઓ રોજબરોજની પ્રવૃત્તિઓનું ધ્યાન રાખે

છે. સમિતિઓમાં ઊંચું સ્થાન ધરાવનારાઓને જરૂરી ફિડ-બેક (માહિતી) આપે છે. આ સમિતિઓ રોજિંદી પ્રવૃત્તિઓમાં સ્વતંત્રપણે નિર્ણયો લે છે. અલબત્ત, સંસ્થાના મૂળભૂત ઉદ્દેશો અને નીતિ લક્ષ્યમાં રાખીને આ કરવાનું હોય છે.

## ૫. જરૂરિયાત-આધારિત ખાસ સમિતિઓ

ધરતીકંપ સર્જાય, દુષ્કાળ-રાહતની વાત હોય, મહોત્સવોની ઊજવણી કરવાની હોય કે પ્રદર્શનોનું આયોજન કરવાનું હોય, આવી ખાસ યોજનાઓ કે કામગીરી માટે ખાસ સમિતિઓ રચવામાં આવે છે. યોજના કે કામગીરી પૂરી થાય ત્યાં સુધી ટ્રસ્ટી બોર્ડના આદેશ અનુસાર આ સમિતિઓ ચાલુ રહે છે.

## અનેકવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત વિવિધ કેન્દ્રો

સંસ્થાનું સમગ્ર વ્યવસ્થાતંત્ર વ્યાપક અને ચુસ્ત છે. ઉદ્દેશોની પરિપૂર્તિ માટે તે સરળતાથી કાર્યશીલ રહે છે. સંસ્થાની જુદી જુદી પ્રવૃત્તિઓની વર્તમાન સ્થિતિ નીચે પ્રમાણે છે :

## ૧૦,૦૦૦થી વધુ આંતર્રાષ્ટ્રીય કેન્દ્રો

- ભારત, યુ.એસ.એ., યુ.કે., યુરોપ, આફ્રિકા, પેસિફિક, મીડલ ઈસ્ટમાં ૩,૫૦૦ જેટલા કેન્દ્રો
- પુરુષો, મહિલાઓ, યુવાનો અને તરુણો માટે ૭,૨૧૫ સાપ્તાહિક સભા કેન્દ્રો
- ૫,૪૦૦થી વધુ બાળ કેન્દ્રો

## વિશ્વભરમાં ૧,૦૦,૦૦૦થી વધુ અનુયાયીઓ

- ૭૫,૦૦૦થી વધુ યુવા સ્વયંસેવકો
- ૧૦,૦૦૦થી વધુ મહિલા સ્વયંસેવકો
- ૧,૨૦,૦૦,૦૦૦થી વધુ વાર્ષિક સ્વયં-સેવી કલાકો સેવામાં (વોલિન્ટીયર અવર્સ)

## નૈતિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

- ૯,૦૦,૦૦૦થી વધુ વાર્ષિક સભાઓ
- ભારત, યુ.કે., યુ.એસ.એ., આફ્રિકા વગેરે દેશોમાં ૯ આંતર્રાષ્ટ્રીય સાંસ્કૃતિક ઉત્સવો, જ્યાં ૩૪૦ લાખથી વધુ મુલાકાતીઓ આવે છે.
- આંતર્રાષ્ટ્રીય સાંસ્કૃતિક કસોટીમાં ૫,૫૪,૭૯૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે છે.



સાધુઓ મેડિટેશન (ધ્યાન)માં

## તબીબી પ્રવૃત્તિઓ

- ૧૫ હૉસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રો
- ૫,૦૦,૦૦૦થી વધુ દર્દીઓની સારવાર-દર વર્ષે
- ૮૦થી વધુ તબીબી-આધ્યાત્મિક પરિષદો, જ્યાં ૨૦,૦૦૦થી વધુ પ્રેક્ટિસિંગ ડૉક્ટરોએ વિશેષ જ્ઞાન મેળવ્યું.

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ

- વિદ્યાર્થીઓ માટે ૩૧ કાયમી શિક્ષણ સંસ્થાઓ
- વર્ષે ૫,૦૦૦ કરતાં વધુ શિષ્યવૃત્તિઓ અપાય છે.
- વર્ષે ૮૦૦ શૈક્ષણિક સેમિનાર
- આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં ૫૫ જેટલી શાળાઓ બંધાવી છે.

## પર્યાવરણ પ્રવૃત્તિઓ

- ૨,૧૭૦ ગામોમાં ૧૫,૦૦,૦૦૦ રોપા વાવ્યા.
- ૩૩૮ ગામોમાં ૫,૪૭૫ કૂવા રીચાર્જ કરાવ્યા.
- ૪૯૭ જળ-સંચય યોજનાઓ
- વર્ષે હજારો ટન કાગળ રિ-સાયક્લિંગ માટે એકત્ર કરવામાં આવે છે.

## સામાજિક પ્રવૃત્તિઓ

- ૩૩ આફત-રાહતનાં કામ સફળતાપૂર્વક ચલાવ્યાં.
- ૫૦,૦૦૦ કુટુંબ-સભાઓ કરી.
- ૨૦,૦૦,૦૦૦ લોકોને વ્યસન-મુક્ત કર્યા.

## આદિવાસી પ્રવૃત્તિઓ

- આદિવાસી-ઉત્થાનના ૮૦૦ કાયમી કેન્દ્રો.
- ૧૦,૦૦૦થી વધુ આદિવાસી કુટુંબો અંધશ્રદ્ધા અને વ્યસનોથી મુક્ત થયાં.
- ૩૦૦ અંતરિયાળ આદિવાસી ગામોમાં સામાજિક અને નૈતિક બદલાવ આવ્યો.
- ૯ મોબાઈલ મેડિકલ ક્લિનિકો મારફતે આદિવાસી ગામોમાં વર્ષે ૨,૫૦,૦૦૦ લોકોને સારવાર અપાય છે.

## આધ્યાત્મિક પ્રવૃત્તિઓ

- દુનિયાભરમાં ૧૧૦૦થી વધુ 'બી.એ.પી.એસ.'નાં મંદિરો.
- રોજ ૧,૫૦,૦૦૦ લોકો 'બી.એ.પી.એસ.'નાં મંદિરોની મુલાકાત લે છે.
- ૧૦૦૦થી વધુ સાધુઓ

ઉપરના આંકડાઓમાં રોજેરોજ ફેરફાર થયા કરે છે. સંસ્થાની સફળતાનાં કારણો સમજવા માટે એ જાણવું જરૂરી છે કે કઈ રીતે ત્યાં સાધુઓને તાલીમ અપાય છે અને પોતાના કોઈ સ્વાર્થ વગર કેવી સમર્પિત રીતે સ્વયંસેવકોને કામમાં મચી જવાની પ્રેરણા મળે છે.

## સાધુ પ્રણાલિકા

મંદિરો, સ્થાપત્ય અને સાધુઓ હિંદુ સંસ્કૃતિ અને પ્રણાલિકાના સ્થંભ છે. બી.એ.પી.એસ. તરફથી ત્રણેની કાળજી લેવાય છે ને વિકાસના પ્રયત્નો થાય છે. પ્રમુખસ્વામી મહારાજે દેશમાં અને આખી દુનિયામાં મંદિરો બંધાવ્યાં છે અને તેના શિલ્પ-સ્થાપત્યને ખૂબ પ્રસિદ્ધિ મળી છે. પવિત્ર સાધુ-પરંપરાને તેમણે ઉત્તેજન આપ્યું છે. આખી દુનિયામાં 'બી.એ.પી.એસ.'ના સાધુઓનો વિશિષ્ટ સમૂહ ઊભો થયો છે.

સાધુઓ માટે તેમણે ખૂબ કડક લોક-લક્ષી આચારસંહિતા સ્થાપી છે. ઉદ્દેશ એ છે કે સાધુઓની પવિત્રતા જળવાય અને સમાજના શ્રેય માટે તેઓ સતત અભિમુખ રહે. આચારસંહિતા આ પ્રમાણે છે :

## નિષ્કામ

કડક બ્રહ્મચર્યનું પાલન

## નિર્લોભ

તમામ સંપત્તિ, માલમિલકતનો ત્યાગ. (નાણાંને સ્પર્શ નહીં, નાણાં રાખવા નહીં, તમારા વતી બીજા કોઈએ પણ નાણાં રાખવા નહીં.)

## નિઃસ્વાદ

લાકડાના વાટકામાં બધો ખોરાક ભેગો કરવાનો ને જમતા પહેલાં એમાં પાણી નાખવાનું-આશય એ છે કે તમારી સ્વાદવૃત્તિ કાબૂમાં રહે.



સાધુઓ મેડિટેશન (ધ્યાન)માં

## નિઃસ્નેહ

ઈશ્વર સિવાય કોઈના પણ પ્રત્યે આશક્તિ નહીં. વતનનો અને નજીકના સગાં-સંબંધીનો ત્યાગ.

## નિર્માન

કોઈ અહંકાર નહીં, પૂરી નમ્રતા, દરેકની સેવા કરવાની વૃત્તિ હોય.

ટૂંકમાં, સ્વામીશ્રીએ એવા સાધુજનો ઊભા કર્યા છે, જે ઉપરના પાંચ મહા-વ્રતનું ચુસ્તપણે પાલન કરતા હોય.

# સાધુને કઈ રીતે તૈયાર કરાય છે

સાધુઓના માર્ગદર્શન અને તાલીમ માટે અમદાવાદ જિલ્લામાં સાળંગપુર ખાતે સાધુઓનું ખાસ તાલીમકેન્દ્ર ચાલે છે.

## સાધક-પાર્ષદ

સત્સંગી યુવાનો, જેઓ સાધુ બનવા ચાહતા હોય, તેમણે પ્રારંભના ૧૨ થી ૧૮ મહિના સાધક (નવી ભરતી) તરીકે કેન્દ્રમાં રહેવાનું હોય છે. આ માટે દર વર્ષે ડિસેમ્બર અને માર્ચમાં ૨૧ વર્ષ કે તેથી વધુ વયના યુવાનોને પ્રવેશ અપાય છે. આ પ્રારંભિક ગાળામાં તેમણે સફેદ ધોતિયું ને ઝભ્ભો પહેરવાનાં હોય છે. સમગ્ર વર્ષ દરમિયાન તેમણે વિવિધ સેવામાં પ્રવૃત્ત રહેવાનું હોય છે. 'સ્વામીની વાતો'નો (અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રવચનોનો) અભ્યાસ કરવાનો, કીર્તન મોઢે કરવાનાં અને બીજા વિષયોનો પણ અભ્યાસ કરવાનો હોય છે. સેવાઓ માટે તેમને પૂરું માર્ગદર્શન આપવામાં આવે છે. આ સમય દરમિયાન, સાધકોએ સાધુની પ્રતિજ્ઞાઓ પાળવાની હોય છે. અલબત્ત, ચોક્કસ સંયોગોમાં તેઓ તેમના કુટુંબના સભ્યોને મળી શકે છે. સાધકને તેની ઘનિષ્ઠ તાલીમ દરમિયાન સાધુત્વની ઈચ્છા દૃઢ બનાવવાની પૂરી તક મળે છે. આ ઘનિષ્ઠ તાલીમના અંતે અને સાધકનાં માતા-પિતાની સંમતિ પછી મહારાજ તેને પાર્ષદ તરીકે સ્વીકારે છે. દીક્ષા મહોત્સવ યોજીને દીક્ષા અપાય છે.

પાર્ષદ બનનારે સફેદ ઝભ્ભો પહેરવાનો હોય છે. સીવેલા પોષાકનો ત્યાગ કરી, માથે ટકો કરાવી માત્ર ચોટલી રાખવાની હોય છે અને જનોઈ ધારણ કરવાની હોય છે.

પાર્ષદના તબક્કામાં પણ તાલીમ ચાલુ જ રહે છે. આ ગાળામાં 'વચનામૃત' (ભગવાન સ્વામિનારાયણના પ્રવચનો)નો અને તમામ ગુરુઓના જીવનનો વિગતે અભ્યાસ કરવાનો હોય

છે, સાથે સેવાનું કામ તો ચાલુ જ રાખવાનું. ઉપનિષદ, શ્રીમદ્ ભાગવત, ભગવદ્ગીતા, મહાભારત અને બીજા હિંદુ ધર્મગ્રંથોનો અભ્યાસ કરવાનો હોય છે. વિશ્વના ધર્મોથી પરિચિત થવાનું. અંગ્રેજી, હિંદી, સંસ્કૃત અને અન્ય ભાષાઓ પણ તેમને શીખવવામાં આવે છે. ઉપરાંત સંગીત, કલા વગેરે વિષયોમાં પણ તેમને તાલીમ આપીને તૈયાર કરાય છે. આ બધા અભ્યાસ સાથે આગળ જણાવ્યું તેમ, સેવાકીય પ્રવૃત્તિઓ તો ચાલુ જ રાખવાની હોય છે.

## ભાગવતી દીક્ષા

લગભગ ૧૨ થી ૧૮ મહિના પછી પાર્ષદને 'ભાગવતી દીક્ષા' આપવામાં આવે છે. આ સમયે દીક્ષાર્થીને ભગવાં કપડાં પહેરવાનાં હોય છે. તેને નવું નામ આપવામાં આવે.

તાલીમ કેન્દ્રમાં રહેતા સાધુઓનો નિત્યક્રમ પરોઢિયે ચાર વાગ્યાથી શરૂ થઈ જાય છે. ઊઠતાં જ ભગવાનને યાદ કરવાના, સ્નાન કરવાનું અને વ્યક્તિગત પૂજા કરવાની. પછી પોણા છ વાગે મંગળા આરતીમાં જવાનું. છ વાગ્યાથી જુદી જુદી પ્રવૃત્તિઓ શરૂ થઈ જાય છે. મંદિરનું કમ્પાઉન્ડ ચોખ્ખું કરવાનું, ભગવાન માટે ફૂલના હાર બનાવવાના, શાકભાજી સમારવાના, ભોજનની તૈયારી કરવાની, મહાપૂજા કરવાની, ભગવાનને શણગાર કરવાના, આશ્રમની સફાઈ કરવાની વગેરે પ્રવૃત્તિઓ કરવાની હોય છે.

૭-૧૫ કલાકે બધા શણગાર આરતીમાં જાય. આરતી પછી ભગવાનનો મહિમા દર્શાવતાં ભજનો ગવાય. ૮ વાગે નાસ્તાનો સમય રહે છે. પછી સવારના પ્રવચન યોજાય છે.

એક કલાક સુધી અનુભવી વડીલ સાધુઓ 'વચનામૃત'ના આધારે પ્રવચનો આપે, જેમાં સાધુજીવન માટેનું માર્ગદર્શન અને પ્રેરણા હોય.

૯-૦૦ થી ૧૨-૦૦ના સમયમાં અભ્યાસ વર્ગો ચાલે છે. આને માટે ખાસ અભ્યાસક્રમ તૈયાર કરાયો છે. મંદિરના પરિસરમાં 'યજ્ઞપુરુષ સંસ્કૃત વિદ્યાલય'માં વર્ગો ચાલે છે. બપોરે ૧૨-૦૦ વાગે ભોજનનો સમય.. નાના લાકડાના વાટકામાં સાધુઓએ ભોજન લેવાનું હોય છે. ભોજન પીરસાતું હોય ત્યારે બધા મોટેથી 'સ્વામિનારાયણ'નો મહામંત્ર બોલતા હોય. મોઢામાં કોળિયો મૂકતાં પહેલાં વેદની પ્રાર્થના કરાય છે.

૧૨-૩૦ વાગે બેઠક ખંડમાં પ્રવચનો થાય. તે પછી સાધુઓ વ્યક્તિગત અભ્યાસમાં પરોવાઈ જાય છે. ૮-૦૦ વાગે ફરી બધા બેઠક ખંડમાં ધ્યાન માટે મળે છે. ધર્મગ્રંથોનું વાંચન થાય. ૪-૩૦ થી ૬-૩૦ સુધી ફરી વર્ગો ચાલે. ૭-૩૦ વાગે સંધ્યા-આરતીમાં હાજર રહેવાનું હોય છે. ૮ વાગે સાંજનું ભોજન અપાય છે. ૮-૪૫ કલાકે સાંજની સભા શરૂ થાય છે. એક કલાક

સુધી સાધકો, પાર્ષદો અને સાધુઓ ભક્તિગાન કરે. પછી તેઓ પોતાના ઓરડામાં પાછા ફરે. એકાદ કલાક પોતાના અભ્યાસમાં ગાળ્યા પછી નિદ્રાધીન થાય છે. સાધુઓ નાની સાદડી પર જ અને સામાન્ય મોટા ઓરડામાં અગર ટેરેસ પર સૂઈ જાય છે. એનો આધાર હવામાન પર છે. કોઈને માટે સ્વતંત્ર ઓરડો હોતો નથી.

આ બધી પ્રવૃત્તિઓ સાધુઓ વચ્ચેની સંવાદિતા મજબૂત બનાવે છે. જુદા જુદા ધર્મ, જુદા જુદા દેશ અને જુદી જુદી શૈક્ષણિક ભૂમિકામાંથી આવતા હોવા છતાં બધા સાધુઓ પરસ્પર સારી પેઠે ભળી જાય છે.

સાધુઓ નિયમિત રીતે પાંચ થી સાત નિર્જળા ઉપવાસ કરે છે. ઘણા સાધુઓ દિવસમાં માત્ર એક જ વાર જમે છે. તેઓ ધરણા-પારણા, ચંદ્રાયણ જેવા મુશ્કેલ વ્રત પણ પાળતા હોય છે.

## બી.એ.પી.એસ.નાં જુદા જુદા મંદિરોમાં સેવાની જવાબદારી

તાલીમ કેન્દ્રમાં પાંચ વર્ષ પૂરાં થાય પછી મહારાજશ્રી આ સાધુઓને બી.એ.પી. એસ.નાં જુદાં જુદાં મંદિરોમાં વિવિધ સેવાઓની જવાબદારી સોંપતા હોય છે. ૫૦૦ થી વધુ મંદિરોમાં સાધુઓ માનવ સેવાની ૧૬૦ જુદી જુદી પ્રવૃત્તિઓ ચલાવે છે. આમાં સામાજિક, શૈક્ષણિક, નૈતિક, સાંસ્કૃતિક બધી પ્રવૃત્તિઓ આવીજાય.

સાધુઓમાં ડૉક્ટર, ઈજનેર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને અનુસ્નાતક કક્ષાના યુવાનો પણ હોય છે. વિજ્ઞાન, વાણિજ્ય, આર્ટ્સ, કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, કાયદાના સ્નાતકો હોય છે. હાવર્ડ અને ઑક્સફર્ડ જેવી દુનિયાની ખ્યાતનામ યુનિવર્સિટીઓના કેટલાક સ્નાતકો પણ અહીં છે. એ બધા અમેરિકા, કૅનેડા, બ્રિટન અને આફ્રિકાના જુદા જુદા દેશોમાંથી આવેલા છે. પશ્ચિમી વાતાવરણમાં ઉછરેલા યુવાનોએ સ્વૈચ્છિક રીતે સાધુની કડક આચારસંહિતા સ્વીકારી છે.

શિક્ષિત અને પ્રતિબદ્ધ સાધુઓનો સમુદાય સમાજના આધ્યાત્મિક ઉત્થાન અને સેવા માટે મથે છે. આ સાધુઓનું જ્ઞાન અને ડહાપણ આંતરિક શાંતિ પ્રદાન કરે છે. તેમનું જીવન ભારતની ઉદાત્ત સાધુ પરંપરાનું ઉદાહરણ બની રહે છે. જુદા જુદા કેન્દ્રોમાં ભક્તોને જીવનના મૂળભૂત મૂલ્યોની જાળવણી અને પ્રેરણા આપવાનું કામ સાધુઓનું છે. રોજબરોજની પ્રવૃત્તિઓ અને મોટા અવસરોની કામગીરીનું આયોજન કરવાનું હોય છે ને એ માટે ભંડોળ ઉઘરાવવાનું હોય છે. સમયે સમયે એક કેન્દ્રમાંથી બીજા કેન્દ્રમાં તેઓ ફરતા રહે છે. કેન્દ્રમાં રહેતા હોય ત્યારે તેમણે જુદા જુદા ગામડાંમાં જવાનું હોય અને તેમના ભક્તોનાં

દીક્ષા સમારોહ પછી યોગીજી મહારાજે યુવાનોને આશીર્વાદ આપ્યા



ઘરની મુલાકાત પણ લેવાની હોય. આવી મુલાકાતો દરમિયાન બાળકો અને યુવાનોની પ્રવૃત્તિઓમાં તેમણે રસ લેવાનો હોય છે. મંદિરમાં આવવા તેમને સમજાવવાના હોય છે. જીવનનાં આધ્યાત્મિક મૂલ્યોની વાત તેઓ સમજે ને રસ પડે એ રીતે કરવાની હોય છે.

## સ્વયંસેવકો

સ્વયંસેવકો ભક્તોમાંથી જ આવે છે, જેમને પ્રાર્થના અને દર્શન ઉપરાંત સંસ્થાની બીજી પ્રવૃત્તિઓમાં પણ રસ લેતા હોય છે. બધા જ હરિભક્તો સમાજસેવામાં રસ બતાવતા હોય એવું નથી. પણ ઘણા હોય છે, જેમને ખરેખર રસ હોય છે. આમાં કેટલાકનો રસ કામચલાઉ તો કેટલાકનો કાયમી હોય છે. સ્વયંસેવક થવા માટે કોઈના પર કશું દબાણ હોતું નથી. પોતાની સ્વેચ્છાએ જ, જીવનમાં કંઈક કરી છૂટવાની ભાવનાથી જ, લોકો આગળ આવતા હોય છે. સ્વામીશ્રી સ્વયંસેવકો માટે પણ આચારસંહિતા કંડારી છે. જે આગળ ....... આપવામાં આવી છે.

## પ્રવૃત્તિનો વિસ્તાર

સંસ્થાની બીજી કેટલીક મહત્ત્વની બાબતો નીચે પ્રમાણે છે :

સંસ્થાના બધા કેન્દ્રોમાં એ પ્રથા રાખી છે કે મોટા ઉત્સવો – ઉજવણીઓમાં માનવંતા મહેમાનો તરીકે અન્ય ધર્મના લોકોને આમંત્રણ આપવું. પ્રમુખસ્વામી મહારાજ અનેક સાધુઓની મુલાકાત દરમિયાન તેઓ વધુમાં વધુ ભક્તોને મળી શકે, જે તે સ્થળની મહત્ત્વની વ્યક્તિઓને, જુદા જુદા ધર્મના આગેવાનો સાથે મુલાકાતો યોજાય એનો પણ ખ્યાલ રાખવામાં આવે છે. જે તે રાજ્યના વડાઓ અને ધર્મના વડાઓ સાથે દેશમાં ને અન્ય દેશોમાં મુલાકાતોનું આયોજન થાય છે. સંસ્થાના વડા મથકે અને દરેક કેન્દ્રમાં માધ્યમો માટે અને પ્રકાશનો માટે અલગ વિભાગ હોય છે. અમદાવાદમાં સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ ખાતે આવો વિભાગ છે:

| | સામયિકો | સભ્ય સંખ્યા |
|---|---|---|
| ● | સ્વામિનારાયણ પ્રકાશ (ગુજરાતી) | ૮૧,૦૦૦ |
| ● | સ્વામિનારાયણ પ્રકાશ (હિન્દી) | ૫,૬૦૦ |
| ● | સ્વામીનારાયણ બાળપ્રકાશ (ગુજરાતી) | ૮૭,૦૦૦ |
| ● | સ્વામીનારાયણ બાળપ્રકાશ (અંગ્રેજી) | ૬,૧૦૦ |
| ● | સ્વામિનારાયણ બ્લીસ (અંગ્રેજી) | ૧,૫૦૦ |
| ● | મહિલા સામયિક-પ્રેમવતી (ગુજરાતી) | ૩૦,૦૦૦ |

અન્ય પ્રકાશનો

- ૪૬૨થી વધુ પુસ્તકો અને પુસ્તિકાઓ - અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અન્ય ભાષાઓમાં
- ૨૮૬થી વધુ ઑડિયો અને વીડિયો કેસેટ
- ૩૬ ઑડિયો સી.ડી.
- ભારતીય સંસ્કૃતિ પર સીડીરોમ
- એનિમેશન ડી.વી.ડી. (સંસ્થાના કાર્યકરો, કલાકારો દ્વારા સંસ્થાના સ્ટુડિઓમાં તૈયાર થયેલ) :
  
  ૧. ઘનશ્યામ ચરિત્ર (ભાગ ૧ અને ૨)
  
  ૨ મીસ્ટીક ઇન્ડિયા (બે ડીવીડી)

## સાધનો ઊભાં કરવા માટે...

આ અસામાન્ય બાબત છે. તમામ મંદિરો ઘણું બધું મૂડીરોકાણ માગી લે છે ને તેમની જાળવણીમાં પણ ઘણો ખર્ચ થાય છે. એ જ રીતે તમામ સખાવતી પ્રવૃત્તિઓ, રાહત અને પુનર્વસવાટનાં કામોમાં ઘણું ભંડોળ જોઈએ. નિસડન મંદિરની વાતમાં જણાવ્યું છે એમ, કે ભૂકંપ-રાહતમાં થયું હતું તેમ, જરૂરી બધું ભંડોળ ભક્તો દ્વારા જ એકઠું કરાય છે. જુદા જુદા પ્રકારના દાતાઓ હોય છે. ફંડ એકઠું કરવા ઘણો બધો પ્રયાસ કરવો પડે છે. સમયનો મોટો ભોગ આપવો પડે છે. વળી, ગમે એટલો મોટો દાતા હોય, પણ એમાં નામની તકતી ક્યાંય લાગતી નથી. નિસડન કે શિકાગો જેવા મંદિરો ઊભાં કરવા સામૂહિક પ્રયાસોથી જ લાખો ડૉલરનાં ભંડોળ એકઠાં થયાં હતાં. ભારતના અને ભારત બહારના લોકોના સમૂહો સારું એવું ભંડોળ આપે છે. રસપ્રદ નોંધપાત્ર બાબત એ છે કે જરૂરી તમામ ભંડોળ સમાજમાંથી તેની મેળે ઊભાં કરાય છે.

## *સંશોધન :

## ભદ્રેશ સ્વામી રચિત એકવીસમી સદીનું અભિનવ ભાષ્ય...

### જેના પર વિશ્વ વિખ્યાત 'હાવર્ડ' અને 'ઑક્સફર્ડ' યુનિવર્સિટીના વિદ્વાનો સંશોધન કરવામાં લાગી ગયા છે

થોડા સમય પહેલાં જેમનો ૧૫૦મો જન્મદિવસ દેશ આખાએ ઊજવ્યો એ સ્વામી વિવેકાનંદે કહેલું કે આપણાં ઉપનિષદો તો શક્તિની ખાણ છે... પ્રખર વિદ્વાન ઍની બેસન્ટ પણ કહેતા કે ઉપનિષદો તો માનવમગજની સર્વોચ્ચ ફળશ્રુતિ છે.

દેશ-દુનિયાના પ્રખર ચિંતકોની એક આખી પેઢી જેનાથી ભારે પ્રભાવિત હતી એવાં આપણાં શાસ્ત્રો-પુરાણો વિશે આજની પેઢી કેટલું જાણે છે ?

ઓકે, જવાબ ધારવા માટે કોઈ પ્રાઈઝ રાખવામાં આવ્યું નથી, કેમ કે જવાબ આપણને ખબર છે. જીવનની ફિલસૂફી સમજાવતાં આ પુરાણો-ગ્રંથોમાં આધુનિક પેઢીનાં રસ-રુચિ ખાસ નથી એ એક ચિંતાની બાબત છે.

જો કે ચિત્ર સાવ નિરાશાજનક તો નથી જ. નવી પેઢી એ શાસ્ત્રોનાં ગહન રહસ્ય ગરમાગરમ શીરાની જેમ ગળે ઉતારી શકે એવો એક ભગીરથ પ્રયાસ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ (બીએપીએસ) સંસ્થાના વિદ્વાન સંત ભદ્રેશદાસ સ્વામીએ કર્યો છે. એમણે ઉપનિષદો-ભગવદ્‌ગીતા-બ્રહ્મસૂત્રો પર ભાષ્યો રચીને એવરેસ્ટ સર કર્યું છે.

૨૧મી સદીના આ 'અભિનવ ભાષ્ય' વિશે કાંચીપુરમ્ ખાતેની શ્રી ચંદ્રેશેખર સરસ્વતી વિદ્યાપીઠના ઉપકુલપતિ અને વિદ્વાન પ્રાધ્યાપક વી.એસ. વિષ્ણુ પોટ્ટી નોંધે છે :

'પ્રસ્થાનત્રયી પર રચાયેલું આ 'સ્વામીનારાયણ ભાષ્ય' એવું મોતી છે, જેણે ભાષ્યોનાં આભૂષણોમાં આગવું સ્થાન મેળવ્યું છે. અથાગ પરિશ્રમ અને સમાધિનું આ પરિણામ છે.'

શું છે આ ભાષ્ય ?

આ સમજતાં પહેલાં પ્રસ્થાનત્રયી શબ્દનું મહત્ત્વ સમજવું જરૂરી છે. સાવ સરળ ભાષામાં કહીએ તો હજારો વર્ષોથી ભારતીય ચિંતન અને જીવનશૈલી પર દસ ઉપનિષદ, ભગવદ્‌ગીતા અને બ્રહ્મસૂત્રો-આ ૧૨ ગ્રંથનો આગવો પ્રભાવ રહ્યો છે. ઉપનિષદ-ભગવદ્‌ગીતા-બ્રહ્મસૂત્ર એ ત્રણેને પ્રસ્થાનત્રયી તરીકે ઓળખવામાં આવે છે. ત્રયી એટલે ત્રણ અને પ્રસ્થાન એટલે રસ્તો-માર્ગ. ટૂંકમાં, તત્ત્વજ્ઞાનને સમજવાના ત્રણ રસ્તા એટલે પ્રસ્થાનત્રયી.

વેદધર્મના પાયારૂપ આ ઉપનિષદ-ભગવદ્‌ગીતા અને બ્રહ્મસૂત્ર પર ભાષ્યો રચે એને આચાર્ય કહેવાય છે. પ્રસ્થાનત્રયી પર સૌપ્રથમ અને શ્રેષ્ઠ ભાષ્ય રચનારા શ્રી શંકરાચાર્ય માનવામાં આવે છે. શંકરાચાર્ય ઉપરાંત રામાનુજાચાર્ય, માધવાચાર્ય, નિમ્બાકાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનંદાચાર્ય વગેરે તમામ પ્રસિદ્ધ આચાર્યોએ આ પદ્ધતિને અનુસરીને પોતાના સંપ્રદાયના ભાષ્યગ્રંથ રચ્યા છે.

ભદ્રેશદાસ સ્વામીએ આ પરંપરામાં દસ ઉપનિષદ, શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા તથા બ્રહ્મસૂત્ર- એ પ્રસ્થાનત્રયી પર મૌલિક 'સ્વામીનારાયણ ભાષ્યમ્‌' લખીને અનેરી સિદ્ધિ મેળવી છે.

ભાષ્ય એટલે શાસ્ત્રોમાં છપાયેલાં ગહન રહસ્યોનો સરળ ભાષામાં ઉઘાડ કરી આપતું લખાણ. કોઈએ ભાષ્ય લખવાં હોય તો એનું એક ચોક્કસ શાસ્ત્રીય માળખું નિશ્ચિત છે. ગમે એવાં વ્યાખ્યાનને ભાષ્ય ગણવામાં નથી આવતાં. ભાષ્યકાર પાસે બૌદ્ધિક પરિપક્વતા, સૈદ્ધાંતિક સ્પષ્ટતા તથા શાસ્ત્રનૈપુણ્ય હોવાં જરૂરી છે. ખાસ કરીને સંસ્કૃત ભાષામાં લખાયેલાં ઉપનિષદ-ગીતા-બ્રહ્મસૂત્ર જેવાં તત્ત્વજ્ઞાનનાં શાસ્ત્રો પર ભાષ્ય કરવું હોય તો ભાષ્યકાર સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્ણમીમાંસા તથા વેદાંત જેવાં ષડ્‌દર્શનમાં માહેર હોવો જોઈએ. વૈદિક તત્ત્વજ્ઞાનનાં આ છ શાસ્ત્ર ષડ્‌દર્શન તરીકે પ્રચલિત છે. આટલો અભ્યાસ કરતાં કરતાં તો કદાચ માનવીનું આયખું વીતી જાય....

વર્તમાન પેઢીને, અભ્યાસુને કેવી રીતે મદદરૂપ થશે ? તેના રચયિતા ભદ્રેશ સ્વામી જવાબ આપતાં કહે છે :

'બે રીતે આ ભાષ્ય ઉપયોગી નીવડશે : જીવનની સમસ્યાના કાયમી ઉકેલ તરીકે અને આવનારાં અનેક વર્ષો સુધી સંશોધનની પ્રેરણા તરીકે.'

પોતાની વાત સ્પષ્ટ કરતાં એ કહે છે કે હવે એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે ભૌતિકવાદનાં વધતાં જતાં આક્રમણ સામે આધ્યાત્મિકતા જ ઝીંક ઝીલી શકશે. આ ભાષ્ય

બ્રહ્મવિદ્યાની સ્પષ્ટ અને મૌલિક સમજ આપે છે. જે આ સમજ હૈયે ઉતારશે એને જીવનની સર્વે સમસ્યાનાં સમાધાન મળી શકશે એ નિર્વિવાદ છે.

ગહન સંશોધન આધારિત આ ભાષ્ય દેશ-વિદેશની વિદ્યાપીઠોમાં આ અંગે સંશોધન કરી રહેલા અનંક વિદ્વાનોને પાયાની માહિતી પૂરી પાડશે અને આ દ્વારા ઈતિહાસમાં ધરબાયેલા ખજાનામાંથી અજાણ્યાં અનન્ય રત્નો મળી આવશે, જે પૃથ્વી પરના માનવસમાજને ઉજાગર કરશે.

આ પ્રકારનાં વિવિધ સંશોધનાત્મક અભ્યાસ બી.એ.પી.એસ.નાં સાધુઓ કરી રહ્યા છે. તેનો ઉપયોગ હરિભક્તોને માર્ગદર્શન આપવામાં કરવામાં આવી રહ્યો છે. મહંત સ્વામી મહારાજશ્રીએ આ પ્રકારનાં સંશોધનો અને તેનાથી લોકોને ઉપયોગી વાતો તથા માર્ગદર્શન સમગ્ર સમાજને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સ્થાનિક ભાષામાં પહોંચાડાય તેવો અભિગમ દાખલ કર્યો છે.

*સાભાર : 'ચિત્રલેખા' ● ૨૪ જૂન, ૨૦૧૩ ● લેખક : શ્રી કેતન મિસ્ત્રી

# સંબંધની સુવાસ




## પ્રસંગ-૧

મહંત સ્વામીની સાધુતાની મહેક સહજ સહનશીલતામાં સૌને અનુભવાય છે. તેમની સહનશીલતા અને સાધુતાની આકરી કસોટી અનેક વખત થઈ.

એક વખત ઝાલાવાડના અડવાળ ગામે વિનુભગત યોગીજી મહારાજની સાથે પત્રલેખનની સેવામાં રોકાયેલા હતા. તેઓ જે આસન પર બેઠા હતા, તેના પર દીવાલને અઢેલીને અગાઉથી જ ઓશીકું પડ્યું હતું. સામાન્ય રીતે વરિષ્ઠ સદ્‌ગુરુ સંતો માટે આસનની સાથે આદરપૂર્વક ઓશીકાં કે તકિયાં મૂકવાની એક પ્રથા હતી. આથી, વિનુભગતના આસનની પાછળ ઓશીકું જોઈને આખાબોલા હરિભક્તોએ કટાક્ષમાં કહ્યું : 'જોયું ? સદ્‌ગુરુના જાણે બાપ થઈ ગયા છે.'

ઓશીકાથી અજાણ વિનુભગતે એ હરિભક્તો પ્રત્યે સ્નેહ દર્શાવતું મંદ સ્મિત કરીને તાત્કાલિક એ ઓશીકું કાઢી નાંખ્યું.

બસ એ ક્ષણથી વિનુભગતે સદાના માટે પોતાના આસનમાં ઓશીકું મૂકવાનું બંધ કરાવી દીધું. કોકે કદાચ પાછળ મૂક્યું હોય તો તેને અઢેલીને બેસવાને બદલે વિનુભગત તેનાથી દૂર બેસે.

આવું વર્ષો અને દાયકાઓ સુધી તેમણે કર્યું.

પાછળથી યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે તેમને માટે હંમેશાં ગાદી-તકિયા મૂકવવાનો આગ્રહ રાખ્યો, પરંતુ વિનુભગતમાંથી મહંત સ્વામી બનેલા એ નિર્માની સંતે વિનમ્રભાવે ઓશીકાને ટેકે બેસવાને બદલે દૂર બેસવાનું પસંદ કર્યું.

## પ્રસંગ-૨

તેઓ નિત્ય વહેલી સવારે બ્રહ્મમુહૂર્તે જાગી જાય અને ખૂબ ધૈર્યપૂર્વક પૂજા-માનસી વગેરે કરીને આરતીમાં પધારે. તેમનો આ નિત્યક્રમ ખૂબ વહેલાં જાગતા હોવાથી તેઓ મધ્યાહ્ન પછી થોડો સમય આરામ કરે. જાગીને પુન : માનસી અને કથામાં પરોવાઈ જાય.

બપોર પછી આરામમાં ગયેલા સંતોને જગાડવાની સેવા એક નવોદિત સંતને સોંપવામાં આવી હતી.

એક દિવસ, મહંત સ્વામી બપોર પછી આરામ કરી રહ્યા હતા. પેલા નવયુવાન સંતને ખબર નહોતી કે અહીં મહંત સ્વામી માથે ઓઢીને સૂતા છે. કોઈ અન્ય સંત અહીં સૂતા છે, એમ જાણીને તેણે એ સંતને શરૂઆતમાં તો અપમાનજનક શબ્દો દ્વારા ઉઠાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ કાકનિદ્રા અને હરણફડકો ધરાવતા મહંત સ્વામી માથે ઓઢીને એમ ને એમ સૂતા રહ્યા. આથી, ધીરજ ગુમાવતાં તે યુવાન સંત મહંત સ્વામીને લાત મારીને ત્યાંથી જતા રહ્યા.

આમ છતાં મહંત સ્વામી થોડી વાર એમ ને એમ માથે ઓઢીને પડી રહ્યા. પાછળથી કોઈકે એ વિશે તેમને પૂછ્યું કે આપે કેમ માથા ઉપરથી કપડું કાઢ્યું નહીં ?

ત્યારે તેમણે નમ્રભાવે કહ્યું : 'જો હું માથેથી કપડું ઉઘાડું. તો પેલા સંતને ખૂબ અપરાધભાવ જાગતો. તેથી માથે ઓઢેલું એમ ને એમ રાખીને હું સૂતો રહ્યો.'

## પ્રસંગ-૩

મહંત સ્વામી સતત ગામેગામ વિચરણ કરતા હતા. એ સમયે ટેલિફોનની સુવિધાઓ

નહોતી. એટલે મુંબઈથી વિચરણનો પત્ર લખાઈ જાય ને બધું એ પ્રમાણે એક ગામથી બીજે ગામ વિચરણ ચાલે.

આ રીતે વિચરણમાં નીકળેલા તેઓ ટ્રેન દ્વારા એક વખત મોડી રાત્રે પાટણના સ્ટેશન પહોંચ્યા હતા. સામાન્ય રીતે આગાઉથી પત્ર લખ્યો હોવાને કારણે સામાન્ય રીતે હરિભક્તો સામે લેવા જ જાય, પરંતુ કોઈક ગેરસમજને કારણે અભાવ આવવાથી પત્ર મળવા છતાં તે હરિભક્ત સ્ટેશન પર લેવા આવ્યા નહોતા.

કોઈ લેવા ન આવ્યું, હવે ક્યાં જવું ?

આથી, સ્ટેશન ઉપર મહંત સ્વામીને બાંકડા ઉપર સુવાડ્યા ને સાથેના સંતો નીચે સૂઈ ગયા. તે વખતે ઉંદર પણ બહુ હતા. તે એક ઉંદર મહંત સ્વામીને બચકું ભરી ગયો, પરંતુ મહંત સ્વામીના મોં પર કોઈ અકળામણ નહીં કે કોઈ રોષ નહીં. તેઓ ખૂબ સ્વસ્થ રહ્યા.

## પ્રસંગ-૪

સન ૧૯૮૩ની વાત છે.

પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી મહંત સ્વામી મહારાજ મુંબઈના મંદિરની મૂર્તિઓ માટે જયપુર પધાર્યા હતા. સાથે ઈશ્વરચરણદાસ સ્વામી અને અન્ય બે યુવાન સંતો પણ હતા. અહીંથી તેમને બંસીપહાડપુર જવાનું હતું. જયપુરથી ભાવિક ભક્તોએ તેમને એક મોટરજીપ ભાડે કરી આપી. સાંજે બંસીપહાડપુર જવા નીકળ્યા. એ પ્રદેશ ખૂબ ભયંકર. ચંબલના ડાકુઓનો ત્યાં ખૂબ ત્રાસ. રાતનો સમય હતો. ભરતપુરથી ૧૦ કિ. મી. દૂર ગયા ને જીપ બંધ પડી ગઈ. ત્યાં રસ્તામાં ૧૫ થી ૨૦ મિનિટ સુધી તેમને કોઈ મળ્યું નહીં.

આથી, રાત્રે નજીકના કોઈ ગામ સુધી જવા માટે મહંત સ્વામી અને સંતો જીપને ધક્કો મારીને જવા નીકળ્યા. લગભગ ૫-૬ કિલોમીટર ધક્કા માર્યા હશે ત્યાં એક ટ્રેક્ટરવાળો મળ્યો. તેણે મદદ કરી. જીપને ખેંચીને થોડે દૂર ભરતપુરની બહાર એક પેટ્રોલ પંપ પાસે લઈ આવ્યા.

અહીં કોઈ પરિચિત નહોતું. રાતના ૧૨ વાગ્યા હતા. આથી સૂવાની પણ કોઈ વ્યવસ્થા થાય તેમ નહોતી. ગામની બહાર પેટ્રોલપંપ પાસે ગાડી ઊભી રાખીને મહંત સ્વામી અને ઈશ્વરચરણ સ્વામી જીપમાં જ સીટ ઉપર સૂઈ ગયા. સાથેના સંતો પેટ્રોલના ફ્યુલિંગ પંપની પાળી પર સૂઈ ગયા. ઉનાળાની અસહ્ય ગરમી, વળી, મચ્છરોનો ખૂબ ત્રાસ.

સવારે ઊઠયા અને બાજુમાં એક ગેરેજ બહાર ડંકી હતી તે ડંકીમાં નાહીને મહંત

સ્વામીએ ગેરેજ પર અગાસી હતી ત્યાં પૂજા કરી. ત્યાં અઢી-ત્રણ કલાક નીકળી ગયા... પછી ગાડી રિપેર થઈ અને માંડ માંડ બંસીપહાડપુર પહોંચ્યા.

પરંતુ આવી તકલીફો વચ્ચે પણ મહંત સ્વામી મહારાજના મુખ પર ન કોઈ કંટાળો હતો, ન કોઈ ત્રાસનો અનુભવ હતો. તેઓ અત્યંત આનંદમાં નિમગ્ન હતા.

તેઓની એ આધ્યાત્મિક સ્થિતિએ સૌનાં હૈયે વિશેષ અહોભાવ પ્રગટાવી દીધો.

## પ્રસંગ-૫

સન ૧૯૮૭નું વર્ષ હતું.

વિચરણ કરતાં કરતાં તેઓ એક રાત્રે મોડેથી બોચાસણ પધાર્યા હતા.

મે મહિનાની અસહ્ય ગરમી હતી.

સાથે સેવામાં સેવક તરીકે ફરતા યુવકોએ રાત્રે ૧૧-૦૦ વાગ્યે સ્વામીશ્રી પહોંચ્યા તે સાથે જ સેવક યુવકોએ તેમના ઉતારાના ખંડમાં સફાઈ કરી દીધી. અસહ્ય ગરમીને કારણે સ્વામીશ્રી ઉતારાના ખંડમાં પ્રવેશીને સીધા સ્નાન કરવા બાથરૂમમાં પધાર્યા.

તેઓએ સ્નાન કરી લીધા પછી નવયુવક સેવક તેમનાં ભીનાં વસ્ત્રો ધોવાં-નીચોવવાં બાથરૂમમાં જઈને સેવા કરવા લાગ્યો.

થોડી જ પળોમાં એ યુવક બહાર આવ્યો અને એક દૃશ્ય જોતાં જ સ્તબ્ધ રહી ગયો. કારણ કે મહંત સ્વામીજી બાથરૂમ બાજુ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી રહ્યા હતા. ૨૦ વર્ષની ઉંમરના એ યુવકે આશ્ચર્યચકિત થઈને પૂછ્યું : ‘સ્વામી, આ બાથરૂમ બાજુ આપ કોને દંડવત્ કરો છો ?’

ત્યારે મધરાતે મહિમાસભર વાણીમાં સ્વામીશ્રીએ કહ્યું : ‘તમારે આખા દિવસનો નિર્જળા ઉપવાસ છે, અને તમે આવી ભીડાવાળી સેવા કરો છો.

વળી, મુંબઈ છોડીને આવ્યા છો... યુવકોને જોઈને યોગીબાપા ખૂબ રાજી થાય. તેથી તમને દંડવત્ કરતો હતો.

## પ્રસંગ-૬

સન ૧૯૯૭ની વાત છે.

બોચાસણમાં સંસ્થા દ્વારા આયોજિત વિદ્યાર્થી શિબિર ચાલી રહી હતી. શિબિરમાં મહંત સ્વામીનું પ્રવચન હતું. આથી, શિબિરમાં સેવા આપતો એક યુવક તેઓને પ્રવચન માટે બોલાવવા ગયો, પણ ત્યાં તો સ્વામીશ્રી તેને સામે મળ્યા.

રસ્તામાં રસોડા અને વાસણ ધોવાની ચોકડીની વચ્ચે જમીનમાં એક કોથળો ચોંટેલો હતો. સ્વામીશ્રીનું ધ્યાન તે તરફ જતાં ચશ્માંનું કવર અને પ્રવચનના મુદ્દાની નોંધનો કાગળ સાથેના સંતને પકડવા આપ્યો અને એક હાથે કોથળો ઉખેડવા લાગ્યા, પણ કોથળો રેસા સાથે જડબેસલાક ચોંટેલો હતો.

કોથળો ગંદો હતો અને સ્વામીશ્રી એ ગંદકી દૂર કરવા મથતા હતા. આખરે સ્વામીશ્રીએ બન્ને હાથનો ઉપયાગ કરી તાકાતથી કોથળો ઉખાડ્યો. અનેક પ્રકારની જીવાત ને દેડકાં તેની નીચેથી નીકળ્યાં. સ્વામીશ્રી કોથળો અને કચરો નજીકની કચરાપેટીમાં નાખી આવ્યા. ચોકડીમાં પાઉડરથી હાથ ધોયા ને પછી જ પ્રવચન કરવા પધાર્યા.

**તેમના પ્રવચનનો વિષય હતો- 'આળસ'**

સૌને પ્રતીતિ થઈ ગઈ કે એમનું જીવન એ જ એમનું વ્યાખ્યાન છે, અને એમના વ્યાખ્યાનમાં પ્રતિબિંબિત એ જ થાય છે, જે એમના જીવનમાં છે.

## પ્રસંગ-૭

મહંત સ્વામી મહારાજને સ્વચ્છતાની ચીવટ.

બારડોલી તાલુકાના નાના એવા સાંકરી ગામમાં જૂના બી.એ.પી.એસ. મંદિરની સામે એક મકાન હતું. તેની પાછળના ખેતરમાં હરિભક્તો-કાર્યકરોની એક શિબિર યોજાઈ હતી. મહંત સ્વામી મહારાજ આ શિબિરમાં લાભ આપવા માટે જ અહીં પધાર્યા હતા.

શિબિર પૂર્વે સ્વામીશ્રી એ બાજુ નિરીક્ષણ કરવા માટે પધાર્યા. તેમની નજર થોડીક ક્ષણોમાં જ અહીંની પરિસ્થિતિ પામી ગઈ. આખું ખેતર દાતણની એંઠી ચીરીઓથી ભરેલું હતું. વર્ષોથી બધા દાતણ કરીને અહીં જ ચીરીઓ નાખતા હતા.

મહંત સ્વામી મહારાજે આ જોયું અને તેઓ જાતે જ નીચા વળીને કોઈકની એંઠી દાતણની ચીરીઓ ઉપાડવા લાગ્યા. જાતે આજુબાજુમાંથી એક ડોલ શોધીને લાવ્યા. તેમાં દાતણની એઠી ચીરીઓ અલગ કરવા લાગ્યા. આ દૃશ્ય જોતાં જ થોડે દૂર ઊભેલાં સંતો પણ સેવામાં દોડયા. સ્વામીશ્રીને આ નિમ્ન કક્ષાની સેવા કરતા જોઈને સૌ તેમને વારવા લાગ્યા : 'આપ આવી સામાન્ય સેવા રહેવા દો, અમે કરી દઈશું.' પણ સ્વામીશ્રીએ કહ્યું: 'ના, તમેય કરો અને અમેય કરીએ.'

## પ્રસંગ-૮

મહંત સ્વામી મહારાજનું ભોજન એટલે સ્વાદ વિનાનું ભોજન.

તેમાં ન મીઠું હોય કે ન કોઈ સ્વાદિષ્ટ મસાલા.

વર્ષો સુધી એ જ રહ્યું તેમનું ભોજન.

સન ૨૦૦૦માં યુ. એસ. એ.થી બાળકો-કિશોરો ભારતયાત્રાએ આવ્યા હતા. બોચાસણમાં મહંત સ્વામી મહારાજ ભોજન કરી રહ્યા હતા ત્યારે દર્શન કરતાં બાળકોએ પૂછ્યું : 'આપ શું જમો છો ?'

પોતાના ભોજનપાત્ર (પત્તર)ની બાજુમાં પડેલા થાળ તરફ નિર્દેશ કરીને મહંત સ્વામી મહારાજે પૂછ્યું : 'ચાખવું છે ?'

બાળકો રાજી થઈ ગયા. મહંત સ્વામી મહારાજે થાળમાંથી પરવળનું શાક થોડું લઈને ચમચી દ્વારા બાળકને આપ્યું. રાજી થઈને હોંશે હોંશે મોંઢામાં મૂકતાં જ એ બાળકે થૂ થૂ કરી મોઢાંમાંથી કાઢી નાંખ્યું, કારણ કે તેમાં કોઈ સ્વાદ જ નહોતો.

બાળકે પૂછ્યું : 'આપને આવું સાવ સ્વાદ વિનાનું મોળું કેવી રીતે ભાવે છે ?'

મહંત સ્વામી મહારાજે ટટ્ટાર થઈને કહ્યું : 'યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે એનો કેફ છે. એટલે બીજા સ્વાદની જરૂર નથી.'

સ્વામીશ્રીના નિઃસ્વાદ ધર્મ અને પ્રાપ્તિના કેફનો પ્રભાવ સૌ પર છવાઈ રહ્યો.

## પ્રસંગ-૯

પ્રમુખસ્વામી મહારાજના અનુગામી તરીકે સ્વામીશ્રી ગુરુપદે આવ્યા ત્યાર પછીની કેટલીક સ્મૃતિઓ તાજી થાય છે.

એક વખત સંતો અને સ્વામીશ્રી ગોષ્ઠિ કરી રહ્યા હતા.

સ્વામીશ્રીના યોગીજી મહારાજ સાથેના જૂના જૂના પ્રસંગોની વિવેકસાગરદાસ સ્વામી સ્મૃતિ કરી રહ્યા હતા. સૌને ખૂબ આનંદ આવ્યો.

અંતે સૌએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું કે હવે આપ જ યોગીજી મહારાજ સાથેનો આપનો કોઈ સદા સ્મરણીય પ્રસંગ કહો.

જો કે સ્વામીશ્રી આનાકાની કરતા રહ્યા, પરંતુ સૌના આગ્રહથી અંતે કહ્યું :

'૧૯૫૬-૫૭માં હું યુવક તરીકે યોગીજી મહારાજ સાથે વિચરણ કરતો હતો.

યોગીબાપા અવારનવાર ઉપવાસની આજ્ઞા કરે. એક વખત યોગીબાપાએ પૂછ્યું : 'આજે નિર્જળ ઉપવાસ કરશો ?'

મેં હા પાડી.

બીજા દિવસે હું પારણાં કરવા જતો હતો ને તેમણે મને પૂછ્યું : 'આજે ઉપવાસ કરશો ?'

ના કેવી રીતે પડાય ? હા પાડી.

ત્રીજા દિવસે પારણાં તેમણે ફરી ઉપવાસનું પૂછ્યું એટલે હા પાડી. એમ રોજ સવારે પારણાં પહેલાં ઉપવાસનું પૂછે. ના તો પડાય જ કેવી રીતે ?' 'કાલે કર્યો હતો એટલે આજે નહીં' એવું કહેવું પણ યોગ્ય નહીં. એમ ને એમ સળંગ પાંચ નિર્જળ ઉપવાસ થયા. છઠ્ઠે દિવસે યોગીબાપાએ જાતે પારણાં માટે શરબત બનાવીને રાખેલું. યોગીબાપા ખૂબ રાજી થઈ ગયા.'

સૌ સંતો સ્તબ્ધ બની ગયા, કારણ કે સૌને એવો ખ્યાલ હતો કે યોગીજી મહારાજના વચને સ્વામીશ્રીએ કેટલીય વખત બે-બે, ત્રણ-ત્રણ સળંગ નિર્જળ ઉપવાસ તો કર્યા છે, પરંતુ આ તો પાંચ દિવસના સળંગ ઉપવાસ?

વર્ષો સુધી સ્વામીશ્રીની એ તપોમય પ્રતિભાનું દર્શન કરી રહેલા સૌ સંતો આજે વિશેષ અહોભાવથી તેમનાં ચરણે નમી પડ્યા.

## પ્રસંગ-૧૦

**પ્રશ્ન :** 'પ્રમુખસ્વામી મહારાજે ઘણું સહન કર્યું છે. તેમની જેમ અમારે પણ વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવા શું કરવું જોઈએ ? તેનું માર્ગદર્શન આપો.

**મહંત સ્વામી મહારાજ :** 'યોગીબાપાએ કહ્યું છે : સહન કરે તો મોટાપુરુષ જીવમાંથી રાજી થાય. આવી વાત શાસ્ત્રોમાંય લખી નથી. પ્રમુખસ્વામી મહારાજે ઘણું સહન કર્યું છે. પહેલાં તો આપણે જ્યાં-ત્યાં, જેવું-તેવું, જેમ-તેમ ચલાવી લઈએ તો સુખ થાય. આ જોઈએ ને તે જોઈએ -એવું કહીએ તો તેનો અંત જ ન આવે. યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજે ઘણી શિખામણો આપી છે, તે પ્રમાણે રહીએ તો સુખ, નહીં તો અશાંતિ. સહન કરવું એમાં બહુ માલ છે. થોડું અઘરું છે, પણ લાઈનમાં ચઢી જઈએ તો ટેવાઈ જઈએ. અને તો કોઈ પ્રશ્ન જ ન રહે.'

**પ્રશ્ન :** 'અમે નિયમો તો પાળીએ છીએ, પણ કોઈ વખત નિયમ લોપ થઈ જાય

છે, કારણ કે દૃઢતા નથી. તો આપ શું વિચારીને દરેક આજ્ઞા દૃઢતાથી પાળી શક્યા ?'

**સ્વામીશ્રી :** 'ભગવાન છે તેવી દૃઢ નિષ્ઠા અને વિષય તુચ્છ છે. તેવું યોગીબાપાએ દૃઢ કરાવ્યું છે. આપણા વિચારોને દિશા આપી છે. માટે આ એક વસ્તુ સાચી છે, તે દૃઢ કરવું. સ્ટાર્ટિંગ ગમે ત્યાંથી થાય, પણ પહોંચવાનું છે શ્રીજીમહારાજ પાસે. ભગવાન ને સંત સાચા છે, તેમની દરેક આજ્ઞા આપણા કલ્યાણ માટે છે-તેવું દૃઢપણે રહેવું જોઈએ. આપણે ગમે તેવા હોઈએ, આ નિષ્ઠા દૃઢ રાખવી અને નિયમ રાખવા, તો બીજું તો થઈ રહેશે. નિયમ પાળવામાં પ્રયત્ન કરવો પડે અને ધીરજ તથા વિશ્વાસ રાખવાં પડે, ઉતાવળે કામ ન થાય. આટલા વિચાર હશે તો બધું થઈ રહેશે. વિશ્વાસ અને દૃઢ શ્રદ્ધા રાખવી કે કામ થશે.'

## પ્રસંગ-૧૧

વહેલી સવારે બ્રહ્મમુહૂર્તમાં ૩-૩૦ વાગે જાગીને નિત્યક્રમમાં પરોવાઈ જતા સ્વામીશ્રીને થોડોક આરામ મળે તે હેતુથી બે આરતી વચ્ચેનો થોડોક સમય તેઓને પોઢાડ્યા હતા.

પરંતુ સ્વામીશ્રી તો માત્ર ૧૦ જ મિનિટમાં ઊભા થઈ ગયા.

સંતોએ પૂછ્યું : 'આરામ નથી કરવો ?'

ભક્તિની અલમસ્તાઈ સાથે, પરંતુ હળવેથી સ્વામીશ્રી બોલ્યા : 'શું આરામ. મહારાજ-સ્વામીની સ્મૃતિ થાય એ જ આરામ.'

## પ્રસંગ-૧૨

મહંત સ્વામી મહારાજ મુંબઈ વિરાજ્યા હતા. એ દરમ્યાન એક દિવસ સંતોને વ્યક્તિગત મુલાકાતનો લાભ આપીને તેમને સાધુતા અને આધ્યાત્મિક માર્ગની પ્રેરણાઓ આપી રહ્યા હતા. નવદીક્ષિત યુવાન સંતો સાથેની આ અંગત મુલાકાતમાં સૌથી છેલ્લા દિવ્યાનંદદાસ સ્વામી હતા. તેમને પગનું ઑપરેશન કરાવ્યું હોવાથી તેઓ વ્હીલચેરમાં બેઠા હતા. સ્વામીશ્રીના એ ખંડમાં તેઓ અને સ્વામીશ્રી બે જ હતા. વાતચીત પૂરી થઈ, દિવ્યાનંદદાસ સ્વામીને હવે એ ખંડની બહાર આવવું હતું, પણ એમની વ્હીલચેર ચલાવે કોણ ? તેઓ કંઈ વિચારે એટલામાં તો પોતાના આસન પરથી ઊભા થઈને સ્વામીશ્રીએ તેમની વ્હીલચેર હાથમાં લઈ લીધી. દિવ્યાનંદદાસ સ્વામી કાંઈ બોલે તે પહેલાં તો સ્વામીશ્રી વહીલચેર લઈને કક્ષની બહાર પધારી ગયા. કક્ષની બહાર ઊભેલા સંતો તથા અન્ય સૌ આ દૃશ્ય જોઈને અવાક થઈ ગયા. તેઓ દોડીને સ્વામીશ્રીના હાથમાંથી વ્હીલચેર લેવા ગયા, પરંતુ સ્વામીશ્રીએ ન આપી અને હસતાં હસતાં છેક બહારની લોબી સુધી વ્હીલચેર

હંકારી ગયા.

પોતાના પરમ વંદનીય ગુરુહરિ સ્વામીશ્રી આવી સેવા કરે તે બદલ વ્હીલચેર પર બેઠેલા આ યુવાન સંતને ઘણાં સંકોચ અને શરમનો અનુભવ થઈ રહ્યો હતો, પરંતુ સ્વામીશ્રીને તો નાના સંતની સેવા મળ્યાનો અપાર આનંદ હતો.

## પ્રસંગ-૧૩

મહંત સ્વામી મહારાજ એટલે ગુરુભક્તિની એક જીવંત પ્રતિમૂર્તિ.

પોતાના ગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે તેમને અનન્ય પ્રીતિ. એટલે જ તેઓ ગુરુપદે બિરાજ્યા ત્યારે પોતાના ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના જયજયકારને બદલે હરિભક્તો પોતાના નામનો જયજયકાર કરે તે તેમને હૃદયમાં ખૂંચ્યા કરે. મૃદુભાષી અને મિતભાષી સ્વામીશ્રી ઝાઝું તો કેટલુંક કહે. પરંતુ તેમ છતાં તેઓ અવશ્ય સૌને રોકે અને તેમની ભારોભાર નારાજગી તેમના મુખ પર તરી ઊઠે. ઠેરઠેર રોજ આ દૃશ્ય અનુભવાય.

એક વખત વલ્લભવિદ્યાનગરમાં ઉતારા તરફ જઈ રહેલા સ્વામીશ્રીને વધાવતાં વિદ્યાર્થીઓએ જયઘોષ કર્યો: 'મહંત સ્વામી મહારાજની જય... મહંત સ્વામી મહારાજની જય...' એ સાંભળતાં જ સ્વામીશ્રી એકદમ થંભી ગયા... આંગળીના ઈશારે જય બોલાવતા યુવકોને ના પાડવા લાગ્યા કે તમે ખોટી જય બોલાવો છો. પહેલાં પ્રમુખસ્વામી મહારાજની જય બોલાવો. છાત્રોને સમજાઈ ગયું ને જય બોલાવી 'પ્રમુખસ્વામી મહારાજની જય.' સ્વામીશ્રીને ત્યારે સંતોષ થયો.

અટલાદરા અને આણંદમાં તો સ્વામીશ્રી તેઓના નામનો જયજયકાર કરતા યુવકો પ્રત્યે બોલી ઊઠ્યા હતા : 'તમે પહેલાં પ્રમુખસ્વામી મહારાજની જય બોલાવો. પહેલાં એમની જય હોય. અમે તો એમના સેવક છીએ.' પછી અપાર વેદના દર્શાવતાં કહે : 'સ્વામીબાપાની જય બોલાવ્યા વિના તમે આ બધું કરો છો, એટલે મારી બંને ભુજાઓ કાપી નાંખતા હો એવું લાગે છે.'

એક વખત તો તેઓએ કહ્યું હતું : 'બાપાની જય વગર બુઠ્ઠું લાગે. ગભરાઈ જવાય છે.'

ગુરુભક્તિની કેવી પારાકાષ્ઠા.

## મહંત સ્વામી મહારાજની આધ્યાત્મિક ચિંતનકણિકાઓ

મહંત સ્વામીની કેટલીક આધ્યાત્મિક ચિંતનકણિકાઓ નીચે પ્રમાણે છે :

- કરોડો જન્મ લીધા પણ આવા ભગવાન અને સંત મળ્યા નથી. આ જન્મમાં તેમનો ભેટો થયો એ પણ અનંત જન્મનાં પુણ્યથી. ટૂંકી આવરદામાં બીજું-ત્રીજું કરવા રહીશું તો આ દિવસો જતા રહેશે. માટે શ્રીજીમહારાજની મરજી પ્રમાણે રહીએ ને જીવન ધન્ય કરી લેવું.
- ભગવાન ને સંત આપણને સેવા આપે છે. એમાં ભક્તિભાવ વધે- આત્મામાં બળ આવે. એ બધું કરી શકે ને કર્યું છે, છતાં કૃપા કરીને સેવા આપે છે. માટે પોતાનું મોટું ભાગ્ય માનીને પોતાના જીવના કલ્યાણ માટે સેવા કરવી. સેવા સીધી ભગવાનનાં ચરણોમાં જ પહોંચી જાય એવા શુદ્ધ ભાવ સાથે કરી લેવી. સેવાથી સંસ્કાર મળે, શાંતિ મળે ને બધા ગુણ આવે.
- ભગવાન તથા સત્પુરુષનો હેતુ આપણે કલ્યાણકારી ગુણો પ્રાપ્ત કરીએ એ જ છે. આપણામાં ભક્તિના, નિષ્ઠાના ગુણો અતિ શુદ્ધ થાય, રિફાઈન થાય, આપણું હૃદય અતિ શુદ્ધ થાય એ એમની ઇચ્છા છે. એટલે પ્રમુખસ્વામી મહારાજે જે સંકલ્પ-ઇચ્છા કર્યા છે ત્યાં આપણે પહોંચવાનું છે. તેઓ જે રીતે લઈ જવા માંગે છે તે પ્રમાણે કરીએ તો ભગવાનનો આનંદ આવશે, તે હૃદયમાં બિરાજશે. ભગવાન સાક્ષાત્ આપણા હૃદયમાં વિરાજમાન થાય, એ કેટલી મોટી વાત.
- નિયમ અને નિશ્ચય હોય તેને અક્ષરધામમાં જતાં કોઈ રોકી ન શકે. નિયમ પાળવામાં ગૌરવ પ્રગટે છે. નિશ્ચયથી અને નિયમથી અંતરની શુદ્ધિ થાય છે. તેનાથી ભગવાન સાથે જોડાણ થાય છે. અત્યારે શ્રીજીમહારાજ પ્રગટ બિરાજે છે, માટે તેમના નિશ્ચય અને નિયમને વળગી રહીને આપણે મોજમાં રહેવું, અખંડ આનંદમાં રહેવું.
- સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે સંપ હોય ત્યાં રિદ્ધિ, સિદ્ધિ અને ભગવાન ત્રણેય રહે. પારિવારિક એકતામાં તો સુખ અને શાંતિ આપોઆપ મળી જાય છે. શ્રીજી મહારાજે કહ્યું છે : 'સંપ હોય ત્યાં ભગવાન વસે છે.' ભગવાન બે મિનિટ આવીને જતા રહે તેમ નહીં, અખંડ રહે. માટે ઘર-પરિવારમાં, સમાજમાં અને સત્સંગમાં સંપ રાખવાનો છે. જેને સંપ છે તેને ભગવાન સાથે સંબંધ છે, ભગવાનનું પીઠબળ છે.
- શ્રીજીમહારાજે મોક્ષનો સાગર રેલાવ્યો. સત્સંગમાં અવગુણ ન લઈએ તો અક્ષરધામમાં બેસી જવાય. અવગુણ લઈએ તો મોક્ષમાં વિલંબ થાય.

- હું અને મારું, અહં અને મમત્વને લીધે પ્રશ્નો થાય છે. એ સ્વભાવ કાબૂમાં રહે તેના માટે અરસપરસ મહિમા સમજવો. દાસત્વભાવથી બધું કામ થાય. દરેકમાં દિવ્યભાવ રહે તે જ બ્રહ્મવિદ્યા. નિર્દોષબુદ્ધિ એ જ સેવા.
- અનંત બ્રહ્માંડનો રાજા હોય, પણ સત્સંગ ન મળ્યો હોય તો તેનું જીવન અલેખે છે. માટે સત્સંગ મળ્યો તે અનંત બ્રહ્માંડના રાજા કરતાં વધી ગયા. દેવોને દુર્લભ આ સત્સંગ સાવ મફત મળી ગયો છે. હવે તેને દૃઢ કરીને રાખવો. સત્સંગ છોડી દઈએ તો કેટલા જન્મની કમાણી ખોઈ નાખી. સત્સંગ છે તો ભગવાન ભેગા છે. ભગવાન હોય ત્યાં બધું જ આવી ગયું. માન-અપમાન ગમે તે થાય, પણ દાસના દાસ થઈને સત્સંગ જાળવવો.

## પરમ પૂજ્ય મહંત સ્વામીના સૂત્રો

- અભિમાનીનો સંગ ન કરવો, નહીં તો અંતઃકરણ મેલું થઈ જાય.
- ફક્ત જીવતા રહેવું પૂરતું નથી, જીવનમાં કોઈ મોટું કામ અને હેત પણ હોવો જોઈએ.
- બીજાની મહેરબાનીની અપેક્ષા કરતાં પોતાના ગુણોની મદદથી આગળ વધવું સારું છે.
- બીજાઓથી ન થઈ શકે તે કરવું, એનું નામ આવડત. આવડતથી જે ન થઈ શકે તે કરવું તેનું નામ પ્રતિભા.
- બધા માણસોને સત્ય બોલતાં શીખવવું હોય તો સાથે સાથે બધાએ સત્ય સાંભળતાં પણ શીખવું પડશે.
- મનુષ્યનો માપદંડ તેની સંપત્તિ નહીં, પરંતુ તેની બુદ્ધિશક્તિ છે.
- ફક્ત સકારાત્મક દૃઢ નિશ્ચય જ કોઈપણ જાદુઈ ઔષધિ કરતાં ચમત્કારિક છે.
- બ્રહ્મચક્ષુ કુદરતને જુએ, અંતર ચક્ષુ પરમાત્માને જુએ.
- મને આકાશમાં કોઈને ભજવાનું ન કહેશો. હું કલ્પનામાં નથી માનતો, હું અભિવ્યક્તિમાં માનું છું.
- જીવનમાં દંભ ન કરીએ તો સદા સુખી રહેવાય.
- ચિંતામણી, પારસમણી ને કલ્પવૃક્ષ કરતાં દાસપદ ઊંચું છે, શ્રેષ્ઠ છે, અધિક છે.
- દાસના દાસ થઈને રહે તેનાથી વિઘ્ન ડરીને દૂર ભાગે છે.

- અંર્તદષ્ટિ કરીને જુઓ કે દેહમાં કઈ વસ્તુ સારી છે. માટે આત્માભ્યાસ કરી સુખી રહેવું.
- બધાને દિવ્ય જોશો તો જ અક્ષરધામમાં જવાશે.
- અહમ્, મમત્વ મૂકીને સેવા-ભક્તિ કરી લેવી, તો ખરેખર ખાટી ગયા છીએ, નહીં તો ખટ્ટા ખટ્ટા ખટ્ટા, બરાબરને.
- કોઈ મોટા અથવા નાના ઈશ્વર હશે, કોઈ ઈશ્વરનાં પુત્ર હશે છતાં પણ ઈશ્વરનાં સાચા ભક્તને દુ:ખી કરનાર જરૂર શિક્ષાને પાત્ર બને છે.
- તમારા હૃદયને કચરાપેટી ન બનાવશો. જો તમે બધાની ભૂલો જ શોધતા રહેશો તો તમારું હૃદય કચરાપેટી બની જશે અને લોકો તેમાં કચરો ઠાલવતા જશે.
- બોલવા કરતાં આચરણમાં મૂકવું વધારે યોગ્ય છે.
- જ્યારે તમે ઈશ્વરના નશામાં રાચતા સાધુને મળો તો એવું માનવું કે તમે ઈશ્વરને મળ્યા.
- તમારી પાસે ઈશ્વરના સાક્ષાતરૂપ સમા શ્રી હરિ, માનવીય રૂપમાં પ્રગટ છે કે જેમનો નિવાસ દૈવી અક્ષરધામમાં છે.
- દરેક માનવજીવમાં સદ્ગુણો જોવા એ મારી ફરજ છે અને બીજાનાં સદ્ગુણો વિશે બોલવું એ મારી સેવા છે.
- મૂળ સત્ય માટે ૨૪ કલાક ધ્યાન કરવાથી તમે આ દેહ, ઈન્દ્રિઓ અને પ્રાણથી છૂટા થઈ જાવ છો અને તમે શાશ્વત આત્મા બનો છો- એક જાણકાર અને પ્રેરક. શરીર નાશ્વંત છે. અંતે તો ઈશ્વર જ તમારામાં રહે છે.
- કોઈપણ જાત-સમુદાય કે ધર્મનો જીવ બ્રહ્મરૂપ-અક્ષરરૂપ છે. આ સત્યને અજ્ઞાનતાનાં પરદાઓએ ઢાંકી દીધું છે. જે ક્ષણે આ અજ્ઞાનતાનો પરદો દૂર થાય છે તે ક્ષણે જીવ પોતાના આ સત્યરૂપને બ્રહ્મરૂપ તરીકે જોઈ શકે છે, જ્યાં શ્રી હરિ ઈશ્વરરૂપે વિરાજમાન છે. દેહ છોડતાં પહેલાં આપણે આ સામાન્ય સત્યને જાણવો પડશે અને અન્યને જણાવવું પડશે.
- આપણે દુન્યવી ફરજો બજાવવી જોઈએ પણ તેને હૃદયમાં પ્રવેશવા ના દેશો. તમારા હૃદયને મહારાજ અને સ્વામીથી ભરી દેજો.
- હૃદયથી પવિત્ર લોકો ભાગ્યશાળી છે કે તેઓ ઈશ્વરને જોઈ શકે છે. તમારા હૃદયને

દુન્યવી વિચારો, આચરણો, ખરાબ ગુણોથી સાફ કરી નાખો અને તમારા હૃદયની પવિત્રતાને જોવા ઈશ્વરને તેમાં આવવા માટે જગ્યા કરી આપો. ઈશ્વરને આવા પવિત્ર - શુધ્ધ હૃદયમાં કાયમી સ્થાપિત થવું ગમે છે.

- જુઓ, ઈશ્વરને તમારા હૃદયમાં રહેવું ગમે છે. પણ જ્યારે તે તમારા હૃદયમાં કચરાને ફેલાયેલો જોશે તો એ ક્યાં રહેશે ?
- જેણે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હોય તેવા સત્‌પુરુષને અત્યંત પ્રેમ કરો. સત્‌પુરુષ સાથે ઐક્ય સાધો અને સદ્‌ગુણોને અપનાવીને ઈશ્વરની સંપૂર્ણતામાં રહો. ધ્યાન થશે કે સત્‌પુરુષ એ તમારી આત્મા છે; તમારું સાચું ‘સ્વ’ છે.
- આપણી ઉપાસના બે કમળપગ અને ચાર કમળપગ માટે નથી. અક્ષરરૂપ બનો અને પુરુષોત્તમને ભજો.
- આજે અક્ષર અને પુરુષોત્તમ બંને સત્‌પુરુષમાં પ્રાપ્ત છે જે તમારી નજર સમક્ષ છે. સત્‌પુરુષ અક્ષર બની ગયા છે અને અવિરતપણે પુરુષોત્તમને જુએ છે. માટે જો આપણે સત્‌પુરુષ સાથે એકાકાર થઈએ તો આપમેળે આપણને પણ અનુભવાય કે પુરુષોત્તમ આપણાંમાં વિરાજમાન છે.
- ચિંતા ન કરો અને એકલતા ન અનુભવો. તમે એકલા નથી. શ્રીજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજ આ બધા સદૈવ તમારી સાથે છે. તમારે માત્ર એમને યાદ કરવાના છે. સ્વીચ ચાલુ છે - તમે લાભ મેળવશો. બધા જ તમને મદદ કરવા, રક્ષા કરવા અને જીવન ઉપરાંત માટે તૈયાર કરવા તમારી સાથે જ છે.

# મહંત સ્વામીશ્રી મહારાજની વાતો

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ચરણે સ્મરણાંજલિ...

- **પ્રશ્ન :** પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં પ્રથમ દર્શન આપને ક્યારે થયેલાં ? ત્યારે કેવી અનુભૂતિ થઈ હતી ?

  **સ્વામીશ્રી :** '૧૯૫૨માં તે સમયે મારી ઉંમર ૧૬ વર્ષની હતી. એક બાજુ પહેલેથી જ વડીલો શાસ્ત્રીજી મહારાજના દૃઢ સત્સંગી. બીજી બાજુ મારે અંગ્રેજી સ્કૂલ, (જબલપુર), ખ્રિસ્તી શિક્ષકો અને તે પણ બધા જ અંગ્રેજ. તેથી મારે કોઈ મોટા ભારતીય સંતો કે મંદિરોનો સંસર્ગ થયેલો નહીં. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં ગુણગાન ઘરમાં ગવાય ખરાં, પણ અન્ય બાવાઓ જેમ તેમને ગણી કાઢેલા.

  એવામાં અચાનક એક દિવસ સમાચાર આવ્યા : 'શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા છે.' બધાં જ સંબંધીઓ સારંગપુર જવાના હતાં. આખું ઘર, અરે ! (આણંદની) આખી ખડકી ખાલીખમ થઈ રહી હતી. આથી મારે નહોતું જવું તો પણ સારંગપુર જવું પડ્યું. હું પહોંચ્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજના અગ્નિ-સંસ્કાર થઈ ચૂક્યા હતા. તે પછી ગઢડામાં પ્રતિષ્ઠા હતી. સૌની સાથે હું પણ ઊપડ્યો. હું સ્વાભાવિક જ નિરૂત્સાહ હતો. આવી મનોદશા સાથે ગઢપુરમાં પ્રતિષ્ઠાને આગલે દિવસે સ્વામીબાપા સાથે મારી પ્રથમ મુલાકાત થઈ.

  એમની ઉંમર તે સમયે ૨૯ વર્ષની, મારી ઉંમર ૧૬ વર્ષની. આણંદના મોતીકાકા (મોતીભાઈ ભગવાનદાસ) એ પ્રમુખસ્વામી સાથે મારી ઓળખાણ કરાવી. મુંડન પહેલાંના ઘટાદાર કાળા ભમ્મર વાળ, ચપળ પારદર્શક નિર્દોષ આંખો, ચપળ આંખોના પલકાર... સૌમ્ય મુખારવિંદ... પાતળી કેડ... પાતળા હતા તેથી ઊંચા લાગતા હતા. સ્વામીશ્રીની એ વખતની મૂર્તિ હજી યાદ આવે છે. શરીર થોડું શ્યામ હતું. નાસિકાના ભાગે લાલ આછાં ચાઠાં દેખાતાં હતાં. સ્વામીશ્રી મારી સાથે હિંદીમાં વાત કરતા હતા. એમણે શું પૂછ્યું ને મેં શો જવાબ આપ્યો એ બિલકુલ યાદ નથી,

પરંતુ પ્રથમ દર્શને જ આકર્ષણ જરૂર થયું હતું. સંકલ્પો જાણે બંધ થઈ ગયા હતા ! તેઓ મને ઓળખતા હોય તેમ લાગ્યું. સ્વામીબાપાને હું પણ ઓળખતો હોઉં તેવું લાગ્યું !! તેમની નિકટમાં આવતાં થોડી ક્ષણોમાં જ અદ્‌ભુત અને દિવ્ય અનુભવ થયો. વૈશાખની લૂમાંથી ઊંચકાઈને હિમાલયની ગુલાબી ઠંડકમાં મૂકાયો હોઉં એવી ટાઢક થવા લાગી. ત્યાં તો એક મોટા હરિભક્ત આવ્યા, સ્વામીબાપાને તેમની સરભરામાં જવાનું થયું. પલકારમાં તેઓ સ્મિત કરતાં જતા રહ્યા. કોઈએ કિંમતી વસ્તુ આંચકી લીધી હોય તેમ હું હેબતાઈ ગયો. આજુબાજુ હજારો લોકો હતા. બૂમાબૂમ અને કલશોર હતો, પણ છતાં હું એકલો પડી ગયો હતો...

આજે સમજાય છે કે સ્વામીશ્રીનું કેવું વ્યક્તિત્વ હતું- એ સમયે પ્રભાવ પાડી દેવો, આંજી નાખવા, એવું કાંઈ જ નહીં. સીધા, સાદા સરળ, નિખાલસ ! છતાં હું અંજાઈ ગયો.'

- **પ્રશ્ન :** આપને સાધુ થવાની પ્રેરણા કેવી રીતે મળી ?

**સ્વામીશ્રી :** 'એકવાર પ્રમુખસ્વામી મહારાજ એકાદશીના દિવસે ટ્રેન દ્વારા અમદાવાદ જતા હતા, તે જ ડબ્બામાં હું હતો. મને એમનો પરિચય હતો પણ ગાઢ પરિચય તે વખતે થયો. તેમણે મને ત્યાગ-વૈરાગ્યની વાતો કરી કે આ સંસારમાં પડવા જેવું નથી વગેરે. સાથે એકાદશી કરવાની પણ વાત કરી. આમ, પહેલી પ્રેરણા પ્રમુખસ્વામી મહારાજે આપી. પછી યોગીબાપાએ ફોલોઅપ કર્યું.'

- **પ્રશ્ન :** આપને પ્રમુખસ્વામી મહારાજનો કયો ગુણ સૌથી વધુ સ્પર્શે છે ?

**સ્વામીશ્રી :** 'બધાને સ્પર્શે છે - નિર્માનીપણું'

- **પ્રશ્ન :** કેમ ?

**સ્વામીશ્રી :** 'એક તો તેઓ આપણા જેવા થયા, અનંત બ્રહ્માંડના રાજાધિરાજ પરમાત્માના અખંડ ધારક છે. તોય અને બીજું, આટલા મોટા છે તોય ભગવાનની ધર્મ-નિયમરૂપ બધી આજ્ઞાઓ પાળે. તે જોઈને આપણે આજ્ઞા પાળી શકીએ. આપણને પણ તેમનામાંથી પ્રેરણા મળે.'


- **પ્રશ્ન :** આપનો પ્રમુખસ્વામી મહારાજ સાથેનો વિશિષ્ટ પ્રસંગ કહેશો ?

**સ્વામીશ્રી :** 'એક પ્રસંગે યોગીજી મહારાજ ભાવનગર પધાર્યા હતા અને મને પ્રમુખસ્વામી મહારાજ સાથે અમદાવાદ રહેવાની આજ્ઞા કરી હતી. તે સમયે તેમને અમદાવાદથી અટલાદાર (વડોદરા) જવાનું થયું. હું યુવક તરીકે સેવામાં સાથે હતો.

સ્વામીબાપાએ ટ્રેનમાં બેઠક લીધી, પણ નિયમ-ધર્મની મર્યાદા સચવાય તે માટે સ્વામીબાપા વધારે સારી બેઠક ક્યાં મળે તેમ છે, તેની તપાસ કરવા ઊતર્યા. મને કહે : 'તમે બેસો'. થોડીવારે આવ્યા ને કહે : 'ચાલો, આગળ સારી જગ્યા છે.' એમ કહેતાં એમણે પોતાનું પોટલું લીધું ને હું પણ તેમની પાછળ ચાલવા લાગ્યો.

કોણે જગ્યા શોધવાની હતી ? મારે કે તેમણે ? પણ ગુરુએ સેવકધર્મ બજાવ્યો. યોગ્ય જગ્યાએ અમે ગોઠવાઈ ગયા. એવામાં તેમણે મને પૂછયું : 'તમારી થેલી ક્યાં ?' થેલી તો હું પેલા ડબ્બામાં ભૂલી જ ગયેલો. હું મૌન રહ્યો. ને હજુ તે લેવા ઊભો થાઉં તે પહેલાં તો તેઓ કશું જ કહ્યા વિના મારી થેલી લેવા ઊપડી ગયા. ગાડી ઊપાડવાનો સમય થઈ ગયો હતો. ગિરદી એટલી હતી કે તેમને ઉપવાસ પડવાનો ભય પૂરેપૂરો હતો. પણ સ્વામીબાપા થોડી ક્ષણોમાં તો થેલી લઈને આવી ગયા. હું હતો તો ૧૭ વર્ષનો, પણ મારી બે વર્ષના બાળકની જેમ સંભાળ રાખી. તેમણે મને કશું જ કહ્યું નહીં. સલાહ-સૂચન પણ નહીં કે 'ધ્યાન રાખવું... પોતાનો સામાન તો સાચવવો જોઈએ ને.' હું તો તે સમયે એમની સેવા માટે સાથે મુકાયેલો. તેને બદલે તેમણે મારી સેવા કરી. ગુરુ જ સેવકની સેવા કરે, ધ્યાન રાખે તે કેવી અવળી ગંગા. મારી સેવા કે દેખરેખથી શું એમની પ્રસિદ્ધિ થવાની હતી ? કે બીજો કોઈ લાભ મળવાનો હતો ? એમને તો મારા જેવા કેટલાય યુવકો હતા. પણ આ નાતો તો કેવળ આત્મીયતાનો.

બીજો એક પ્રસંગ યાદ આવે છે. યોગીજી મહારાજની આજ્ઞાથી હું પ્રમુખસ્વામી મહારાજ સાથે જોડાયેલો. અમે ત્રણે આંબલીવાળી પોળમાં આપણું નાનું મંદિર હતું ત્યાં ઉતારે આવ્યા. અહીં કોઠારી તરીકે બબુભાઈ સોમનાથ હતા. તેમને સંસ્થાનું મમત્વ ઘણું, વળી, કરકસરિયો જીવ, તેથી રસોઈનું સીધું પણ માપમાં જ આપે. સ્વામીબાપા તો રાજી થતા. સ્વામીબાપા જાતે જ રસોઈ બનાવે. કોણ જાણે તેમણે કેવી રીતે જાણી લીધું હતું કે મને રોટલીમાં વધુ રુચિ છે, હું ભાત ખાતો નથી. આથી તેઓ રોજ પોતાના ભાગની રોટલી મને આપી દેતા. તેઓ માત્ર દાળ-ભાત જમી લેતા. ઘી બધું રોટલી પર ચોપડી દે. પોતાના માટે કશું રાખે નહીં. આ બધી વાતની મને જરા પણ જાણ થવા દીધી નહોતી. તે સમયે નાની ઉંમર એટલે મને પણ ભૂખ બહુ લાગે. બીજી બાજુ શરમ પણ આવે. સહેજે માગવા-કરવાની બાધા. પણ સ્વામીશ્રીએ સામેથી અંતરાય તોડ્યો. હું જેટલું જમું તેટલું પીરસતાં જ રહે. તેમના માટે કંઈ વધે છે કે કેમ એ જોવાની મને સૂઝ પણ નહીં. બીજો હોય તો



ધૂળ કાઢી નાખે કે 'તું ગુરુ છે કે હું ?' ત્યાંથી શરૂઆત કરે. પણ પ્રમુખસ્વામી મહારાજ એક શબ્દ બોલ્યા નથી.'

- **પ્રશ્ન :** આપે પ્રમુખસ્વામી મહારાજ માટે લખ્યું છે - 'અસલી સાધુ.' પ્રમુખસ્વામી મહારાજમાં આપને એવું તો શું દેખાયું કે આપે 'અસલી સાધુ' લખ્યું ?

  **સ્વામીશ્રી :** 'પ્રમુખસ્વામી મહારાજને પહેલી વાર મળ્યો તે વખતે મેં વચનામૃત, સ્વામીની વાતો વગેરે ગ્રંથો વાંચેલા નહીં. (તેથી શાસ્ત્રની દૃષ્ટિએ સંતના આદર્શ લક્ષણની મને ખબર નહોતી.) પણ પ્રમુખસ્વામી મહારાજનાં પ્રથમ દર્શનથી જ અંતરે કબૂલ્યું કે આ અસલી સાધુ છે. એમના હાવભાવ, ચપળતા, નિર્દોષતા એવાં કે એકદમ અનુભવ થાય કે આ અસલી સાધુ છે, સાચા સંત છે.'

- **પ્રશ્ન :** આપ આપના ગુરુને સૌપ્રથમ ક્યારે મળ્યા ? તેમને મળીને કેવો અનુભવ થયો ?

  **સ્વામીશ્રી :** '૧૯મા વર્ષે મળ્યો. વિચાર રહ્યા કરતો હતો કે કાંઈક ખૂટે છે, પણ યોગીબાપા મળ્યા એટલે પૂરું. . . . યોગીજી મહારાજ જોડે તરત જોડાઈ ગયા, પૂર્વનું અનુસંધાન હોય તેવું લાગ્યું.'

- **પ્રશ્ન :** આપને યોગીજી મહારાજ જેવું જ હેત અને જોડાણ પ્રમુખસ્વામી મહારાજમાં કેવી રીતે થઈ ગયું?'

  **સ્વામીશ્રી :** 'નિર્દંભપણું. યોગીબાપા કેટલા મોટાપુરુષ હતા તોય નિર્દંભપણે વર્તતા. બધા સાથે ભળી જાય. પોતાની મહત્તાને ઓળખાવા ન દે. બાળક, યુવક, વડીલ જોડે તેઓ તેવા થઈ જાય. તેવું જ આપણે પ્રમુખસ્વામી મહારાજમાં જોયું. એટલે લાગ્યું કે આ બંને એક જ છે.'

- **પ્રશ્ન :** યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની કઈ વિશેષતા આપને અત્યંત ગમી ગઈ ?

  **સ્વામીશ્રી :** 'નિર્દંભપણું. બન્નેમાં દેખાય. બીજાને તો દંભ કરવો પડે. આમને કોઈ દંભ નહીં. બીજાને દાબીને આગળ આવવાની કોઈ ભાવના જ નહીં.

  સ્વામીબાપાએ શરીરના ફુરચા બોલાવી દીધા, એટલે કાંઈ રહ્યું જ નથી. એટલી સચ્ચાઈ અને પ્રમાણિકપણે સેવા કરી છે કે એમાં જરાય જૂઠ નથી. સચ્ચાઈ ન હોય તો આ કાર્ય ન થઈ શકે. નિર્દંભપણું. શાસ્ત્રીજી મહારાજ સમક્ષ તેઓએ જે પ્રતિજ્ઞા કરી તે સારધાર પાર પાડી. શાસ્ત્રીજી મહારાજમાં જ જોડાયેલા એટલે કરી શક્યા.'

- **પ્રશ્ન :** યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજે આપને હેત કર્યું હોય તેવા પ્રસંગો કહેવા વિનંતી.

  **સ્વામીશ્રી :** 'યોગીબાપા તો ઘણી વાર થાપા વરસાવે ને હેત કરે. ઘણી વાર કેફમાં આવી જાય ને કહે,' લ્યો, થાપો.' બસ, એમ ને એમ જ, અકારણ. પાર્ષદમાં તો હું ને યોગીબાપા એકલા જ હોઈએ. ઉપાડતી વખતે બાળકની જેમ લબડી પડે. એમ પચાસ વખત ભેટ્યા હશે. બહુ મજા આવે.

  અને પ્રમુખસ્વામી મહારાજને તો સાઈલન્ટ પ્રેમ. તેમની વાત જ જુદી હતી.'

- **પ્રશ્ન :** તે સાઈલન્ટ પ્રેમ એટલે શું ?

  **સ્વામીશ્રી (મર્મસભર હાસ્ય સાથે) :** 'એ તો એ જાણે ને હું જાણું. એમને મારા માટે ઘણું હેત હતું. સાચું હેત હતું. ઉપરથી દેખાય નહીં. એમ બે જ જાણતા હોઈએ. બીજાને બહારથી ખબર ન પડે. અરસપરસ પ્રીતિ હોય તે જોડાણ દેખાય નહીં. હું દોડાદોડી ન કરું પણ અંતર તૃપ્ત રહે. પરમ તૃપ્તિ. હવે કાંઈ બાકી નથી. અમારે અરસપરસ પ્રેમ હતો, મજા માણતા હતા.'

- **પ્રશ્ન :** કેવી મજા માણતા હતા ?

  **સ્વામીશ્રી :** 'એ તો અનુભવની વાત છે.' (એમ કહેતાં હસી પડ્યા. પછી કહે :)

  'દૃષ્ટિથી સ્વામી ખૂબ હેત કરે. લેનોક્સ હોસ્પિટલમાં મારે સ્ટૅન્ડ મૂકાવવાનું હતું. તેનુ કામ ચાલતું હતું. ડૉક્ટરોએ સોળ પ્રયત્નો કર્યા પણ મેળ નહોતો પડતો. ડૉકટરોને પરસેવો થઈ ગયો. સ્વામીબાપા તે વખતે દાદરમાં હતા, વૉકિંગ કરતા હતા. તેમને આ વાત જણાવવામાં આવી. સ્વામીબાપાએ તરત જ ધૂન કરાવી. અને તકેતક મળી ગઈ, મેળ પડી ગયો અને ઑપરેશન પાર પડી ગયું. એવી રીતે સ્વામીબાપાએ ઘણી ખબર રખાવી છે. મુંબઈમાં જ્યારે બાયપાસ ઑપરેશન કરવાનું હતું ત્યારે ડૉ. તેજસને ખાસ કહ્યું કે તમે આખો દિવસ હાજર રહેજો. હવે તેમને પહેલેથી કહેલું નહોતું, ટાઈમ નહોતો, પણ સ્વામીબાપાના વચને તે આખો દિવસ હાજર રહ્યા. આવી તો તેમણે ઘણી ખબર રખાવી છે પણ તે વખતે ખબર ન પડે, પાછળથી ખબર પડે. આમ, અરસપરસ પ્રેમ હતો પણ બહાર કોઈને ખબર ન પડે. જનરલ બધું ચાલતું હોય એમ ચાલતું રહે.'

- **પ્રશ્ન :** એકવાર આપે કહ્યું કે પ્રમુખસ્વામી મહારાજ આપની મર્યાદા જાળવતા. તો તેમાં તેમના પ્રેમની અનુભૂતિ કેવી થતી ?

**સ્વામીશ્રી :** 'મને પરમ શાંતિ રહેતી, સ્થિરતા રહેતી.'

- **પ્રશ્ન :** પ્રમુખસ્વામી મહારાજ કેવો પરમાનંદ ભોગવતા ?

**સ્વામીશ્રી :** 'બહાર દેખાય નહીં, પણ તેઓ અંદરથી પરિતૃપ્ત. જેમ તમે શ્રેષ્ઠ જમવાનું ખાધું હોય, તેનો કેવો આનંદ આવે ને ? તેથીય અધિક આનંદ તેઓને ૨૪ કલાક ૩૬૫ દિવસ આવતો. ચોકલેટ, આઈસક્રીમ ખાધાં હોય તો એટલા સમય પૂરતો જ એનો આનંદ રહે, પણ પ્રમુખસ્વામી મહારાજનો આનંદ સાઈલન્ટ ને ૨૪ કલાક. એ તૃપ્તિ, એ આનંદ ભગવાનનાં છે. નૈરોબીથી પાછા આવ્યા ત્યારે બધા ડિસ્ટર્બ થઈ ગયા હતા, પણ સ્વામીબાપા હસી પડ્યા હતા ને કહ્યું હતું, 'ભગવાન કર્તા છે ને આપણે તો ભગવાનને રાજી કરવા છે.'

તેઓ એકવાર ટપાલ લખતા હતા. હું જોઈ રહ્યો હતો. તેઓ એકદમ પરમ આનંદમાં હતા. બીજા કશાનો આનંદ નહીં. અંતરનો-અંદરનો આનંદ. તેમને બધું ખ્યાલ હોય છતાં ભગવાનને કર્તા માનીને આનંદમાં રહે, એવું હસે કે તમે ચક્કર ખાઈ જાવ. ટોપ મોસ્ટ એવું કોઈ હસી જ ન શકે. એવું હસતા મેં જોયા છે.

ટૂંકમાં તેઓ દેહથી પર વર્તતા હતા. દેહનો ભાવ જ નહીં. આત્માનો ભાવ. માટે અખંડ આનંદમાં રહેતા હતા. દેહનો ભાવ હોય તેનાથી સામાન્ય આનંદ ને આત્માનો ભાવ હોય તેનાથી પરમાનંદ. એ કોઈ દિવસ મોળો પડે નહીં'.

- **પ્રશ્ન :** પ્રમુખસ્વામી મહારાજમાં આપે એવું શું જોયું છે કે આપ એમની આજ્ઞા તત્પરતાથી પાળો છો અને બીજાને પણ એમ કરવા પ્રેરણા આપો છો ?

**સ્વામીશ્રી :** 'આ એક અંગત પ્રશ્ન છે. યોગીજી મહારાજના વખતમાં યોગીબાપાએ એવો પ્રેમ કર્યો કે સહેજે એમના સંબંધમાં આવી ગયા. એ વખતે કોઈ ઊંડી સમજ (આધ્યાત્મિક) નહોતી. છતાં એ સંબંધથી કોઈક કેફમાં-મસ્તીમાં-આનંદમાં ફરતા, પરંતુ બાપા ધામમાં ગયા પછી પ્રમુખસ્વામીએ ધીમે ધીમે જે ઉપાડ કર્યો કે ખબર જ ન પડી. એમાં જોડાઈ જવાયું કારણ કે મૂળ વસ્તુ તો એક જ હતી. એ તો માત્ર ફેસ (ચહેરો) જ બદલાયો હતો ને. જે વસ્તુ કે ગુણો જોઈને હું યોગીબાપામાં આકર્ષાયો હતો એ જ વસ્તુ મને પ્રમુખસ્વામી મહારાજમાં દેખાઈ.

એક તો પ્રમુખસ્વામી મહારાજની સરળતા, નિર્દંભપણું, એનાથી મને સૌથી વધુ આકર્ષણ થયું છે. હું સમાજના કેટલાય મોટાના સંપર્કમાં આવ્યો છું. પણ દરેકમાં કંઈક બનાવટ દેખાય. કંઈક એડજસ્ટમેન્ટ, કંઈક મેન્યુપ્લેશન દેખાય. જ્યારે યોગીબાપામાં એ નહોતું અને પ્રમુખસ્વામી મહારાજમાંય એ નથી. સહજ એકદમ-સ્વાભાવિક-સરળ

એમનું જીવન છે. કોઈપણ ક્રિયા કરતા હોય - એકદમ નેચરલ. બીજા બધા તો એમનામાં ઘણા ગુણ છે અને એમનામાં યોગીબાપા જેવું હેત થઈ ગયું.

પ્રમુખસ્વામીના યોગે એવી દૃઢતા જ થઈ ગઈ છે કે આપણે બીજું કાંઈ કરવાનું બાકી રહેતું નથી. એક જ કરવાનું બાકી રહે છે- જે કાંઈ એમની આજ્ઞા હોય, ઈચ્છા હોય તેમાં ભળી જવું.'

- **પ્રશ્ન :** આપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને કેવા સમજતા ? તે લખી આપો.

  **સ્વામીશ્રી :** 'યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ એટલે શ્રીજીમહારાજનું સાક્ષાત્ સ્વરૂપ.'

- **પ્રશ્ન :** આપ અને પ્રમુખસ્વામી મહારાજ આમ તો એક જ છો, પણ લૌકિક રીતે આપનો અને પ્રમુખસ્વામી મહારાજ વચ્ચેનો સંબંધ કેવો છે ?

  **સ્વામીશ્રી :** 'ભક્ત અને ભગવાન જેવો'

- **પ્રશ્ન :** આપ માનસીપૂજા કોની કરો છો ? તેમાં શું કરો છો ?

  **સ્વામીશ્રી :** 'યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજની ભેગી માનસી પૂજામાં ગોંડલના ઘનશ્યામ મહારાજ, સારંગપુરના હરિકૃષ્ણ મહારાજ અને દિલ્હી મધ્યખંડના શ્રીજીમહારાજ આવે.'

- **પ્રશ્ન :** બદલપુરમાં આપને પ્રમુખસ્વામી મહારાજના અંતર્યામીપણાનો અનુભવ થયો હતો. તે પ્રસંગ જણાવશો ?

  **સ્વામીશ્રી :** 'બદલપુરમાં નહીં બામણગામમાં. ત્યાં પારાયણ ચાલતી હતી. સમય હતો : બપોરે ૩ થી ૬. સ્વામીબાપા પોણા ત્રણ વાગે આવી જાય. આર્શીવાદ આપે ને પછી પધરામણીમાં જાય, કારણ કે હરિભક્તોને ભેંસો દોહવાની હોય. એટલે ૬-૦૦ વાગે પારાયણ પૂરી કરી દેવી પડે. તેવી રીતે એકવાર સ્વામીબાપા પધરામણી કરવા જતા હતા. વૈશાખ મહિનો હતો. બપોરના ૩-૦૦ વાગ્યા હતા. ગરમ પવન ચાલતો હતો અને રેતી પણ તપતી હતી. એ ગામ ઊંચાણ-નીચાણના ઢોળાવોવાળું છે. પધરામણીઓમાં ઢોળાવો ચઢવા-ઊતરવામાં કસ નીકળી જતો. સ્વામીશ્રી એક ટેકરો ચઢી રહ્યા હતા. તેમને હાંફ ચડ્યો હતો. પગની પિંડીઓમાં કળતર થતું હોય તેવું મને લાગ્યું. મને પણ થાક જણાયો અને મનમાં થયું કે, 'સ્વામીબાપા આવો દાખડો શું કામ કરતા હશે ? આવી ભીડો શું કામ ?' ત્યાં તો તરત સ્વામીબાપાએ મારી સામું જોયું ને જરા હસ્યા. મને થયું : આ કાંઈ હસવાની વાત છે ? એવામાં

સ્વામીબાપાએ તરત જ મારી સામું જોઈને કહ્યું : 'અહીયાં તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ખૂબ ફર્યા છે. કેટલી ચડ-ઊતર કરતા હશે ?' આ સાંભળીને હું ચકિત થઈ ગયો. ક્ષણે ક્ષણે એમણે પોતાના ગુરુને જ નજર સમક્ષ રાખ્યા છે, પોતાને ક્યારેય નહીં, એમને રાજી કરી લેવાનો જ એમનો વિચાર છે. પોતાના દેહની કોઈ દયા જ નથી. ઘણી વાર આપણને લાગે છે કે તેમને દેહ છે કે નહીં ?

- **પ્રશ્ન :** ૧૯૭૭ના વર્ષમાં આપ પ્રમુખસ્વામી મહારાજ સાથે અત્યંત કષ્ટો ભરેલાં વિદેશ વિચરણમાં જોડાયા હતા તે વખતે કેવી તકલીફો પડી હતી ?

  **સ્વામીશ્રી (સ્મિત કરતાં કહે) :** 'તકલીફ તો નહીં. પણ ટાઈમની ખેંચાખેંચી બહુ હતી. તે વખતે વિમાનના પૈસાની સગવડ નહીં. તેથી પ્રમુખસ્વામી મહારાજે ખૂબ કષ્ટો વેઠીને કાર દ્વારા આખા અમેરિકામાં વિચરણ કર્યું હતું. સળંગ ચાર-ચાર દિવસ સુધી મુસાફરી ચાલે. પ્રમુખસ્વામી મહારાજ ડ્રાઈવરની બાજુમાં જ બેસે. ડ્રાઈવરને ઝોકાં ન આવે ને, એટલે. અને બધા તો પાછળ ડોલમડોલ. વહેલી સવારે પહોંચીએ. સીધા નાહવા જવાનું અને તૈયાર થઈને પાછા પધરામણીએ. અમે બધા તો ઝોકે ચડીએ. પણ પ્રમુખસ્વામી મહારાજ તો ફ્રેશના ફ્રેશ. ક્યારે સૂએ છે, ખબર જ ન પડે. અને ઇંગ્લૅન્ડમાં તો પૂજા, નાસ્તો, જમવાનું, આરામ બધું જ જુદી જુદી જગ્યાએ હોય. રાત્રે કોઈ કોઈને પૂછે નહીં કેમ થયું. બધા સીધા સૂઈ જ જાય. બીજા બધા અપસેટ, પણ સ્વામીબાપા સેટ.'

- **પ્રશ્ન :** અમારાથી પાંચ મિનિટ પણ પલાંઠી વાળીને બેસાતું નથી, તો અષ્ટાંગ યોગ તો કેવી રીતે થશે?

  **સ્વામીશ્રી :** અષ્ટાંગની કોઈ જરૂર નથી. મહારાજ સ્વામી મળ્યા, પ્રમુખસ્વામી મહારાજ મળ્યા એ અષ્ટાંગ યોગથી અધિક છે.'

- **પ્રશ્ન :** આપ અને પ્રમુખસ્વામી મહારાજ એક જ છો, તેવું કેવી રીતે સમજવું ?

  **સ્વામીશ્રી :** 'સમજણે કરીને, જ્ઞાને કરીને, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ બધા બહારથી જુદા લાગે, સ્વરૂપે તો બધાં એક જ છે, પણ લાઈનમાં આવે, પ્રમુખસ્વામી મહારાજ ઉપરવટ થઈને નહીં.'

- **પ્રશ્ન :** કથામાં આપે કહ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજને જે આપવું છે તે આપણે લેતા નથી. તો તેઓએ આપણને શું આપવું છે ?

  **સ્વામીશ્રી :** 'અક્ષરધામ જ આપવું છે, બીજું કાંઈ નહીં. તેઓ જે કાંઈ કરે છે,

કરાવે છે તે એના માટે. આપણને લાગે કે સ્વામીએ મકાન માટે આશીર્વાદ આપ્યા પણ એના માટે નહીં, પણ અક્ષરધામના મકાન માટે આશીર્વાદ આપ્યા. બળદ ભેગી બગાઈ આવે તેમ બીજું તો આવે. એ તો તમે હરિભક્તો આશીર્વાદ આપો તોય થાય. પણ સ્વામીબાપાને તો અસલી મકાન આપવું છે. પણ એમના આશીર્વાદથી આ લોકનુંય થઈ જાય, આપણી ભાવના પુરી થાય ને એમને કરાવવું છે તે પણ થાય અને આ તો અનંત જન્મથી કરતા આવ્યા છીએ. એકવાર શ્રીજીમહારાજના ખોળામાં માંખ બેઠી. મુક્તાનંદ સ્વામીએ પૂછયું : 'આનાં એવાં શું ભાગ્ય ?' શ્રીજીમહારાજે કહ્યું : 'આ માંખ સાત વાર ઈન્દ્ર થઈ ચૂકી છે.' એટલું બધું તો આપણે ભોગવીને આવ્યા છીએ. હવે બાકી આ જ છે - મોક્ષ. એ મહારાજ-સ્વામી જ કરાવી શકે, બીજા કોઈની તાકાત નહીં. પ્રમખસ્વામી મહારાજને આ આપવું છે.'

- **પ્રશ્ન :** આજના દિવસે આપ પ્રમુખસ્વામી મહારાજને કઈ પ્રાર્થના કરો છો ?

  **સ્વામીશ્રી :** 'તેમણે બહુ દયા કરી, અતિશય દયા કરી છે કે આપણને આ લાભ આપ્યો. આ મનુષ્યદેહે કરીને આપણને મળ્યા. નહીં તો ક્યાં પત્ત પડત ? તેમણે આપણને સ્વીકાર્યા તેથી આપણે એમના ઋણી છીએ.

- **પ્રશ્ન :** પ્રમુખસ્વામી મહારાજનું અનંતઋણ ચૂકવવા અમે શું કરી શકીએ ?

  **સ્વામીશ્રી :** 'અનંત જન્મ લઈએ તોય તે ઋણ ચૂકવાય તેવું નથી. શ્રીજીમહારાજે કહ્યું છે, 'તમે હેત કરો એના કરતાં તેઓ કરોડગણું હેત કરે છે.' તો તે ચૂકવવાનું ક્યાંથી ? ભગવાનની દયા છે. આપણે ભાગ્યશાળી છીએ. મહારાજ-સ્વામીનો યોગ થયો. શ્રીજીમહારાજે આપણને આ લોકના દુ:ખના દરિયામાંથી કાઢ્યા તોય આટલું સુખ લાગે છે; તો અસલી, અક્ષરધામનું સુખ આવશે ત્યારે કેવી મજા આવશે.'

- **પ્રશ્ન :** કયો એક ગુણ કેળવીએ જેથી પ્રમુખસ્વામી મહારાજ અમારા પર અતિ રાજી થાય ?

  **સ્વામીશ્રી :** 'દિવ્યભાવ. યોગીબાપાએ પણ કહ્યું કે દરેકમાં નિર્દોષ બુદ્ધિ રાખવી તે આપણી સેવા છે. આપણે હાથ-પગ દબાવવાને જ સેવા ગણીએ છીએ, પણ એ ચાકરી છે, યોગીબાપાએ કહ્યું : 'ગુણગાન ગાવાં એ જ સેવા.' એટલે દરેકમાં દિવ્યભાવ રાખવો. આજે મને વિચાર આવતો હતો કે, 'સંતો દિવ્ય છે, હાંસી-મશ્કરી કરે તોય દિવ્ય.' કારણ કે સંબંધ કોનો છે. સંબંધ ન હોય તો દિવ્ય નહીં. માટે આ એક ગુણ કેળવવો.'

- **પ્રશ્ન :** સાચા અર્થમાં પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતી કેવી રીતે ઊજવી શકીએ ?

**સ્વામીશ્રી :** 'સાચા અર્થમાં ઊજવવાની તો બહુ ભારે છે. આપણે તો દૈનિક તારીખ પ્રમાણે ઊજવીએ છીએ. સારું છે બહારથી ઊજવીએ તોય કેટલો આનંદ આવે છે. તો ખરેખર ઊજવીએ તો કેટલો આનંદ આવે ? રોજ માયા સાથે કુસ્તી કરવી, તેમનામાં સંપૂર્ણ દિવ્યભાવ આવી જાય તે રોજ જયંતી છે.'

- **પ્રશ્ન :** આપને હારતોરા પહેરવાના ઓછા પસંદ છે. છતાં ભક્તોની ભક્તિ ખૂબ એટલે ઢગલાબંધ આવે છે. ત્યારે આપ શું વિચારો છો ?

  **સ્વામીશ્રી :** 'પ્રમુખસ્વામી મહારાજે કાંઈ બાકી રાખ્યું નથી. માત્ર હાર પહેરવાનું જ બાકી રાખ્યું છે. . . . ખોળામાં . . . .' એમ બોલતાં બોલતાં સ્વામીશ્રી હસી પડ્યા ને બે હાથે ખોળામાં ઝુલાવવાની મુદ્રા કરી. એમ કે સ્વામીબાપાએ ખોળામાં ઝૂલવા જેટલું સુગમ કરી નાખ્યું છે.

- **પ્રશ્ન :** આપે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને રાજી કર્યા, તેવી ગુરુભક્તિ અમારામાં કેવી રીતે આવે ?

  **સ્વામીશ્રી :** 'કેવળ કૃપા થાય ક્યારે ? તો દૃઢ નિષ્ઠા અને ધર્મનિયમની દૃઢતા.'

- **પ્રશ્ન :** આપને ગુરુપદે સ્થાપ્યા ત્યારે શો વિચાર આવ્યો હતો ?

  **સ્વામીશ્રી :** 'એમને (મહારાજ - સ્વામીને) જે કરવું છે તે કરશે. મહારાજ-સ્વામી પર બધું છોડી દીધું છે. તે રાખશે, જેમ કરશે તેમ સારું કરશે.'

- **પ્રશ્ન :** અત્યારે આપ જવાબદારી સંભાળી રહ્યા છો, ત્યારે આપના મનમાં શો વિચાર છે ?

  **સ્વામીશ્રી :** 'એ જ વિચાર. મહારાજ-સ્વામી પર જ નાખ્યું છે બધું. તે જે કરશે તે આપણને માન્ય છે. આપણે દીનભાવે સેવાભક્તિ કરવાની, બાપભાવે નહીં. એમાં મરી જવાય. મહારાજ-સ્વામી બધું જ કરે છે, કરશે અને કરવાના છે એવો દૃઢ વિશ્વાસ છે.'

- **પ્રશ્ન :** આપ અમારા બધા પ્રશ્નો સાંભળો છો, પત્ર લખીએ કે મુલાકાતમાં આવીએ ત્યારે તેમાં અમારી મૂંઝવણની વાત જ હોય. છતાં આપ જ્યારે વાત કરો છો. તો આ બધા વચ્ચે પણ આપ અખંડ દિવ્યતામાં કેવી રીતે રહો છો ?

  **સ્વામીશ્રી :** 'મહારાજ-સ્વામી જ બધું કરે છે ને કરવાના છે. દૃઢ વિશ્વાસ છે. બધું એમના પર છોડી દીધું છે.'

- **પ્રશ્ન :** એવો વિશ્વાસ અમને કેવી રીતે આવી શકે ?

**સ્વામીશ્રી :** 'ભગવાન સાચા છે. સ્વામી સાચા છે. મુક્તો સાચા છે ને હજારો એકાંતિક થયા એ સાચું છે. એટલે બધું સાચું છે. આવી વાતમાં દૃઢતા રાખવી. હવે જે ખામી છે તે આપણામાં છે ને મારે એકાંતિક ભક્ત થવું છે એ વિશ્વાસ રાખીને મંડી પડો તો બધું થશે.'

- **પ્રશ્ન :** આપ ભવિષ્યમાં સંસ્થાનો કેટલો વિકાસ જુઓ છો ?

  **સ્વામીશ્રી :** 'યોગીબાપાએ કહ્યું હતું ને. આખા બ્રહ્માંડને રંગવું છે. એ તો સાચા પુરુષ હતા એટલે થશે જ.'

- **પ્રશ્ન :** સ્વામીબાપાએ ગુરુના વચને પોતાનું જીવન ન્યોચ્છાવર કરી દીધું. તો અમારે શું પ્રેરણા લેવી જોઈએ ?

  **સ્વામીશ્રી :** 'બસ, એમના જેવું જ. એમણે જે ભીડો વેઠ્યો અને બધું કાર્ય કર્યું તે નોંધમાં લેવું. કોઈ રીતે મૂંઝાવું નહીં. બધું કાર્ય થશે. મૂંઝવણ આવશે, પણ સ્વામીબાપા સામે દૃષ્ટિ હોય તો તે ટળી જશે. સ્વામીબાપાએ કરી બતાવ્યું છે. એમને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ માટે કેટલાં હેત-પ્રેમ. તેમાંથી આ થયું. બાકી મહિનાના કરોડો રૂપિયા આપે તોય એમના જેટલો ભીડો ન વેઠાય. એમનામાં વફાદારી, સચ્ચાઈ હતાં. એવું રાખીએ તો અહીં જ અક્ષરધામ છે. આવવા-જવાનું રહેશે જ નહીં.'





## સ્વયંસેવકોએ શું કરવું જોઈએ તે બાબતમાં સ્વામીશ્રી સાથે એક રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ હતી જે નીચે મુજબ છે :

પ્રશ્ન : સત્સંગી બન્યા પછી અને રાત-દિવસ ભગવાનની ભક્તિ કર્યા પછી પણ જીવનમાં ઉતાર-ચઢાવના અનુભવ થયા જ કરે છે. ઘણીયે વાર એવું બને છે કે અમારું કૌટુંબિક અને સામાજિક કામ ખોરવાઈ જાય છે. આવું શા માટે થતું હશે ?

સ્વામીશ્રી : મહારાજ કહે છે કે ભગવાનનો ભક્ત, જેણે ભગવાનના ચરણમાં આશ્રય લીધો હોય, તેને કોઈ મુશ્કેલી હોય જ નહીં. કાળ, કર્મ અને માયાના પ્રભાવથી તે મુક્ત હોય. દુનિયાના જીવો તેમના કર્મોના કારણે દુઃખ પામે છે. ભગવાનના ભક્તો જ્યારે ભગવાનની કોઈ આજ્ઞાના પાલનમાં ચૂક કરે છે ત્યારે દુઃખનો સામનો કરવો પડે છે. આપણને ખબર પણ ન પડે એ રીતે ઊંડે ઊંડે પડેલી ઈચ્છાઓના કારણે ભૂલો થઈ જાય ને પછી દુઃખ આવી પડે છે. આ દુઃખનો સ્વીકાર જ કરવાનો રહે છે. દુઃખ, સંતાપ, સમસ્યાઓ અનેક રીતે આવે છે. ઈશ્વર કસોટી કરે છે કે તેના ભક્તને તેનામાં કેટલો પ્રબળ વિશ્વાસ છે.

દાદાખાચર ઘણા મોટા ભક્ત હતા. તેમણે પોતાનું સર્વસ્વ સ્વામી મહારાજને આપી દીધું હતું. મહારાજ અને તેમના ભક્તોનો મોટો મહિમા અને સેવા કરી હતી. છતાં મહારાજે એમની કસોટી કરી અને તેમણે બધી માલ-મિલકત ગુમાવી દીધી. એ મિલકત કે જેના વડે તેઓ મહારાજની, સાધુઓની, ભક્તોની સેવા કરતા હતા, જેના વડે એમનો જીવન-ગુજારો ચાલતો હતો. આ બધી મિલકત તેમણે ગુમાવી દીધી. આવક બધી બંધ થઈ ગઈ. તો પણ, દાદા ખાચરને એવું જરા પણ ન લાગ્યું કે મહારાજને આશરે જવાથી આ મુશ્કેલી થઈ છે, કોઈ આવો વિચાર નહીં. મહારાજ તેમની પરીક્ષા કરી રહ્યા હતા. ભૂતકાળમાં પણ ઘણા ભક્તોની આ રીતે કસોટી થઈ છે – નરસિંહ મહેતા, મીરાંબાઈ, પાંડવો વગેરે. સાચો ભક્ત હોય એની જ કસોટી થાય છે. બીજાઓની નહીં. મુશ્કેલીઓ પારાવાર હોવા છતાં, જે અડગ રહી શકે, તેને પછી કોઈ પ્રશ્ન રહેતા નથી. મહારાજ જેની અપેક્ષા રાખે છે તે યોગ્ય છે ને એ રીતે જ તેઓ આ બાબતને જુએ છે. જેઓ પરીક્ષા પસાર કરે છે તેઓ બધી ઉપાધિમાંથી મુક્ત થાય છે.

પ્રશ્ન : અમે ઉત્સવો વગેરેમાં ભગવાનને પ્રસન્ન કરવા માટે સેવા આપીએ છીએ. બદલામાં અમને અક્ષરધામ મળે છે, શું આની ખાતરી છે ?

સ્વામીશ્રી : ઈશ્વર દરેકને અક્ષરધામ આપવા જ આવ્યા છે. તે તો ચોક્કસ છે. શંકા આપણને છે.

પ્રશ્ન : હવે અમારે શું કરવાનું બાકી છે ? ભગવાનને અમારે ક્યાં સુધી પ્રસન્ન કરવા સાધના કર્યા કરવાની છે?

સ્વામીશ્રી : આ શરીરનો ત્યાગ કરો ત્યાં સુધી તમારે ભગવાનને પ્રસન્ન કરવા માટે મથવાનું જ છે. શું તમે લગ્ન કરો ત્યારે તેને જીવનભર ટકાવતા નથી ? બાળકોને ઉછેરવાનાં નથી હોતાં ? જ્યાં સુધી જીવો ત્યાં સુધી આ બધું કરવાનું હોય છે, તેમ જ્યાં સુધી બ્રહ્મરૂપ ન થવાય ત્યાં સુધી આ કરવાનું જ છે. જાતને પૂર્ણ કરવામાં શ્રદ્ધા રાખો, પણ કોઈ પ્રશ્નોનો સામનો ન કરવો પડે એટલી જાગૃતિ પણ રાખો. મહારાજની સેવા અને ભક્તિભાવ જીવનના અંત સુધી જાળવવાના હોય છે.

તમે તમારાં દુન્યવી કામ કરો એટલી જ ગંભીરતાથી ભગવાનનું કામ પણ કરવાનું હોય છે. શરીર માટે જે કરો છો તે આત્મા માટે પણ કરો. તમારો દીકરો ખૂબ કમાય તો તમને આનંદ થાય છે. એ જ રીતે તમે વધુ ભક્તિ કરો, સત્સંગ કરો, વધુ સેવા આપો તો મહારાજ વધારે પ્રસન્ન થાય છે. એટલે, ક્યારેય સંતુષ્ટ ન થઈ જાઓ. જેટલું બની શકે એટલું વધારે કરો. જેટલું આ વધારે કરશો એટલો તમારો સ્વભાવ અંકુશમાં રહેશે.

પ્રશ્ન : આ વાત સાધુઓ અને પાર્ષદો માટે છે. અમારે ગૃહસ્થોએ કોના જેવા થવું ?

સ્વામીશ્રી : તમારે ભગવાનના ભક્ત થવાનું છે 'નિજાત્માનં બ્રહ્મરૂપમ્.' આ સ્થિતિએ પહોંચશો પછી કોઈ પ્રશ્ન જ નહીં રહે. એ સિવાય એકબીજા સાથે વિવાદ થયા કરશે. પ્રશ્નો ઊભા થશે. જે બ્રહ્મરૂપ થયા હોય તે બીજાના દોષ જોતા નથી. એ તો પોતાની ભક્તિ અને સેવામાં જ રમમાણ હોય છે.

આપણે આદર્શ બનવું છે. જે સંપૂર્ણ છે તેના કોઈ દોષ હોતા નથી. તે ભગવાનની ભક્તિ જ કરે છે, તેને પ્રસન્ન કરે છે, તેની આજ્ઞાઓ સમજે છે અને તે પ્રમાણે વર્તે છે. કાર્યકરોએ બીજું કંઈ કરવાની જરૂર નથી. જો તમે બીજાના દોષ જોયા કરશો તો કંઈ કામ નહીં થાય. એક ધંધાદારી માણસ બેદરકારી રાખી બીજાનું જ જોયા કરતો હોય તો એનો ધંધો જામે ખરો ? દરેક જણ પોતાની ફરજ અસરકારક અને ગંભીર પણે બજાવતું હોય તો કોઈ પ્રશ્ન જ

ન રહે. એટલે સાધુઓ અને કાર્યકરો માટે કોઈ પ્રશ્ન જ નથી. બસ, કામમાં ગૂંથાઈ જવું જોઈએ. વ્યક્તિએ નક્કી કરવું જોઈએ કે તેણે સેવા કરવી છે. જે કંઈ કામ સોંપાયું હોય તે પૂરી જવાબદારીથી થવું જોઈએ. પૂર્ણ રીતે થવું જોઈએ. બાળ મંડળ, યુવક મંડળ – જ્યાં પણ ફરજ સોંપાઈ હોય તે યોગ્ય રીતે પૂરી થાય તો શું કોઈ પ્રશ્નો રહે ખરા ? તમે જે કરો છો એ કોઈ ખાનગી કે સરકારી કામ નથી, ભગવાનને રાજી કરવાની વાત છે. યોગીજી મહારાજ કહેતા, "આ ઠાકોરજીનું કામ છે." એટલે આ કામ યોગ્ય રીતે થવું જોઈએ. આ વાતનો આપણે શું સાર કાઢીશું? કાર્યકરો જો એમનું કામ યોગ્ય રીતે અને જવાબદારીથી કરે તો શું કોઈ પ્રશ્ન રહે ખરા? સાધુઓ અને કાર્યકરોને બાળમંડળ, કિશોરમંડળ અને સત્સંગ મંડળના કામ સોંપાયાં છે. જો દરેક જણ તેના કામ અંગે ચોંપ રાખતા હોય તો કોઈ પ્રશ્ન જ નથી.

પ્રશ્ન : સરકારી નોકરીમાં ઘણું કાગળ-કામ હોય છે. સત્સંગમાં પણ એવું જ છે. આપણે બધા કામ કરીએ છીએ, પણ શું આ બધા રિપોર્ટ અને ફોર્મ જરૂરી છે ?

સ્વામીશ્રી : તમારા સરકારી કામમાં તમે આ કરો છો, નહીં ? બધી ફાઈલો તપાસવી પડે, બરાબર ગોઠવવી પડે-શું એ મુશ્કેલ નથી ? પણ તમને પગાર આપવામાં આવે છે અને તેથી તમે તે કરો છો. ધંધાવાળા માણસે એના ગ્રાહકોને સંભાળવાના હોય છે. એટલે તમારે જે આપવામાં આવે તે બધું કાગળિયાનું કામ પૂરું કરવું પડે છે. પરંતુ તમે કામ પૂરું ન કરો અને રિપોર્ટ પાછા મોકલો તો કામ આગળ વધે કઈ રીતે ? ક્યારેક તમને લાગે કે આ કામ હજુ પૂરું નથી થયું, ત્યાં વધારે આવી પડ્યું. અલબત્ત, તમારો નિર્ધાર પાકો હોય તો તમે કામના સ્થળે વધારે બેસીને અગર ઘેર લઈ જઈને પણ કામ કરી શકો. તમારી પાસે કામ હોય એટલે જવાબદારી આવે છે. આપણે ભગવાનને પ્રસન્ન કરવા છે અને એમાં કોઈ બનાવટ હોઈ શકે નહીં. એટલે દરેક કામમાં, જે કંઈ કાગળનું કામ કરવાનું હોય તે માટે સમય કાઢવો જોઈએ. કામ બરાબર કરીને રિપોર્ટ મોકલાવો. આળસ કરો તો કામનો ઢગલો થઈ જાય. રોજનો હિસાબ ન લખો તો ઘણું કામ ચડી જાય. એટલે હંમેશાં કાર્યશીલ રહો. સતત જાગૃતિ હશે તો બધું કામ બરાબર થશે.

પ્રશ્ન : અમારે ઘણી કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ પણ હોય છે. આ અમે

ઉત્સાહથી, કોઈના કહ્યા વગર કરીએ છીએ. પણ જ્યારે સત્સંગની વાત આવે છે ત્યારે શું કરવાનું તે યાદ કરાવવું પડે છે. આમ શા માટે ?

સ્વામીશ્રી : ગુણાતીતાનંદ સ્વામીએ એમનાં પ્રવચનોમાં કહ્યું છે કે વ્યવહાર કાર્યો કાંઈ કઠણ નથી કારણ, જન્મ્યા ત્યારથી તમે તે કરતા આવ્યા છો. એ થયા જ કરે છે. એમાં કોઈના માર્ગદર્શનની જરૂર પડે છે ? શું બાળકોને ટી.વી. જોવાનું કહેવું પડે છે ? શાળામાં શીખવાડ્યું ન હોય તોય ટી.વી. કઈ રીતે ચાલુ કરવું એ તેમને ખબર હોય છે. આ વાત અંદરથી જ આવે છે. શું દારૂ પીવાનું શીખવાડવાની કોઈ કૉલેજો હોય છે ? એક વખત પીઓ, એટલે ચાલુ થઈ જ જાય છે. જીવનની આવી બાબતો પ્રત્યે આપણને લગાવ ઊભો થાય છે ને પછી આપમેળે બધું ચાલુ થઈ જાય છે. કોઈ તમને કહે કે ન કહે, તમારું ઘર ચલાવવાની જવાબદારી તમે ઉપાડી જ લો છો. આમાં મન જલદી પરોવાઈ જાય છે. પણ ભગવાનની ભક્તિમાં પરોવાઈ જવાની વાત આવે ત્યાં જરા મુશ્કેલી થાય છે. આ જ્ઞાન પચાવવાનું મુશ્કેલ છે. જ્ઞાન એટલે આત્મા અને પરમાત્માની જાણકારી, અક્ષરરૂપ થવું અને પુરુષોત્તમને ભજવા – આ પંથે જવાનું કઠણ છે. વારંવાર તમને કહેવું પડે છે કે 'વચનામૃત' વાંચો, સ્વામીની વાતો વાંચો, તેને સતત યાદ રાખો, કીર્તન કરો. આપણે ઊંડે સુધી, છેક પાયા સુધી જવું પડે છે આને માટે.

પ્રશ્ન : સ્વામીશ્રી, આપે સતત બાવન વર્ષ સુધી સંસ્થાની સેવા કરી છે. શું તમે ક્યારેય કોઈ સગવડો નથી માગી? થાક અને કંટાળો અનુભવ્યા નથી ? અમે તમને ક્યારેય આળસ મરડતાં કે બગાસાં ખાતા જોયા નથી. કયા વિચારો આપને આવી સેવા કરવા પ્રેરે છે ?

સ્વામીશ્રી : ભગવાને આ સેવાનું કામ સોંપ્યું છે, ને તેને પ્રસન્ન કરવા કરાય છે. તમે બધા પણ પૂરા ધ્યાનથી ને કાળજીથી આ કરો. તમારું લક્ષ્ય એક જ હોવું જોઈએ. ભગવાનને પ્રસન્ન કરો. જો દુનિયામાં તમારે બીજાઓને રાજી રાખવા હોય તો તેમને ગમે એવા કામ કરવાં પડે છે. પણ ભગવાનને પ્રસન્ન કરવા એ તો પરમ સુખની વાત છે. જે કંઈ જ્ઞાન તમને આપવામાં આવ્યું છે એ સાચું છે. આ વાત જો તમારા જીવનમાં બરાબર કોતરાઈ ગઈ હશે તો એવું જ્ઞાન બીજા ઘણા લોકો સુધી પહોંચશે. સગવડોની અપેક્ષા ન રાખો. રાત-દિવસ જોયા વગર કાર્યરત રહો. તમને દરેકને આનો થોડો ખ્યાલ આવ્યો

છે, એટલે તમે બધા આ કામ કરો. બેઠાં બેઠાં વિચાર કર્યા કરવાથી કશું થતું નથી. આ કામ કરવું જોઈએ. એને બોજ ન ગણો. જો તમે એને તમારું ભાગ્ય ગણવા માંડશો તો ઉત્સાહ જરૂર જળવાશે. આપણે કોઈ ખોટા સંદેશ આપવા માગતા નથી. બીજાઓ સમજતા ન હોય તો એની ચિંતા ન કરો, પણ તમારે ભગવાનનાં ગુણગાન ગાતાં અટકવું ન જોઈએ. આપણને જે જ્ઞાન મળ્યું તેનો આપણે ઉત્સાહથી બીજાઓમાં પ્રસાર કરવો જોઈએ, કારણ આપણે પરમાત્માને પ્રસન્ન કરવાના છે. આપણે જન્મ્યા ત્યારથી માતા, પિતા, બાળકો, કુટુંબ, સગાસંબંધી બધાને રાજી કરતા આવ્યા છીએ. આ સમયે આપણે શ્રીજી મહારાજને પ્રસન્ન કરવાના છે ને અક્ષરધામ પામવાનું છે. આ સંકલ્પ મજબૂત હશે તો તમને કોઈ પ્રશ્નો નહીં નડે. લક્ષ્યની પ્રાપ્તિ માટે શું કરવું એના રસ્તા મળી જ જશે.

## સ્વામિનારાયણ મહામંત્ર

સ્વામીશ્રીએ જીવનનાં મૂળભૂત મૂલ્યોને માનવજીવનમાં સ્થિર કરવાનો પડકાર ઉપાડ્યો છે. ન્યુઝીલૅન્ડની તેમની મુલાકાત દરમિયાન, એક યુવાન ભક્તે પૂછ્યું, ''સ્વામીશ્રી, 'સ્વામિનારાયણ મંત્ર'નો પાઠ શા માટે કરવો જોઈએ?''

સ્વામીશ્રીએ ત્યારે વિગતે સમજાવ્યું : આધ્યાત્મિકતા અને રહસ્યવાદના માર્ગે અનેક કારણોસર આ મંત્ર અગર એકસ્વરી ઉચ્ચાર અનિવાર્ય છે. સર્વોચ્ચ ભગવાન સ્વામિનારાયણે તેમના ગુરુ રામાનંદ સ્વામીનાં અવસાનના તેરમા દિવસે આ સ્વામિનારાયણ મંત્ર આપ્યો હતો. આ મંત્રમાં આધ્યાત્મિક શક્તિ અને દિવ્યતા છે. એના પ્રતાપે, ભક્તનું હૃદય સાચા જ્ઞાન અને અધ્યાત્મના પ્રકાશ તેમ જ દિવ્ય આશિષથી સભર થઈ જાય છે.

મંત્રના બે શબ્દો છે - 'સ્વામી' અને 'નારાયણ'. આ શબ્દો ભક્ત અને ભગવાનના સંબંધનો મહિમા સ્પષ્ટ કરે છે. અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના, એટલે કે આદર્શ ભક્ત અને પરમ પરમેશ્વરનો તે નિર્દેશ કરે છે. 'સ્વામિનારાયણ' મંત્રને આ બે સાચા અર્થમાં સમજાય ત્યારે અર્થ એ નીકળે છે કે સાધકે અક્ષરબ્રહ્મ જેવા થવાનું છે અને સર્વોચ્ચ પરબ્રહ્મની આરાધના કરવાની છે. ટૂંકમાં, અક્ષર અને પુરુષોત્તમ વચ્ચેના અનંત, અતૂટ સંબંધોનું એમાં જ્ઞાન થાય છે.

મોટેથી આ મંત્ર ઉચ્ચારાય ત્યારે દિવ્ય ધ્વનિ ઊઠતો અનુભવાય છે. સતત ઉચ્ચ સ્વરે આ મંત્રનો જાપ કરવાથી ધ્યાન અને એકાગ્રતા આવે છે. જીવનમાં અતિ આનંદની લાગણીનો અનુભવ થાયછે.

આ મંત્રમાં ભગવાન અને તેમની દિવ્ય સત્તાનું સાયુજ્ય છે. મંદિરમાં, ભગવાનની મૂર્તિ સમક્ષ, બધા સાથે મળીને સુંદર આલાપથી, સંગીતનાં સાધનો સાથે મંત્રનું રટણ કરવામાં આવે તો મનની તમામ અશુદ્ધિઓ અને વિકાર નીકળી જાય છે. ગાનારાઓની આસાપાસ દિવ્ય વાતાવરણ સર્જાય છે. આમ, 'સ્વામિનારાયણ' મંત્ર ભગવાનનું જ રૂપ બની જાય છે.

આ મંત્રની અસરો ગૂઢ, ભવ્ય અને દૈવી પ્રકારની છે. તે આધ્યાત્મિક પ્રભાવની વ્યાપક ક્ષમતા ધરાવે છે. તેની મહાશક્તિ કોઈ વિદ્વાન કે યોગી જ સમજી શકે. પરંતુ, ભક્તને તો તેની સ્વાભાવિક અનુભૂતિ થયા જ કરે છે. હૃદયમાં અતી આનંદ અને દિવ્યતાની લાગણી અનુભવાય છે. પરિણામે, ભક્તને સંસારના વિષયોમાંથી રસ ઓછો થતો જાય છે. ભૌતિક સુખની બાબતોમાંથી જાતને પાછી ખેંચી લે છે.

'સ્વામિનારાયણ'નો મંત્ર, તેના સાધકને આ જન્મ અને પૂર્વ જન્મમાં, જાણે-અજાણે કરેલાં તમામ પાપમાંથી મુક્તિ આપે છે. આ સર્વોચ્ચ મંત્ર મનના તમામ ગૂંચવાડા દૂર કરે છે અને તેનાથી પવિત્રતાની લાગણી સર્જે છે.

આ મહામંત્રનું એક જ ઉચ્ચારણ, બીજા હજાર મંત્રોના ઉચ્ચારણ બરાબર છે.

આ મહામંત્રના જાપથી તમામ ઈચ્છાઓની પૂર્તિ થાય છે. સારું આરોગ્ય, શાંત જીવન, ભૌતિક સમૃદ્ધિ બધું જ મળી રહે છે. દુન્યવી કામનાઓવાળા માણસને દુન્યવી ડહાપણ પ્રદાન કરે છે. આરોગ્યની જાળવણી કરી માંદગી દૂર કરે છે. મનને તમામ પ્રકારના ભય, દુઃખ, તંગદિલીમાંથી મુક્ત કરે છે. વિવાદો ઉકેલે છે. જીવનની તમામ મુશ્કેલી, તમામ અવરોધો પર કાબૂ આપે છે. દુઃખ અને યાતનાનો અંત લાવવામાં મદદરૂપ થાય છે.

અધ્યાત્મના સાધકને તેના ગુનાઓ, કુટેવો, અધૂરપો પર વિજય મેળવવામાં આ મહામંત્ર સહાય કરે છે. તેનો સતત જાપ એકાગ્રતા અને ધ્યાન આપે છે. આ એક જ મંત્ર એવો છે, જે માણસને જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ બક્ષે છે.

એક ધ્યાને આ મહામંત્રનો જાપ કરવો જોઈએ.'

સ્વામીશ્રીએ આ રીતે આ મહામંત્રનો ઊંડો અર્થ સમજાવ્યો.

## વચનામૃત

મહંત સ્વામી મહારાજ દ્વારા આરંભાયું વચનામૃત દ્વિશતાબ્દી વર્ષનું મહિમાવંતું પર્વ. વચનામૃત એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય વાણી. વચનામૃત એટલે સકલ શાસ્ત્રોનો અર્ક.

વચનામૃત ગ્રંથમાં વિક્રમ સંવતના માગશર સુદ ચતુર્થીના દિનથી ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા વચનામૃતોનો શુભારંભ થયો છે. ગ્રંથમાંનું એ પ્રથમ વચનામૃત ઉચ્ચારાયાને આ વર્ષે એટલે કે સંવત ૨૦૭૫ માં ૧૯૯મું વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે અને ૨૦૦મું વર્ષ બેસી રહ્યું છે. એ અવસરે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સમગ્ર બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની વાણી દ્વારા સૌને સર્વોત્તમ આધ્યાત્મિક સિદ્ધાંત આપ્યો છે. તૃતીયાને દિવસે લોયા ગામમાં આ વચનામૃતને પ્રમાણિત પણ કર્યા, અને વચનામૃતનો પ્રમાણભૂત મહિમા સમજાવ્યો.

વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આધ્યાત્મિક માર્ગના પ્રત્યેક યાત્રિકને અક્ષરબ્રહ્મ દ્વારા પરબ્રહ્મ સુધી પહોંચવાનો શાશ્વત માર્ગ ચીંધ્યો છે. સાધનાનો પ્રકાર કોઈપણ હોય, કોઈએ જ્ઞાનનો માર્ગ લીધો હોય કે કોઈએ વૈરાગ્યનો માર્ગ લીધો હોય, કોઈએ સાંખ્ય કે યોગ જેવો માર્ગ લીધો હોય, પરંતુ ભગવાન સ્વામિનારાયણે સૌ કોઈ માટે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવાનો જ માર્ગ તર્કબદ્ધ રીતે ચીંધ્યો છે.

વચનામૃતમાં દર્શાવેલા સિદ્ધાંત દ્વારા આત્યંતિક મુક્તિની કૂંચી છે, તેમાં અખંડ સુખ અને શાંતિનો માર્ગ પણ છે. એ સુખ-શાંતિનો માર્ગ એટલે આદર્શ સાધના માર્ગ.

શ્રીહરિની કૃપાવર્ષાને અનેક મુમુક્ષઓ સુધી પહોંચાડવા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ

સંસ્થા દ્વારા આજના દિને સંસ્કૃત, તમિલ, તેલુગુ, મરાઠી વગેરે વિવિધ ભાષાઓમાં વચનામૃત પ્રકાશિત કરવામાં આવ્યાં હતાં. જો કે આ પૂર્વે અંગ્રેજી અને હિન્દી ભાષામાં તો વચનામૃતો પ્રકાશિત થઈ ચૂક્યાં હતાં. પૂર્વોક્ત નૂતન ભાષાઓમાનાં વચનામૃતોની પ્રતોનું ઉદ્‌ઘાટન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કર્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાવર્ષાનો લાભ સૌને પ્રાપ્ત થાય તે માટે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ આયોજનો કર્યા છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ કહે છે, ‘ભગવાન સ્વામિનારાયણે કહ્યું : ‘મારી વાણી એ જ મારું સ્વરૂપ છે.’ એટલે વચનામૃત શ્રીજીમહારાજનું સ્વરૂપ કહેવાય. એવા આદરથી વચનામૃતને જ્યાં-ત્યાં રખડતું મૂકવું નહીં. સારા સ્થાને પધરાવવું અને તેનું વાંચન કરવું. આ રીતે આપણે ખૂબ આદરપૂર્વક વચનામૃતને રાખવું. વચનામૃત જ આપણને ઉપદેશ આપશે.

આપણા જીવમાં ઘણો અંધકાર છે એ આપણે ઉલેચવાનો છે. વચનામૃત સિવાય કોઈ આ કાર્ય કરી શકે તેમ નથી. વચનામૃતમાં શ્રદ્ધા-પ્રેમ રાખીને તેનો પાઠ કરીએ તો તમને ખબર પણ નહીં પડે ને અંતરમાંથી અંધારું ઉલેચાઈ જશે. આપણને આવી ભવ્ય પ્રાપ્તિ થઈ છે. તેને રખડતી ન મૂકવી. તેનો નિત્ય અભ્યાસ કરવો. એક વાર, બે વાર, પાંચ વાર સ્મૃતિ કરી જ લેવી. કેવી પ્રાપ્તિ આપણને થઈ છે. તે રીતે કરીએ તો આપણું કામ થઈ જાય.’





